3. If there is any objection from the Village Panchayat or from the village people, the site should be inspected personally either by the Collector or the Prant Officer and then only should orders be passed. Where the Village Panchayat has objected, the Collector should consult the Vice-Chairman of the District Panchayat Board.

4. These powers should be exercised by the Collectors personally

By order and in the name of the Governor of Bombay,

L.R. DALAL,
Joint Secretary to Government.

To

All Commissioners,
All Collectors,
The Accountant General,
The Senior Deputy Accountant General,Rajkot,) Through the
The Deputy Accountant General,Nagpur, ) Finance
The Pay and Accounts Officer, ) Department.
The Resident Audit Officer (in duplicate),
The Local Self-Government & Public Health Department,
The Finance Department,
The Public Works Department.

Lands.
Encroachments on -

Government of Bombay,
Revenue Department.
Circular, No.LEN.59/114890(Squad)-B,
Sachivalaya, Bombay, 3rd September 1959

CIRCULAR OF GOVERNMENT.

Government has from time to time impressed upon the Revenue Officers the necessity of early detection of encroachments on Government lands and their immediate removal. Government is pleased to reiterate their instructions and direct that at the time of crop inspection, the Talati and the Circle Inspector should pay special attention to the waste survey numbers, unoccupied lands in village site, assigned survey numbers and public roads and streets vesting in Government in order to detect encroachments and unauthorised occupations and if any encroachments are detected, they should take immediate steps for their removal. The Mamlatdars, Prant Officers and Collectors should also see that encroachments on Government lands xxxx are detected ~~and~~ removed promptly. The Circle Inspectors and Village Officers may, if necessary, seek the guidance of the District Inspector of Land Records for detection and listing of suspected encroachments.

2. As regards encroachments on lands vesting in Village Panchayats, Government has already directed under Government Circular, Local Self Government and Public Health Department, No.VPS. 2453, dated the 13th July 1955 that subordinate Revenue Inspection staff should pay attention to cases of encroachments in Village Panchayat areas and to give all possible help to Village Panchayats in the matter. Government is also pleased to direct that they should also report cases of obvious encroachments on lands vesting in Village Panchayats to the Village Panchayat for [illegible]

action, xxxx

action in accordance with the provisions contained in the Bombay Village Panchayat Act, 1959, and the orders issued thereunder.

By order and in the name of the Governor of Bombay,

U.M. BHATT,
Officer on Special Duty.

Government Circular, Revenue Department, No. LEN.59/114890(Quad)-B, dated the 3rd September 1959.

To

All Commissioners,

All Collectors,

The Settlement Commissioner and Director of Land Records,

The Local Self Government and Public Health Department, (P Branch).

Bombay Land Revenue Code.
Section 39. A. Interpretation
of

Government of Bombay.
Revenue Department.
Circular Memorandum No. LND-4360/25209-B.
Sachivalaya, Bombay,
Dated 14th March, 1960.

CIRCULAR MEMORANDUM OF GOVERNMENT.

A point has been raised whether salt can be termed to be a " Natural product" so as to invoke section 39.A. of the Bombay Land Revenue Code 1879 for unauthorised removal of salt from Government land. One of the positive meanings of "Natural" is a thing pertaining to in accordance with or determined by nature" Its negative meaning is a " Thing which is not artificial synthetic, proceesed or aquired by artificial means " Production of salt requires some technical knowledge i.e. some process is to be undergone under proper supervision.

Salt is therefore a manufactured product and not a " Natural product".

Consequently action for recovery of land revenue process of the value of the salt unauthorisedly removed from the Government land cannot be taken under section 39.A. Land Revenue Code. However action for unauthorised occupation of Government land can be taken under section 61, land Revenue Code, extend that salt cannot be forefeited under the last but one clause of that section because manufactured salt cannot be timed a " crope raised in the land within the meaning of that expression as used in the said section 61. Maximum penalty permissible under other clauses of section 61, land revenue code should however, be imposed for unauthorised removal of from Government lands.

By order and in the name of the Governor of Bombay.

Sd/-K.M.Divetia.
Under Secretary to Government

To:-
The Collector Surendranagar.

and all Mamlatdars and Deputy Collectors of Surendranagar District.)

G. R. No. LND. 3962/96596-G, dated 31st March, 1962.

*Lands :*
*Grant of fragment of Government waste to—*

Government is pleased to direct that Government waste lands, which are less in extent than the standard area prescribed under the Bombay Prevention of Fragment and Consolidation of Holdings Act, and are therefore required to be amalgamated by the grantee with his adjacent land, should be granted on the same tenure on which the grantee holds his adjacent land.

2. If the fragment is to be granted on old tenure in view of the orders contained in para 1 above, the occupancy price should be charged at 1½ times the rates laid down in para 7 of Government Resolution No. LND. 3960-AI, dated 1st March 1960 or at the prevailing market rate whichever is higher.

3. This issues with the concurrence of the Financial Adviser, dated the 24th February, 1962, on Agriculture and Land Department File No. LND. 3962/12357-G.

---

G. R. No. LND. 3961/3347-G, dated 26th April, 1962.

*Lands :*
*Permission to lay underground pipes, mains, etc. to erect poles, rods, stay rails for overhead cables, etc., and for construction of cess-pools through, on, over or under, Government land in charge of Revenue Department-forms of agreements in respect of—*

Government is pleased to modify the agreement forms appended to Government Resolution No. 2424/39, dated 25th March 1941, substituting "Governor of Gujarat" for "Governor of Bombay" and the Revenue year for the Financial year.

2. Government is also pleased to extend the provision of Government Resolution No. 2424/39, dated 25th March 1941, with agreement Forms as modified above, to the Saurashtra and Kutch areas.

3. This issues with the concurrence of the Financial Adviser, dated 24th April 1962 on Agriculture and Land Department File No. LND.3961/3347-G.

---

Grant of encroached public roads, street, or any land belonging to Government.

Government of Gujarat,
Revenue & Agriculture Department,
Resolution No.LEN 1062/110126-L,
Sachivalaya, Ahmodabad-15,
Dated the 7th February, 1963.

Read : (i) Government Resolution, Revenue Department No.3297/45 dated 17th May, 1950.

(ii) Government Resolution, Revenue Department, No.LEN 54/28300(a) dated 6-7-1954.

RESOLUTION : In clarification of the Orders contained in Government Resolution, Revenue Department No.3297/45, dated 17-5-1950, Government is pleased to direct that encroachments of Public roads, streets, or any land belonging to Government should be removed as a rule. However, in cases where the question of regularising such encroachments would arise, that should be done in accordance with the orders contained in the aforesaid Government Resolution, dated 17-5-1950, read with Government Resolution, No.LEN 54/28300(a), dated 6-7-1954.

By order and in the name of the Governor of Gujarat,

V.C. THAKORE,
Under Secretary to the Government of Gujarat,
Revenue & Agriculture Department.

The Commissioner, Ahmedabad Division,
The Commissioner, Baroda Division,
The Commissioner, Rajkot Division,
The Settlement Commissioner & Director of Land Records,
The Collectors,
The Director of Social Welfare,
The Accountant General, Ahmedabad,
The Deputy Accountant General, Rajkot,
The Education & Labour Department,
The Finance Department.

G. R. No. LND. 3962/1170-G, dated 14th February 1963.

*Waste Lands :*
*Grant of-to the physically handicpped persons, for cultivation*

Government has decided that a priority should be given under para 13 of Government Resolution, No. LND. 3960-AI, dated 1st March 1960, and Government Waste Lands should be granted for cultivation, to the physically handicaped persons who have got training in agriculture, e. g. at the Tata Agricultural and Rural Training Centre for the Blind (Jehangir Wadia Building, 51, Mahatma Gandhi Road, Bombay-1 ). The Collectors are requested to submit to Government cases regarding requests from such physically handicapped persons, for consideration under para 13 of Government Resolution No. LND. 3960-A-I dated 1st March 1960.

---

ઠરાવ નં. એલએનડી. ૩૯૬૨/૩૯૮૫-એ, તારીખ ૧લી મે ૧૯૬૩

**ખેડૂતો ખેત-મજૂરો પછાત વર્ગની વ્યક્તિઓ વિચરતી જાતિઓ અને ગૃહ-નિર્માણ મંડળીઓને ઘરથાળ માટે જમીનો આપવા બાબત**

ખેડૂતો, ખેત-મજૂરો, પછાતવર્ગની વ્યકિતઓ અને પછાતવર્ગની વ્યકિતઓની સહકારી ગૃહ-નિર્માણ મંડળીઓને ઘરથાળ માટે હરાજી સિવાય અને ભોગવટા-કિંમત વિના મફત અને ભોગવટા કિંમતમાં રાહત આપીને, સરકારી જમીનો આપવાનું વિનિયમિત કરતા તારીખ ૧૦મી ડિસેમ્બર ૧૯૬૨ના સરકારી ઠરાવ નં. એલ. એન. ડી. ૩૯૬૨/ ૫૮૧૬૦-જી.સહિત હાલના હુકમો રદ કરીને, સરકારે નીચે પ્રમાણે ઠરાવ્યું છે :—

(૧) ગ્રામ-વિસ્તારોમાં સરકારી જમીનો, જરૂરતવાળા ખેડૂતો, ખેત-મજૂરો, પછાતવર્ગની વ્યકિતઓ અને તેમની ગૃહ-નિર્માણ મંડળીઓને ઘરથાળ માટે હરાજી વિના, વ્યકિતગત ઘરથાળના પ્લોટ દીઠ ૨ ગુંઠાના વિસ્તાર સુધી આપી શકાશે. રાહતવાળી ભોગવટાની કિંમત લઈ શકાય અને વ્યકિતની રકમ ચૂકવવાની શકિતને ધ્યાનમાં લઈને જમીન ભોગવટાની કિંમત વિના મફત પણ આપી શકાય. મંડળીઓની બાબતમાં, દરેક વ્યકિતગત સભ્યની ભોગવટાની કિંમત ચૂકવવાની શકિત ધ્યાનમાં લેવી અને મંડળીના દરેક પ્લોટ સંબંધે આપવામાં આવનારી રાહત, અમુક ચોક્કસ પ્લોટ લેવા ઈચ્છતા દરેક વ્યકિતગત

No.LEN.1063/34766-L.

Revenue & Industries Department,
Sachivalaya, Ahmedabad-15,
Dated the 10th July, 1963.

Sub:- Encroachments
Local bodies and public institutions
Regularisation of- made by, for public purposes.

Memorandum:-

The undersigned presents compliments to the Commissioner, Ahmedabad, and with reference to his endorsement No.WTN.ADM, dated 30-3-63, is directed to state that the Collector or the Commissioner is competent to regularise the unauthorised use of Government land(encroachment) made by local bodies and public institutions for public purposes only on payment of penal Occupancy Price in accordance with the orders contained in Government Resolution, Revenue Department No.3297/45, dated 17.5.50 read with Government, Resolution, Revenue Department No.LEN.54/28300(a), dated 6.7.54. If, therefore, it is proposed to regularise any case by charging the Occupancy Price less than that what is prescribed in the said orders, such case should be submitted to Government for orders through the Commissioner concerned

2. As regarding the case of Dediason village of Mehsana Tal. Dist. Mehsana, referred to in the Commissioner's endorsement under reference the Collector of Mehsana's a in regularising the encroachment on payment of nominal the Rs.1/- only, is approved in view of the special circumstances of the case stated by him.

3. The case papers are returned herewith.

By order and in the name of the Governor of Gujarat,

L.P.RAVAL.
Under Secretary to the Government of Gujarat
Revenue and Industries Department.

Accompt:- Case papers.
Copies forwarded for information and guidance to:-
The Commissioners, Rajkot & Baroda Divisions.
All Collectors.

Encroachment
Village site open Plots vesting in Gram Panchayats _ Regularisation of _ on.
*******************************

Government of Gujarat,
Revenue and Agriculture Department,
Resolution No.LND.7061/31142/L,
Sachivalaya, Ahmedabad,
Dated the 12th November, 1963.

Read: The Commissioner, Rajkot Division's letter No.R.Land.Misc_122, dated the 6th January, 1962.

The Commissioner, Ahmedabad Division's letter No.LND, dated the 16th March, 1963.

The Commissioner, Baroda Division's letter No.LND(i)WS_790, dated the 22nd March, 1963.

**RESOLUTION:**

The question as to whom the sale proceeds realised on regularisation of encroachments made on village site open plots vested in the Gram Panchayats should be credited, was under the consideration of Government. The position regarding the vesting of such plots in the Gram Panchayats in different areas of the State is as follows:_

(i) In the pre_reorganised Bombay State and (Gujarat Area), and the ex_Kutch State area, village site open plots have not been vested in the Gram Panchayats. The question regarding vesting of such plots in the Gram Panchayats in these areas is under consideration of Government in Rural Development Department.

(ii) As regarding the ex_Saurashtra State area, all village site open plots existing on 10th October, 1955 vest in the Gram Panchayats by virtue of the orders issued by the ex.Government of Saurashtra in Government Notification, Revenue Department, No.RD.II.4_A_6(204), dated the 10th October, 1955 but such plots as are included in gamtal subsequent to that date vest in Gram Panchayats as clarified in Government Memorandum No.VPS.1062/66739/G, dated the 5th March, 1962 and the position in respect of such unvested plots is the same as in the case of village site open plots in the other areas of the State. Having regarding to this position, Government is pleased to direct that in cases where village site open plots have been vested in the Gram Panchayats, the entire sale proceeds realised on regularisation of encroachments, if any, as such lands should be allowed to be credited to the funds of the Gram Panchayats concerned and in cases where such plots have not been vested in the Gram Panchayats, the sale proceeds realised on regularisation

of encroachments, if any, ~~as such lands should be allowed to be credited to the fun of the Gram Panchayats concerned and in cas where such plots have not been vested in th Gram Panchayats, the sale proceeds realised~~ such lands should be credited to Government until such plots are vested in the Gram Panchayats.

2. This issues in concurrence with the Finance Department dated the 19th September, 1963 on this Department file No.LND.1061/2875/109542/L.

By order and in the name of the Governor of Gujarat,

L.P. RAVAL
Under Secretary to Government

To

All Commissioners,
All Collectors,
All District Development Officer,
The Settlement Commissioner and Director of Land Records,
The Accountant General, Ahmedabad,
The Accountant General, Rajkot,
The Rural Development Department,
'F' and 'A' Branches, Revenue and Agriculture Department.

જમીન મહેસૂલ સંહિતાની કલમ ૩૭ (૨) હેઠળ સરકારી જમીનપરના દબાણ અંગે તપાસ કરવા અંગે.

પરિપત્ર નં. એલ.ઈ.એન. ૧૦૬૪-૧૪૫૦૫૨-લ, તારીખ ૬ઠ્ઠી માર્ચ ૧૯૬૫.

વંચાણમાં લીધો :—(૧). તારીખ ૨૧મી મે ૧૯૫૫ ક્રમાંક આર.સી.૨.-એ., ૬-૨નો સૌરાષ્ટ્ર રાજ્યના રેવન્યુ કમિશ્નરશ્રીનો પરિપત્ર.

(૨) તારીખ ૧૩મી ઓગષ્ટ ૧૯૬૪ ક્રમાંક આર.આઇ.સી. ૧૪૪ નો ગુજરાત રાજ્યના રેવન્યુ ઇંન્સ્પેકશન કમિશ્નરશ્રીનો પત્ર.

પરિપત્ર

ઉપર દર્શાવેલા તારીખ ૨૧મી મે, ૧૯૫૫ ના ક્રમાંક આર.સી.એ. ૬-૨ ના સૌરાષ્ટ્ર સરકારના રેવન્યુ કમિશ્નરશ્રીના પરિપત્રમાં આપેલી સૂચનાનો અમલ સૌરાષ્ટ્ર વિસ્તારમાંના કેટલાક મામલતદારશ્રીઓ હજી કરે છે. એટલે કે દબાણદારોએ દબાણવાળી જમીન

સરકારી માલિકીની હોવાનું કબૂલ કરેલું હોવા છતાં જમીન મહેસૂલ સંહિતાની કલમ ૩૭(૨) હેઠળ, તેવા કિસ્સામાં રીતસરની તપાસ હાથ ધરવામાં આવે છે, એમ સરકારના ધ્યાન પર આવ્યું છે, દબાણની બાબતમાં જુના સૌરાષ્ટ્ર રાજ્યના તમામ હુકમો તારીખ ૫મી ઓકટોબર ૧૯૬૦, ક્રમાંક એલએનડી. ૧૦૬૦-૩૬૩૫૩-એલ. ના સરકારી ઠરાવથી રદ કરવામાં આવ્યા છે તેથી ઉપર દર્શાવેલ તારીખ ૨૧મી મે ૧૯૫૫ નો સૌરાષ્ટ્ર સરકારના રેવન્યુ કમિશ્નરશ્રીનો પરિપત્ર પણ રદ થઇ ગયો છે. સબબ કલેકટરશ્રીઓને સૂચના આપવામાં આવે છે, કે દબાણ નિયમિત કે દૂર કરાવવાની બાબતમાં તારીખ ૫મી ડિસેમ્બર, ૧૯૬૦ ક્રમાંક એલએન.ડી. ૧૦૬૦-૩૬૩૫૩-એલ થી લાગુ પાડવામાં આવેલા હુકમોનો જ ફકત અમલ કરવામાં આવે તે જોવું.

ઠરાવ ક્રમાંક એલ.એન.ડી. ૩૯૬૫-૨૨૨૫૧-અ, તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૬૫

**જમીન:**
**ઝાંઝીબાર અને મોઝાંબિકથી સ્વદેશ આવનાર નાગરિકોને ખેડવા આપવા બાબત.**

સરકાર સમક્ષ એવી રજૂઆત કરવામાં આવી છે કે, ઝાંઝીબારથી અને મોઝાંબિકથી સ્વદેશ પાછા ફરતા નાગરિકોને સ્થિર થવા અને ખેડવા માટે સરકારી પડતર જમીન આપવી, આ અંગે સરકારે ઠરાવ્યું છે કે, સરકારી ઠરાવ ક્રમાંક એલ.એન.ડી. ૩૯૬૦-એ-૧, તારીખ ૧લી માર્ચ ૧૯૬૦ના ફકરા ૩ (અ) નીચે નિયુકત કરેલ. અગ્રક્રમ (૮) "જે લોકોએ સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ લીધેલ હોય અને નિરાધાર થયેલ હોય ......................" તેની નીચે અને અગ્રક્રમ (૯) "દારુબંધીથી અસર પામેલા લોકો કે જે જમીન ખેડવા સંમત હોય" તેની ઉપર, ઝાંઝીબારથી અને મોઝાંબિકથી પાછા ફરતા ભારતીય નાગરીકોને અગ્રક્રમ આપવો.

---

પરિપત્ર નં. એલએનડી. ૩૯૬૪-૧૬૧૩૬૮-અ-તારીખ ૩૧મી મે ૧૯૬૫.

**જમીન :**
**તારીખ ૧ લી માર્ચ ૧૯૬૦ પહેલાં, અનધિકૃત રીતે સરકારી પડતર જમીન ખેડતાં પછાત વર્ગના લોકોને કાયમી ધોરણે આપવા બાબત.**

સરકાર સમક્ષ એવી રજૂઆત કરવામાં આવી છે કે, કેટલાંક પછાત વર્ગના લોકો અને કેટલાંક વિસ્તારમાં ઘણાં બધાં પછાત વર્ગના લોકો કેટલાંય વર્ષોથી સરકારી પડતર જમીન અનધિકૃત રીતે ખેડે છે. તો આવી રીતે ખેડાતી જમીનો જે તે ખેડતાં પછાત-વર્ગના લોકોને કાયમી ધોરણે ખેડવા આપવી. આ અંગે સરકારે ઠરાવ્યું છે કે, આ રીતે અનધિકૃત રીતે સરકારી પડતર જમીન ખેડતા પછાતવર્ગના લોકોને આ જમીન કાયમી ધોરણે આપવાના સામાન્ય હુકમો કરવા ઉચિત નથી. તેમ છતાં એવા કોઈ વિસ્તારમાં અથવા તો વ્યકિતગત કિસ્સામાં કે જ્યાં પછાતવર્ગના લોકો સરકારી પડતર જમીનો તારીખ ૧લી માર્ચ ૧૯૬૦ પહેલાંથી લાગલગટ ત્રણ વરસથી અનધિકૃત રીતે ખેડતા હોય તેવા કિસ્સામાં જે તે પછાતવર્ગની વ્યકિત પાસે કુલ જમીન ફે (અર્ધો) પોષણક્ષમ ક્ષેત્ર જેટલી થાય તેટલા પ્રમાણમાં અનધિકૃત રીતે ખેડાતી સરકારી પડતર જમીન તારીખ ૧લી માર્ચ ૧૯૬૦ના ઠરાવ ક્રમાંક એલ. એન. ડી. ૩૯૬૦-એ ૧માં દર્શાવેલી શરતોએ ખેડવા આપવા અંગે, કિસ્સાના ગુણદોષ મુજબ, સરકાર નિર્ણય કરશે. તો જરૂર જણાય ત્યાં આવાં યોગ્ય કિસ્સાઓ કલેકટરે વિગતવાર હેવાલ સાથે હુકમો માટે સરકારને મોકલવા.

૨. ઉપરના ફકરામાં જણાવ્યા મુજબના કિસ્સાઓ હોય પરંતુ એવા પછાતવર્ગના-લોકો તારીખ ૧લી માર્ચ ૧૯૬૦ પહેલાંથી લાગલગટ ત્રણ વરસથી ઓછા સમયથી અન-ધિકૃત રીતે સરકારી પડતર જમીન ખેડતા હોય તેવા યોગ્ય કિસ્સાઓ પણ જરૂરી જણાય ત્યાં જે તે પછાતવર્ગના લોકોને કાયમી ધોરણે આપવા માટે સરકારને આગળ જણાવ્યા મુજબ હુકમ માટે મોકલવા.

---

(Bk) Ca-3—10

**ઠરાવ ક્રમાંક એલ.એન.ડી. ૩૯૬૪/૧૬૫૫૩૫-અ, તારીખ ૩જી જૂન, ૧૯૬૫.**

**જમીન :**

**બર્માથી સ્વદેશ પાછા આવતા નાગરિકોને ખેડવા તથા મકાન વગેરે માટે આપવા બાબત.**

બર્મા સરકારની પ્રવર્તમાન નીતિને લીધે. ત્યાં સ્થાયી થયેલ ભારતીય નાગરિકો પોતાને વતન પાછા ફરતા હોવાથી તેમને પુનર્સ્થાપિત કરવા માટે, સરકારે નિચે પ્રમાણે ઠરાવેલ છે.

(અ) સરકારી પડતર જમીન ખેડવા આપવાને લગતા સરકારી ઠરાવ ક્રમાંક એલ. એન. ડી. ૩૯૬૦-એ. ૧, તારીખ ૧લી માર્ચ ૧૯૬૦ના ફકરા ૩(અ) નીચે નિયુકત કરેલ અગ્રક્રમ (૮) "જે લોકોએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લીધેલ હોય અને નિરાધાર થયેલ હોય ........................................................................" તેની નીચે અને અગ્રક્રમ (૯) "દારૂબંધીથી અસર પામેલાં લોકો કે જે જમીન જાતે ખેડવા સંમત હોય" તેની ઉપર બર્માથી પાછો ફરતો ભારતીય નાગરિકોને ઝાંઝીબારથી અને મોઝાંબિકથી પાછા ફરતા ભારતીય નાગરિકો સાથે અગ્રક્રમ આપવો.

(બ) ગ્રામ વિસ્તારમાં આવો પાછાં ફરતા નાગરિકોની ખેતી સહકારી મંડળીઓની રચનાને ઉત્તેજન આપવું અને આવી ખેતી સહકારી મંડળીઓને સરકારી પડતર જમીન ખેડવા માટે આપવામાં અગ્રક્રમ આપવો.

(ક) મકાન બાંધવા માટે સરકારી જમીન આપવા બાબત આવા નાગરિકોને પોર્ટુગીઝ વસાહતોમાંથી પાછા ફરતા ભારતીઓની માફક સરકારી ઠરાવ માંક એલ.એન.ડી. ૩૯૬૩/૬૩૯-અ, તારીખ ૯મી સપ્ટેમ્બર ૧૯૬૩થી આપવામાં આવતી બધી રાહત આપવી.

૨. આ હુકમ, નાણાકીય સલાહકારની તારીખ ૭મી મે ૧૯૬૫ ની આ ખાતાની ફાઈલ ક્રમાંક એલ. એન. ડી. ૩૯૬૪/૧૬૫૫૩૫-અ ઉપરની અનુમતિની રૂએ કરવામાં આવે છે.

---

**યાદી નં. એલ. એન ડી. ૩૯૬૫/૪૬૬૯૩-અ, તારીખ ૧૪મી જૂન, ૧૯૬૫.**

**સરકારી પડતર જમીનના નિકાલ બાબત**

ઉપરોકત વિષય અંગેના તેમના તારીખ ૯મી માર્ચ ૧૯૬૫ના પત્ર નં. લેન્ડ. ૩૮૧-૪૦૭ના અનુસંધાનમાં કલેકટર, જામનગરને જણાવવાનું કે, જે સૈનિક ગયા વિશ્વ યુધ્ધમાં બે વર્ષની નોકરી બજાવેલ હોય તેમને તારીખ ૧૩મી નવેમ્બર ૧૯૬૨ના ઠરાવ નં. એલ. એન. ડી. ૩૯૬૨/૪૨૩૦૩-જી અન્વયે માજી સૈનિક તરીકે ગણી અગ્રતા આપવી.

---

**પરિપત્ર નં. એલ. એન. ડી. ૧૨૬૪/૬૨૩૭૯-અ, તારીખ ૭મી ઓગસ્ટ, ૧૯૬૫**

**સરકારી જમીનોમાં થતા બીન પરવાનગીના વાવેતર બાબત**

એમ જોવામાં આવે છે સરકારી જમીનોનો બિન પરવાનગીથી કબજો કરી વાવેતર કરનારાઓ લેન્ડ રેવન્યુ કોડની કલમ ૬૧ મુજબનો માત્ર દંડ ભરી છટકી જાય છે. આ અંગે સર્વે કલેકટરોનું ધ્યાન લેન્ડ રેવન્યુ કોડની આ કલમ ૬૧ તરફ દોરતાં જણાવવાનું કે, તે કલમની જોગવાઈઓ મુજબ આવા કિસ્સાઓમાં ઊભા મોલ પણ જપ્ત કરી શકાય. આથી સર્વે કલેકટરોને જણાવવાનું કે, આવા કિસ્સાઓમાં લેન્ડ રેવન્યુ કોડની કલમ ૬૧ મુજબ જરૂર મુજબ ઊભો પાક જપ્ત કરી લેવાના પગલાં પણ સમયસર લેવા કલમ ૬૧ની કાર્યવાહી ચલાવનારા મહેસૂલી અમલદારોને સૂચના કરે.

---

**સરકારી જમીન ઉપરનું દબાણ નિયમિત કરતી વખતે કિંમત નક્કી કરવા બાબત.**

પરિપત્ર નં. દબણ. ૧૦૬૬-૩૨૮૧૪-લ, તારીખ ૭મી મે ૧૯૬૬.

## પરિપત્ર

સરકારી જમીન ઉપરનું દબાણ નિયમિત કરી આપવાના કિસ્સાઓમાં જ્યારે શિક્ષાત્મક કબજા કિંમત લઈ જમીન આપવાનું નક્કી થાય છે. ત્યારે તે કિંમત કયી તારીખથી બજાર કિંમતને આધારે ગણવી તે પ્રશ્ન સરકારની વિચારણામાં હતો. દરેક કિસ્સામાં એક સરખી રીતે કબજા કિંમત વસૂલ લેવાય તે માટે એવું નક્કી કરવામાં આવે છે કે કોઈપણ જમીન ઉપરનો માલિકી હક નક્કી કરવા લેન્ડ રેવન્યુ કોડની કલમ ૩૭(૨) હેઠળ તપાસ ચલાવવામાં આવે અને તપાસને અંતે જો તે જમીન સરકારી માલિકીની ઠરાવવામાં આવે અને તે દબાણ નિયમિત ( rogularisod ) કરી આપવાની દબાણદારની માંગણી થતાં તે સ્વીકારવામાં આવે તો જે તારીખે દબાણ નિયમિત કરી જમીન આપવાના હુકમો કરવામાં આવે, તે તારીખે તે જમીનની જે બજાર કિંમત હોય તે પ્રમાણે કબજા કિંમત વસૂલ લેવી.

**સરકારી જમીનમાં મીઠાના ઉત્પાદન માટે થયેલી પેશકદમીના પ્રસંગોએ બિન-ખેતીનો આકાર તથા દંડ બાબત.**

પરિપત્ર નં. દબણ ૧૦૬૩/૨૪૮૨૩-લ, તારીખ ૪થી જૂન ૧૯૬૬.

## પરિપત્ર

સરકારી જમીનમાં મીઠાના ઉત્પાદન માટે થયેલ પેશકદમીના કિસ્સાઓમાં શું પગલાં લેવા તે અંગે વિચારણા કર્યા બાદ એવું નક્કી કરવામાં આવ્યું છે કે જ્યારે જ્યારે આવા કિસ્સાઓ બનવા પામે ત્યારે જિલ્લા કલેકટરશ્રીએ જૂના મુંબઈ રાજ્યના મહેસૂલ ખાતાના સરકારી પરિપત્ર નં. એલ. એન. ડી. ૪૩૬૦-૨૫૨૦૯-બી, તારીખ ૧૪મી માર્ચ ૧૯૬૦ (નકલ સામેલ છે)ના છેલ્લા ફકરામાં જણાવ્યા મુજબની કાર્યવાહી કરવી અને અનધિકૃત રીતે સરકારી જમીન ઉપર કરેલ દબાણ ખુલ્લું કરાવવા તજવીજ કરવી વળી આવા કિસ્સા ધ્યાનમાં આવે ત્યારે તે સ્થાનિક સોલ્ટ ખાતાના અધિકારીઓના ધ્યાન ઉપર લાવવા અને સોલ્ટ એકટની કલમ ૯ અને ૧૦ મુજબ જે તે દબાણદાર ઉપર પગલાં લેવા જણાવવું, જો તેઓ તરત જ પગલાં ન લે તો તેમના ઉપલા અધિકારીઓના ધ્યાન પર હકીકત લાવવી.

---

વિષય:—સરકારી જમીનમાં મીઠાના
ઉત્પાદન માટે થયેલી પેશકદમીના
પ્રસંગોએ બીનખેતીનો આકાર તથા
દંડ બાબત.....

ગુજરાત સરકાર.
મહેસૂલ વિભાગ,
પરિપત્ર નં. દબણ: ૧૦૬૩-૨૪૮૨૩-લ.
સચિવાલય, અમદાવાદ-૧૫
તા. [illegible]-૧૯૬૬.....

## પરિપત્ર.

સરકારી જમીનમાં મીઠાના ઉત્પાદન માટે થયેલ પેશકદમીના કિસ્સાઓમાં શું પગલાં લેવા તે અંગે વિચારણા કર્યા બાદ એવું નક્કી કરવામાં આવ્યું છે કે જ્યારે જ્યારે આવા કિસ્સાઓ બનવા પામે ત્યારે જીલ્લા કલેક્ટરશ્રીએ જુના મુંબઈ રાજ્યના મહેસૂલ ખાતાના સરકારી પરિપત્ર નં. એલ. એન. ડી. ૪૩૬૦-૨૫૨૦૬-બી તા. ૧૪-૩-૬૦ નકલ સામેલ છે. ના છેલ્લા ફકરામાં જણાવ્યા મુજબની કાર્યવાહી કરવી અને અનધિકૃત રીતે સરકારી જમીન પર કરેલ દબાણ ખુલ્લું કરાવવા તજવીજ કરવી. વળી આવા કિસ્સા ધ્યાનમાં આવે ત્યારે તે સ્થાનિક સોલ્ટ ખાતાના અધિકારીઓના ધ્યાન ઉપર લાવવા અને સોલ્ટ એકટની એકટ કલમ ૯ અને ૧૦ મુજબ જે તે દબાણદાર ઉપર પગલાં લેવા જણાવ્યું જે તેઓ તરત જ પગલાં ન લે તો તેમના ઉપલા અધિકારીઓના ધ્યાન પર હકીકત લાવવી.

: લ. પુ. રાવલ. :
ઉપસચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

કલેક્ટર રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર,
ખાસ સચિવશ્રી મહેસૂલ વિભાગ, અમદાવાદ...
મહેસૂલ તપાસણી કમિશ્નર, અમદાવાદ.
[illegible]

**સાર્વજનિક કામો માટે પંચાયત દ્વારા
થતાં જમીનનાં દબાણો અટકાવવા બાબત.**

**પરિપત્ર ક્રમાંક દબાણ. ૧૦૬૬-ચ, તારીખ ૧૧મી જુલાઈ ૧૯૬૬**

**પરિપત્ર**

સરકારી જમીનમાં બિન પરવાનગીથી સાર્વજનિક કામો માટે અનાધિકૃત કબજા-દબાણો થવાના અનેક કિસ્સા સરકારના ધ્યાનમાં આવ્યા છે. સાર્વજનિક કામો માટે પણ સરકારી જમીનમાં અનાધિકૃત કબજો-દબાણ કરવું તે બરાબર ન ગણાય. સરકારે વિચારણા કરી એવું નક્કી કર્યું છે કે આજ લગી કોઈ સાર્વજનિક કામો માટે સરકારી જમીનમાં પંચાયતો દ્વારા થયેલ દબાણો તેના ગુણદોષ તપાસી નિયમબદ્ધ કરી આપવા અને ભવિષ્યમાં આવા કિસ્સા ન બને તે માટે કલેક્ટરોએ ચોખવટથી પંચાયતોને જાણ કરવી કે હવે ભવિષ્યમાં જો તેઓ સરકારી મંજૂરીની અપેક્ષાએ સરકારી જમીનમાં દબાણ કરશે તો તે નિયમિત કરી આપવામાં આવશે નહિ. પંચાયતોને એમ પણ કહેવું કે જો કોઈ કિસ્સામાં આમ દબાણ કરવામાં આવશે તો સરકારને તે અંગે ગંભીર પગલાં લેવાની ફરજ પડશે અને થયેલ બાંધકામ તેમના જોખમે અને ખર્ચે દૂર કરાવવામાં આવશે.

**જમીનનું દબાણ :
પંચાયતો અને શાળા મંડળો દ્વારા**

પરિપત્ર યાદી નં. દબણ-૨૦૬૫-૬૮૬૬૬-લ, ૯મી સપ્ટેમ્બર, ૧૯૬૬

પરિપત્ર નં. દબાણ-૧૦૬૬-ચ તારીખ ૧૧મી જુલાઈ ૧૯૬૬

**પરિપત્ર યાદી**

પંચાયતો કે શાળા મંડળો તરફથી સરકારી જમીનની સાર્વજનિક હેતુઓ માટે માગણી કરવામાં આવે ત્યારે જરૂરી કાર્યવાહી ત્વરાથી કરી માગેલી મંજૂરી અંગે જેટલું બને તેટલું વહેલું અંતિમ નિરાકરણ થાય તે જોવાની કલેક્ટરોને સૂચના છે, જેથી દબાણના પ્રસંગો ઊભા થાય નહિ, અને પંચાયતોને પણ ફરિયાદનું કારણ રહે નહિ.

ઠરાવ નં. જમન-૩૯૬૬-૩૭૬૧૧-અ, તારીખ ૨૫મી ઓગસ્ટ ૧૯૬૬.

**જમીન :**
**આપવાને લગતા વધુ સત્તાઓ કલેકટરોને આપવા બાબત.**

કામના ઝડપી નિકાલને અનુલક્ષીને નીચેની વધુ સત્તાઓ કલેકટરોને આપવાનું સરકારે ઠરાવ્યું છે :—

(૧) ઠરાવ નં. એલ. એન. ડી. ૩૯૬૨-૩૯૮૧-એ, તારીખ ૧લી મે ૧૯૬૩ના ફકરા ૧(૨) મુજબ પછાતવર્ગના સહકારી ઘર-બાંધનારી મંડળીઓને ઘર બાંધવા, એક લાખ અને તેથી વધુ વસ્તીવાળા શહેરો સિવાયના શહેરી વિસ્તારનાં, ૬૦૫૦ ચો. મીટર ૧½ એકર (પરંતુ રુપિયા ૧૫,૦૦૦ રૂપિયા પંદર હજાર) સુધીની કિંમતની જમીન આપવાની સત્તા.

(૨) ઠરાવ નં. ૭૯૦૮/૩૩ (૩), તારીખ ૨૬મી ઓગસ્ટ ૧૯૪૭ના ફકરા (ડી)૨ અનુસાર નવી શરતોને ખેતીની જમીનો વ્યાપારિક અને ઔદ્યોગિક હેતુઓ માટે એક લાખ અને તેથી વધુ વસ્તીવાળા શહેરો સિવાયના અને આવા શહેરોને ફરતા સાત માઈલના વિસ્તાર સિવાયના વિસ્તાર માટે જૂની શરતમાં ફેરવી આપવાની સત્તા.

ઠરાવ નં. એસીઓ. ૧૦૬૩-(પાવસી) એમ, તારીખ ૧૦મી ઓગસ્ટ ૧૯૬૪ના મુદ્દા (૧૭)થી નવી શરતની ખેતીની જમીનો રહેઠાણના હેતુઆ માટે મકાન બાંધવા જૂની શરતમાં ફેરવી આપવાની સત્તા કલેકટરોને આપવામાં આવી છે, તે સત્તા એક લાખ અને તેથી વધુ વસ્તીવાળા શહેરો સિવાયના અને તેને ફરતા સાત માઈલના વિસ્તાર સિવાયના વિસ્તાર પૂરતી રહેશે. એક લાખ અને વધુ વસ્તીવાળા શહેરોમાં અને ફરતા સાત માઈલના વિસ્તારમાં આવી જમીનો આવા હેતુઓ માટે જૂની શરતમાં ફેરવી આપવાની માગણીઓ અંગેની દરખાસ્તો મંજરી માટે સરકારને મોકલવી.

૨. આ હકમો નાણાકીય સલાહકારની તારીખ ૧૩મી જુલાઈ ૧૯૬૬ની સંમતિથી મહેસૂલ વિભાગની ફાઈલ નં. જમન-૩૯૬૬-૩૭૬૧૧-માં કરવામાં આવ્યા છે.

---

પરિપત્ર નં. જમન-૩૯૬૪-૬૯૦૩૨-અ, તારીખ ૨૯મી ઓગસ્ટ ૧૯૬૬

**જમીન :**
**સરકારી પડતરનો નિકાલ કરતી વખતે વિલાયતી બાવળની કિંમત લેવા બાબત.**

સરકારી યાદી નં. જમન-૧૨૬૪-૩૫૭૩૬-અ, તારીખ ૧૭મી મે ૧૯૬૬થી કલેકટરશ્રી, મહેસાણાને આપવામાં આવેલ સૂચનાઓ (નકલ સામેલ છે) રદ કરીને સરકારે એવું ઠરાવ્યું છે કે સરકારી પડતર જમીનોનો ખેતી માટે નિકાલ કરવામાં આવે ત્યારે તેમાં આવેલ વિલાયતી બાવળનાં વૃક્ષની પણ નિયમ મુજબ કિંમત લેવી.

૨. પરદેશી બાવળનાં કે બીજાં ઘણાં બધાં વૃક્ષ આવેલા હોય તેવી સરકારી પડતર જમીનોનો નિકાલ ન કરવો એવી સરકારની નીતિ છે. આમ છતાં, કોઈ અપવાદ કરીને ઝાડવાળી કોઈ સરકારી પડતર જમીનોનો નિકાલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે ઉપર જણાવેલ નીતિ ધ્યાનમાં રાખી ઝાડોની કિંમત ઠરાવવી અને તે વસૂલ લઈ જમીન આપવી. પરદેશી બાવળની કશી કિંમત નથી તેવું માન્ય રાખવાનું નથી. તેની જે વ્યાજબી કિંમત હોય તે લેવી.

જમીન :
નીમ થયેલ જમીન ઉપર
દબાણ બાબત...........

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક. એલ. એન્ડ ડી. ૧૧૬૬૮/૫૧૮૨-ગ,
સચિવાલય, અમદાવાદ-૧૫,
તા. ૫મી નવેમ્બર, ૧૯૬૬.

## પ રિ પ ત્ર.

સરકારશ્રીના ધ્યાન ઉપર આવ્યું છે કે, ગૌચર, ખળવાડ, વિગેરે જાહેર હેતુઓ માટે જ્યારે જમીનો નીમ કરવામાં આવે છે, ત્યારે તે જમીન ખુલ્લી છે કે કોઇએ તેની ઉપર દબાણ કર્યું છે તેની સ્થાનિક મહેસૂલ તથા પંચાયત ખાતાના તાલુકા કક્ષાના તથા તેની નીચેના અધિકારીઓ સ્થળ ઉપર જઇ તપાસ કરતા નથી અને નીમ કરવાના હુકમ કરવાની દરખાસ્ત સ્થળ જોયા વિના જ તેઓ યોગ્ય અધિકારીને કરે છે. આથી ઘણીવાર એવું બને છે કે, જાહેર હેતુઓ માટે જમીન નીમ કરવાના હુકમો માત્ર કાગળ પર જ થાય છે અને જમીન જે તે નીમ થયેલ હેતુ માટે ઉપલબ્ધ ન હોતા નીમ કરવાનો અર્થ રહેતો નથી. પંચાયતો પણ જમીન સંભાળી લેતી વેળા સ્થળ ઉપર તપાસ કરતી નથી. જ્યારે જાહેર હેતુઓ માટે જમીન નીમ કરવામાં આવે અને જે તે સંસ્થાને તે સોંપવામાં આવે તે પહેલા જમીન ખુલ્લી છે કે કેમ, કોઇએ દબાણ કર્યું છે કે કેમ તેની તપાસ થવી જોઇએ, કે જેથી પાછળથી બિન પ્રશ્નો ઉપસ્થિત થાય નહિ.

૨. આથી સરકારશ્રીએ એમ ઠરાવ્યું છે કે, મામલતદારો અને તાલુકા વિકાસ અધિકારીઓએ જે જે જમીન ગૌચર વિગેરે માટે આજ સુધીમાં નીમ થયેલી છે, તેની પણ તેમણે તપાસ કરવી અને જ્યાં જ્યાં દબાણ માલુમ પડે તે દૂર કરવા અને ખાસ સંજોગો હોય ત્યાં નિયમિત કરાવવા તેઓએ યોગ્ય પગલાં લેવાં. આ કાર્યવાહી તેમણે છ માસમાં ચોક્કસ પૂર્ણ કરવી અને જિલ્લા કક્ષાના અધિકારીઓને તેમણે તે મુજબનો અહેવાલ મોકલવો. જિલ્લા કક્ષાના અધિકારીઓ બધા કેસો છ માસમાં તપાસાય જાય તે જુએ

૩. હવે પછીથી જ્યારે ગૌચર વિગેરે માટે જમીન નીમ કરવાનો પ્રશ્ન ત્યારે ડેપ્યુટી કલેકટરે અગર કલેકટરે નીમ કરવાના હુકમ કાઢતા

પહેલા જમીન ફાજલ છે કે કેમ તેની સ્પષ્ટ ખાત્રી મેળવી લેવી, અને ત્યાર બાદ જ જમીન નીમ કરવા અંગેના હુકમો કરવા.

આ સૂચનાનુ તાલુકા તથા જિલ્લા કક્ષાના અધિકારીઓએ ચુસ્ત પાલન કરવુ તથા કરાવવુ.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

લ. પુ. રાવલ,
ઉપ સચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

:૧: સર્વ કલેકટરો,
:૨: સર્વ જિલ્લા વિકાસ અધિકારીઓ,
:૩: સર્વ મામલતદારો,
:૪: વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
:૫: મહેસૂલ તપાસણી કમિશનરશ્રી, અમદાવાદ,
:૬: ખાસ સચિવશ્રી, ગુજરાત રાજ્ય, મહેસૂલ વિભાગ,
:૭: સેટલમેન્ટ કમિશનરશ્રી અને ડાયરેકટર ઓફ લેન્ડ રેકર્ડ્ઝ, અમદાવાદ,
:૮: પંચાયત અને આરોગ્ય વિભાગ, સચિવાલય, અમદાવાદ
:૯: સીલેકટ ફાઇલ, "ગ" શાખા,
:૧૦: "લ", "થ", "જ", "ઝ" અને "ચ" શાખાઓને જાણ માટે.

**સરકારી ઠરાવ નંબર એલ. એન. ડી. ૩૯૬૫-૭૧૫૬-એ, તારીખ ૨૯મી નવેમ્બર ૧૯૬૬.**

## ખેતી માટે પડતર જમીનનો નિકાલ

તારીખ ૧લી માર્ચ ૧૯૬૦ ના સરકારી ઠરાવ નં. એલએન.ડી-૩૯૬૦-અ-૧, અનુસાર સરકારી પડતર જમીનના નિકાલ માટે નીચે પ્રમાણે વધુ સૂચનાઓ બહાર પાડવામાં આવે છે :—

(૧) ખેતી ખાતાએ રાજકોટ વિભાગ સિવાયના બીજા વિસ્તારોમાંની સરકારી પડતર જમીનની સર્વે પૂરી કરી છે અને ભૂમિના ધોરણે જમીનના અ, બ, ક અને ડ વર્ગ પાડયા છે. સરવે નંબર પ્રમાણે આ સરવે કરવામાં આવી છે અને તેની વિગતો જે તે કલેકટરને મોકલી આપી છે. તારીખ ૧લી માર્ચ ૧૯૬૦ ના સરકારી ઠરાવ નંબર એલએનડી.-૩૯૬૦-અ-૧ સાથે જોડેલી "સૂચનાઓની યાદી"ના ફકરા (૩) (ખ)માં જણાવ્યું છે તે સિવાય, જ્યાં આવું વર્ગીકરણ પૂરું કરવામાં આવ્યું હોય ત્યાં, "અ" અને "બ" તરીકે વર્ગીકૃત કરેલ જમીનનો જ તારીખ ૧લી માર્ચ ૧૯૬૦ ના સરકારી ઠરાવ નં. એલ. એન. ડી. ૩૯૬૦-અ-૧ અનુસાર નિકાલ કરવો એમ નક્કી કરવામાં આવ્યું છે.

(૨) તારીખ ૧લી માર્ચ ૧૯૬૦ ના સરકારી ઠરાવ નં. એલએનડી.-૩૯૬૦-અ-૧, સાથે જોડેલી "સૂચનાઓની યાદી" ના ફકરા (૩) (ખ)માં જણાવ્યું છે તે સિવાય "ક" અને "ડ" તરીકે વર્ગીકૃત કરેલી સરકારી પડતર જમીનનો નિકાલ કરવો નહિ, પરંતુ તે જમીન વનવૃદ્ધિ, નવપ્રાપ્તિ કે ખેતી ખાતાની બીજી કોઈ વિકાસ યોજનાઓ માટે અનામત રાખવી. યોગ્ય વિકાસ યોજનાઓ માટે આ બ્લોક અંગે ખાતું વિચારી શકે તે સારુ સરવે પાર્ટીઓ (Survey Parties) તેમજ કલેકટરોએ મળી શકે તેવા. જમીનના આવા મોટા ટુકડા ખેતી ખાતાના ધ્યાન પર લાવવા. ખાર જમીન વિકાસ બોર્ડની પ્રવૃત્તિઓ પણ આ સાથે સંકલિત કરવી.

(૩) જરૂરી સ્ટાફ મળી રહે કે તુરત જ ખેતી ખાતાએ સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારોમાં જમીનના ઉપયોગ અંગેની સરવે હાથ ધરવી. ત્યાં સુધીમાં, તે વિસ્તારોના કલેકટરોએ, જેને જમીન આપવામાં આવી હોય તેઓ જૂજ સાધન-સંપત્તિથી તાત્કાલિક ખેતી કરી શકે તેમ હોય એવી જમીનનો જ નિકાલ કરવાનું ચાલુ રાખવું. બીજી જમીનને છેવટની યાદીમાંથી બાકાત રાખવી કેમકે વ્યકિતઓને આવી ઓછી ફળદ્રૂપ જમીન (Marginal Lands) ની ફાળવણીથી ખેતી ઉત્પાદનમાં સહાય થશે નહિ તેમજ જેને જમીન આપવામાં આવશે તેમની આર્થિક સ્થિતિ સુધારવામાં પણ સહાય થશે નહિ.

(૪) જુદા જુદા સ્થળે મળતા મોટા ટુકડાઓનો ખાતાકીય રીતે વિકાસ કરવા અંગે અધિકારીઓ વિચારણા કરી શકે તે માટે આવા મોટા ટુકડાઓ ખેતી ખાતાના ખાર જમીન વિકાસ બોર્ડના અને મુખ્ય વન સંરક્ષકના ધ્યાન પર લાવવાની સરવે પાર્ટીઓને (Survey Parties) સૂચના આપવી.

(૫) તારીખ ૧લી માર્ચ ૧૯૬૦ પછી આપેલી એકસાલી જમીનના કાયમી નિકાલ બાબતમાં, નિયત કરેલ અગ્રતા મ અનુસાર અનુસૂચિત આદિજાતિની વ્યકિતઓ, અનુસૂચિત જાતિની વ્યકિતઓ અને પછાતવર્ગની વ્યકિતઓને આવી જમીન આપવા માટેના સરકારી હુકમો હતા, અને છતાં, અગ્રતા ધરાવતા ખાતેદારો નહીં મળવાને કારણે બીજી વ્યકિતઓને કોઈ સ્થળે આવી એકસાલી જમીન આપવામાં આવી હોય તો, આ હુકમોની તારીખ પહેલાં ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી કબજો હોય અને એકસાલી ફાળવણીની તારીખના રોજ હોય તે બજાર કિંમત ચૂકવવા તેઓ તૈયાર થાય તો

**પત્ર ક્રમાંક ૦/૧૦૪૨૪૭-અ, તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૬૭**

**જમીન (સાબરકાંઠા) :**
**અલવા, તાલુકા મોડાસા; શ્રી દાનાભાઈ ગોબરભાઈ તથા શ્રીગમાજી ગણેશજીએ ગામતળમાં કરેલ દબાણ નિયમબદ્ધ કરવા બાબત.**

ઉપરોક્ત વિષયના આપના પત્ર નં. એલએનડી વશી. ૩૧૦૩-તારીખ ૪થી ઓક્ટોબર ૧૯૬૬ ના અનુસંધાનમાં જણાવવાનું કે ખેતરોમાં જવાની નાળો અગર ભવિષ્યમાં વિકાસ થાય તેમ ના હોય તેવા ખેતરાઉ રસ્તાઓને રેખા નિયમનનાં નિયંત્રણો લાગુ ન કરી શકાય સિવાય કે આવા રસ્તાઓનો સમાવેશ ૨૦ વર્ષીય માર્ગ વિકાસ યોજનામાં થતો હોય અને જેનાં માટે રેખા નિયમનનો અમલ કરવાનો રહેશે.

૨. ગાડાં માર્ગની પહોળાઈ ૬૬ ફૂટની છે, તેમ નક્કી કરીને આવા માર્ગોને પગે કરવાના નથી એવી ખાત્રી કરી આવા માર્ગો ઉપર રેખા નિયમન નિયમોનું બંધન રાખવા રહેશે નહીં.

૩. આપના પત્રના બીજા પેરાના બારામાં જણાવવાનું કે મહેસૂલ વિભાગના ઠરાવ નં. જમવ-૧૦૬૧-૧૨૯૪૧-અ, તારીખ ૨ જી માર્ચ ૧૯૬૬ ના ફકરા નં. "પાંચ" માં જણાવ્યા અનુસાર રેખા નિયમનમાં છુટછાટ મુકવાની સત્તા સરકાર પાસે જ હોઈ આ અંગે કોઈ કાર્યપાલક ઈજનેરનો અભિપ્રાય મેળવવાનો પ્રશ્ન રહેતો નથી.

૪. ગાડા કેડાના તથા ખેતરોમાં જવાના રસ્તાનો દબાણનો પ્રશ્ન હોય છે. આ પ્રકારના દબાણો પંચાયતે દૂર કરવા ના જોઈએ અને જો કોઈ કિસ્સામાં દબાણો દૂર થઈ ના શકે તો સરકારમાં દરખાસ્ત કરવી જોઈએ.

---

પરિપત્ર ક્રમાંક બખપ-૧૦૬૭-૩૬૧૧-અ, તારીખ ૭મી ફેબ્રુઆરી ૧૯૬૭

## ઉદ્યોગો માટે બીનખેતીની (ગણોતધારા) નીચે વેચાણની પરવાનગી આપવા અંગે.

જુદા જુદા ઉદ્યોગો માટે ઉદ્યોગોના પ્રકાર લક્ષમાં લઈને કેટલી જમીન જરૂરી છે. તથા ઉદ્યોગનો પ્રકાર લક્ષમાં લઈને દરેક ઉદ્યોગ અંગે કેટલી જમીન ખુલ્લી રાખવી જોઈએ તથા કેટલી જમીન ઉદ્યોગના ભાવી વિકાસ માટે અનામત રાખવી જોઈએ તે અંગેનાં કેટલાંક ધોરણો ઉદ્યોગ ખાતાએ નક્કી કરેલ છે. વળી કોઈ ચોક્કસ ઉદ્યોગ માટે અમૂક જમીન અનુકૂળ છે કે કેમ તે અંગે પણ તે ખાતા પાસે કેટલાક ચોક્કસ સિધ્ધાંતો તથા ધોરણો ઠરાવેલાં છે. મહેસૂલ ખાતાના અધિકારીઓ પાસે જયારે કોઈપણ ખેતીની જમીન ઉદ્યોગ માટે બીન ખેતીમાં રૂપાંતર કરવાની માગણી આવે કે ગણોત કાયદા નીચે કોઈ ખેતીની જમીન ઉદ્યોગના બીન ખેતી હેતુ માટે ખરીદવાની માગણી આવે ત્યારે જે પરવાનગી અપાય તે ઉદ્યોગ ખાતાએ આ ઠરાવેલ ધોરણોને અનુલક્ષીને આપી શકાય તે હેતુથી સરકારે એમ ઠરાવ્યું છે કે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૬૫ નીચે બીન ખેતીની પરવાનગી આપતી વખતે તથા ગણોતધારા નીચે ખેતીની જમીનની વેચાણની પરવાનગી આપતી વખતે ઉદ્યોગ ખાતાના યોગ્ય અધિકારીનો પ્રથમ અભિપ્રાય જાણી લેવો જરૂરી છે. આ અંગે એમ ઠરાવવામાં આવેલ છે કે જે તે જિલ્લા કલેકટર તથા જિલ્લા વિકાસ અધિકારીએ કે આવી મંજૂરી આપવાના અધિકાર હોય તેવી મહેસૂલી કે પંચાયતી અધિકારીએ આવી મંજૂરી આપતાં પહેલા, અમદાવાદ, વડોદરા અને રાજકોટના પોતપોતાના જિલ્લા માટેના ઉદ્યોગ ખાતાના નાયબ નિયામકશ્રીના અભિપ્રાયો મેળવવા. સુરત માટે સુરતના મદદનીશ નિયામકશ્રીનો અભિપ્રાય મેળવવો.

કોઈ કિસ્સામાં જો આ અધિકારીઓ ચાર અઠવાડિયામાં પોતાનો અભિપ્રાય જે તે મહેસૂલી કે પંચાયતી અમલદારને પહોંચાડે નહિ તો તેમને આ અંગે કશો અભિપ્રાય આપવાનો નથી. તેમ માનીને મહેસૂલી અમલદાર કે પંચાયતી અમલદાર પોતાની પાસેના કાગળોનો યોગ્ય રીતે કાયદેસર નિકાલ કરશે.

સબબ ઉપરનાં સૂચનો ધ્યાનમાં લઈને કલેકટરો તથા જિલ્લા વિકાસ અધિકારીઓએ ઉપરના કિસ્સાઓમાં મંજૂરી આપતાં પહેલાં પોતપોતાનો જિલ્લો જેને હવાલે છે તેવો નાયબ ઉદ્યોગ નિયામકને ઉપર મુજબ કાગળો મોકલી તેમના અભિપ્રાય જાણવા.

---

ઠરાવ નંબર જપ૫૧-૧૦૬૫-૨૭૩૩૯-અ, તારીખ ૧લી માર્ચ ૧૯૬૭

## જમીન પટ્ટી વિકાસ અટકાવવા માટે બાંધકામ નિયંત્રણ રેખાના ધોરણો.

સરકારી ઠરાવ નં.પી.આર.ડી.-૧૦૬૫-૧૨૯૪૫-અ, તારીખ ૯મી જુલાઈ ૧૯૬૫ રદ કરીને અને ઠરાવ જપ૫૧ નં. ૧૦૬૫-૧૨૯૪૫-અ, તારીખ ૨જી માર્ચ ૧૯૬૬માં સુધારા

કરીને જમીન પટ્ટી વિકાસ અટકાવવા માટેના બાંધકામ અને નિયંત્રણ રેખાના ધોરણો તારીખ ૨જી માર્ચ ૧૯૬૬ થી નીચે દર્શાવ્યા પ્રમાણે ઠરાવવામાં આવે છે :

## કોઠો

### બાંધકામ અને નિયંત્રણ રેખાના ધોરણો

( આંકડા, રસ્તાની મધ્ય રેખાથી મીટરમાં )

| રસ્તાની કક્ષા | ખુલ્લી અને ખેતરાઉ જમીનવાળો વિસ્તાર | | બાંધકામ અને ઔદ્યોગિક વિસ્તારના ત્રણ માઈલની અંદર | | બાંધકામ અને ઔદ્યોગિક વિસ્તારની અંદર | |
|---|---|---|---|---|---|---|
| | બાંધકામ રેખા | નિયંત્રણ રેખા | બાંધકામ રેખા | નિયંત્રણ રેખા | બાંધકામ રેખા | નિયંત્રણ રેખા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | મીટર | મીટર | મીટર | મીટર | મીટર | મીટર |
| ૧. રાષ્ટ્રીય ધોરી માર્ગ અને સરહદી માર્ગો. [શેડ્યુલ (અ) પ્રમાણે] | ૪૦ | ૭૫ | ૪૦ | ૬૦ | અ.*૧૦ | અ.*૩૬.૫ |
| | | | | | બ*૨૪ | બ*૪૫ |
| ૨. રાજ્ય ધોરી માર્ગો | ૪૦ | ૭૫ | ૪૦ | ૬૦ | અ.*૧૦ | અ.*૩૬૫ |
| | | | | | બ.*૨૪ | બ.*૪૫ |
| ૩. મુખ્ય જિલ્લા કક્ષાના માર્ગો. | ૩૦ | ૫૫ | ૩૦ | ૫૦ | અ.*૧૦ | અ.*૩૬.૫ |
| | | | | | બ.*૨૪ | બ.*૪૦ |
| ૪. અન્ય જિલ્લા કક્ષાના માર્ગો | ૨૦ | ૩૫ | ૨૦ | ૩૦ | અ.*૧ | બ*૨૦ |
| | | | | | બ.*૧૨ | બ.*૨૦ |
| ૫. ગ્રામ માર્ગો ... | ૧૨ | ૨૪ | ૧૨ | ૨૪ | અ. ૯<br>બ. ૯ | અ. ૧૪<br>બ. ૧૪ |

*અથવા સ્થાનિક સંસ્થાના ધારાધોરણ પ્રમાણે જે વધારે હોય તે.

ઉપર દર્શાવેલા ધોરણો ઉપરાંત નીચે જણાવ્યા મુજબ વધુ ધોરણોનો અમલ કરવો :—

(ક) ખુલ્લી અને ખેતરાઉ જમીનવાળાં વિસ્તારમાંથી પસાર થતાં રાષ્ટ્રીય ધોરી માર્ગો અને સરહદી માર્ગોને ભારત સરકારના સૂચન મુજબ નીચે જણાવેલી શરતો લાગુ પાડવાની રહેશે. આ શરતો "બાંધકામ અને ઔદ્યોગિક વિસ્તારની ત્રણ માઇલની અંદર" અથવા "ખરેખર "બાંધકામ અને ઔદ્યોગિક વિસ્તારને" લાગુ પડશે નહીં. આ શરતો અન્ય માર્ગોને લાગુ પડશે નહીં. આ શરતો નીચે મુજબ છે :—

(૧) રસ્તાની હદથી ૩ થી ૬ મીટર સુધીમાં અને રસ્તાની (મધ્ય રેખાથી) મુખ્ય રેખાથી ૪૦ મીટર સુધી (જે વધારે હોય તે) કોઈપણ બાંધકામ કરવા દેવામાં આવશે નહીં.

(૨) રસ્તાની મધ્ય રેખાથી ૭૫ મીટરની હદ સુધીમાં થતાં બાંધકામ ઉપર નિયંત્રણ રાખવું પડશે અને આવાં બાંધકામો કલેકટરની પૂર્વ પરવાનગી લઈને કરવાના રહેશે. આ "૭૫ મીટરની હદ" થી બહારના બાંધકામ ઉપર નિયંત્રણ રહેશે નહી.

(૩) રસ્તાની મધ્ય રેખાથી "૪૦ મીટર" અને "૭૫ મીટર" ની હદનો જે ઉપરના (૧) અને (૨) માં ઉલ્લેખ થયો છે એ વિભાગમાં બાંધકામોની ઉંચાઇ ૧૩ મીટરથી વધુ કરી શકાશે નહીં.

(ખ) ગમે તે કક્ષાના રસ્તા ઉપર બાય-પાસ અથવા ડાયવર્ઝન માટે રસ્તાની મધ્ય રેખાથી બાંધકામ રેખા ઓછામાં ઓછી ૧૦૦ મીટર રાખવામાં આવશે.

૨. પેટ્રોલ પંપો અને તેને લાગતાં બાંધકામો અંગે વધુ :—

(૧) પેટ્રોલ પંપો માટે દરેક કક્ષાના રસ્તા અને દરેક કક્ષાના બાય પાસ કે ડાયવર્ઝન માટે રસ્તાની હદથી ૬ મીટરથી બહાર અગર રસ્તાની મધ્ય રેખાથી ૩૦ મીટર (જે વધારે હોય તે) તે પ્રમાણેનું અંતર રાખીને બાંધકામની પરવાનગી આપવાની રહેશે. આ હદ ફકત પંપની જગ્યા માટે છે. પેટ્રોલ પંપથી પેટ્રોલ-ડીઝલ માટેની અંડરગ્રાઉંડ ટેન્ક તથા કીઓસ્ક ૧૨ ફુટના અંતરે કે તેથી વધુ અંતરે કરવાં પડશે. પંપને લગતા બીજા બાંધકામો આનાથી વધારે બહાર રાખવા પડશે અને તેમાં ઇન્ડિયન રોડ કોન્ગ્રેસના લે-આઉટના નિયમો લાગુ પડશે.

(૨) રસ્તા ઉપર પેટ્રોલ પંપની કંપનીઓના બીજાં બાંધકામ જેવાં કે કેન્ટીન, ગેરેજ, રેસ્ટોરાં, વર્કશોપ, વોશીંગ રેમ્પ, વોશીંગ પ્લેટફોર્મ, લુબ્રીકેટીંગ "બે" વગેરેના બાંધકામ માટે રસ્તાની હદથી ઓછામાં ઓછું ૧૫ મીટર અથવા રસ્તાની મધ્યરેખાથી ૫૦ મીટર (જે વધારે હોય તે) અંતર રાખી પરવાનગી આપવાની રહેશે.

(૩) પેટ્રોલ પંપો માટે રસ્તાની હદનો ભાગ ફકત એપ્રોચીઝ માટે જ કામમાં લેવા દેવામાં આવશે અને એપ્રોચીઝના નીચે યોગ્ય નાળાઓનો પ્રબંધ પરવાનગી લેનારે કરવાનો રહેશે. રસ્તાની હદમાં કોઈપણ જાતનાં પાટિયાં (બોર્ડ) અગર જાહેર ખબર મૂકવાં દેવામાં આવશે નહીં.

૩. ઉપરના ધોરણો માટે નીચેની વ્યાખ્યાઓનો અમલ કરવાનો રહેશે :—

(૧) **ખુલ્લી અને ખેતરાઉ જમીનવાળો વિસ્તાર.**— જે વિસ્તાર કોઈપણ ગામતળ નગર અથવા શહેરની હદ અથવા ઔદ્યોગિક વિસ્તારની હદમાં ન આવ્યો હોય એવી હદની બહારનો બધો વિસ્તાર, (બાંધકામ વિસ્તાર અને નજીકના ઔદ્યોગિક વિસ્તારની વચ્ચેનો ખુલ્લો વિસ્તાર પણ આ કક્ષામાં ગણાશે નહીં.).

(૨) **બાંધકામવાળો વિસ્તાર.**— (ચ) જે વિસ્તાર કોઈ ગામતળ, નગર પંચાયત, મ્યુનિસિપાલીટી અથવા કોરપોરેશનની હદમાં થઈને પસાર થતાં હોય અને જયાં મકાનો બંધાયેલ હોય અને જયાં કોઈ સ્થાનિક સંસ્થાના બાંધકામ માટેના નિયમો અગર ધારાધોરણ ચાલુ હોય તેવા વિસ્તાર. આ વિસ્તારના બે વિભાગ પાડવામાં આવ્યા છે અને તે માટે રાખવાના અંતરો કોઠામાં "અ" અને "બ" થી દર્શાવ્યા છે. આ "અ" અને "બ" વિસ્તારો નીચે મુજબના છે :—

(૧) એક વિસ્તાર કે જે રસ્તાની લાઈનદોરી પર પચાસ ટકા કે તેવી તેથી વધારે બંધાયો હોય અથવા જે જુની હદ એટલે કે છેલ્લા પાંચ વર્ષ પહેલાની હદની અંદર આવ્યો હોય તે "અ" વિસ્તાર.

(૨) બીજો વિસ્તાર કે જે રસ્તાની લાઈનદોરી પર પચાસ ટકાથી ઓછો બંધાયો હોય અને છેલ્લા પાંચ વર્ષની અંદર વધારેલી હદની અંદર આવ્યો હોય, તે "બ" વિસ્તાર.

(છ) ઉપર જણાવ્યા મુજબના જે "અ" અને "બ" આગળ દર્શાવેલ અંતરો કોઠામાં આપ્યા છે તે બાંધકામવાળા વિસ્તારને જ લાગુ પડે છે. જો બાંધકામ-વાળા વિસ્તારમાં ઔદ્યોગિક વિસ્તાર આવી જતો હોય તો એવા વિસ્તારને પણ આ ધોરણો લાગુ પડશે. જયાં ઔદ્યોગિક વિસ્તાર બાંધકામ વિસ્તારની બહાર હોય તેવા વિસ્તારને ફકત "બ" ના જ ધોરણો લાગુ પડશે.

(જ) બાંધકામવાળો વિસ્તાર પચાસ ટકાથી વધારે બંધાયો છે કે ઓછો અને પરીણામે "અ" કે "બ" વર્ગનો છે તે જાણવા માટે રસ્તાની સમાંતરે આવેલા બંને બાજુના જમીનના ખુલ્લા તેમજ બાંધકામવાળા પ્લોટોની લંબાઈ માપીને ગણવાનો છે, દા. ત. રસ્તાની સમાંતરે જુદી જુદી લંબાઈના દશ પ્લોટો આવેલા છે અને તેમાં ચાર પ્લોટો બાંધકામવાળા છે અને બાકીના છ પ્લોટો ખુલ્લા છે. આ ચાર બાંધકામવાળા પ્લોટોની કુલ લંબાઈ રસ્તાની લંબાઈથી પચાસ ટકાથી ઓછી હોય તો તે વિસ્તાર પચાસ ટકાથી ઓછો બંધાયેલો છે તેમ સમજવાનું છે. આ પ્રમાણે ગણત્રી કરવામાં રસ્તાની લંબાઈ બની શકે તો એક માઈલની લેવી.

(૩) **ઔદ્યોગિક વિસ્તાર.**—જે વિસ્તાર સરકારે ઔદ્યોગિક જાહેર કર્યા હોય અથવા જે વિસ્તાર ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોરપોરેશનના હસ્તક હોય અથવા જેની અંદર ઉદ્યોગ નિયામકના ઔદ્યોગિક એસ્ટેટ આવતા હોય અથવા સહકારી અથવા અન્ય કંપનીના ઔદ્યોગિક એસ્ટેટ કે બીજા એવા વિસ્તારો જે ગામતળ, નગર પંચાયત, મ્યુનિસિપાલિટી કે કોરપોરેશનની હદની બહાર આવ્યા હોય અને જયાં ઉદ્યોગો સ્થાપવાની મંજૂરી મળતી હોય તેવા બધા વિસ્તાર.

(૪) **ખરેખરી હદ.**— જે હદ ગામતળની, નગર પંચાયતની, મ્યુનિસિપાલીટીની કે કોરપોરેશનની હાલમાં હોય તે ખરેખરી હદ ગણવી. તારીખ ૨જી માર્ચ ૧૯૬૬ થી જે હદ વધે તે હદના એપ્રોચીઝના નિયમો લાગુ પાડવામાં આવશે.

(૫) **એપ્રોચીઝ (જોડતા રસ્તાઓ).**— બાંધકામ અને ઔદ્યોગિક વિસ્તારની હદ પૂરી થયા પછી ત્રણ માઈલનો વિસ્તારમાં દરેક કક્ષાના રસ્તાઓનો પહેલો ત્રણ માઈલનો વિભાગ, જયાં ગામતળ, નગર તથા શહેરની હદ અને નજીકના ઔદ્યોગિક વિસ્તારની વચ્ચે કોઈ જાતનું અંતર હોય તો તે બધું અંતર બાંધકામ અને ઔદ્યોગિક વિસ્તારમાં ગણવામાં આવશે અને ત્રણ માઈલ જોડતો રસ્તો આ સમગ્ર હદની બહારથી ગણવામાં આવશે.

(૬) બાય-પાસ અથવા ડાયવર્ઝન .—દરેક ગામતળ, નગર તથા શહેરની બહારથી જે રસ્તો નવેસરથી કરવામાં આવે તેને બાય-પાસ અથવા ડાયવર્ઝન ગણવામાં આવશે. જ્યાં ડાયવર્ઝન બાંધવાની વાર હોય પણ ડાયવર્ઝનની પથરેખા નક્કી થઈ હોય તો તે પથરેખા ઉપર પણ ડાયવર્ઝનના પ્રતિબંધો લાગુ પાડવામાં આવશે.

(૭) બાંધકામ રેખા .—જે રેખાની બહાર રહેઠાણના મકાનો, નાનાં કેન્દ્રો, કોઠારો ખેતીને લગતા મકાનોના બાંધકામોની પરવાનગી આપવામાં આવે છે તે રેખાને બાંધકામ રેખા ગણવી.

જ્યાં જ્યાં વળાંક હોય ત્યાં વળાંકના અંદરના ભાગમાં સામાન્ય બાંધકામ રેખાથી ૨૦ ટકા વધુ રાખવું. આ અંતર રસ્તાના મધ્યબિંદુથી ગણવાનું હોય છે.

(૮) નિયંત્રણ રેખા .—સામાન્ય રીતે ફેક્ટરી, કારખાનાઓ, તેમજ મોટા ગોડાઉનો, સીનેમા, હોટેલ, હોસ્પિટલ કે જ્યાં મોટા પ્રમાણમાં લોકો અથવા વાહનોની અવરજવર થાય તેવા બધા જ બાંધકામો નિયંત્રણ રેખાની બહાર રાખવાના હોય છે. આ અંતર રસ્તાના મધ્યબિંદુથી ગણવાનું હોય છે.

(૯) રસ્તાની હદ .—રસ્તાની હદ એટલે જે જમીન રસ્તો બનાવવા માટે સંપાદન કરેલી હોય અને જેની માલિકી સરકારની અગર પંચાયતની હોય અને બે બાજુના હદના પથ્થરોની વચ્ચે આવેલી સમગ્ર જમીન. કોઈપણ રસ્તા ઉપર રસ્તાની હદમાં કોઈપણ સંજોગોમાં કોઈ જાતનું બાંધકામ કરવા દેવામાં આવે નહીં.

૪: સરહદી માર્ગો, રાષ્ટ્રીય ધોરી માર્ગો અને રાજ્ય ધોરી માર્ગો ઉપર આવતા બાંધકામો માટે લાગતા વળગતા કલેક્ટર અથવા જિલ્લા વિકાસ અધિકારી, રસ્તા અને મકાન વિભાગના જે તે કાર્યપાલક ઈજનેરની સલાહ લઈ, રેખા નિયમનના ધોરણોને આધીન રહીને બીનખેતીની કે બાંધકામની પરવાનગી આપશે. જિલ્લાના મુખ્ય કક્ષાના માર્ગો ઉપર આવતાં બાંધકામો માટે જે તે કલેક્ટર - જિલ્લા વિકાસ અધિકારી પંચાયત વિભાગના કાર્યપાલક ઈજનેરની અગાઉથી લેખિત સંમતી મેળવીને બિન ખેતીની કે બાંધકામની પરવાનગી આપી શકશે. અન્ય જિલ્લા કક્ષાના માર્ગો તથા ગ્રામ માર્ગો ઉપર કોઈપણ બાંધકામ માટે લાગતા વળગતા કલેક્ટર અથવા જિલ્લા વિકાસ અધિકારી રેખા નિયમનનાં ધોરણોને આધીન રહીને બિન ખેતીની કે બાંધકામની પરવાનગી આપી શકશે.

૫. કોઈપણ રસ્તા ઉપર અપવાદ કરીને બાંધકામ માટેની પરવાનગી આપવાની હોય તો તે સરકાર જ આપી શકશે, અને મહેસુલ વિભાગ, જાહેર બાંધકામ વિભાગની અગાઉથી સંમતી લઈને જ આવી પરવાનગી આપી શકશે.

૬. તારીખ ૨જી માર્ચ ૧૯૬૬ પહેલાં જ્યાં જ્યાં પરવાનગી મળી ગઈ હોય તેને આ નિયમો લાગુ પડશે નહીં. તારીખ ૨જી માર્ચ ૧૯૬૬ થી આ નિયમો પ્રમાણે જ પરવાનગી આપવાનું રાખવું. અને તે પ્રમાણેનો અમલ બરાબર થાય તે જિલ્લા વિકાસ અધિકારીઓએ તથા જિલ્લા કલેક્ટરોએ જોવું.

૭. કલેક્ટરશ્રીઓ ઉપરના હુકમો જે તે પંચાયતો, નગર પંચાયતો, સુધરાઈઓ વિગેરેના ધ્યાન ઉપર લાવે તેવી વિનંતી છે.

## શેડયુલ "અ" માં દાખલ થયેલાં રસ્તાઓનું પત્રક

| | | |
|---|---|---|
| ૧. | દિલ્હી-અમદાવાદ-મુંબઇ માર્ગ નં. ૮ | ... રાષ્ટ્રીય ધોરી માર્ગ. |
| ૨. | અમદાવાદ-બામણબોર-મોરબી-કંડલા ધોરી માર્ગ નં. ૮-અ. ... | ,, |
| ૩. | બામણબોર-રાજકોટ-પોરબંદર માર્ગ નં. ૮-બી. ... | ,, |
| ૪. | ભુજ-બાવડા-છાડબેટ રસ્તો ... ... | ,, |
| ૫. | ગાંધીધામ-ભુજ-લખપત રસ્તો ... | ... રાજ્ય ધોરી માર્ગ |
| ૬. | ભુજને સુઈગામ સાથે જોડતો લેટરલ રસ્તો વાયા સાંતલપુર-રાધનપુર-ભાભર. | ,, |
| ૭. | સુઈગામ-વાવ-થરાદની રાજસ્થાનની હદમાં બારમેરનને જોડતો રસ્તો. | ,, |
| ૮. | અમદાવાદ-મહેસાણા-પાલનપુર-રાધનપુર રસ્તો ... | ,, |
| ૯. | કોટેશ્વરનાલીયા-માંડવી રસ્તો ... | ... અંશત: રાજ્ય ધોરી માર્ગ અને અંશત: જિલ્લા મુખ્ય માર્ગ |
| ૧૦. | ભુજ-માંડવી રસ્તો ... | ... રાજ્ય ધોરી માર્ગ |
| ૧૧. | રાજકોટ-જામનગર-ખંભાલીયા-દ્વારકા-ઓખા રસ્તો ... | ,, |
| ૧૨. | ખંભાલીયા-પોરબદર-જૂનાગઢ-વેરાવળ, રસ્તો ... | ,, |
| ૧૩. | રાજકોટ-જુનાગઢ રસ્તો ... ... | ,, |
| ૧૪. | લીંબડી-ભાવનગર-અમરેલી-વેરાવળ રસ્તાના નીચે પ્રમાણેના વિભાગો.— | |
| | (અ) લીંબડી-ધંધુકા-વલ્લભીપુર-ભાવનગર રસ્તો ... | ,, |
| | (બ) ભાવનગર-સોનગઢ-વસા-અમરેલી રસ્તો ... | ,, |
| | (ક) અમરેલી-ધારી-કોડીનાર-વેરાવળ રસ્તો ... | ,, |
| ૧૫. | નડીઆદ-ખંભાત-રસ્તો-વાયા પેટલાદ... | ...જિલ્લા મુખ્ય માર્ગ |
| ૧૬. | ખેડા-દાહોદ-ઈંદોર-દેવાસ-ભોપાળ-સોગર-જબલપુર રસ્તો ... | રાજ્ય ધોરી માર્ગ |

જમીન – દબાણ
નિયમિત કરવા માટેની
સત્તાઓ વધારવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
ઠરાવ નંબરઃ એલ. ઇ. એન.-૧૦૬૫-૮૮૭૭૧-એલ.,
સચિવાલય, અમદાવાદ-૧૫, તાઃ ૧૭મી માર્ચ, ૧૯૬૭.

વંચાણમાં લીધા : મહેસૂલ વિભાગનો તાઃ ૨૮મી ઓગસ્ટ, ૧૯૫૯ નો સરકારી ઠરાવ નંઃ એલ.એન.ડી.-૩૯૫૫-એ. ૧.

આનુ-૨૬૧

૨. મહેસૂલ અને ખેતી વિભાગનો તા. ૨૬-૧૦-૧૯૬૪ ની સરકારી ઠરાવ નંઃ એ.સી.ઓ.-૧૦૬૪- : સત્તાઓ : એલ.

ઠ રા વ :-

કલેકટરને, ગ્રામ વિસ્તારોમાં રૂ. ૫૦૦- સુધીની કિંમતની અને શહેર વિસ્તારોમાં રૂ. ૨૦૦૦- સુધીની કિંમતની જમીનની બાબતમાં દબાણ નિયમિત કરવાની સત્તાઓ આપવામાં આવેલ છે. જમીનની વધેલી કિંમત લક્ષમાં લેતાં, હાલ અપાયેલ સત્તાઓ અપૂરતી જણાય છે. તે ઉપરાંત કમિશ્નરની કચેરીઓ નાબૂદ થયા પછી કલેકટરોને વધુ સત્તાઓ આપવી ઇષ્ટ હોવાનું જણાય છે. તેથી, આ બાબતમાં કલેકટરોની નીચે દર્શાવ્યા પ્રમાણેની સત્તાઓ વધારી આપવાનું ઠરાવવામાં આવે છે.

| હાલની સત્તા.<br>જમીનની કિંમત. | હવે વધારીને આપેલ સત્તા.<br>જમીનની કિંમત. |
|---|---|
| ગ્રામ વિસ્તાર રૂ. ૫૦૦ | રૂ. ૧૦૦૦- પરંતુ દબાણ હેઠળનો વિસ્તાર ૪૦૦ ચો. મીટરથી વધુ ન હોવો જોઈએ. |
| ર રૂ. ૨૦૦૦- | રૂ. ૪૦૦૦- પરંતુ દબાણ હેઠળનો વિસ્તાર ૨૦૦ ચો. મીટરથી વધુ ન હોવો જોઈએ. |

રૂ. ૧૦૦૦ અને રૂ. ૪૦૦૦ ની રકમની મર્યાદાનો અર્થ, શિક્ષાત્મક કબજા હક્કની કિંમત નહિ પરંતુ જમીનની સામાન્ય બજાર કિંમત એ પ્રમાણે છે.

૨. ઉપર જણાવેલ તા. ૨૮-૮-૧૯૫૯ ના સરકારી ઠરાવ નંઃ એલ.એન ડી.-૩૯૫૫-એ-૧, ના ફકરા ૨ થી ૪ માં દર્શાવેલ જોગવાઇઓ અમલમાં રહેશે,

૩. આ ઠરાવ આ વિભાગની ફાઈલ નં: એલ. ઈ. એન. -૧૦૬૫-૪૬૫૩૯-એલ, પરની નાણા વિભાગની તા. ૯-૧૦-૧૯૬૬ ની સહમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

નિરંજન સિંઘ,
નાયબ સચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

સરકારના ખાસ સચિવ, મહેસૂલ વિભાગ, બહુમાળી મકાન, અમદાવાદ.

મહેસૂલ તપાસણી કમિશનર, ગુજરાત રાજ્ય, બહુમાળી મકાન, અમદાવાદ-૧,

સેટલમેન્ટ કમિશનર અને જમીન-રેકર્ડના નિયામક, અમદાવાદ,

બધા કલેક્ટરો,

બધા જિલ્લા વિકાસ અધિકારીઓ,

એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ,

સિનિયર ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ,

બધા વિભાગો હેઠળના ખાતા-કચેરીઓના વડાઓ,

નાણા વિભાગ,

સચિવાલયના બીજા બધા વિભાગો,

મહેસૂલ વિભાગની બધી શાખાઓ.

Subject:- Encroachment.
Delegation of enhanced powers for the regularisation of --

Government of Gujarat,
Revenue Department,
Resolution No. LEN- 1065/ 88971- L,
Sachivalaya, Ahmedabad-15, Dated the 17th March, 1967.

Read:- (1) Govt. Resolution, Revenue Department No. LND/3965/A-1, dated the 28th August, 1959.

(2) Govt. Resolution, Revenue and Agriculture Department No. ACO/1064)Powers)-L, dated the 26th October, 1964.

-: RESOLUTION

The Collectors have been delegated the powers to regularise encroachments in respect of cases where the value of the land is upto Rs.500/- in the rural areas and upto Rs.2,000/- in the urban areas. Keeping in view the rise in value of the lands, it is now felt that the powers already delegated are insufficient. Moreover, it is also considered desirable that the Collectors should be given more powers after the abolition of Commissioners' offices. Government is, therefore, pleased to direct that the powers of the Collectors in this behalf should be enhanced as follows :-

| | Powers exercised at present. Value of the land. | Enhanced powers now delegated. Value of the land. |
|---|---|---|
| Rural Areas. | Rs. 500/- | Rs.1,000/- provided the encroached area does not exceed 400 sq.meters. |
| Urban Areas. | Rs.2,000/- | Rs.4000/- provided the encroached area does not exceed 200 sq.meters. |

The monetary limit of Rs.1000/- and Rs. 4000/- should be taken to mean the ordinary market value of the land and not the penal occupancy price.

2. The provisions contained in para 2 to 4 of the Government Resolution No.LND-3965-A-I, dated 28-8-1959 quoted above shall remain in force.

3. This issues with the concurrence of the Finance Department, dated 9-10-1966 on file No. LEN-1065/49539-L.

By order and in the name of the Governor of Gujarat,

Niranjan Singh,
Deputy Secretary to the Government of Gujarat,
Revenue Department.

To
The Special Secretary to the Government, Revenue Department, Multi Storied Building, Ahmedabad-I.
The Revenue Inspector Commissioner, Gujarat State, Multi Storied Building, Ahmedabad-
The Settlement Commissioner and Director of Land Records, Ahmedabad.
All Collectors.
All District Development Officers.
The Accountant General, Gujarat State, Ahmedabad.
The Senior Deputy Accountant General, Rajkot.
All Heads of Departments under all Departments.
The Finance Department.
All Other Departments of Sachivalaya.
All Branches of Revenue Department.

ઠરાવ નં. જપ૧૨-૧૦૬૭-૩૫૬૦૮-અ, તારીખ ૧૮મી મે, ૧૯૬૭

**રેખા નિયંત્રણ :**
**કમ્પાઉન્ડ-દિવાલ, તારની વાડ, વગેરે,**
**માટે છૂટછાટ આપવા બાબત.**

સરકારે ઠરાવ્યું છે કે રસ્તાના કોઈ ભાગ પર અને ખાસ કરીને વળાંક પર વાહનોને દ્રષ્ટિવિક્ષેપ ના પડે અને ઝડપથી જતાં વાહનોને સ્પષ્ટપણે જોવામાં હરકત ના કરે તે રીતે વધુમાં વધુ ૧૦૫ સેન્ટિમીટર ઉંચી કમ્પાઉન્ડ-દિવાલ, તારની વાડ કે જમીનની હદ દર્શાવતી હદરેખા સૂચક સ્તંભો રેખા નિયંત્રણના ધોરણોમાં છૂટછાટ મુકી, સરકારી ઠરાવ નં. પીઆરડી. ૧૦૫૩, તારીખ ૯મી માર્ચ ૧૯૫૪ થી ઠરાવેલ નમુનામાં નદાવા (No Claim) કબુલાત લઈ, બાંધવા દેવા.

Subject:- Encroachments
Local Bodies Public Institutions - Delegation of Powers for the regularisation of made by, for public purposes.

Government of Gujarat,
Revenue Department,
Resolution No. LEN- 1067- L,
Sachivalaya, Ahmedabad-15, Dated the 20th May, 1967.

-: ORDER :-

In supersession of orders contained in para I of Government Memorandum No. LEN-1063/34766-L, dated the 10th July, 1963 of Revenue and Industry Department (Copy of extract enclosed), Government is pleased to delegate to the Collectors the powers to regularise the encroachments made in Government land for the public purposes by Local Bodies Viz. Panchayat etc. to the extent specified in Government Resolution, No. LEN-1065/88971-L, dated the 17th March, 1967.

2. The Collectors are requested to follow scrupulously the instructions contained in Government Revenue Department Circular No. LEN-1066, dated 11th July , 1966.

By order and in the name of the Governor of Gujarat,

ARAVIND SHARMA
Deputy Secretary to the Government of Gujarat,
Revenue Department.

.............

-: MEMORANDUM :-

The undersigned presents compliments to the Commissioner, Ahmedabad, and with reference to his endorsement No. WTN-ADM, dated the 30th March, 1963, is directed to state that the Collector or the Commissioner is competent to regularise the unauthorised use of Government land (encroachment) made by local bodies and public institutions for public purposes only on payment of penal Occupancy price in accordance with the orders contained in Government Resolution, Revenue Department No. 3297/ 45, dated the 17th May, 1950, read with Government Resolution, Revenue Department No. LEN- 54/ 28300 (a) dated the 6th July, 1954. If, therefore, it is proposed to regularise any case by charging the Occupancy Price less than that what is prescribed in the said orders, such case should be submitted to Government for orders through the Commissioner concerned.

વિષય:- સાર્વજનિક કામો માટે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ અને જાહેર સંસ્થાઓ દ્વારા થતાં જમીનમાં દબાણો નિયમિત કરી આપવાની સત્તાઓ આપવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
ઠરાવ દબાણ-૧૦૬૭- લ,
સચિવાલય, અમદાવાદ, તા. ૨૦ મે, ૧૯૬૭.

**ઠ ર ા વ:-**

મહેસૂલ અને ઉદ્યોગ વિભાગની તારીખ ૧૦-૭-૬૩ ની ચાલી ક્રમાંક: એલ. ઇ. એન. ૧૦૬૩-૩૪૭૬૬- એલ, ના ફકરા ૧ :ઇન્તેખાબની નકલ સામેલ છે: થી કરવામાં આવેલ હુકમ રદ કરીને સરકારે જમીનો ઉપર સાર્વજનિક હેતુઓ માટે પંચાયતો વગેરે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ દ્વારા થયેલા દબાણોના કિસ્સાઓ પણ સરકારી ઠરાવ મહેસૂલ વિભાગ ક્રમાંક: એલ. ઇ. એન ૧૦૬૫-૮૮૯૭૧- એલ, તારીખ ૧૭-૩-૬૭ ની મર્યાદામાં રહીને નિયમિત કરી આપવાના અધિકારો કલેકટરોને સોંપવાનું ઠરાવ્યું છે.

૨. આ પ્રકારના દબાણો નિયમિત કરતા પહેલા સરકારી પરીપત્ર મહેસૂલ વિભાગ ક્રમાંક: દબાણ-૧૦૬૬- લ, તા. ૧૧-૭-૬૬ નો ચૂસ્તપણે અમલ કરવા કલેકટરોને સૂચના છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અરવિંદ શર્મા,
નાયબ સચિવ,
મહેસૂલ વિભાગ.

પરિપત્ર નં. જપર-૧૦૬૭-૪૫૪૭૭-અ, તારીખ ૨૫મી મે ૧૯૬૭

**રેખા નિયંત્રણના નિયમોમાં છુટછાટ મુકી બાંધકામની પરવાનગી આપવાની અથવા અનાધિકૃત બાંધકામ નિયમબદ્ધ કરવાની દરખાસ્તો સાથે મોકલવાની માહિતી અંગેનું પત્રક.**

તારીખ ૧લી માર્ચ ૧૯૬૭ ના સરકારી ઠરાવ નં. જપવ-૧૦૬૫-૨૭૩૩૯-અ, ના ફકરા પાંચ અન્વયે બિન ખેતીની અથવા બાંધકામ માટેની અપવાદ કરીને આપવાની પરવાનગીની અથવા રેખા નિયંત્રણ નિયોમોમાં છૂટછાટ મુકી અનધિકૃત બાંધકામો નિયમ-બદ્ધ કરવાની દરખાસ્તો કલેકટર કે જીલ્લા વિકાસ અધિકારી તરફથી સરકાર સમક્ષ રજુ કરવામાં આવે છે ત્યારે પુરતી માહિતીના અભાવે કેસના નિકાલમાં ઢીલ થાય છે. તેથી

સાર્વજનિક કામો માટે સ્થાનિક સ્વરાજ્ય
સંસ્થાઓ અને જાહેર સંસ્થાઓ ધ્વારા થતાં
જમીનનાં દબાણો નિયમિત કરી આપવાની
સત્તાઓ આપવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: દબાણ- ૨૨૬૭-૧૦૮૭૭૩-લ,
સચિવાલય, અમદાવાદ-૧૫, તા: ૨૯મી જાન્યુઆરી, ૧૯૬૮.

વંચાણમાં લીધો :- સરકારનો મહેસુલ વિભાગનો તા: ૨૦-૫-૬૭ નો ઠરાવ ક્રમાંક: દબાણ-૧૦૬૭-લ.

<u>પ રિ પ ત્ર</u>

સરકારના મહેસુલ વિભાગના તા: ૨૦-૫-૬૭ ના ઠરાવ ક્રમાંક: દબાણ-૧૦૬૭-લ, થી જિલ્લા કલેકટરોને સરકારી જમીનો પર સાર્વજનિક હેતુઓ માટે પં...તો વગેરે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ ધ્વારા થયેલાં દબાણોના કિસ્સાઓમાં દબાણ સરકારના તા: ૧૭-૩-૧૯૬૭ ના ઠરાવ ક્રમાંક: એલ.ઇ.એન.-૧૦૬૫-૮૮૯૭૧-એલ, ની મર્યાદામાં રહીને નિયમિત કરી આપવાની સત્તા આપવામાં આવી છે. આ ઠરાવના સંદર્ભમાં એવી રજુઆત કરવામાં આવી છે કે, ઉપરોક્ત ઠરાવને આધારે માત્ર નામનો રૂા. ૧. દંડ વસુલ કરી મહેસુલ માફીથી જમીન નિયમિત કરવાની સત્તા જિલ્લા કલેકટરોને છે કે કેમ તે અંગે સ્પષ્ટતા કરવી. સરકારનો તા: ૨૦-૫-૧૯૬૭ નો ઉપરોક્ત ઠરાવ સ્પષ્ટ છે, છતાં ખોટી ગુંચવણ ઉભી ન થાય અને આવા કેસોનો બેળાસર નિકાલ થઈ શકે તે હેતુથી આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, સરકારના તા: ૧૭-૩-૧૯૬૭ ના ઠરાવમાં નિર્દેશ કરેલ મર્યાદાને આધીન રહીને જિલ્લા કલેકટરો નામનો રૂા. ૧. દંડ લઈ સબંધકર્તાની જમીન મહેસુલ માફીથી ગણી દબાણ નિયમિત કરવા અધિકૃત છે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સી. એમ. જોષી.
નાયબ સચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

સરકારના ખાસ સચિવશ્રી, મહેસુલ વિભાગ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ-૧,
નાયબ સચિવશ્રી, તપાસણી વિભાગ, સચિવાલય, અમદાવાદ,
સેટલમેન્ટ કમિશ્નર અને જમીન રેકર્ડના નિયામક, અમદાવાદ,
બધા કલેકટરો,
બધા જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
સિનિયર ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ,
બધા વિભાગો હેઠળના ખાતા- કચેરીઓના વડાઓ,
સચિવાલયના બધા વિભાગો,
મહેસુલ વિભાગની બધી શાખાઓ,

પશુ સંવર્ધન વિકાસ માટે ગૌચરની
જમીનો ઉપરના દબાણ દૂર કરી
ગૌચર તરીકે જ પુનઃ સ્થાપિત
કરવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર નં. જમન-૩૯૬૮-૫૫૮૪-ગ,
સચિવાલય, અમદાવાદ-૧૫,
તા. ૧૫-૨-૧૯૬૮.

પ રિ પ ત્રઃ-

લોકસભાની ઈનફોર્મલ કનસલટેટીવ કમિટીની બેઠકમાં એવો નિર્ણય લેવામાં આવેલ છે કે ગૌચર તરીકે નીમ થયેલી જમીનો જેનો બીજી રીતે ઉપયોગ થતો હોય તે ગૌચર તરીકે પુનઃ સ્થાપિત કરવી. આ રાજ્યમાં ગૌચરની વ્યવસ્થા પંચાયતોને સોંપવામાં આવેલ છે અગર તો આવી જમીનો પંચાયતમાં વેસ્ટ કરવામાં આવેલ છે. આવી વ્યવસ્થાની શરત એ છે કે ગૌચર તરીકે સોંપવામાં આવેલ જમીનો ગૌચર તરીકે જ વાપરવાની છે. આવી જમીનો ઉપર થતાં દબાણો પંચાયતોએ દૂર કરવાનાં હોય છે અને દબાણ ન થાય તેની તકેદારી રાખવાની હોય છે. એટલે કોઈ જગ્યાએ ગૌચરની જમીન ઉપર દબાણ ચાલુ હોય તો તે તરત જ દૂર કરવા અને નવા દબાણ થાય નહિ તેની કાળજી રાખવા દરેક કલેકટરશ્રી તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રીને વિનંતી છે. આ બાબતમાં સ્થાનિક મહેસૂલી અધિકારીઓને તથા ગ્રામ / નગર પંચાયતોને પણ તેઓએ જરૂરી સૂચના આપવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

લ. પુ. રાવલ,
ઉપ સચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત રાજ્ય.

## સરકારી જમીન પર દબાણ - દબાણ હેઠળની ખેતીની જમીનનો નિકાલ

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
ઠરાવ નં એલ ઇ એન ૧૦૬૫/૨૭૭૫-લ,
સચિવાલય, અમદાવાદ-૧૫,
તા. ૧લી જૂન, ૧૯૬૮.

<u>વંચાણમાં લીધા</u> :-

૧. મહેસૂલ વિભાગનો તા. ૧૭-૫-૧૯૫૦નો સરકારી ઠરાવ નં ૩૨૯૭/૪૫,

૨. મહેસૂલ વિભાગની તા. ૨૯-૫-૧૯૫૨ ની સરકારી યાદી નં ૩૨૯૭/૧૪૫૧/૨૯૩૯૫ : બી :- P. 93

૩. મહેસૂલ વિભાગના તા. ૧૭-૨-૧૯૫૫ના સરકારી શુદ્ધિપત્ર નં એલ ઇ એન ૫૫/૨૮૩૦૦ : એ: સાથે વંચાણમાં લેતાં મહેસૂલ વિભાગનો તા.૬-૭-૧૯૫૪નો સરકારી ઠરાવ નં એલ ઇ એન ૫૪/૨૮૩૦૦ : એ:, P. 113

૪. મહેસૂલ વિભાગનો તા. ૧૪-૬-૧૯૫૫નો સરકારી ઠરાવ નં એલ. એન ડી. ૩૯૫૩-II P. 117

૫. મહેસૂલ વિભાગનો તા. ૨૩-૯-૧૯૫૫નો સરકારી ઠરાવ. નં એલ ઇ એન ૫૫/૬૯૭૬૪-પી P. 123

૬. મહેસૂલ વિભાગનો તા. ૨૮-૮-૧૯૫૯નો સરકારી ઠરાવ નં એલ એન ડી. ૩૯૫૫/એ-I P. 171

૭. મહેસૂલ વિભાગનો તા. ૧૭-૩-૧૯૬૭નો સરકારી ઠરાવ નં એલ ઇ એન ૧૦૬૫/૮૮૯૭૧-લ,

૮. મહેસૂલ વિભાગનો તા. ૨૯-૧૧-૧૯૬૬નો સરકારી ઠરાવ નં એલ એન ડી. ૩૯૬૫/૭૧૫૬-અ

ભૂતપૂર્વ મુંબઇ સરકારે, જાહેર માર્ગો, કેડીઓ, વગેરે પરનાં દબાણ, કઇ રીતે, વિનિયમિત કરવા, એટલે કે સરકારી જમીનના દબાણ પામેલ વિસ્તારો કાં તો પટે આપીને અથવા તો સીધેસીધા વેચીને, તે બાબતમાં સૂચના આપતા હુકમ મહેસૂલ વિભાગના તા. ૧૭-૫-૧૯૫૦ના સરકારી ઠરાવ નં ૩૨૯૭/૪૫ હેઠળ બહાર પાડયા હતા. પાછળથી સરકારે, દબાણ પામેલી જમીનના અનુક્રમે પટા અને વેચાણના કેસોમાં કેટલે અંશે શિક્ષાત્મક પ્રીમિયમ અને શિક્ષાત્મક કબજા કિંમત લેવા અંગે મહેસૂલ વિભાગની તા. ૨૯-૫-૧૯૫૨ની સરકારી યાદી નં ૩૨૯૭/૧૪૫૧/૨૯૩૯૫-બી અનુસાર સ્પષ્ટતા કરી હતી. ફરીથી, મહેસૂલ વિભાગના તા. ૨૮-૮-૧૯૫૯ના સરકારી ઠરાવ નં એલએનડી. ૩૯૫૫-એ-I અનુસાર, સરકારે, સરકારી જમીન પરનાં દબાણ વિનિયમિત કરવાની કલેકટરોને અમુક નાણાંકીય સત્તા સોંપી હતી. ત્યાર પછી, સરકારે મહેસૂલ વિભાગના તા.૧૭-૩-૬૭ના સરકારી ઠરાવ નં એલ ઇ એન ૧૦૬૫/૮૮૯૭૧-લ, અનુસાર, ના[illegible] અને વિસ્તાર એમ બંને પ્રકારની મર્યાદા નિયત કરી હતી.

## ઠ રા વ

આ સરકારી ઠરાવના આમુખમાં ટાંકેલા હુકમમાં, ઉક્ત હુકમ, ખેતી વિષયક અથવા બિન-ખેતી વિષયક હેતુઓ માટે વપરાતી જમીન પરનાં દબાણના કેસોમાં લાગુ પડે છે કે કેમ તે સ્પષ્ટ જણાવવામાં આવ્યું નથી. તેથી, મહેસૂલ વિભાગના તા. ૧૭-૩-૬૭ના સરકારી ઠરાવ નં. એલઇએન ૧૦૬૫:૮૮૯૭૧-લ માં જણાવેલ હુકમ, ખેતીની જમીન પર થયેલાં દબાણની બાબતમાં પણ લાગુ પડે છે કે કેમ તે અંગે શંકા વ્યક્ત કરવામાં આવી છે. તેથી, આ હુકમ ખેતી વિષયક હેતુઓ માટે વપરાતી જમીનને નહિ પરંતુ જમીનના બિન-ખેતી વિષયક ઉપયોગ માટે થયેલાં દબાણને જ લાગુ પડે છે એમ સ્પષ્ટતા કરવામાં આવે છે.

૨. કલેક્ટરો, ખેતીની જમીન પરનાં દબાણ, દબાણ હેઠળનાં જમીન સહિત ખાતેદારનું કુલ ખાતું, પડતર જમીનના નિકાલ અંગેની નીતિ અનુસાર સરકારે ઠરાવેલા એક પોષણક્ષમ ખાતાથી વધવું જોઈએ નહિ એવી સ્પષ્ટ શરતને આધીન રહીને, સંબંધિત અધિનિયમોની જોગવાઈઓ અનુસાર શિક્ષાત્મક કબજા કિંમત, વ્યાજ, અને દંડ અને સેસ ચુકવ્યેથી તેમજ સરકારના સ્થાયી હુકમો અનુસાર વિનિયમિત કરી શકશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. એસ. પાંડ્ય,
ઉપ સચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

ખાસ સચિવ, મહેસૂલ વિભાગ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ,

સેટલમેન્ટ કમિશનર અને જમીન - રેકર્ડ નિયામક, અમદાવાદ,

બધા કલેક્ટરો,

બધા જીલ્લા વિકાસ અધિકારીઓ,

એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ,

સિનિયર ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ,

સચિવાલયના બધા વિભાગો હેઠળનાં બધાં ખાતાના વડાઓ,

નાણાં વિભાગ,

સચિવાલયના બીજા બધા વિભાગો

મહેસૂલ વિભાગની બધી શાખાઓ

દબાણવાળી જમીન જુની કે નવી શરતથી
આપવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:દબણ-૧૪૬૯-૨૦૩૦૮-લ,
સચિવાલય, અમદાવાદ-૧૫,
તા. ૭-૭-૧૯૬૯.

-: પ રિ પ ત્ર :-

જયારે દબાણવાળી સરકારી જમીન દબાણદારને નિયમિત કરી આપવામાં આવે છે ત્યારે પ્રચલિત ધોરણો અનુસાર શિક્ષાત્મક કબજા કિંમત તરીકે ચાલુ બજારભાવની ઓછામાં ઓછી ૨$\frac{1}{2}$ ગણી કિંમત લેવામાં આવે છે અને તે જમીન નવી અને અવિભાજય શરતથી દબાણદારને આપવામાં આવે છે. પરંતુ જો દબાણવાળી જમીનની લાગુ જમીન દબાણદારની માલિકીની અને જુની શરતથી ચાલતી હોય તો તેવા કિસ્સામાં દબાણવાળી જમીન કઇ શરતે નિયમિત કરી આપવી તે પ્રશ્ન છે. આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે દબાણવાળી જમીન જો નવી શરતથી આપવાની હોય તો પ્રથમ નવી શરતની કબજા કિંમત નકકી થવી જોઇએ, અને જો જુની શરતથી આપવાની હોય તો તે જમીનની જુની શરતની કબજા કિંમત નકકી કરાવવી જોઇએ. ત્યાર બાદ આ રીતે નકકી કરેલ જુની કે નવી શરતની કિંમતની શિક્ષાત્મક કબજા કિંમત દબાણદાર પાસેથી વસુલ લેવી. અલબત્ત દબાણદારે શિક્ષાત્મક કબજા કિંમત ઉપરાંત ખેતી કે બિન-ખેતીનો આકાર અને પ્રચલિત અન્ય વેરાઓ પણ ભરવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્ર.શિ.માંકડ,
ઉપ સચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

રવાના :-

(૧) બધા જિલ્લાના કલેકટરશ્રીઓ તરફ, જાણ અને યોગ્ય કાર્યવાહી માટે.
(૨) ખાસ સચિવશ્રી, મહેસૂલ વિભાગ, બહુમાળી સરકારી મકાન, લાલ દરવાજા, અમદાવાદ-૧,
(૩) સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, અમદાવાદ,
(૪) તપાસણી શાખા, મહેસૂલ વિભાગ.

**સરકારી જમીન પર દબાણ-**

**પાઇપ લાઇન, ઓરિયો, મશીનરુમ-કુંડી વિગેરેની જમીનોના દબાણો નિયમિત કરવા બાબત.**

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ.
ઠરાવ નં. દબણ-૧૩૬૯/૧૫૧૯૫૦-લ,
સચિવાલય, અમદાવાદ-૧૫.
તા. ૬-૩-૧૯૭૦.

વંચાણમાં લીધો:- ૧. મહેસુલ વિભાગનો તા. ૧-૬-૬૮ નો ઠરાવ નં. એલ.ઇ.એન. ૧૦૬૫/૨૬૭૫-લ.

૨. કલેક્ટરશ્રી જામનગરનો તા. ૨-૧૧-૬૯ નો પત્ર ક્રમાંક: જમન-૧૩૭૨.

૩. કલેક્ટરશ્રી ભાવનગરનો પત્ર તા. ૨૦-૧૧-૬૯ ક્રમાંક: જમીન-૪૧૮૦.

## ઠ રા વ.

ખેતીના જમીન પરનાં દબાણો ખાતેદારની ખાતાની જમીન સહિત દબાણ હેઠળની જમીન જો એક પોષણક્ષમ ક્ષેત્રથી વધે નહિ તો તેવા દબાણો નિયમિત કરી આપવાની સત્તા કલેક્ટરને ઉપરોક્ત ઠરાવથી આપવામાં આવી છે. પાઇપ લાઇન, ઓરિયો, મશીનરુમ કે કુંડી કે કુવા વિગેરે પ્રકારના દબાણો કે જેમાં દબાણ હેઠળનો વિસ્તાર માત્ર બે કે ત્રણ ગુંઠા જેટલો નજીવો હોય છે. પરંતુ તેના કારણે ખાતેદારના ખાતાની જમીન સહિત દબાણ હેઠળનો વિસ્તાર એક પોષણક્ષમ ક્ષેત્ર કરતાં વધી જતો હોવાથી ઉપરોક્ત ઠરાવની મર્યાદાને કારણે કલેક્ટરો આ પ્રકારના દબાણો નિયમિત કરી શકતા નથી.

૨. સરકારે આ બાબતમાં વિચારણા કર્યા બાદ એવું ઠરાવ્યુ છે કે ઉપરોક્ત તા. ૧-૬-૬૮ ના ઠરાવની મર્યાદામાં છુટછાટ મુકી પાઇપલાઇન, ઓરિયો, મશીનરૂમ, કુંડી, કુવો વિગેરે પ્રકારના દબાણો હેઠળની જમીનના કારણે ખાતેદારના ખાતાની જમીન એક પોષણક્ષમ ક્ષેત્ર કરતાં જો વધી જતી હોય તો પણ આ પ્રકારનાં દબાણો નિયમિત કરી આપવાની કલેક્ટરોને આથી સત્તા આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

પ્ર. શિ. પંડ્યા,
ઉપ સચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

**દબાણના કિસ્સાઓમાં કબજા કિંમતની**
**રકમના હપ્તાઓ મંજૂર કરવા બાબત.**

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
ઠરાવ ક્રમાંક: દબણ-૧૨૭૦-૧૭૪૫૮-લ,
સચિવાલય, અમદાવાદ.૧૫, તારીખ ૧૨ મી મે, ૧૯૭૦.

**ઠ રા વ**

જ્યારે દબાણવાળી સરકારી જમીન દબાણદારને નિયમિત કરી આપવામાં આવે છે. ત્યારે પ્રચલિત ધોરણો અનુસાર શિક્ષાત્મક કબજા કિંમત તરીકે ચાલુ બજાર ભાવની ઓછામાં ઓછી અઢી ગણી કિંમત લેવામાં આવે છે, અને તે જમીન નવી અને અવિભાજ્ય શરતથી દબાણદારને આપવામાં આવે છે. પરંતુ જો દબાણદારની આર્થિક સ્થિતિ નબળી હોય અને જો તે આવી શિક્ષાત્મક કબજા કિંમત એકસામટી ભરવા શક્તિમાન ન હોય તો તેવા કિસ્સાઓમાં હપ્તાઓ કરી આપવાનો પ્રશ્ન સરકારશ્રીની વિચારણા હેઠળ હતો.

૨. દબાણવાળી સરકારી જમીન દબાણદારને નિયમિત કરી આપવામાં આવે ત્યારે સદરહુ દબાણદારની આર્થિક સ્થિતિ ખરેખર નબળી છે અને તે શિક્ષાત્મક કબજા કિંમત એક સામટી ભરી શકવા અસમર્થ છે તેવી જો કલેક્ટરશ્રીને ખાત્રી થાય તો તેવા કિસ્સાઓમાં દબાણદારને શિક્ષાત્મક કબજા કિંમત ભરવા માટે વધુમાં વધુ ત્રણ વાર્ષિક હપ્તા મંજૂર કરી આપવાની સત્તા આથી બધા કલેક્ટરોને આપવાનું સરકારશ્રીએ ઠરાવ્યું છે.

[illegible]ની ઉપયોગ ફક્ત કલેક્ટરોએ જાતે જ કરવો અને પોતાના તાબા હેઠળના કોઈ પણ અધિકારીને આ અધિકારો સોંપવા નહિ તેવું પણ સરકારે ઠરાવ્યું છે. આવા હપ્તાઓ મંજૂર કરી આપવાના દરેકે દરેક કિસ્સામાં તે અંગેના કારણોની કલેક્ટરશ્રીએ જાતે નોંધ કરવી. દબાણદારે હપ્તાની રકમો ઉપર સરકારે વખતો વખત ઠરાવેલ દરે વ્યાજ ભરવાનું રહેશે.

૪. આ હુકમો આ વિભાગની ફાઈલ ક્રમાંક: દબણ-૧૨૭૦-૧૭૪૫૮-લ, ઉપર નાણાં વિભાગની તા. ૧૫-૪-૭૦ ના રોજ સંમતિ મેળવી બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શ. હ. પારેખ.
ઉપ સચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

દબાણવાળી જમીન નિયમિત કરતી વખતે
શિક્ષાત્મક કબજાહકની કિંમતે આપવામાં આવે
ત્યારે હપ્તા વગેરેની સવલત આપવા બાબત.

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
ઠરાવ ક્રમાંક.૧મન-૩૯૭૦-૧૭૧૯-અ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૧-૯-૧૯૭૦

સરકારી ઠરાવ ક્રમાંક.એલ.એન.ડી.૩૯૬૦-એ-૧ તા.૧-૩-૬૦ના. ફકરા ૮ માં જમીન મંજૂર કરવામાં આવી હોય તે તેને કબજા હકની રકમ હપ્તામાં ભરવાની જોગવાઇ કરવામાં આવી છે. આ બાબતમાં એમ રજુઆત કરવામાં આવી હતી કે જેમને દબાણવાળી જમીન નિયમિત કરી આપવામાં આવે તેમને શિક્ષાત્મક કબજા કિંમત ભરવા માટે આવી હપ્તાની સગવડ આપી શકાય કે કેમ? આ બાબતમાં વિચારણા કરી સરકારે એમ ઠરાવેલ છે કે જે શખ્સોને ખેતીની દબાણ કરેલી જમીન શિક્ષાત્મક કબજા કિંમત લઇ નિયમિત કરી આપવામાં આવે તે પૈકી જેની આર્થિક સ્થિતિ સારી ન હોય તેવા યોગ્ય કિસ્સામાં જે તે સક્ષમ અધિકારી, પછાતવર્ગના કિસ્સામાં વાર્ષિક બાર હપ્તા અને બીજા પછાતના વર્ગના કિસ્સાઓમાં વાર્ષિક છ હપ્તાઓથી કબજા કિંમત ભરવાની છુટ આપી શકશે. આ હપ્તાઓ પર વાર્ષિક ૬ ટકા લેખે અથવા સરકારી લોનના બોરોઇંગરેટ ( જે પ્રચલિત હોય તે મુજબ) વ્યાજ લેવાનું રહેશે.

જો હપ્તો નિયત સમયમાં નહી ભરવામાં આવે અને સક્ષમ અધિકારી જમીન સરકાર હસ્તક દાખલ કરવાને બદલે હપ્તો ભરવાની ઢીલને દરગુજર કરવાનું ઠરાવે તો બાકીદાર પાસેથી તેવા હપ્તા પર ઢીલની મુદત માટે વાર્ષિક આઠ ટકા લેખે શિક્ષાત્મક વ્યાજ લેવામાં આવશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી.એસ.પકવાન
સેકશન અધિકારી,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

જમીન દબાણ
નિયમિત કરવા માટેની સત્તાઓ આસી. કલેકટર
ડેપ્યુટી કલેકટરને સોંપવા બાબત....

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
ઠરાવ નં. દબણ-૧૦૭૦-૮૫૨૪૦-લ,
સચિવાલય ગાંધીનગર,
તા. ૮-૧૨-૭૦.

વંચાણમાં લીધો:-તા. ૧૭-૩-૬૭ ની ઠરાવ ક્રમાંક: એલ. ઇ. એન. ૧૦૬૫-૮૮૯૭૧-એલ.

ઠ રા વ:-કલેકટરોને ગ્રામ વિસ્તારમાં રૂપિયા એક હજાર સુધીની કિંમતની અને ચારસો ચો. મીટર ક્ષેત્રફળથી વધુ ન હોય તેટલી જમીન પૂરતું દબાણ નિયમિત કરવા માટે સત્તાઓ આપવામાં આવી છે. આ સત્તાઓ ડેપ્યુટી કલેકટર/આસી. કલેકટરને આપવાનું સરકારે હવે ઠરાવ્યું છે.

૨. આ ઠરાવ આ વિભાગની ફાઇલ નં. દબણ-૧૦૭૦-૮૫૨૪૦- લ પર નાણાકીય સલાહકારશ્રીની તા. ૧૭-૧૧-૭૦ ની સહમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ન. ની. મહેતા
ઉપસચિવ,
મહેસૂલ વિભાગ,
ગુજરાત સરકાર.

ગૌચરની જમીન ઉપર થતા દબાણ અટકાવવા બાબત.

મહેસુલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
પરિપત્ર ક્રમાંક.જમન.૧૪૭૦/૧૫૮૯૪-લ,
સચિવાલય,ગાંધીનગર,
તા.૧૬-૨-૭૧.

પ રિ પ ત્ર :-

સરકાર સમક્ષ ગૌચરની જમીન ઉપર દબાણ થવાના પ્રશ્નો અવારનવાર ઉપસ્થિત થાય છે. આ પરિસ્થિતિ ટાળવા માટે સરકારે વિચારણા કરી નિર્ણય લીધો છે કે, ગામે ગામ ગૌચરની જમીન નીમ થઇ છે કે નહિ તે રાજ્યના સર્વ કલેક્ટરો તેમના વિસ્તારમાં તેની ખાત્રી કરે અને જ્યાં આ રીતે ગૌચર નીમ ન થયુ હોય ત્યાં તાત્કાલિક નીમ કરવા પ્રબંધ કરે અને ખાત્રી કરી લે કે કોઇ ગામે ગૌચર નીમ કરવાનુ રહ્યુ હોય ત્યાં તાત્કાલિક નીમ કરવામાં આવે.

૨. વળી રાજ્યના સર્વ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ અને કલેક્ટરશ્રીઓને સુચના કરવાની કે નીમ થયેલા ગૌચર નક્કી થયા બાદ હદનિશાનની ચોકસાઇથી કરાવી લેવા જેથી ગૌચર ઉપર થતાં દબાણો અટકાવી શકાય. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આવા દબાણો થયા હોય તે તાત્કાલિક પગલાં લઇ ખુલ્લા કરાવે. આ સુચનાનો અમલ ચુસ્તપણે થાય તેમ સરકાર ઇચ્છે છે. જો આવા દબાણો દૂર કરવામાં નહીં આવે તો સરકારને ગૌચરની જમીનનો દુરુપયોગ થયો છે તેમ ગણી સરકાર ગૌચરની જમીન પોતાને કબજે લઇ સરકારી જમીન તરીકે યોગ્ય નિકાલ કરશે અને દબાણ દૂર ન કરનાર પંચાયતનો ગૌચર ઉપર કોઇ હક્ક રહેશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ન. ની. મહેતા
ઉપસચિવ,
મહેસુલ વિભાગ,
ગુજરાત સરકાર

વિષય:-સાર્વજનિક કામો માટે પંચાયતો દ્વારા
થતાં જમીનનાં દબાણો અટકાવવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:દબાણ-૨૨૭૭-૧૫૦૩૦-લ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ.૨૦-૨-૧૯૭૭.

પ રિ પ ત્ર.
----ooXXXoo-----

સરકારી જમીનમાં બીનપરવાનગીથી સાર્વજનિક કામો માટે અનાધિકૃત કબજા-દબાણો થયાના અનેક કિસ્સાઓ સરકારશ્રીના ધ્યાનમાં આવ્યા છે. સાર્વજનિક કામો માટે પણ સરકારી જમીનમાં અનાધિકૃત કબ્જો કે દબાણ કરવું તે યોગ્ય નથી. આ અંગે સરકારી પરિપત્ર, મહેસુલ વિભાગ ક્રમાંક:-દબાણ-૧૦૬૬-લ, તા.૧૧-૬-૧૯૬૬ અન્વયે જરુરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. તેમ છતાં આવા દબાણોનું પ્રમાણ વધતું જ રહ્યું છે. તેથી કલેકટરોનું ધ્યાન પુન: ઉપરોકત પરિપત્ર તરફ દોરતાં જણાવવાનું કે ભવિષ્યમાં આવા કિસ્સાઓ ન બને તે માટે કલેકટરોએ સદરહુ પરિપત્રની સૂચનાનો કડક રીતે અમલ કરવા વિનંતી છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ન.નો. મહેતા.
ઉપ-સચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

No. LEN-2071-29508-L

Government of Gujarat,
Revenue Department,
Sachivalaya, Gandhinagar,
Dated the 15th June, 1971.

Subject:- Encroachment
powers to regularise of-
by the Collectors .......

MEMORANDUM:-

The Collectors have been delegated the enhanced powers to regularise encroachments under Government Resolution, Revenue Department No. LEN-1065-88971-L, dated 17th March, 1967. The point was raised by the Collector, Surat that, whether Collector can exercise powers of regularising encroachments in cities where they have no powers of grant of land as per Government Resolution, Revenue Department No. LGL-1664-76969-A dated 15-7-1964.

2. Government have now decided that, Collectors can exercise such powers of regularising encroachments to the prescribed extent only at places where they can grant the land. They cannot regularise encroachments in cities where they have no powers of grant of land.

By order and in the name of the Governor of Gujarat.

N. N. MEHTA,
Under Secretary to the Govt. of Gujarat,
Revenue Department.

No. ६७९१ -1971/75204-L

Revenue Department,
Sachivalaya, Gandhinagar,
Dated the 13th July, 1971.

Subject :- The payment of penal occupancy price in cases of encorachment made by S/C & S/T persons - Revision of the orders of...

MEMORANDUM:

The undersigned presents compliments to the Collector Sabarkantha and with reference to the discussions in regard to matter referred to above which has taken place during the visit of the High Level Team in the presence of the Chief Secretary is directed to state that the Collector has represented to the team for authorising him to review and reopen the encreachment cases in which penal occupancy price has been charged by him in the cases of persons of Backward Class/Scheduled Casts and Scheduled Tribe. This representation was made by him with intention to bring down the occupancy price to the extent of single ma rket value in cases where the persons involved are not able to pay the penal occupancy price because of their poor economic condition.

2. Attention in this regard is invited to the provisions contained in Government Resolution, Revenue Department No. LEN-54/28300(a), dated 6-7-54 according to which in cases of encroachment in the Back Ward areas or by Backward Class persons Collector can regularised them by charging occupancy price which may be less than 2½ times the ordinary occupancy price but in no case less than the market value. Having regard to this it is felt that action could have been taken by the Collector on this line. Now, looking to the peculiar circumstances, the Collector Sabarkantha is hereby authorised to review and reopen his cases so that he can bring down the occupancy price to simple market value in cases of Backward Class, Scheduled Cast and Scheduled Tribe persons provided that he is satisfied of the financial condition of the encroacher as being incapable of paying penal occupancy price.

3. Further attention of the Collector Sabarkantha is invited to the provision contained in sub-para 3 of para 2 of Government Resolution, Revenue Department dated 6-7-54 referred to in para 2 above according to which were encroachers are incapable of paying the market value of land so fixed, such cases should be submitted to Government for granting the land either free or at concessional occupancy price with detailed justification therefor. The Collector Sabarkantha is therefore requested to keep this provision in view while revising his orders already passed by him.

By order and in the name of the Governor of Gujarat,

N.N. MEHTA,
Under Secretary to the Government of Gujarat,
Revenue Department.

Copies to:
Special Secretary, Multi Stored Building, Lal Darwaja, Ahmedabad.
Settlement Commissioner & Director of Land Records, Multi-Stored Building, Lal Darwaja, Ahmed-abad.
All Collectors, their attention is invited to the above Govt.Resolution with a request to take action accordingly.

દબાણ નિયમબદ્ધ કરવાના કેસોમાં કબજા કિંમતના હપ્તાઓ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
ઠરાવ ક્રમાંક: દબણ- ૧૯૭૧-૭૭૯૪૬-લ,
સચિવાલય, ગાંધીનગર, તા. ૫ મી ઓગષ્ટ, ૧૯૭૧.

ઠ રા વ.

સાબરકાંઠા જિલ્લાની ઉચ્ચ કક્ષા ટીમની મુલાકાત સમયે અનેક મુદ્દાઓ રજુ કરવામાં આવ્યા હતા. દબાણ નિયમબદ્ધ કરવાની કાર્યવાહી સામે શિક્ષાત્મક કબજા હકકની કિંમત જે નકકી કરવામાં આવે છે. તે રકમ દબાણકારોની નબળી પરિસ્થિતિને કારણે ભરી શકતા ન હોવાથી તે કબજા કિંમતની રકમના હપ્તાઓ કરવાની સત્તા પ્રાન્ત અધિકારીઓને આપવા તેમજ કબજા હકકની જે કિંમત નકકી કરવામાં આવે તે કિંમતના ૨૫ ટકાની રકમ પ્રથમ અનામત તરીકે વસુલ કરવા અને બાકીની ૭૫ ટકા રકમ દબાણ નિયમબદ્ધ કરવા અંગેના આખરી હુકમો થાય ત્યારે વસુલ લેવા કલેકટરશ્રી, સાબરકાંઠા તરફથી રજુઆત કરવામાં આવી હતી. એવી પણ રજુઆત થઇ હતી કે દબાણદાર જો ૨૫ ટકા રકમ ભરે નહિં તો દબાણ નિયમબદ્ધ ન કરવું અને જો ૨૫ ટકાની રકમ ભર્યા પછી બાકીની ૭૫ ટકાની રકમ દબાણ નિયમબદ્ધ કરવા અંગેના આખરી હુકમોની તારીખથી એક માસના સમયમાં ન ભરે તો અનામતની ૨૫ ટકાની રકમ સરકાર દાખલ કરવી.

૨. કલેકટરશ્રીના આ અંગે સૂચનો અંગે સરકારે પુરતી વિચારણા કરી છે. અને ત્યાર પછી સરકારે નીચે પ્રમાણેના હુકમો કરવાનું ઠરાવ્યું છે.

(૧) સરકારના મહેસુલ વિભાગના તારીખ ૧૨-૫-૧૯૭૦ ના ઠરાવ ક્રમાંક દબણ- ૧૨૭૦-૧૭૪૫૮-લ, થી શિક્ષાત્મક કબજા કિંમતના હપ્તાઓ કરી આપવા કલેકટરોને સત્તા આપવામાં આવી છે. હવે નીચેની શરતોએ પ્રાન્ત અધિકારીઓને સરકારના ઉપરોકત ઠરાવની જોગવાઇઓ મુજબની શિક્ષાત્મક કબજા કિંમતના ત્રણ હપ્તાઓ કરી આપવા સત્તા આપવી.

(અ) હપ્તાઓ ત્રણથી વધુ થવા ન જોઇએ.

(બ) જે કિસ્સામાં હપ્તાઓ મંજૂર કરવામાં આવે તે કિસ્સામાં શિક્ષાત્મક કબજા કિંમત ઉપર છ ટકા વ્યાજ લેવું.

(ક) જે કિસ્સામાં નકકી કરવામાં આવેલ હપ્તાઓ નિયત સમયમાં ભરપાઇ કરવામાં ન આવે તો તેવા કિસ્સામાં શિક્ષાત્મક વ્યાજ ૮ ટકા લેખે વસુલ કરવું.

(ડ) જે જે કિસ્સાઓ પ્રાન્ત અધિકારી તરફથી હપ્તાઓ મંજુર કરવામાં આવે તે દરેક કિસ્સામાં પ્રાન્ત અધિકારીએ જાતે જ જે સંજોગોમાં હપ્તાઓ

કરી આપ્યા હોય તેની સ્પષ્ટ અને વિગતવાર નોંધ કરવી.

૩. સરકારના હાલના ધારાધોરણ મુજબ સરકારી જમીનની નિકાલ જ્યારે જ્યારે હરરાજીથી કરવામાં આવે છે ત્યારે હરરાજીની કિંમતના ૨૫ ટકા જેટલી રકમ તે સમયે જ વસુલ કરવામાં આવે છે. અને બાકીની ૭૫ ટકાની રકમ અધિકૃત અધિકારી તરફથી હરરાજી મંજુર થયે વસુલ કરવામાં આવે છે. દબાણદારો માટે પણ આ પ્રથા દાખલ કરવા રજુઆત થતા સરકારે તે સ્વીકારવા નક્કી કર્યું છે. જેથી આ અંગે નીચે પ્રમાણે હુકમ કરવા સરકારે ઠરાવ્યું છે.

(અ) દબાણના કેસમાં દબાણ નિયમબદ્ધ કરવા માટે કબજા હક્કની જે કિંમત નક્કી કરવામાં આવે તે કિંમતના ૨૫ ટકાની રકમ પ્રથમ વસુલ કરવી.

(બ) કબજા કિંમત બાકીની ૭૫ ટકાની રકમ દબાણ નિયમબદ્ધ કરવા અંગેના આખરી હુકમો થયાની તારીખથી એક માસના સમયમાં ભરપાઇ કરવી.

(ક) જે કિસ્સામાં દબાણકાર કબજા કિંમતની રકમના ૨૫ ટકાની રકમ પ્રથમ ન ભરે તો દબાણ નિયમ-બદ્ધ કરવા અંગેની દબાણદારની માંગણી નામંજુર કરવી.

(ડ) દબાણદાર કબજા હક્કની કિંમતની ૨૫ ટકાની રકમ ભરી હોય પરંતુ ઉપર " બ " માં બતાવેલ શરત મુજબ નિયમ સમયમાં બાકીની ૭૫ ટકાની રકમ ન ભરે તો દબાણદારે ભરેલ ૨૫ ટકાની રકમ સરકાર દાખલ કરવી.

૪. એ હકીકત પણ બને કે દબાણદારની આર્થિક સ્થિતિ સારી ન હોય તેના પરિણામે તે કબજા હક્કની કિંમત ભરવા શક્તિમાન ન બને. આવા કેસોમાં કબજા હક્કની કિંમતના હપ્તાઓ કરી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય. યોગ્ય કેસના ગુણદોષના આધારે હપ્તાઓ નિયત ધોરણ પ્રમાણે કરી આપવા હરકત જણાતી નથી. પરંતુ જો આવા કેસો હાથ લેવામાં આવે અને દબાણ નિયમબદ્ધ કરી તે માટે હપ્તાઓ કરી આપવામાં આવે તો ૨૫ ટકાનું ધોરણ તેવા કિસ્સાઓમાં લાગુ પડશે નહિં. કારણ કે આવા કિસ્સાઓમાં જ્યારે હપ્તાઓ મંજુર થઇ શકે. અને દબાણદારનું જ્યારે તેણે કરેલ દબાણ નિયમબદ્ધ કરવાનું નક્કી થાય ત્યારે પ્રથમ હપ્તાની રકમ ભરવાની રહેશે. કબજા હક્કની કિંમત જો રૂ. ૫૦૦/ નક્કી કરવામાં આવે તો સામાન્ય સંજોગોમાં દબાણદારે ૨૫ ટકાના હિસાબે થતી રૂ. ૧૨૫/ ની રકમ તુરત જ ભરવાની રહેશે. પરંતુ જો કબજા હક્કની કિંમતના દબાણદારની સ્થિતિને ધ્યાનમાં લઇ હપ્તાઓ કરી આપવામાં આવે તો કબજા હક્કની કિંમત સામે ન આકારવામાં આવેલ રૂ. ૫૦૦/ ની રકમ સામે દબાણકારે પ્રથમ હપ્તાની રકમ રૂ. ૧૩૩. પૈસાની રકમ ભરવાની રહેશે. વધુમાં આવા જે કેસોમાં હપ્તાઓ કરી આપવામાં આવે તે દરેક કેસોમાં ઉપર ફકરા ૨ અન્વયે જે હુકમો કરવામાં આવ્યા છે તે લાગુ પડશે.

૫. આ ઠરાવ આ વિભાગની ફાઇલ ક્રમાંક: દબસ- ૧૯૭૧- ૭૭૯૪-લ, પર નાણાં વિભાગની તા ૨૮-૭-૧૯૭૧ ના રોજ મંજુરી મેળવી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ન. નો. મહેતા.
ઉપ સચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

બધા જિલ્લાના કલેકટરો,

નાણાં વિભાગ, નાણાંકીય સલાહકારશ્રી,

સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય,
અમદાવાદ-૧,

ખાસ સચિવશ્રી, મહેસુલ વિભાગ, બહુમાળી મકાન, લાલ દરવાજા,
અમદાવાદ-૧,

" અ, ગ " શાખા, મહેસુલ વિભાગ

સિલેકટ ફાઇલ.

Subject :- Removal of encroachment on Government lands - by Panchayats

Government of Gujarat,
Revenue Department,
Circular No. LND/3971/UO-3446/G,
Sachivalaya, Gandhinagar,
Dated the 16th August, 1971.

Read :- Government Circular No. LND/3967/UO-3446/G, dated 30th May, 1968.

Government Circular No. VGL/1869/M.Kha.1175/L, dated 4th December, 1969.

CIRCULAR:-

Under the Government Circulars, dated 30th May, 1968 and 4th December, 1969 mentioned above, Government has directed that encroachment on Government lands should be removed by the Officers of the Revenue Department under section 61 of the Land Revenue Code and that panchayats need not be given such work. It has been represented that as there is a provision under section 94(2) of the G.P. Act, 1961, enabling the panchayat to remove the encroachment on Government land with the permission of the Collector, the panchayat should also be entrusted with such work.

After careful consideration, Government is pleased to direct that where village/nagar panchayat is willing to remove encroachment on Government land, the Collectors may give permission to the village panchayat under proviso to sub-section (2) of section 94 of the G.P. Act, 1961 for the removal of encroachment on Government land, if the Collector is satisfied, that the panchayat will be able to remove such encroachment early.

T.B. Desai,
Under Secretary to Government,
Revenue Department.

To

All Collectors,

All District Development Officers,

The Panchayats and Health Department, Ch Branch,

The Special Secretary, Revenue Department,

The Deputy Secretary, (Inspection), Revenue Department,

The Settlement Commissioner & Director of Land Records, Ahmedabad,

The Land Branches of Revenue Department.

## ગ્રામ/નગર પંચાયતો

જાહેર જમીનો ઉપરના દબાણો દૂર કરાવવા બાબત

ગુજરાત સરકાર,
પંચાયત અને આરોગ્ય વિભાગ,
પરિપત્ર નં. જમન-૩૦૬૭-૧૦૧૭૨-ચ,
સચિવાલય ગાંધીનગર,
તા. ૨૭-૯-૭૧.

પ્ર-:-સ્તા-:-વ-:-ના:-

ગ્રામ/નગર પંચાયતોની હદમા આવેલ જાહેર જમીનો ઉપરના દબાણો દૂર કરાવવા માટેની તજવીજ કરવા માટે આ વિભાગના પરિપત્રો ક્રમાંક: એલએનડી. ૨૭૬૪-૬૯૯૭૨-ચ તા. ૧૭-૧૨-૬૪ તથા ક્રમાંક. એલએનડી. ૩૭૬૬-૫૯-૩૫-ચ તા. ૨૨-૯-૬૬ થી સરકારે સૂચનાઓ પાઠવેલ છે. જમીન દબાણો દૂર કરાવવા તેની પ્રગતિ તપાસવા તેની સમીક્ષા જે તે કક્ષાએ કરવા ગ્રામ/તાલુકા/જિલ્લા કક્ષાએ તેના રજીસ્ટરો રાખવા વિકાસ કમિશ્નરશ્રીની કચેરીમા પણ આ અંગે જરૂરી વ્યવસ્થા ગોઠવવા ઇ. અંગેની વિગતવાર સૂચનાઓ આ વિભાગના પરિપત્ર નં. જમન-૩૦૬૭-ચ તા. ૧-૮-૬૮ થી અપાએલ છે. તદઉપરાંત જે ગ્રામ/નગર પંચાયતો આવા જમીન દબાણો દૂર કરાવવામા શિથિલ કે નિષ્ક્રીય જણાય તો તેવી પંચાયતોને ગુજરાત પંચાયત અધિનિયમ કલમ ૨૯૬ નીચે સુપરસીડ કરવા સુધીના પગલા પણ લેવા સરકારે આ વિભાગના પરિપત્ર નં. જમન. ૩૦૬૭-૯૨૮૯-ચ તા. ૨૩-૧૦-૭૦ થી સૂચના પાઠવેલ છે. શ્રી ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિની ભલામણને અનુલક્ષીને આ વિભાગના પત્ર નં. જમન. ૩૦૭૭-૧૨૯૭૬-ચ તા. ૬-૨-૭૧ થી વિકાસ કમિશ્નરશ્રીને એવી સૂચના પણ કરી છે કે ગૌચર અને અન્ય જમીન પરના દબાણો દૂર કરવા માટેની પ્રશ્ન ઝુંબેશના સ્વરૂપમા ઉપાડવી અને નિયત સમયમા જમીન દબાણો દૂર થાય તે જોવું. આ ઉપરાંત વિકાસ કમિશ્નરશ્રી તરફથી પણ સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને ઉદ્દેશીને લખાયેલ પરિપત્ર નં. જમન-જ-૩-૯૧:૪: તા. ૧૯-૯-૬૭ થી ઘટતી સૂચનાઓ પાઠવીને દર મહિને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ વિકાસ કમિશ્નરશ્રીને દબાણો દૂર કરાવ્યા અંગેનો જે પ્રગતિ અહેવાલ મોકલવાનો છે તેનુ પત્રક (નમુનો) પણ સૂચિત કરેલ છે. જે મુજબના અહેવાલો દરેક જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ દર માસની ૧૦મી સુધીમા વિકાસ કમિશ્નરશ્રીને મળી જાય તે રીતે મોકલવાના રહે છે.

૨. ગ્રામ/નગરપંચાયત વિસ્તારમા આવેલ ગામતળની અને અન્ય સરકારી જમીન પરના દબાણો મહેસુલી અધિકારીઓએ જ દૂર કરાવવા એવી શરતની સૂચનાઓ મહેસુલ વિભાગે તે વિભાગના પરિપત્રો નં. એલએનડી. ૩૯૩૭-યુ. ઓ. ૩૪૨૬-ગ તા. ૩૦-૫-૫૮ અને [illegible]-૧૧૭૫-લ તા. ૪-૧૨-૫૮ થી બહાર પાડેલ હતી. પરંતુ આ

સૂચનાઓ પરત્વે ફેરવિચારણા કરી મહેસુલ વિભાગના પરિપત્ર નં. એલએનડી-૩૯૭૧-યુ.ઓ. ૩૪૪૬-ગ તા. ૧૩-૮-૭૧ થી એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે જે જે કિસ્સાઓમાં ગ્રામ/નગરપંચાયતો સરકારી જમીન પરના દબાણો પણ દૂર કરવા માંગતી હોય અને તે માટે ગુજરાત પંચાયત અધિનિયમ કલમ ૯૪: ૨: ના પરંતુકમાં જણાવ્યા મુજબ કલેકટરની પરવાનગી માગે ત્યારે જો કલેકટરને તેમ લાગે કે પંચાયત સરકારી જમીન પરનું આવું દબાણ દૂર કરાવી શકશે તો કલેકટરે પંચાયતને તે માટેની પરવાનગી આપી શકશે. ગામતળની અને અન્ય સરકારી જમીન પરના દબાણો પરત્વે આવી રીતની સ્પષ્ટતા થઇ હોઇને આ અંગે પંચાયતો અને મહેસુલી અધિકારીઓ વચ્ચે દ્વિધા ઉત્પન્ન થવાની શકયતા રહેતી નથી.

૩. ઉપર જણાવ્યા મુજબ જાહેર જમીનો પરના દબાણો દૂર કરાવવા અંગે સરકારની પુરતી સૂચનાઓ હોવા છતાં પણ આવા જમીન દબાણો મોટા પ્રમાણમાં થયા કરતા હોવાનું અને પંચાયતો તે દૂર કરાવવા અંગે સક્રિય પગલા લેતી નહિ હોવાની રજુઆત પણ સરકારમાં અવારનવાર થતી હોય છે. સરકારશ્રીએ નીમેલ ઉચ્ચકક્ષાની ટીમ સમક્ષ પણ આ પ્રશ્ન અંગે રજુઆત કરવામાં આવેલ અને તે અન્વયે ઉકત ટીમે સરકારને કરેલ સૂચનોને અનુલક્ષીને સરકાર તરફથી આ બાબતમાં નીચે મુજબની વિશેષ સૂચનાઓ બહાર પાડવામાં આવે છે:-

૧: વિકાસ કમિશ્નરશ્રીની કચેરીમાં જમીન દબાણો અંગેની જિલ્લાવાર પ્રગતિ દર માસે તપાસવાની રહે છે. અને તેવી પ્રગતિ તપાસીને જે જમીન દબાણો ૧ (એક) વર્ષ ઉપરાંતના જુના હોય તે દૂર કરાવવા અંગેની બાબત વિકાસ કમિશ્નરશ્રીએ સંબંધકર્તા જિલ્લા વિકાસ અધિકારીશ્રી સાથે અર્ધ સરકારી પત્રો મારફત તુરત જ હાથ ધરવાની રહે છે. તે જ રીતે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ પણ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની માસિક કે દ્વિમાસિક બેઠકોમાં આવા કિસ્સાઓની નિયમિત સમીક્ષા કરવાની રહેશે અને જે કિસ્સાઓમાં દબાણ દૂર કરાવવામાં શિથિલતા કે નિષ્ક્રિયતા દેખાય તે તે કિસ્સાઓમાં સંબંધકર્તા અધિકારીઓના ખુલાસા મેળવીને તેઓ સામે જરુરી પગલા પણ લેવાય તે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જોવાનું રહે છે. સંબંધકર્તા તાલુકા વિકાસ અધિકારીશ્રીની જવાબદારી જણાય તો તે માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ વિકાસ કમિશ્નરશ્રીને જાણ કરવી અને વિકાસ કમિશ્નરશ્રીએ તે અંગે ઘટતા પગલા લેવા અથવા આ વિભાગને સુચવવા.

૨: સરકારી જમીન પરના દબાણો અંગે જો પંચાયત તે દૂર કરાવવા માગતી હોય અને તે દૂર કરાવી શકે તેમ છે તેમ કલેકટરશ્રીને ખાત્રી થાય તો કલેકટરની મંજુરીથી પંચાયતે તેવું દબાણ દૂર કરાવવું. પણ તેવા કિસ્સામાં મંજુરી/નામંજુરીની જાણ કલેકટરે પંચાયતને સત્વરે કરવી અને મંજુરી મળ્યે પંચાયતે તુરતજ જે તે દબાણ દૂર કરાવવા પગલા લેવા. કલેકટર

મંજુરી ન આપે તો તેવું દબાણ સંબંધકર્તા મહેસુલી અધિકારીઓ મારફત તાકીદે દૂર થાય તે કલેકટરે જોવું. આમ છતાં સ્થાનિક અધિકારીઓના અભિપ્રાય અનુસાર સરકારી જમીન પરના દબાણના કોઇ કિસ્સા એવા હોય કે જેમાં તેવું દબાણ દૂર કરાવવા કરતાં નિયમિત :રેગ્યુલરાઇઝ: કરી આપવું વ્યાજબી જણાતું હોય તો તે માટેની જરૂરી દરખાસ્ત પ્રાંત અધિકારીને જ્યાં આ અંગેની સત્તા હોય ત્યાં તાલુકા વિકાસ અધિકારીશ્રીએ સીધી પ્રાંત અધિકારીને મોકલવાની છે. જ્યાં તેવી સત્તા પ્રાંત અધિકારીને ન હોય તેવા કિસ્સામાં જિલ્લા વિકાસ અધિકારી મારફત કલેકટરને મોકલવાની રહે છે અને આ અંગેનો નિર્ણય જે તે સક્ષમ અધિકારીએ નિયત સમયમાં જ આપવાનો રહેશે.

:૩: જમીન દબાણના જે કિસ્સામાં ગ્રામ/નગર પંચાયતો તેવા દબાણો દૂર કરવા માટે એક વર્ષ જેટલો સમય લ્યે તો એવું માનવાનું રહે કે ગ્રામ/નગર પંચાયતો માટે આવું દબાણ દૂર કરાવવું મુશ્કેલ કાર્ય છે અને તેવું અનુમાન તાલુકા વિકાસ અધિકારીશ્રીએ કરી ગુજરાત પંચાયત અધિનિયમ કલમ ૯૪:૬: નો ઉપયોગ કરી આવું દબાણ તાકીદે દૂર થાય તેવા પગલા લેવા જોઇએ. આ અંગેની તમામ જવાબદારી સંબંધકર્તા તાલુકા વિકાસ અધિકારીશ્રીની રહેશે અને આ રીતે જમીન દબાણ દૂર ન કરાવી શકનારા તાલુકા વિકાસ અધિકારીશ્રી અને અન્ય અધિકારી ઉપર ઉપર (૧)માં જણાવ્યા મુજબના ઘટતા પગલા લેવા અંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ અને વિકાસ કમિશ્નરશ્રીએ ઘટતી કાર્યવાહી કરવાની રહેશે.

૪. આમ સરકારે અગાઉ આપેલ સૂચનાઓનું અને ઉપર જણાવેલ વિશેષ સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવા અંગે વિકાસ કમિશ્નરશ્રીએ તેઓશ્રીની કચેરીમાં એક મદદનીશ વિકાસ કમિશ્નરશ્રીને આ કામગીરી સુપ્રત કરીને સરકારી સૂચનાઓનો અમલ થાય અને જમીન દબાણો દૂર થાય તે અંગે જરૂરી વ્યવસ્થા ગોઠવવા વિકાસ કમિશ્નરશ્રીને વિનંતી છે. તેમજ ઉપર જણાવેલ સરકારી પરિપત્રો ખાસ કરીને તા.૧-૮-૬૭,૨૩-૧૦-૭૦ અને તા.૬-૨-૭૧ ના પત્ર પરત્વે તેઓએ લીધેલ પગલાની જાણ કરવા અને આ પ્રસ્તુત વિશેષ સૂચનાઓ પરત્વે પણ લીધેલ પગલાની જાણ અત્રે કરવા વિનંતી છે. જમીન દબાણો દૂર કરાવવા અંગેનો પ્રગતિ અહેવાલ તેઓએ દર મહિને મોકલવા વિનંતી છે.

૫. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને આથી વિનંતી છે કે ઉપર જણાવેલ સરકારી પરિપત્રો ખાસ કરીને તા.૧-૮-૬૭ અને ૨૩-૧૦-૭૦ પરત્વે તેઓએ શી કાર્યવાહી કરી છે તે અંગે તેમજ આ પ્રસ્તુત વિશેષ સૂચનાઓ પરત્વે પણ લીધેલ પગલાની જાણ અત્રે તેમજ વિકાસ કમિશ્નરશ્રીને કરવા વિનંતી છે.

૬. સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને વિનંતી કે આ પ્રશ્નમાં તેઓ અંગત ધ્યાન આપે અને સરકારી સૂચનાઓ મુજબ ઘટતી વ્યવસ્થા ગોઠવે અને જમીન દબાણો દૂર કરવા જરૂરી પગલા લ્યે.

રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કાન્તિલાલ બુધ્ધ

નાયબ સચિવ,

પંચાયત અને આરોગ્ય વિભાગ.

જમીન દબાણ.
નિયમિત કરવા માટેની સત્તાઓ વધારવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
ઠરાવ નં. દબણ-૧૪૭૧/૯૩૮૦૮-લ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૨-૧૦-૭૧.

વંચાણે લીધા:-૧. મહેસુલ વિભાગના તા.૧૭-૩-૬૭ ના ઠરાવ નં. એલ.ઇ.એ-૧૦૬૫-૮૮૯૭-એલ.
૨. મહેસુલ વિભાગના તા.૧-૬-૧૯૬૮ના ઠરાવ નં. એલ.ઇ.એ-૧૦૬૫/૨૭૭૫-લ,
૩. મહેસુલ વિભાગના તા.૮-૧૨-૭૦ના ઠરાવ ક્રમાંક. દબણ-૧૦૭૦/૮૫૨૪૦-લ.

:-ઠરાવ:-:-:-:

ઉપરોક્ત ઠરાવો અન્વયે કલેકટરશ્રી ખેતીની બીન ખેતીની જમીનોનું દબાણ નિયમિત કરવાના નીચે મુજબના અધિકારો ભોગવે છે. હાલમાં જમીનની કિંમત લક્ષમાં લેતાં આપેલી સત્તાઓમાં થોડે ઘણે અંશે સુધારો કરવાની સરકારની ઉચ્ચ કક્ષાની ટીમે ભલામણ કરેલી. સરકારે આ બાબતમાં પુર્ણ વિચારણા કર્યા બાદ નીચે દર્શાવ્યા મુજબ પત્રક 'અ' અને પત્રક 'બ'માં બીનખેતીની અને ખેતીની જમીન અંગે કલેકટર અને પ્રાન્ત અધિકારીને સત્તા વધારી આપવાનું ઠરાવેલ છે.

પત્રક-અ : બીન ખેતીની જમીન:

| | અધિકારીના હોદ્દો. | હાલની સત્તા. | હવે વધારાની આપેલ સત્તા. |
|---|---|---|---|
| | | ૩. | ૪. |
| | કલેકટર | ગ્રામ વિસ્તારમાં ૪૦૦ ચોં. મીટરથી વધુ નહી અને કિંમત રૂ.૧૦૦૦/સુધી. | ગ્રામ્ય વિસ્તારમાં દબાણ હેઠળનો વિસ્તાર ૬૦૦ ચો.મી.થી વધુ નહીં અને કિંમત રૂ.૪૦૦૦/- સુધી. |
| ૨. | ડેપ્યુટી કલેકટર | ગ્રામ વિસ્તારમાં ૪૦૦ ચો. મીટરથી વધુ નહીં અને કિંમત રૂ.૧૦૦૦/- સુધી. | શહેરી વિસ્તારમાં દબાણ હેઠળનો વિસ્તાર ૫૦ ચો.મી.થી વધુ નહીં અને કિંમત રૂ.૧૦૦૦/- સુધી. |
| ૩. | મામલતદાર | | ગ્રામ્ય વિસ્તારમાં દબાણ હેઠળનો વિસ્તાર ૨૫ ચો. મીટરથી વધુ નહીં અને કિંમત રૂ.૧૨૫/-સુધી. |

## પત્રક- બ.

### ખેતીની જમીન.

| અનુ.નં. | અધિકારીનો હોદ્દો. | હાલના અધિકાર. | હવે વધારી આપવાના અધિકાર. | અધિકારની મર્યાદા નિયમિત કરવાની શરતો. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩. | ૪. | ૫. |
| ૧. | કલેકટર | એક પોષણ ક્ષમક્ષેત્ર સુધી. | – | દબાણ હેઠળની જમીન સહિત ખાતેદારનું કુલ ખાતું એક પોષણ ક્ષમક્ષેત્રથી વધવું જોઈએ નહીં. |
| ૨. | ડેપ્યુટી.આસી. કલેકટર | – | પ્રથમ તથા બીજા વર્ગના ગામોના કિસ્સામાં બે એકર સુધી. | |
| ૩. | મામલતદાર મહાલકારી | – | બીજા વર્ગના ગામોમાં એક એકર સુધી. | |

ઉપર દર્શાવેલ જમીનની કિંમતનો અર્થ શિક્ષાત્મક કબજા કિંમત નહિ પરંતુ જમીનની સામાન્ય બજાર કિંમત એ પ્રમાણે સમજવી.

૨. મહેસૂલ વિભાગના તા. ૨૮-૮-૧૯૭૯ ના સરકારી ઠરાવ નં.એલ.એન.ડી.૩૯૫૫-એ-૧,ના ફકરા : ૨ થી ૪ માં દર્શાવેલ જોગવાઈઓ અમલમાં રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની ફાઈલ ક્રમાંક:એચ.એલ.ટી.દબાણ/૧૦૭/૨૨૯૯૮-બ, તથા ફાઈલ નંબર દબાણ-૧૪૭૭/૯૩૮૦૮-લ, તા. ૨૮-૯-૭૭ ની ફાઈલ ઉપર નાણાકીય સલાહકારશ્રીની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ન. ની. મહેતા
ઉપસચિવ,
મહેસૂલ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

૧. ખાસ સચિવ, સામાન્ય વહીવટ વિભાગ, હાઈલેવલ ટીમ, સચિવાલય, ગાંધીનગર,

૨. ખાસ સચિવશ્રી, મહેસૂલ વિભાગ, બહુમાળી મકાન,
લાલ દરવાજા, અમદાવાદ

Lands: Government

Grant of Delegation of powers.

Government of Gujarat,
Revenue Department,
Resolution NO.LND-3971/93924-A.
Sachivalaya,Gandhinagar,
Dated the 9th November,1971.

Read:- (1) GR.R.D.NO.LND-3962-3985-A dt.1-5-1963.
(2) G.R.R.D.NO.LND-3965-3573-A,dt.12.5.1965.
(3) G.R.R.D.NO.LND-3971-408519-A dt.17.8.1971.
(4) G.R.R.F.No.LND-3966-37611-A dt.25-8-1966.
(5) G.R.R.D.NO.LND-3967-106441-A,dt.24-1-1968.

**Resolution:** With a view to effect speedy disposal of cases and for that matter consider whether it is necessary to delegate further powers to Collectors, Government,after careful consideration is pleased to direct that the existing powers which are being exercised by the Collectors in the various matters pertaining to grant of Government lands for non-agricultural purposes as mentioned in col.1 below are hereby raised to the extent indicated in column 2 below, with effect from issue of these Orders:-

| Column 1<br>existing powers. | Column 2<br>Delegated powers. |
| --- | --- |
| i) Powers to grant Govt. lands to individuals upto 2 gunthas and Rs.500/- and, to low income group co.operative Housing societies upto 1½ acres, and Rs.15000/ as per G.R.R.D. LND-3965-35[illegible]-A dated 12-5-1966 and NO.LND-3971-408619-A of 17.8.1971, and powers to grant lands for housing to cooperative societies of backward class persons upto 1½ acres as Rs.15000/- in urban areas as per G.R.R.D. NO.LND-3966-37611,A,dt. 25.8.66. | upto 2 gunthas and Rs.750/-in individual cases in the matter of concessional occupancy price as well as market price, as prescribed in para 1(i) of G.R.R.D.NO.LND-3962-3985-A dt. 1-5-1963 and upto 2 acres and Rs.20,000/- in cases of grant of lands for housing to low income group cooperative housing societies and Cooperative housing societies of members of backward classes in urban areas prescribed in paragraphs 3 and [illegible] of the G.R.R.D.NO.LND-3962-3985-A dt.1.5.63 respectively. |

2. Government is further pleased to direct that these power will be exercisable by the Collectors subject to the provisions of Government Resolution, Revenue Department No.LND-1664-76969-A, dated 15-7-1964.

3. This issues with the concurrence of the Finance Department dated 4.11.1971 on this department file of even Number.

By order and in the name of the Governor of Gujarat,

S.N.Vasavada,
Under Secretary to the Government of Gujarat,
Revenue Department.

સરકારી ખેતીની જમીન ઉપર દબાણ -
પાઇપ લાઇન, ધોરિયો, મશીનરુમ, કુંડી,
વગેરેની જમીનોના દબાણો નિયમિત કરવા
બાબત .....

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ,
ઠરાવ નં. દબણ-એચએલટી-૧૩૬૯-૧૨૫૨૨૧-લ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૨૨-૧૧-૧૯૭૧.

<u>વંચાણમાં લીધા</u> :- ૧. મહેસૂલ વિભાગની તા. ૧-૬-૧૯૬૮નો ઠરાવ ક્રમાંક:એલઇએન-૧૦૬૫-૨૭૭૫-લ,

૨. મહેસૂલ વિભાગની તા. ૬-૩-૧૯૭૧નો ઠરાવ ક્રમાંક:દબણ-૧૩૬૯-૧૫૨૯૫૦-લ.

<u>ઠ રા વ</u> :-

ખેતીની જમીન ઉપરના દબાણો ખાતેદારની ખાતાની જમીન સહિત દબાણ હેઠળની જમીન એક પોષણ ક્ષમક્ષેત્રથી વધી જતી હોય તો પણ સરકારે ઉપરોકત તા.૬-૩-૧૯૭૦ના ઠરાવથી માત્ર પાઇપ લાઇન, ધોરીયા, મશીનરુમ, કુંડી, કુવા વગેરે હેતુ માટે કરેલાં કલેકટરોને જેટલાં ~~અધિકારો આપેલા છે તેટલાં જ અધિકારો~~ દબાણો હેઠળની જમીન નિયમિત કરી આપવાની સત્તા કલેકટરોને આપવામાં આવી છે; તેને અનુલક્ષીને ઉચ્ચ કક્ષાની ટીમે જ્યારે જામનગર જિલ્લાના પ્રશ્નો તપાસવા જામનગરની મુલાકાત લીધી હતી ત્યારે એવી ભલામણ કરી હતી કે ઉકત ઠરાવોમાં કલેકટરોને જેટલા અધિકારો આપેલા છે તેટલાં જ અધિકારો પ્રાન્ત અધિકારીઓને પણ આપવા. સરકારે આ બાબતમાં પુખ્ત વિચારણા કર્યા બાદ એવું ઠરાવ્યું છે કે ઉપરોકત તા. ૧-૬-૧૯૬૮ના ઠરાવની મર્યાદામાં છુટછાટ મૂકી પાઇપ લાઇન, ધોરીયા, મશીનરુમ, કુંડી, કુવો વગેરે પ્રકારના દબાણો હેઠળની જમીનના કારણે ખાતેદારની ખાતાની જમીન એક પોષણક્ષમ ક્ષેત્ર કરતાં વધી જતી હોય તો પણ આ પ્રકારના દબાણો નિયમિત કરવાની સત્તા તા.૬-૩-૧૯૭૦ ના ઉકત ઠરાવની કલેકટરને સત્તા આપી છે. તેટલી જ તે સત્તા હવે પ્રાન્ત અધિકારીઓને પણ આપવામાં આવે છે.

૨. આ ઠરાવ આ વિભાગની ફાઇલ ક્રમાંક:દબણ-૧૩૬૯-૧૨૫૨૨૧-લ ઉપર નાણાંકીય સલાહકારની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ન. ની. મહેતા
ઉપ સચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

જમીન દબાણ.

નિયમિત કરવા માટેની સત્તાઓ.
આસીસ્ટન્ટ કલેકટર, ડેપ્યુટી કલેકટરને સત્તા
વધારી આપવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
ઠરાવ નંબર: દબણ- ૧૦૭૦-૧૩૩૨૫૭- લ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૮-૧૨-૧૯૭૧.

વંચાણમાં લીધો :- તા. ૮-૧૨-૧૯૭૦ નો ઠરાવ ક્રમાંક: દબણ- ૧૦૭૦-૮૫૨૪૦-લ,

ઠ રા વ.

અાસી / ડેપ્યુટી કલેકટરોને ગ્રામ વિસ્તારમાં રુપિયા એક હજાર સુધીની કિંમતની અને ત્યાસસો ચોરસ મીટર ક્ષેત્રફળથી વધુ ન હોય તેટલી જમીન પુરતું દબાણ નિયમિત કરવા માટે સત્તાઓ આપવામાં આવી છે. આ સત્તાઓમાં જમીનની કિંમતની રૂ. ૧૦૦૦/ નાણા મર્યાદા છે તેમાં વધારો કરીને રૂ. ૨૦૦૦/ સુધીની કરવામાં આવે છે.

૨. આ ઠરાવ, આ વિભાગની ફાઇલ નં: દબણ-૧૦૭૦-૮૫૨૪૦-લ, પર નાણાંકીય સલાહકારશ્રીની તા. ૯-૧૨-૧૯૭૧ ની સહમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ન. ની. મહેતા.
ઉપ સચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

Lands:
Disposal of Government waste less than the standard area...

Government of Gujarat,
Revenue Department,
Resolution No. LND-3971/77205-A,
Sachivalaya, Gandhinagar,
Dated the December, 1971.
29 DEC 1971

RESOLUTION:- Government has decided that the Collectors should follow the following procedure for the disposal and regularization of fragments on the new and old tenure as the case may be and that the provision of the Government Resolution, Revenue Department No. LND-3962-96596-A dated 31-3-[illegible] shall be deemed to have been relaxed to the extent indicated here below for the said purpose wherever it is applicable:-

Allotment of fragments on new & old tenure.

(i) Allotment of fragments on new tenure to the backward class persons should be made on payment of 6 times the assessment, and on payment of 24 times the assessment to the members of non-backward classes.

(ii) In cases covered under (i) above, but where the land is to be granted on old tenure, 9 (Nine) times the assessment as occupancy price should be charged from members of backward classes and 36 times the assessment from members of non-backward classes should be charged.

B. Regularization of encroachment in favour of encroachers who are entitled to the grant of fragments according to priority.

(iii) Encroachments of fragments by adjoining holders who are entitled to allotment of such fragments according to the priority laid down in para 5 of Government Resolution of 1-3-19[illegible] should be regularised on payment of 6 and 24 times the assessment in cases of members of backward and non-backward classes respectively where the land is to be granted on new tenure and on payment of 9 and 36 times the assessment in cases where the land is to be granted on old tenure. A fine of Rs. 1/- should be charged and assessment of all the previous years of possession should also be recovered from grantee.

6. <u>Regularization of encroachments in favour of encroachers who are not entitled to grant of fragments according to priority.</u>

Such cases should be regularized on payment of 2½ times the occupancy price. This penal occupancy price should be calculated on the basis of the applicable occupancy price in paragraph A, above, had the encroacher been eligible for grant of a fragment, as a member of backward class or a non-backward class on the new or the old tenure as the case may be. A fine of Rs. 1/- and assessment of all the previous years of possession should be charged in addition to this penal occupancy price.

2. This issues with the concurrence of the Finance Department, dated 17-12-1971 on this department file of even number.

By order and in the name of the Governor of Gujarat,

M.G. DIDLEKAR,
Deputy Secretary to the Government of Gujarat,
Revenue Department.

Immediate
No. LND-3971/U.O.3648(a)-G

Revenue Department,
Sachivalaya, Gandhinagar,
Dt. 10th ~~January~~ Feb, 1972.

To

All Collectors(Except Dangs, Broach and Amreli
All District Development Officers ( " "

Subject:- Grazing lands
Grant of - for cultivation
encroachments on ---

In a recent survey conducted by Government to find out the available grazing land vesting in the Panchayats for cultivation, it is found as per enclosed statement that a total of 37,766 acres of grazing land is under unauthorised cultivation. Government is keen to see that whatever land available for distribution for cultivation is actually utilized for the purpose without loss of time, though the grazing land reported to be under the unauthorized encroachments cannot become available for cultivation at this juncture. In order to meet the objective of the Government, you are requested to take immediate steps for removing/regularising such encroachments. The lands available for allotment for cultivation as a result of drive for the removal of encroachments should be disposed of for cultivation, in accordance with the instructions issued in Government Resolution, Revenue Department No. LND-3971-U.O.-3648-G dt. 10-2-1972.

2. Please report to Government action taken by you in the matter.

M.G. DEOLEKAR,
Deputy Secretary to the Govt. of Gujarat,
Revenue Department.

Encl: Statement.

# S T A T E M E N T

| Sr. No. | Name of District. | Grazing land vested in the V.P. and cultivated by persons unauthorisedly after encroaching the same. |
|---|---|---|
| 1. | 2. | 3. |
| | | ACRES |
| 1. | Baroda | 1717 |
| 2. | Dangs | Nil |
| 3. | Junagadh | 1164 |
| 4. | Kutch | 44 |
| 5. | Surendranagar | 604 |
| 6. | Broach | 353 |
| 7. | Bulsar | 18 |
| 8. | Mehsana | 8661 |
| 9. | Amreli | 185 |
| 10. | Jamnagar | 502 |
| 11. | Rajkot | 500 |
| 12. | Panchmahals. | 10608 |
| 13. | Bhavnagar | 452 |
| 14. | Banaskantha | 5216 |
| 15. | Surat. | 439 |
| 16. | Kaira | 1830 |
| 17. | Sabarkantha | 3779 |
| 18. | Ahmedabad | 1785 |
| 19. | Gandhinagar | 209 |
| | Total:- | 37766 |

અધિકૃત અને બીન-અધિકૃત ખેડાણોને નિયમબધ્ધ
કરવા બાબત.

ગુજરાત સરકાર,
ખેતી, વન અને સહકાર વિભાગ,
ઠરાવ નં. એડબીલડી-૧૦૭૭/૦૨૦૧-પી,
૮૨૯પી
તા. ૫-૭-૭૨.

વંચાણમાં લીધો :-

૧. ખેતીવાડી અને જમીન ખાતાની ઠરાવ નં.એડબીલડી/૧૨૬૦/૮૭૨૫૨-અ તા. ૨૯/૧૧/૬૧

૨. મહેસુલ અને ખેતીવાડી ખાતાનો ઠરાવ નં. એડબીલડી/૧૨૬૩/૧૦૪૯૦-પી તા.૧/૫/૬૪ અને

૩. ખેતી, વન અને સહકાર વિભાગની ઠરાવ નં. એડબીલડી/૧૨૭૧/પી તા. ૨૦/૫/૭૧.

ઠરાવ

જંગલની જમીન પરવાનગીથી કે બીન પરવાનગીથી ખેડાણ કરતા ખેડુતોને કાયમી ધોરણે જમીન આપવાની બાબત સરકારશ્રીએ પુનઃ વિચારણા કરેલ છે. સરકારશ્રી વિચારણાને અંતે તા. ૩૧-૧૨-૬૭ કે તે પહેલા જંગલની જમીન પરવાનગી કે બીન પરવાનગીથી ખેડતા હોય તેમને સરકારી ઠરાવ ખેતીવાડી અને જમીન ખાતા નં. એડબીલડી/૧૨૬૦/૮૭૨૫૨-અ તા. ૨૯/૧૧/૬૧ થી ઠરવામાં

આવેલ હુકમમાં જણાવેલ શરતો અનુસાર કાયમી ધોરણે આપવાનું ઠરાવે છે તથા જેઓ બીન પરવાનગીથી ખેડાણ કરતા હોય તે ખેડુતોને પણ ૪ એકર જમીનને બદલે ૮ એકર સુધીની જમીન (પોતાની બીજી જમીન હોય તો તે સાથે ગણીને) આપવાનું સરકારશ્રી ઠરાવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(અ. રા. ભટ્ટ)
ઉપસચિવ,
ખેતી, વન અને સહકાર વિભાગ.

ખેતીની જમીન ઉપરના દબાણ.

તા. ૩૧-૩-૭૨ સુધી થયેલા દબાણો વિનિયમીત કરી આપવા બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ,
ઠરાવ નં.-દબાણ-૧૦૭૨-૨૭૭૫૪-લ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૫-૭-૭૨.

વંચાણમાં લીધો :-

૧: મુંબઈ રાજ્યના મહેસૂલ વિભાગના અવારનવાર સુધારેલા તા. ૧૭-૫-૫૦ નો સરકારી ઠરાવ નં. ૩૨૯૭-૪૫.

૨: મુંબઈ રાજ્યના મહેસૂલ વિભાગની સુધારેલો તા. ૧-૩-૬૦ નો ઠરાવ નં. એલએનડી. ૩૯૬૦-બી-૬.

૩: મહેસૂલ વિભાગની તા. ૬-૬-૬૮ નો ઠરાવ નં. એલઈએન. ૧૦૬૫/૨૭૭૫-લ.

૪: મહેસૂલ વિભાગનો ઠરાવ નં. દબાણ-૧૪૭૧/૯૩૮૦૮-લ. તા. ૧૨-૧૦-૭૧.

**ઠ રા વ.**

સરકારના ધ્યાન ઉપર આવ્યુ છે કે પુરતી તકેદારી રાખવા છતા સરકારી જમીન ઉપર દબાણો અવાર નવાર થતા રહે છે. આ દબાણો કરનાર મહેદ અંશે અમુક ગરીબાઈ ની [illegible] બનેલા ખાતેદારો જેવા કે જમીન વિહોણા [illegible] તથા પછાતવર્ગના ઇસમો હોય છે. [illegible] સરકારી જમીનો ઉપર જે દબાણો થાય છે તે જમીન મહેસુલ અધિનિયમ ની કલમ-૬૧ અને ૨૦૨ મુજબ દૂર કરવા જોઇએ. આ કાર્યવાહી પાછળનો આશય એ છે કે જે માણસો એ જાણી બુઝીને કાયદા વિરુધ્ધ કાર્ય કર્યું છે તેનો લાભ તેને લેવા દેવો જોઇએ નહિ. આમ હોવા છતા કેટલાક કીસ્સાઓ પ્રકારના હોય છે કે જમીન ઉપરનુ દબાણ દૂર કરાવતા ગરીબ વર્ગના દબાણ કરનારાઓ ને ઘણી હાડમારી પડે છે અને અંતે સરકાર પક્ષે પણ કોઈ ફાયદો થતો નથી કે ન્યાયનો સિધ્ધાંત જળવાતો નથી. આવા સંજોગોમા કીસ્સાના ગુણદોષ [illegible] નિયત કરેલી કબજાહક્કની રકમની અઢી ગણી તથા ઉપજ દંડ દબાણદાર [illegible] કરી આપે તો આ જમીન ઉપરના દબાણદારનો કબજો વિનિયમીત કરી આપવામા આવે છે.

આવી જાતના દબાણો વિનિયમીત કરી આપવા અંગે કબજાહક્કની બાબત મા તેમજ દબાણ નિયમીત કરવાના ક્ષેત્રફળની મર્યાદા વિષેના વિદ્યમાન હુકમો મા સુધારો કરવા સરકારની વિચારણા હેઠળ હતુ. હવે સરકારે ઠરાવ્યુ છે કે સાપ્રત ચાલુ રહેલા અને તા. ૩૧-૩-૭૨ સુધીની તારીખે જેને ત્રણ વરસ ઉપર વધુ વખત થયેલુ હોય તેવા દબાણો નીચે દર્શાવેલી શરતોને આધીન રહી, કલેકટરે વિનિયમીત કરી આપવા.

૧: જે જમીનો જાહેર હેતુ માટે સાર્વજનિક ઉપયોગ માટે હોય અને તેની ઉપર દબાણ થયુ હોય તે સત્વરે દૂર કરવા તેમજ કે જે દબાણોના કીસ્સામાં દબાણ દૂર કરવાથી દબાણદારોને હાડમારી ન પડતી હોય તેવા દબાણો એક નિયમ તરીકે દૂર કરવા.

૨: આ સિવાય કલેકટરશ્રીને સ્થળ પરિસ્થિતિ જોતાં જણાય કે આ જમીનોનું દબાણ દૂર કરવાથી દબાણદારને હાડમારી પડે તેમ છે અને તે કફોડી સ્થિતિમાં મુકાઇ જાય તેમ છે તો જ જમીનનું દબાણ વિનિયમીત કરવા માટે વિચારવુ. કલેકટરશ્રીએ આવી ખેતીની જમીન સહિત ખાતેદારનું કુલ ખાતુ આઠ એકરથી વધ નહી તે પ્રમાણે દબાણ નિયમીત કરી આપવુ. જો આ ક્ષેત્રફળ આઠ એકર કરતા વધી જાય તો તેટલી જમીન ઉપરનો કબજો છોડાવી લેવા તજવીજ કરવી.

૩: જો ખેતીસાં અને બીજા કોઇ કારણસર જેવી કે નવી શરતની જમીનના શરતભંગ વિ.કારણોથી સરકાર દાખલ થયેલી વિકસીત થયેલી જમીન ઉપર દબાણ તો દબાણ હેઠળની જમીન સહિત ખાતેદારનું કુલ ખાતુ <u>ચાર એકરથી</u> વધ નહીં તે મર્યાદામાં જ અને કબજાહકકની રકમ કલેકટર નકકી કરે <u>તેનાથી અઢી ગણી</u> રકમ દબાણદાર આપે એ શરતે જ દબાણ વિનિયમીત કરી આપવુ.

૪: ઉપર :૩: સિવાયની જમીન ઉપરના દબાણો ના કીસ્સામાં કબજાહકકની અઢી ગણી રકમ તા.૧-૩-૬૦ ના ઠરાવ ક્રઃ એલએનડી.૩૯૬૦-એ.૧ ના પેરા-૭ માં ઠરાવેલી છે તે મુજબ લેવી. જે નીચે મુજબ રીતથી ગણત્રી કરી દર્શાવી છે.

**(૧) વણ ખેડાયેલી જમીન.**

આવી જમીન ઉપર પછાત વર્ગ તરફથી દબાણ થયેલુ હોય તો તે ક પટ જેટલી કબજા રકમ લઇને બીનપછાતવર્ગ તરફથી દબાણ થયુ હોય તો આકારના ૩૦ પટ જેટલી કબજાહકકની રકમ દબાણદાર ભરપાઇ કરી આપે તે શરતે દબાણ હેઠળની જમીનનો કબજો વિનિયમીત કરી આપવો.

**(૨) ખેડાયેલી જમીન:**

જો આવી જમીનોનુ દબાણ પછાત વર્ગ તરફથી થયેલુ હોય તો આકારના પંદર જેટલી રકમ અને બીનપછાતવર્ગ તરફથી થયુ હોય તો આકારના ૬૦ પટ જેટલી રકમ દબાણદાર ભરપાઇ કરી આપે તે શરતે દબાણ હેઠળની જમીનોનો કબજો વિનિયમિત કરી આ

**૫: ટેકનીકલ દબાણ:-**

કેટલાક પ્રકારના દબાણો એવા હોય છે કે જે દબાણદારો જાણી જોઇને કરેલા હોતા નથી. પરંતુ અજાણપણે અને અજ્ઞાનતાથી કરેલા છે. જે દબાણો કાયદાના કડક અર્થમાં દબાણ કહી શકાય. દા.ત. અ. જમીનોની માપણી ન થઇ હોય અને જમીનો ખાતેદારને આપવામાં આવી હોય ત્યારે આશરે કાઢેલા ક્ષેત્રફળ ઉપર આપવામાં આવેલી હોય પરંતુ જ્યારે માપણીથી ચોકસ ક્ષેત્રફળ નકકી કરવામાં આવે ત્યારે તે વધુ થાય તો જેટલુ ક્ષેત્રફળ વધે તેટલુ ક્ષેત્રફળ દબાણની વ્યાખ્યામાં આવી જાય.

૭(ક) જ્યારે જમીન એકસાલી ધોરણે ખેડવા આપી હોય અને તેની મુદત પુરી થાય ત્યારે અરજદારે બીજા વર્ષ માટે પણ ખેડવા અરજી કરી હોય અને તે અરજી નામંજુર થઇ ન હોય અરજદારને ખેડવા આપવી કે કેમ તેવો હુકમ થયો ન હોય, જેથી ખેડવા આપવામાં આવી કે આપવામાં જમીન અરજદારે ખેડી હોય ત્યારે ટેકનીકલ દબાણો નીચે મુજબની શરતોને આધીન રહીને કલેક્ટર વિનિયમીત કરી આપી શકશે.

(૧) પછાતવર્ગના દબાણદારોના કીસ્સાઓ.

દબાણ ઝુ હોય ત્યારે જમીન વણખેડાયેલી હોય તો વિના મુલ્યે આપવી અને જમીન ખેડાયેલી હોય તો આકાર છ પટ લઇને

(૨) બીન પછાત વર્ગના કીસ્સાઓ.

દબાણ હેઠળની જમીન વણખેડાયેલી ( ) હોય તો આકારના ૩૦ પટ લઇ અને ખેડાયેલી ( ) હોય તો આકારના ૬૦ પટ લઇને.

ઉપર મુજબની શરતોને આધીન રહી કે. કલેકટર મામલતદાર તેમને આપેલા અધિકારો મુજબની ક્ષેત્રફળની મર્યાદામાં રહી જમીનોના દબાણો વિનિયમીન કરી આપી શકશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ન. નૌ. મહેતા.
ઉપ સચિવ,
મહેસુલ વિભાગ,ગુજરાત સરકાર.

Subject :- Removal of encroachments, on Government lands --- by Panchayats.

Government of Gujarat,
Revenue Department,
Circular No.LND/3971/UO-3446/UO 9813-G.,
Sachivalaya, Gandhinagar,
Dated the 17th August, 1972.

Read :- Govt. Circular, Revenue Department No. LND/3971/ UC 3446-G, dated the 16-8-1971.

C I R C U L A R :-

In amplification of the orders contained in para 2 of the G.C.No. LND 1971/UO 3446-G, dated 16th August, 1971 Govt. is pleased to direct that the cases, in which the Collector is of the opinion that the work of removal of encroachment is likely to lead to litigation, should not be entrusted to the Village Panchayat, so that the question of giving help of Government Pleader to the Panchayat or the question of giving to the Panchayat expenses on account of litigation may not arise.

The orders are issued in consultation with the Panchayat & Health Department, dt. 20th July, 1972 in Panchayats & Health Department file No. LND 3068/ 8689-CHH

T.B.Desai,
Under Secretary to Government,
Revenue Department.

To
All Collectors.

## રસ્તાઓ પરના દબાણો દૂર કરવા બાબત

ગુજરાત સરકાર
પંચાયત અને આરોગ્ય વિભાગ,
પરિપત્ર નંબર: જમન-૩૦૭૨-૧૦૫૦૯-૫,
સચિવાલય, ગાંધીનગર.
તા: ૨૮-૯-૭૨.

**૧— પરિપત્ર :**

ગામડાઓમાં આવેલી સીમતળની જમીનોમાંના રસ્તાઓ પૈકી ગાડા માર્ગો પરના જમીન દબાણો અને તે પરત્વે હદ નિશાનોની દુરસ્તી અને તપાસણીનો પ્રશ્ન વિધાનસભાની અંદાજ સમિતિએ વિચારેલ હતો. આ પ્રશ્નની વિચારણા દરમ્યાન સમિતિ સમક્ષ એવો પ્રશ્ન આવ્યો હતો કે આવા રસ્તાની આજુબાજુ આવેલ સર્વે નંબરની જમીનમાંના હદ નિશાનોની દુરસ્તી અને તપાસણી નિયમીત રીતે થતી ના અને પરિણામે હદ નિશાનોનું અસ્તિત્વ નાશ પામતા અથવા તો હદ નિશાન બદલાતાં રસ્તાઓ પર દબાણ કરવામાં આવે છે. પરિણામે રસ્તાઓ સાંકડા બનતા જાય છે.

૨. આ પ્રશ્ન વિચારણા કરતાં અંદાજ સમિતિએ તેના તેરમાં અહેવાલમાં નીચે મુજબ ભલામણ કરી છે.

"હદ નિશાનોની મુદતી દુરસ્તી તથા તેની તપાસણી નિયમીત રીતે થાય તે માટે રસ્તાઓનું દબાણ ઓછું કરવાની એક ઝુંબેશ ઉપાડવી જોઈએ. અને બને તેટલું દબાણ ઓછું કરવું જોઈએ. આના માટે તાત્કાલીક એક ઝુંબેશ ઉપાડવી અને આ પ્રશ્ન કાયમને માટે ઉકલી જાય અને દબાણ ઓછું થાય તે માટે દર વર્ષે એક વખત આવી ઝુંબેશ ઉપાડવી જોઈએ.

અંદાજ સમિતિની આ ભલામણનો સરકાર સ્વીકાર કરે છે અને તે પરત્વે નીચે મુજબની સૂચના આપવામાં આવે છે.

ઉપર જણાવ્યા મુજબ સીમતળની જમીનમાં આવેલ આવા રસ્તાઓ પરના દબાણો દૂર કરવા માટે ગ્રામ/નગર પંચાયતે દર વર્ષે એક ઝુંબેશ ઉપાડવી અને આવા દબાણો તુર્તજ દૂર કરવા આ બાબતમાં સંબંધકર્તા તાલુકા વિકાસ અધિકારીએ પણ અંગત ધ્યાન આપી દબાણ દૂર થાય તે અંગે પુરતી તકેદારી રાખવા વિનંતી છે.

આ બાબતમાં સંબંધકર્તા ગ્રામ/નગર પંચાયતોને અને તાલુકા વિકાસ અધિકારીઓને ઘટતી સુચના આપવા માટે સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/-
કા. ર. મહેતા,
ઉપસચિવ
પંચાયત અને આરોગ્ય વિભાગ

પ્રતિ,
સર્વે કલેકટરશ્રીઓ

-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-

[illegible]

ગુજરાત સરકાર.
મહેસૂલ વિભાગ
[illegible]
સચિવાલય, ગાંધીનગર.
તા. [illegible]

[illegible]

[illegible]

[illegible]

ઉપસચિવ
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

ખાનગી.

વિષય:- દબાણવાળી સરકારી જમીનોમાં પાકને થતું નુકશાન અટકાવવા તથા પાકની હરાજી ન કરવા બાબત..

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: દબણ/૭૭૩/ક.
સચિવાલય, ગાંધીનગર;
તારીખ ૨૮-૩-૧૯૭૩.

પરિપત્ર :-

ઉપરોક્ત વિષય પરત્વે બધા જીલ્લા કલેક્ટરો જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓને આથી આજ્ઞાનુસાર જણાવવાનું કે હાલમાં રાજ્યમાં દુષ્કાળની કપરી પરિસ્થિતિ પ્રવર્તતી હોવાથી, દબાણના કિસ્સાઓમાં પાકને નુકશાન થાય તે માટે, અછતગ્રસ્ત વિસ્તારોમાં પાકની કબજો લેઇ હરરાજી કરવાના સખત પગલાં ન લેવાની, તેઓને આથી વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ર.ઓ.વોરા.
ઉપસચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

ક્રમાંક. દબણ-૧૦૭૨-૩૦૬૭-લ,

મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ. ૪-૬-૧૯૭૪.

વિષય:- ખેતીની જમીન ઉપરના દબાણ
તા. ૩૧-૧-૭૨ સુધી થયેલાં દબાણો
નિયમિત કરી આપવા બાબત....

વંચાણમાં લીધો:- સરકારી ઠરાવ, મહેસૂલ વિભાગ,
નં. દબણ-૧૦૭૨-૨૦૭૫-લ, તા. ૨૫-૭-૭૨.

પરિપત્ર:-

સરકારી જમીન પરનાં દબાણો નિયમિત કરી આપવા અંગે ઉક્ત તા. ૨૫-૭-૭૨ના ઠરાવમાં જુદા જુદા ધોરણો છે. ટેકનીકલ પ્રકારના દબાણોના કિસ્સાઓમાં જમીનના એકરની મર્યાદા અંગે ઉક્ત ઠરાવમાં સ્પષ્ટતા ન હોવાથી હવે આથી સ્પષ્ટતા કરવામાં આવે છે, કે, ટેકનીકલ દબાણોના કિસ્સાઓમાં તા. [illegible]-૩-૬૦ના સરકારી હુકમો લાગુ થાય છે જ, મતલબ કે દબાણ હેઠળની જમીન સહિત ખાતેદારનું કુલ ખાતુ એક પોષણક્ષમ એકમ અથવા ૧૬ એકરની મર્યાદા કરતાં વધે નહિ તે શરતે આવાં દબાણો નિયમિત કરી આપવા હરકત ગણવું નથી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઉપ સચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ

૧: બધા જીલ્લા કલેકટરો,
૨: બધા જીલ્લા વિકાસ અધિકારીઓ,
૩: સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૧.
૪: ખાસ સચિવશ્રી, મહેસૂલ વિભાગ, અમદાવાદ-૧,
૫: એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ.
૬: સીનીયર ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ.

**ગુજરાત ખાનગી વન સંપાદન અધિનિયમ ૧૯૭૨ ખેડાણો નિયમબધ્ધ કરવા બાબત...**

-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-

ગુજરાત સરકાર,
ખેતી, વન અને સહકાર વિભાગ,
ઠરાવ ક્રમાંક :પીઆરએફ-૧૦૭૩-૯૭૨૩૨/પી
સચિવાલય, ગાંધીનગર,
તારીખ. 27 JUN 1976

ઠ રા વ

-:-:-:-

ગુજરાત ખાનગી વન સંપાદન અધિનિયમ ૧૯૭૨ તારીખ ૧-૮-૭૩ થી અમલમાં આવેલ છે. આ અધિનિયમ અન્વયે ખાનગી જંગલોની તમામ જમીન રાજ્ય સરકારને સંપ્રાપ્ત થાય છે. આવી સંપ્રાપ્ત થયેલી જમીનમાં અધિકૃત અગર તો બિન અધિકૃત ખેડાણો થાય છે. આવા ખેડાણોને કઇ રીતે નિયમિત કરવા તે પ્રશ્ન સરકારશ્રીની વિચારણા હેઠળ હતો. આ બાબતમાં પૂરતી વિચારણા બાદ રાજ્ય સરકારે નક્કી કરેલ છે કે, ખાનગી જંગલની જમીનોના ખેડાણો સરકારશ્રીના ખેતી વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: એફએલડી-૧૦૭૦-૮૦૨૦૧/૮૨૯૫૧/પી તારીખ ૫-૭-૭૨ (નકલ સામેલ છે.)માં દર્શાવેલ શરતો અનુસાર નિયમિત કરવા એટલે કે તારીખ ૩૧-૧૨-૬૭ના રોજ લગભગ ત્રણ વર્ષ પહેલાના પરવાનગી કે વીના પરવાનગીથી થતાં ખેડાણો નિયમિત કરવા.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્ર.જ.ભટ્ટ,
ઉપ સચિવ,
ખેતી, વન અને સહકાર વિભાગ.

દબાણ.

સરકારી જમીની ઉપર ઘર વિહોણા ખેતમજુરોએ
છે તેને નિયમબધ્ધ કરવા અંગેના સિધ્ધાંતો.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
ઠરાવ ક્રમાંક: જમન-૩૯૭૫-અ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ: ૧૪-૮-૧૯૭૫.

:- ઠ રા વ :-

જમીન વિહોણા શખ્શો અને ખેડુતો કે જેમની કુલ જમીન ૩ એકર કરતાં વધતી નથી એવા ખાતેદારોને ઘરો બાંધવા માટે જમીન આપવા અંગેનો પ્રશ્ન સરકારની વિચારણામાં હતો. હાલની સરકારની નિતી પ્રમાણે રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં ભારત સરકારની યોજના હેઠળ અને [illegible] રાજ્ય સરકારની યોજના હેઠળ જમીન વિહોણા શખ્શોને તેમજ જેમની કુલ જ[illegible] લાભ મેળવવાપાત્ર ઇસમોને ૧૦૦ ચો. વાર જમીન ઘરો બાંધવા વિના કિંમતે આપવામાં આવે છે. તેજે મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮ માં જમીન માલીકની માલીકીની જમીન ઉપર ખેતમજુરોએ બાંધેલ ઘરોને આવરી લેતી જમીન ઉપર ખેતમજુરોને માલીકી હકક આપવાની પણ જોગવાઇ કરવામાં આવેલ છે. જમીન મહેસુલ કાયદો ૧૮૭૯ અને તેની [illegible] ઘડેલા નિયમો અને વહીવટી હુકમો પ્રમાણે ઘર બાંધીને સરકારી જમીની ઉપર કરેલા દબાણને જરુર પડયે નિયમબધ્ધ કરવાની પણ સુવિધા છે. ઘર વિહોણા ખેતમજુરો અને ૩ એકરથી ઓછી જમીન ધરાવતા ખેડુતોને ઘરો માટે જમીન આપવી. ઉપર જણાવેલી પ્રથમ બે પ્રકારની સુવિધાઓની સાથે સુસંગત રહીને તેમાં લાભ મેળવવાપાત્ર ઇસમોએ સરકારી જમીની ઉપર ઘર બાંધીને દબાણ કર્યું હોય નહિ તેમને તે દબાણ અમુક ઠરાવેલા સિધ્ધાંતો પ્રમાણે અને અમુક કેવડકની મર્યાદામાં નિયમબધ્ધ કરવાનું વિચારવાનું પણ સરકારને યોગ્ય લાગે છે. અને તેથી સરકાર, આવા સરકારી જમીની ઉપર ઘર બાંધીને કરેલા દબાણો નીચેની શરતોએ નિયમબધ્ધ કરવાનું ઠરાવે છે:-

(૧) આ હુકમો શિક્ષણ અને મજુર વિભાગની રાજ્ય અને કેન્દ્રીય પ્રેરીત યોજનાઓ અમલમાં છે એવા ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી જમીની ઉપર ઘર બાંધવાના હેતુથી જમીન વિહોણા શખ્સો કે ત્રણ એકરથી ઓછી જમીનનું ખાતું ધરાવતા વ્યકિતઓએ કરેલા દબાણોનેજ લાગુ પડશે.

(૨) સરકારી જમીન ઉપર દબાણ કરનાર ઉપરોક્ત પ્રકારના લાભાર્થી રાજ્ય કે કેન્દ્ર પ્રેરીત શિક્ષણ અને મજુર વિભાગની ૧૦૦ ચો. વારની જમીન ઘર બાંધવા માટે આપવાની યોજના નીચે, ઘર બાંધવા મફત પ્લોટ, મળતા ન હોવા જોઈએ.

(૩) દબાણ કરેલી જમીન કોઈપણ ચોકકસ જાહેર કે સાર્વજનિક હેતુ માટે અનામત રાખેલી કે રાખવી પડે તેવી ન હોવી જોઈએ.

(૪) દબાણદાર તેની દબાણ કરેલી જમીનમાંથી ૧૦૦ ચો.વાર જમીન ઉપરાંતની વધારાની જમીનનો કબજો સરકારને ખુલ્લી કરી આપવા સંમત હોવો જોઈએ

(૫) સરકારી જમીન ઉપર શિક્ષણ અને મજુર વિભાગની રાજ્ય કે કેન્દ્ર પ્રેરીત યોજના નીચે ૧૦૦ ચો. વાર જમીન ઘર બાંધવા મેળવવા પાત્ર હોય એવા સંપન્ને દબાણ કર્યું હોય તો તેમના દબાણો કોઈ પણ ૧૦૦ ચો.વાર ના સુધીના દબાણો કોઈપણ કિંમત લીધા વગર નિયમબધ્ધ કરી આપવા.

(૬) ઉપરોક્ત (૫) માં ન આવતા હોય તેવા દબાણો નિયમબધ્ધ કરવા માટે વિચારણામાં લેતી વખતે દબાણકારની આર્થિક સ્થિતિ તેના કબજા કિંમત ભરવાની શક્તિ અને દબાણના પ્રકાર તે ધ્યાનમાં લઈને નકકી કરવી પડશે.

૨. સરકાર વધુમાં ઠરાવે છે કે ઉપર જણાવેલ વર્ગના શખ્સો કે જેઓએ સરકારે ચોકકસ જાહેર કે સાર્વજનિક હેતુ માટે મુકરર કરી હોય તેવી જમીન ઉપર દબાણ કર્યું હોય, અને જો તેઓ શિક્ષણ અને મજુર વિભાગની રાજ્ય કે કેન્દ્ર પ્રેરીત યોજના નીચે ૧૦૦ ચો. વાર જમીન ઘર બાંધવા મેળવવા પાત્ર હોય તો શક્ય હોય ત્યાં સુધી આવા શખ્સોને બીજી જમીન મેળવી આપવાની વ્યવસ્થા કરવી.

૩. સરકાર વધુમાં એવું ઠરાવે છે કે ગ્રામ્ય વિસ્તારોમાં ( કે જેમાં શિક્ષણ અને મજુર વિભાગની યોજનાઓ અમલમાં છે.) સરકારી જમીની ઉપર ઘર બાંધીને કરેલા દબાણો, હાલમાં અમલી તેવા દબાણો નિયમબધ્ધ કરવાના સરકારના સ્થાયી હુકમો પ્રકરણે પણ ઉપર પારગ્રાફ (૨) અને (૩) માં ઠરાવેલા સિધ્ધાન્તોને આધીન રહી તેવી રીતે કલેકટરોએ નિયમબધ્ધ કરી આપવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

મ.ગ. ઈંગળેકર,
નાયબ સચિવ,
મહેસૂલ વિભાગ.

Agriculture,Forests and Cooperation Department
Sachivalaya, Gandhinagar,
Dated the 15-9-75.

CORRIGENDUM :-

NO.TRM-1265-II/J:- For the words viz: District Panchayat, Bulsar appearing in column 4 for the properties mentioned at Sr.Nos. 24 to 30 of Government order NO. TRM-1265-II-J dated 20.5.75, the words viz: District Panchayat, Surat should be substituted.

By order and in the name of the Governor of Gujarat,

K.M. ADVANI,
Section Officer,
Agriculture,Forests and Cooperation Department.

To

The Revenue Department,Sachivalaya,Gandhinagar,
The Public Works Department, Sachivalaya, Gandhinagar,
The Finance Department Sachivalaya, Gandhinagar,
The Director of Animal Husbandry, Ahmedabad (with 25 spare copies),
The Director of Agriculture, Ahmedabad (with 25 spare copies)
The Superintending Agricultural Officer, Rajkot/Baroda,
All Collectors (except Collector, Dangs), Surat,
All District Development Officer (Except Dangs),
All Executive Engineers Roads and Buildings Division (except Dangs),
All District Animal Husbandry Officers,
The Accountant General, Ahmedabad/Rajkot,
The F Branch of Agriculture,Forests and Cooperation Department,
The Select file.

તાત્કાલિક.     **સમય-મર્યાદા.**

અર્ધ સરકારી પત્ર ક્રમાંક:જમન-૩૯૭૬-     -ગ.
મહેસુલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫-૧-૧૯૭૬.

મ.ગ.દેવળેકર,
નાયબ સચિવ.

વિષય:- રાજ્યમાં જાહેર ઉપયોગની મિલકતો પંચાયતોમાં નિહિત થવા બાબત....

સ્નેહીશ્રી

ઉપરોક્ત વિષય અંગે સરકારના મહેસુલ વિભાગના તા.૫-૧૦-૭૦ના ઠરાવ નં.એલ.એન.ડી.૩૯૬૯-યુઓ-૨૬૦૦-ગ પરત્વે આપનું ધ્યાન દોરતાં જણાવવાનું કે આ ઠરાવ મુજબ આ કામે જે કામગીરી કરવાની રહે છે તે કામગીરી પાંચ વર્ષના ગાળા બાદ પણ જુનાગઢ જિલ્લામાં પૂરી થઇ નથી તે બાબત મંત્રીશ્રી, મહેસૂલની જુનાગઢ જિલ્લાની મુલાકાત દરમ્યાન જાણવામાં આવેલ છે. આ કામગીરી સત્વરે પૂરી કરાવવી જરુરી છે જેથી કઇ જમીન, મિલ્કત કઇ શરતોએ પંચાયતોને સુપરત થઇ છે તે તદ્દન સ્પષ્ટ થઇ જાય અને શરત ભંગના કેસોમાં જરુરી પગલાં લઇ શકાય. તો આ બાબતમાં આજ્ઞાનુસાર જણાવવાનું કે આ અંગે અંગત રસ લઇ જરુરી કાર્યવાહી તાત્કાલિક બે માસની અંદર પૂરી કરાવવા અને તપાસની ટુકડી મોકલી જરૂર પડે આ મુદ્દાની ચકાસણી કરાવી લઇને ઘટતી કાર્યવાહી સત્વરે કરી આપનો જવાબ સરકારશ્રીમાં મોકલશો તો આભારી થઇશ.

આપનો સ્નેહાધિન,

મ. ગ. દેવળેકર.
નાયબ સચિવ,
મહેસુલ વિભાગ.

શ્રી ભાનુજન
કલેકટરશ્રી, જુનાગઢ
જુનાગઢ.

નકલ રવાના:-
બધા કલેકટરશ્રીઓ તરફ.

ઉપર જણાવ્યા મુજબ તા.૫-૧૦-૭૦ નો સરકારી ઠરાવ લાંબા સમયથી થયો હોઇ તેના અમલ માટેની કાર્યવાહી આપના જિલ્લામાં જો હવે બાકી હોય તો તે બે માસ અંદર પૂરી કરાવવી અને તપાસની ટુકડી મોકલી આ મુદ્દાની ચકાસણી પણ કરાવી લેવા વિનંતી છે.

R.V. Chandramouli,
Home Secretary.

D.O. No. TRA-1076/3527-C,
Home Department,
Sachivalaya, Gandhinagar.
Dated the 14th May, 1976.

Dear Shri

A compaign has been undertaken by various departments of Government to remove encroachments on Government land in which the police, revenue and municipal authorities are actively involved. Government have received complaints that while removing encroachments, the authorities are sometimes acting indiscriminately and the cabins and Rekadis are demolished or thrown out causing damage to the owners. While Government is anxious that the removal of encroachments should not be slackened, it desires that the concerned municipal, and revenue authorities should find out alternate sites where the small hawkers or shop-keepers can carry on their trade legitimately.

I would therefore request you to ensure that while the drive is not relaxed, it is carried on in a planned and systematic way so that encroachers are given sufficient notice to vacate the place and that an alternate site is offered to them in advance. In selecting the site interest of the Government, local authority and the hawkers should be taken care.

Yours sincerely,

(R. V. Chandramouli)

Shri
District [redacted]ntendent of Police,

All District Magistrates,

The Commissioner of Police, Ahmedabad.

S. H. JAGAD
SECRETARY

D.O.No.PMG/7976/2964/P
Panchayats and Health Department,
Sachivalaya, Gandhinagar,
Dated the May, 1976.

Dear Prasad

It has been represented to the Governor that in their enthusiasm to remove encroachment, the revenue, police and municipal authorities are acting in an indiscriminate manner causing immense damage to the owners of cabins and Rekadies (lorries) Though the drive to remove the encroachments in the interest of better cleanliness and traffic control is necessary and not proposed to be discouraged, the concerned authorities viz the Police, Revenue and municipal could sit together to ensure that while the drive is not relaxed, the purpose is accomplished in a systematic and permanent manner by giving due notice and providing and indicating well in advance alternative sites, where the interest of small businessmen or hawkers are properly looked after.

Yours sincerely
(S. H. JAGAD)

R.V. Chandramouli,
Home Secretary.

D.O. No. TRA-1076/3527-C,
Home Department,
Sachivalaya, Gandhinagar.
Dated the 14th May, 1976.

Dear Shri

A compaign has been undertaken by various departments of Government to remove encroachments on Government land in which the police, revenue and municipal authorities are actively involved. Government have received complaints that while removing encroachments, the authorities are sometimes acting indiscriminately and the cabins and Rekadis are demolished or thrown out causing damage to the owners. While Government is anxious that the removal of encroachments should not be slackened, it desires that the concerned municipal, and revenue authorities should find out alternate sites where the small hawkers or shop-keepers can carry on their trade legitimately.

I would therefore request you to ensure that while the drive is not relaxed, it is carried on in a planned and systematic way so that encroachers are given sufficient notice to vacate the place and that an alternate site is offered to them in advance. In selecting the site interest of the Government, local authority and the hawkers should be taken care.

Yours sincerely,

(R. V. Chandramouli)

Shri
District Superintendent of Police,

All District Magistrates,

The Commissioner of Police, Ahmedabad.

ગામડાઓમાં વસતા ઘરવિહોણા ખેત મજૂરો અને પછાતવર્ગના લોકોને ખેતીની જમીનોની સાંથણી બાબત :-

ગુજરાત સરકાર
પંચાયત અને આરોગ્ય વિભાગ,
પરિપત્ર ક્રમાંક: જમન-૩૦૭૨-૩૩૯૯-ચ,
સચિવાલય, ગાંધીનગર.
તા: ૧૫-૫-૧૯૭૬.

પરિપત્ર :-

ગામડાઓમાં વસતા ઘરવિહોણા ખેતમજૂરો અને પછાત વર્ગના લોકોને ખેતીની જમીન સાંથવા અંગે, એક પ્રશ્ન એવો ઉપસ્થિત થયેલ છે કે ગૌચરની પંચાયતને નીમ થયેલ જમીન ઘરવિહોણા ખેતમજૂરો અને પછાત વર્ગના લોકોને ખેતીની જમીન સાંથવા માટે રાજ્ય સરકાર ઉક્ત ગૌચરની જમીન પોતાને હસ્તક ખાલસા (Resume ) કરે તે કાયદેસર ગણાય કે કેમ ? આ બાબતે સ્પષ્ટતા કરવાની કે ગુજરાત પંચાયત અધિનિયમ કલમ ૯૬ ની પેટા કલમ (૪) અન્વયે જમીનની કોઇપણ જાહેર હેતુ માટે જરુર પડે તો, રાજ્ય સરકાર કોઇપણ વખતે જમીન તેના હસ્તક ખાલસા (Resume) કરે તો તે કાયદેસર છે. આ કલમના અર્થઘટન અંગે નામદાર ગુજરાત હાઇકોર્ટે સ્પેશ્યલ સિવિલ એપ્લીકેશન નં.૯૩૧/૬૬ ચાંદખેડા ગ્રામ પંચાયત વિરુદ્ધ ગુજરાત સરકાર સ્પેશ્યલ સિવિલ એપ્લીકેશન નં.૧૩૬૯ અને ૧૪૭૩-૧૯૬૫ થલતેજ અને બોડકદેવ ગ્રામ પંચાયત પરત્વે જરુરી ચુકાદાઓ આપેલ છે તેમાં નામદાર હાઇકોર્ટે કરેલ અવલોકનોને અનુલક્ષીને આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, કલમ ૯૬(૪) માં ઉલ્લેખ કરેલ " કોઇપણ જાહેર હેતુ માટે" માં ઘરવિહોણા ખેત મજૂરો અને પછાતવર્ગના લોકોને ખેતીની જમીનોની સાંથણી માટે સરકાર હસ્તક લેવાની જમીનના હેતુનો પણ સમાવેશ થઇ જાય છે. એટલે કે તે હેતુ માટે જરુર પડયે વધારાની ગૌચર અથવા પંચાયતને સુપ્રત થયેલ આ જમીન જાહેર હેતુ માટેની ગણીને સરકાર પોતાને હસ્તક લઇ શકે છે.

૨. આવા નબળા સ્તરના ખેતમજૂરો, અનુસૂચિત જાતિ, જનજાતિઓના અથવા અન્ય આર્થિક પછાતવર્ગના નબળા વર્ગોને ખેતીની જમીન સાંથવા અંગે ગૌચર વ.ની ભવિષ્યની જરુરીઆત તેમજ જમીનની સાંથણી અંગે મહેસૂલ વિભાગ તરફથી વખત વખત બહાર પાડવામાં આવેલ સૂચનાઓ સાથે સુસંગત રહીને વધારાની ગૌચર જમીન ખેતી માટે આપવા અંગેની

આ કાર્યવાહી કરવા કલેક્ટરશ્રીઓ, જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓને વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પો. ચ. વ્હોરા,
નાયબ સચિવ,
પંચાયત અને આરોગ્ય વિભાગ.

પ્રતિ,
(૧) [illegible] શાખા )
(૨) [illegible] સચિવાલય, ગાંધીનગર, ગ શાખા.
(૩) વિકાસ કમિશ્નરશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૪) સર્વે જિલ્લા વિકાસ અધિકારીઓ,
(૫) સર્વે કલેક્ટરશ્રીઓ,
(૬) સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી,
(૭) સિલેક્ટ ફાઇલ.

સરકારી જમીનો અને મહાનગરપાલિકા
નગરપાલિકાઓની જમીન ઉપર દબાણની
પ્રવૃત્તિઓ અટકાવવા.
ગંભીરતાપૂર્વક અને આયોજનપૂર્વક પુરતા
પગલા લેવા બાબત.
-:-:-:-:-:-:-:-:-:-:-:-:-

ગુજરાત સરકાર,
પંચાયત, ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગ,
પરિપત્ર ક્રઃ પીએમસી/૧૦૭૭/૪૨૦૨-પી,
સચિવાલય, ગાંધીનગર;
તારીખ. ૧-૭-૧૯૭૭.

પ રિ પ ત્ર :-
-:-:-:-:-:-

સરકારી જમીનો અને મહાનગરપાલિકા / નગરપાલિકાઓની જમીનો ઉપર દબાણ કરવાની પ્રવૃત્તિ ઝુંપડા બાંધીને, કેબીનો કરીને, હાથલારીઓ ઉભી રાખીને કે અન્ય એક યા બીજી પ્રકારની હેતુપૂર્વક યા જાણીજોઈને કે એક પ્રકારની કાયદા પ્રત્યે ઉપેક્ષાવૃત્તિથી તથા કેટલાક કિસ્સાઓમાં અસામાજીક તત્વો દ્વારા ઇરાદાપૂર્વક કરવામાં આવે છે તે પ્રવૃત્તિ શહેરી વિસ્તારોમાં પ્રવર્તતી જુદી જુદી ચિંતા ઉપજાવે તેવી સમસ્યાઓ પૈકી એક છે. શહેરી વિસ્તારોમાં પ્રવર્તતા અને વિકસતી જતી આ ગેરકાનુની પ્રવૃત્તિને સરકારે ઘણી ગંભીર સમજે છે અને આ પ્રવૃત્તિ ઉપર જરુરી નિયંત્રણ થાય અને સરકારી જમીન અને મહાનગરપાલિકા / નગરપાલિકાની જમીનો ઉપરનું દબાણ દુર કરી આ જમીનોને આયોજિત વિકાસ થાય તેમ સરકાર તરફથી અપેક્ષા રાખવામાં આવે છે. હાલમાં રાષ્ટ્રમાં કટોકટીની પરિસ્થિતિ જાહેર કરવામાં આવેલ હોઇ આ અનુકુળ પરિસ્થિતિમાં ઉપર જણાવ્યા મુજબની દબાણની પ્રવૃત્તિ અટકાવવા ગંભીરતાપૂર્વક અસરકારક પગલાં લેવામાં આવે તો આ દિશામાં સારા પ્રમાણમાં પરિસ્થિતિ સાનુકુળ કરી શકાય તેમ છે. આથી મહાનગરપાલિકા / નગરપાલિકાની જમીનો ઉપર પ્રવર્તતા એક યા બીજા પ્રકારના દબાણો દુર કરવા અને અટકાવવાં માટે મહાનગરપાલિકા / નગરપાલિકાઓને બોમ્બે પ્રોવીન્સીઅલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ મળતી સત્તાઓનો પુરેપુરો ઉપયોગ કરીને અને આ સંબંધમાં સરકાર તરફથી આપવામાં આવેલ અન્ય સુચનાઓનો ખ્યાલ રાખીને જરુરી ઘટિત પગલાં ચોક્કસ રીતે અને વિના વિલંબે લેવા અનુરોધ કરવામાં આવે છે. આ દિશામાં કાર્યવાહી કરતી વખતે માનવતાના સિદ્ધાંતો, નાણાંકીય અને વૈધાનિક સમગ્ર પાસાઓને લક્ષમાં રાખવામાં આવે તે બાબતો લક્ષમાં રાખીને આ અંગે જુદાં જુદાં પગલાં લેવા અંગે સરકારશ્રીએ વિચારણા કરેલ છે જે પૈકી નીચે જણાવેલ સુચનો અને માપદંડ મુજબ સત્વરે કાર્યવાહી હાથ પર લેવા સર્વે મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને ખાસ અનુરોધ કરવામાં આવે છે.:-

(૧) સરકારી જમીનો અને મહાનગરપાલિકા / નગરપાલિકાની જમીનો ઉપરનું દબાણ દુર કરવામાં આવતાં ત્યાં વસવાટ કરતા અગર ધંધો કરતાં લોકોને વૈકલ્પિક સગવડ આપવા માટે કેટલીક તાત્કાલીક જમીનો બીજે સ્થળે આ લોકોને વસાવવા મળી શકે તેમ છે તેની ઝડપથી મોજણી (Assessment ) કરવી.

(૨) જે લોકો દબાણ દુર કરવાની કાર્યવાહીથી ઘરવિહોણા બને તેમને અન્ય વૈકલ્પિક સગવડો આપવી પણ બે વર્ષથી ઓછા સમયથી આ રીતે રહેતા લોકોને વૈકલ્પિક સગવડ પુરી પાડ્યા શિવાય જરૂરી કારણદર્શક નોટીસ આપીને દબાણ દુર કરી શકાય.

(૩) હાથલારીવાળાઓને એક જગાએ સ્થિર રહેવાનો હક્ક મળતો નથી તેથી તેઓને અમુક જગાએ સ્થિર રહેવા દેવાને બદલે એક સ્થળેથી બીજે સ્થળે ફરતાં રહે તે અંગે તકેદારી રાખી જરૂરીસુચનાઓ આપવી તેવા સંજોગોમાં તેમને વૈકલ્પિક સગવડો આપવાનો પ્રશ્ન રહેતો નથી. આ બાબતમાં ... ના ચંદીગઢ શહેરમાં જે ધારાધોરણ નક્કી થયેલા છે તે મોટા શહેરની સ્થાનિક સંસ્થાઓ મેળવીને તેનો અભ્યાસ કરીને સ્થાનિક પરિસ્થિતિ મુજબ તજવીજ કરી શકે છે.

(૪) કેબીનો કે જે એક વિસ્તારમાં કે બીજા કોઇ નિયંત્રિત વિસ્તારમાં અનિલ હોય તો તેને માટે વ્યાજબી કારણદર્શક નોટીસ આપી આ કેબીનો ખસેડવી. રસ્તાની જમીનો ઉપર દબાણ ન કરતી કેબીનો અને નિવાસિતઓ દ્વારા લાંબા સમયથી ઉપયોગમાં લેવાતી કેબીનો માટે વૈકલ્પિક જગાની સગવડ કરીને આ કેબીનો ખસેડવી.

(૫) સરકારશ્રી તરફથી કે સ્થાનિક સંસ્થા તરફથી વૈકલ્પિક જગાની સગવડ આપવામાં આવે ત્યારે આ જગ્યાનું બાંધકામનું નિયંત્રણ પ્રવર્તમાન બીલ્ડીંગ બાયલોઝ મુજબ આયોજિત રીતે થાય તે અંગે તકેદારી રાખવી.

(૬) દબાણકર્તાઓને દબાણ દુર કરાવવા માટે ચોક્કસ વ્યાજબી તારીખ આપવી કેજે તારીખમાં દબાણકર્તા બીજી નવી જગ્યાએ સ્થળાંતર કરી શકે. આ ચોક્કસ તારીખ પુરી થતાં દબાણકર્તા દબાણ દુર કરે કે ન કરે દબાણને દુર કરવું જ.

૨. ઉપર જણાવ્યા મુજબ આયોજનપુર્વક તજવીજ કરવા માટે સ્થાનિક સંસ્થાઓ તેમજ જે તે જીલ્લાના કલેકટરશ્રી તથા અન્ય સંબંધીત મહેસુલી અધિકારીઓ, જાહેર બાંધકામ વિભાગના સંબંધીત અધિકારીશ્રીઓ તેમજ જીલ્લા પોલીસ અધિકારીઓ સંયુકત રીતે પુરતું આયોજન કરીને કાર્યવાહી શરુ કરે તે પણ ખાસ જરુરી જણાય છે, તેથી કરીને મહાનગરપાલિકાઓના કિસ્સામાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તથા જે તે કલેકટરશ્રી તથા અન્ય સંબંધીત અધિકારીશ્રીઓ કલેકટરશ્રીઓના કચેરીમાં બેઠકો યોજીને તથા નગરપાલિકાઓના કિસ્સાઓમાં જે તે જીલ્લાના કલેકટરશ્રીએ તેમની કચેરીમા જે તે નગરપાલિકાના હોદ્દેદારોની

તેમજ અન્ય સંબંધીત સરકારી અધિકારીઓની બેઠકો. યોજીને તથા તેમને પુરતુ માર્ગદર્શન આપીને પોલીસના પુરતા આયોજન સાથે દબાણને દૂર કરવાના અને વૈકલ્પિક સગવડ આપવાની કાર્યવાહી હાથ પર લેવા તથા પરીણામની જાણ સરકારશ્રીને દરે મહીને કરવા સર્વે મહાનગરપાલિકાઓ / નગરપાલિકાઓને તથા કલેકટરશ્રીઓને આ પરિપત્ર દ્વારા ખાસ સુચનાઓ આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

[illegible]
~~[illegible]~~
નાયબ સચિવ,
પંચાયત અને આરોગ્ય વિભાગ.

પ્રતિ,

મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, મહાનગરપાલિકાઓ,

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.

પ્રમુખશ્રી, વહીવટદારશ્રી,

સર્વે નગરપાલિકાઓ,

એડમીનીસ્ટ્રેટરશ્રી,

સરદારનગર નોટીફાઇડ એરીયા, મુ.સરદારનગર જી.અમદાવાદ.

સર્વે કલેકટરશ્રીઓ,

નગરપાલિકાઓના નિયામકશ્રી, અમદાવાદ,

જાહેર બાંધકામ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,

સર્વે જીલ્લા પોલીસ અધિકારીશ્રી,

મુખ્ય નગર નિયોજકશ્રી, અમદાવાદ,

ઘ : કાએચ:, ક્યુ, ચ, જ શાખાઓ.

વિષય : – જમીન દબાણ : કચ્છ જિલ્લો.
હકકપત્રકો અદ્યતન કરવા બાબત.
દબાણ નિયમબધ્ધ કરવા બાબત.

**ગુજરાત સરકાર,**
મહેસુલ વિભાગ,
ઠરાવ ક્રમાંક: દબણ–૧૧૭૪/૧૦૧૧૪૮ –લ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૦૭/૦૫/૧૯૭૭.

**<u>આ મુ ખ</u> : –**

૧. કચ્છ જિલ્લામાં કેટલાક તાલુકામાં વૈજ્ઞાનિક પધ્ધતિથી તાજેતરમાં નવી સરવે પુરી થઈ અને હકક પત્રકો અદ્યતન કરવા માટે કાર્યવાહી થઈ રહી હતી. તે સમયે કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થયા. જે નીચે મુજબ વર્ણવી શકાય :

(૧) નવી માપણી સમયે જે નવા સરવે નંબરો ઉપસ્થિત થયા તે જૂના રેકર્ડમાં મળી આવતા નથી.

(૨) એવી જ રીતે જે જૂના રેકર્ડમાં સરવે નંબર હતા તે નવી માપણીમાં આવ્યા નથી.

(૩) નવી માપણીથી કેટલાક ખાતેદારોની કબજાની જમીનમાં જૂના રેકર્ડમાં દર્શાવેલા ક્ષેત્રફળ કરતા વધ ઘટ દેખાઈ, જે નીચે મુજબ બે પ્રકારની હતી.

  (૧) કેટલીક જમીનમાં ક્ષેત્રફળમાં વધારો થયો હતો. જેની ચારે બાજુ ખાનગી ઈસમોની જમીન છે.

  (૨) કેટલીક જમીનમાં વધારો થયો તેના એક કે, તેથી વધુ બાજુ સરકારી જમીનો છે.

આવા પ્રકારના કિસ્સાઓ નિયમિત કરવા અંગે શું કરવું જોઈએ તે બાબત અગાઉ સરકારશ્રીએ કાળજી પૂર્વક વિચારણા કરી હતી અને કચ્છ જિલ્લાની જમીનને લગતા રેકર્ડ અને જૂની અવૈજ્ઞાનિક સરવે, વિગેરે પરિસ્થિતિ જોતાં આવા પ્રકારના કિસ્સાઓમાં કબ્જેદાર પાસે જમીન વધુ નીકળે તો તેને દબાણ ગણવાથી ન્યાયનો હેતુ જળવાશે નહી, એમ સરકારને લાગ્યું છે.

**<u>ઠ રા વ</u> :**

તેથી સમગ્ર પ્રશ્નની વિચારણા કર્યા બાદ સરકારે ખાતેદારોની જમીનમાં થયેલા વધારા નીચેના ધોરણે નિયમબધ્ધ કરી આપવા ઠરાવેલ છે.

(૧) ખાતેદારોની જમીનમાં જે વધારો થયો હોય, અને આજુબાજુ સરકારી જમીન હોય કે, ખાનગી ઈસમોની જમીન હોય તે ગણતરીમાં લીધા સિવાય તારીખ ૦૧–૦૮–૧૯૫૮ના રોજ શરૂ થતાં મહેસુલ વર્ષથી ખાતેદારોની જમીનના ક્ષેત્રફળમાં જેટલો વધારો થયો હોય તેટલા ક્ષેત્રફળવાળી જમીનનો આકાર વસૂલ કરવો.

(૨) આ ઉપરાંત ઉપર મુજબ થયેલી જમીનનો નિયત થયેલ હકક એટલે કે, આકાર બંધ પ્રમાણેના : આકારના ૧૦ પટ્ટ જેટલી રકમ તે ખાતેદારો પાસેથી પ્રીમીયમ સ્વરૂપે લેવી. આ રકમ ભરવાથી ખાતેદારના કબ્જા હકકો નિયમીત થયેલા ગણાશે.

(૩) આ રીતે વધેલી જમીનોના માલીકી હકક આપવા માટે ખાતેદારોને માંગણી કરવાની જરૂર રહેશે નહીં, એટલે કે, કલેકટરે આવી વધેલી જમીનોના કબજા હકકો નિયમિત કરવા ઝડપી કાર્યવાહી કરવી. જિલ્લાના પ્રાન્ત અધિકારીઓને અને મામલતદારોને અનુક્રમે પહેલા અને બીજા વર્ગના ગામોમાં સ્થળ ઉપર જઈ નિકાલ કરવા કલેકટરે સૂચના આપવી. જે જે ખાતેદારોની જમીનમાં જૂના રેકર્ડ કરતાં માપણી પછીના નવા રેકર્ડમાં જમીનના ક્ષેત્રફળમાં વધારો થયો છે તેમની યાદી આ પહેલાં ગામવાર બનાવવી અને આ યાદીની ચકાસણી કરી વધારાની જમીનના કબ્જા હકક નિયમિત કરવા ઉપરના અધિકારીઓને હુકમ કરવા.

(૪) નકશાઓના સુપર ઈમ્પોઝીશન અંગેની બધી જ કાર્યવાહી બંધ રાખવી.

(૫) નવી સર્વે થયા બાદ સરકારી જમીનો ઉપર અનધિકૃત કબ્જા થયા છે. તેનો નિકાલ સરકારના તારીખ ૨૫–૦૭–૧૯૭૨ના ઠરાવ ક્રમાંક દબણ–૧૦૭૨/૨૭૭૫–લ, પ્રમાણે કરવા.

(૬) આ હુકમો જે તાલુકાઓમાં નવી માપણી પ્રમાણે કલેકટરે રેકર્ડ ઓફ રાઈટ તૈયાર કરી દીધા છે, તેને પણ લાગુ પડશે.

(૭) આ હુકમ નાણાં વિભાગની તારીખ ૨૭–૦૨–૧૯૭૭ના રોજ ફાઈલ ક્રમાંક દબણ–૧૧૭૪/યુ.ઓ. –૫૮૯–લ, ઉપર થયેલી સહમતિને આધારે કરેલા છે.

(૮) તારીખ ૨૭–૧૧–૧૯૭૫નો હુકમ ક્રમાંક દબણ–૧૧૭૪/યુ.ઓ.–૫૮૯–લ, હવે આ ઠરાવની તારીખથી રદ ગણવો. પણ અગાઉ તે ઠરાવ હેઠળ કરેલ કાર્યવાહી અને કરેલા હુકમોને બાદ આવશે નહિં.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**વી. ગોપાલસ્વામી.**
નાયબ સચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર,

<u>નકલ રવાના પ્રતિ</u> : –

- કલેકટરશ્રી, કચ્છ જિલ્લો, મુકામ : ભુજ.
- સેટલમેન્ટ કમિશ્નરશ્રી અને જમીન રેકર્ડ નિયામકશ્રી, અમદાવાદ.
- ખાસ સચિવશ્રી, મહેસુલ વિભાગ, અમદાવાદ.
- સંયુકત સચિવશ્રી, તપાસણી શાખા, ગાંધીનગર.
- ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડ, કચ્છ જિલ્લો, મુકામ : ભુજ.

\\Rev_2\c\My Documents\PANDYA\L\KUTCHH\DBN 1174 101148 L.doc Thursday, January 11, 2001 16:41:12

## ગુજરાત સરકારના મહેસુલ વિભાગની યાદી ક્રમાંક-દબણ-૧૧૭૪-૧૦૧૧૪૮ લ તા.૭/૫/૭૭ થી કરવામાં આવેલ સ્પષ્ટતાઓ

| મુદ્દો | સ્પષ્ટતા |
| --- | --- |
| ૧. સ.નાં. એકજ ખાતેદારના હોય જેમાં એકમાં વધુ અને બીજામાં ઘટ હોય પરંતુ હોલ્ડીંગ એકજ રહેતું હોય તેથી ખાતેદારનું હોલ્ડીંગ પકડવું કે સ.નાં. પકડવા | ખાતેદારનું હોલ્ડીંગ પકડવું જોઇએ |
| ૨. જે જુના નંબર સરવે રેકર્ડમાં હતા પરંતુ તે નવી માપણીમાં આવતા નથી તે ડુબ સ.નાં. કહેવાય, તે ૧૯૭૧ ના જી.આર. મુજબ નિયમીત કરવાના હુકમો છે. તો તે પ્રમાણે આવા કિસ્સામાં નિયમીત કરી શકાય તા.૨૭/૧૧/૭૫ ના ઠરાવ પ્રમાણે નિયમબદ્ધ કરવું કે કેમ? | 'ડુબ' તરીકે ગણાતી જમીનનું સ્થળપર અસ્તિત્વ હોય તો માપણી વખતે મપાવવાનું રહી ગયું ગણાય. આવા નંબરોની માપણી કરાવી જે તે ખાતેદારના હોલ્ડીંગમાં ઉમેરી હવે તા.૭/૫/૭૭ ના ઠરાવ પ્રમાણે કાર્યવાહી કરવી. જો સ્થળ પર આડુબ જમીનનું અસ્તિત્વ જ ન હોય તો કશું કરવાનું રહે નહીં. |
| ૩. કેટલાક કિસ્સાઓમાં જે સ.નાં. ના ક્ષેત્રફળમાં વધારો થયેલ તેના દબાણના કલમ ૬૧ મુજબ કેસ ચાલ્યા છે અને આકાર તથા દંડ વસુલ કરેલ છે. અગર હુકમો થયેલા છે. આવા કેસોમાં તા.૨૭/૧૧/૭૫ ના જી.આર. મુજબ કેવી રીતે અમલ કરવો. આવા કેસોમાં આ જી.આર. આધારે આકાર ના ૫૦ ટકા પ્રીમીયમ લઇને નિયમીત કરવાના થાય. તો જે આકાર વસુલ કરવાના અને દંડ લીધેલ છે તે રીફંડ આપવું કે કેમ? ઉપરાંત આવા દબાણના કેસો પ્રથમ ચાલી ગયા છે અને નિયમીત કરવાના હુકમો પણ થઇ ગયેલ છે તે કેસો આ જી.આર. ના આધારે ફરીથી નિયમીત કરવાના થાય છે કે કેમ? જો થાય તો પ્રથમ નિયમીત કરેલ રકમ જ ખાતેદારને પરત કરવી કે કેમ? અથવા આ જી.આર. આધારે થતી રકમ રાખીને બીજી વધારાની રકમ પરત કરવી કે કેમ? | નવી માપણીને લીધે નવું રેકર્ડ અમલમાં આવતાં ખાતાની જમીનમાં વધઘટ થઇ હોય તે કેસોમાં લેન્ડ રેવન્યું કોડની કલમ ૬૧ પ્રમાણે દંડ અને આકારની રકમ વસુલ કરવામાં આવી હોય તો તે કેસોમાં હવે તા.૭/૫/૭૭ ના ઠરાવ પ્રમાણે કાર્યવાહી કરવાની જરૂર નથી. જેથી આકાર અને દંડની રકમ રીફંડ આપવાનો પ્રશ્ન રહેશે નહીં. દબાણના જે કેસો પ્રથમ ચાલી ગયા હોય અને જે કિસ્સામાં દબાણ નિયમીત કરવાના હુકમો થયેલ હોય પરંતુ તે કેસોમાં જો કબ્જા હકની રકમ વસુલ ન આવી હોય તો તેવા કેસોમાં તા. ૭/૫/૭૭ ના ઠરાવ પ્રમાણે કાર્યવાહી કરાવી.<br>આમ છતાં જે કિસ્સાઓમાં લે.રે. કોડની કલમ ૬૧ નીચે કેસ ચલાવી ને જુના વર્ષો માટે આકારની રકમ ભરવાના હુકમો કરવામાં આવ્યા હોય અને તે મુજબ રકમ ભરવામાં આવી હોય તેવા કિસ્સાઓ પૈકી જો કલેકટરશ્રીને વ્યાજબી રીતે જણાય છે કે ખાતેદારે અગાઉ ના વર્ષો માટે જે આકારની રકમ ભરેલ છે તે ફરીથી ભરવાનું કહેવાથી ખતેદારને ખરેખર મુશ્કેલી પડે તેમ છે, તો તેવા વ્યકતીગત કિસ્સાઓમાં આકારની રકમ જતી કરવા માટે કલેકટરશ્રીએ તેમની ભલામણ સહ સરકારશ્રીમાં દરખાસ્ત કરવી. |
| ૪. જુની માપણીમાં સ.નાં. ન હતા અને નવી માપણીમાં ઉભા થયા તે નંબરોને તા.૨૭/૧૧/૭૫ ના ઠરાવ મુજબ નિયમબદ્ધ કરવા કે કેમ? | તા.૨૭/૧૧/૭૫ (હવે તા.૭/૫/૭૭ ના) ઠરાવની જોગવાઇ (૫) પ્રમાણે નવી સર્વે થયાપછી સરકારી જમીન ઉપર દબાણ માલુમ પડે તો |

ખરેખર આ દબાણ ગણી ૧૯૭૨ ના જી.આર. અન્વયે નિયમીત કરવા જોઈએ. જો આ જી.આર. મુજબ ૫૦ ટકા પ્રીમીયમ લઈને નિયમીત કરવામાં આવે તો ખાતેદારને અનડયુ એડવાન્ટેજ મળીજાય.

તા.૨૫/૭/૭૨ ના ઠરાવ તથા આ અંગે સરકારશ્રીના અન્ય સ્થાયી હુકમો પ્રમાણે નિયમબદ્ધ કરવા કે કેમ તે તપાસી યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે. પરંતુ નવી સર્વે થઈ તે સમયે જે વધારાની જમીન ઉપર જે કબ્જા માલુમ પડયા તે કબ્જા તા.૨૭/૧૧/૭૫ ના (હવે તા.૭/૫/૭૭) ના ઠરાવ પ્રમાણે નિયમબદ્ધ કરવાના રહે.

૫. નવીમાપણીના આકારબંધ મુજબ વસુલાત આકારબંધ જે તે વર્ષમાં અમલમાં આવે થી તેમાં જણાવ્યા દરે મહેસૂલ લેવામાં આવે છે. દા.ત. નખત્રાણા તાલુકા ના ગામ આમારા મધ્યે આકારબંધ ૧૯૬૭-૬૮ થી આવેલ છે. અટલે નવી માપણી થયા મુજબ ક્ષેત્રફળને અનુલક્ષીને નવા દરના આકાર વસુલ કરવામાં આવે છે. પણ સને ૧૯૬૭-૬૮ ના અગાઉ વર્ષમાં એટલે કે ૧૯૫૮-૫૯ થી ૧૯૬૬-૬૭ સુધી એલ.આર.આર. ૧૯ ઓ.ઓ.એન. એ. મુજબ મહેસુલ લીધેલ છે. તો જે વર્ષના વસુલ થયેલ આકારના પ્રીમીયમ લેવું કે નવી માપણીના નવા આકાર પ્રમાણે લેવું. વધુમાં નવી માપણી થતાં જે ક્ષેત્રફળ વધ્યું તે અગાઉ પણ જેતે ખાતેદારના કબ્જામાં જ રહેલ હતી. છતાં તેમણે જે આકાર ભરેલ છે તે વધી જતી સીવાયની જમીન નો ભરેલ છે. એટલે કે નવી માપણીમાં એક ખેતર ૫-૦૦ થયું તે અગાઉ એકર ૪-૦૦ હતું તેનું ૧ એકર જમીન પ્રીમીયમ લઈને નિયમીત કરવાની થાય પણ તે એકર ૧-૦૦ જમીનની વિઘોટી નવો આકાર બંધ આવતા પહેલાની બાકીમાં છે તે વસુલ લેવી કે કેમ અને વસુલ લેવી તો નવા આકાર બંધ મુજબ કે પ્રથમના મુજબ.

હવે તા.૭/૫/૭૭ ના ઠરાવ પ્રમાણે વધારાની જમીન અંગે હાલના આકારના એટલે કે આકારબંધ પ્રમાણેના આકારના દરના ૧૦ પટ લેખે ફલેટ રેટ પ્રમાણે પ્રમીયમ લેવું.

૬. નવી માપણીમાં જે સર્વે નંબરોમાં ક્ષેત્રફળ વધ્યું તેના કેસો કલમ ૬૧ મુજબ ઉપસ્થિત થયેલા તે કેસો હાલમાં ઉપલી કોર્ટમાં અપીલ કે રીવીઝન રાહે ચાલતા હોઈ તેવા કેસોમાં તા.૨૭/૧૧/૭૫ મુજબ અમલ કરવો કે કેમ? આકેસો બાકાત રાખીને બાકીના કેસોનો નીકાલ કરવો.

નવી માપણી પ્રમાણે રેકર્ડ અમલમાં આવતાં ખાતેદારના કોઈ સર્વે નંબરમાં અગર હોલ્ડીંગમાં થયેલ વધારા અંગે લે કોડની કલમ ૬૧ નીચે કામ ચલાવી નીકાલ કરેલ અગાઉના કેસોમાં કે જેમાં કબ્જો નિયમીત કરવા હુકમો થયા હોય છતાં કબ્જા કિંમત ભરવામાં ન આવી હોય અગર જો આવા કેસો ઉપલી કોર્ટમાં કે રીવીઝન રાહે હજુ પણ ચાલતા હોય તો પણ તેવા કેસોમાં તા.૨૭/૧૧/૭૫ ના (હવે તા.૭/૫/૭૭) ના હુકમ પ્રમાણે કાર્યવાહી કરવી.

૭. આવા કેસોમાં આકારના ૫૦ ટકા પ્રીમીયમ લેવાનું નક્કી થયેલ છે જે જમીનના આકાર લેવાનો હોય તે આકાર ઉપર લોકલ ફંડ, એજયુકેશન સેસ લેવા કે કેમ?

પ્રીમીયમની રકમ ઉપર લોકલ ફંડ, એજયુકેશન સેસ લેવાનો રહેશે નહીં.

૮. કચ્છ જિલ્લામાં ગરાસદારી ગામોમાં માપણી થયેલ ન હતી. એ તે ગામોનો ગરાસ તા.૩૦/૧૨/૫૮ ના નાબુદ થયેલ. સરકારશ્રી એ તા.૨૭/૧૧/૭૫ ના ઠરાવમાં જણાવેલ છે કે તા.૧/૮/૫૮ થી વધારાની જમીન માટે રકમ વસુલ કરવી. ગરાસદારી ગામોની માપણી તા.૩૦/૧૨/૫૮ પછી સરકારશ્રીએ શરૂ કરેલ. ઈનામી ગામોમાં ૧૯૫૨ માં નંબર ખરડા તૈયાર કર્યા હતા. અને ક્ષેત્રફળ અંદાજે લખ્યું હતું. તે ગામોમાં માપણી થવાથી જમીન વધઘટ થાય તે સ્વાભાવિક છે. આ વધતી જમીન તા.૨૭/૧૧/૭૫ ના હુકમો નિયમીત કરવાની રહે છે કે કેમ?

ઈનામી જમીનો જે સરકાર હસ્તક દાખલ કરવામાં આવેલ હોય તે જમીનો ઉપર ઈનામદારોએ દબાણ કરેલ હોય તો તા.૧૩/૫/૭૦ ના ઠરાવ પ્રમાણે કાર્યવાહી કરવાની થાય છે. પરંતુ તે સીવાય જમીનો ઉપર નવી સર્વે થઈ તે સમયે જે દબાણો માલુમ પડયા તે મુદ્દા નાં.૫ ના રીમાર્કસમાં જણાવ્યા પ્રમાણે નિયમબદ્ધ કરવાના રહે છે.

ઉપરોકત સુચના ઓ અનુસાર તા.૨૭/૧૧/૭૫ નો ઠરાવ નવેસર સરકારશ્રીના મહેસૂલ વિભાગના નાં. દબણ – ૧૧૭૪ -- ૧૦૧૧૪૮ – લ તા. ૭/૫/૭૭ ના ઠરાવ મુજબ થયેલ હોઈ તે મુજબ અમલ કરવા કલેકટરશ્રી કચ્છ તરફથી તેમના નાં. જમન–વશી– ૬૮૫/૭૭ એસો. ફાઈલ નાં.૩૩ તા.૩૦/૫/૭૭ થી તમામ મહેસુલી અધિકારીઓને સુચના આપવામાં આવેલ છે.

અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના આર્થિક,
સામાજીક અને શૈક્ષણિક વિકાસ માટે નિમાયેલ
સમિતિના અહેવાલની ભલામણ ક્રમાંક:-૧૦૯.
-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:
સરકારી પડતર જમીન ઉપર અનધિકૃત કબજા દૂર
કરાવવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:દબાણ-૧૦૭૮-૨૨૪૩૮-લ,
સચિવાલય, ગાંધીનગર, તા. ૨૮-૩-૭૮.

પ રિ પ ત્રઃ-
-----------

અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતીના આર્થિક, સામાજીક અને શૈક્ષણિક વિકાસ માટે શ્રી ડાહ્યાભાઇ નાયકના અધ્યક્ષપણા નીચે નિમાયેલ સમિતિએ જે ભલામણો કરેલ છે તે ભલામણોના ફકરા ક્રમાંક-૮.૧૫ ભલામણ ક્રમાંક-૧૦૯ માં નીચે મુજબ ભલામણ કરેલ છે.

"ઘણા કેટલેક ઠેકાણેથી સમિતિને એવી માહીતી મળી છે કે કેટલાક ગામોમાં સરકારી પડતર જમીનો ગામના આગેવાનોના લાગતા વળગતા વગર પરવાનગીએ ખેડે છે.અને તેથી અનુસુચિત.જાતિના લોકો તેવી જમીનોની માગણી કરી શકતા નથી.કેટલાક ગામોમાં સવર્ણભાઇઓ નદીના ભાઠાની જમીનો વગર પરવાનગીએ ખેડી ખાય છે. કેટલેક ઠેકાણે અનુસુચિત જાતિના લોકોને જમીન આપવાના આદેશ કાગળ ઉપર થઇ ગયા હોય પણ તેવી જમીનો ગામના માથા ભારે ગણાતા માણસો ગેરકાયદેસર ખેડતા હોઇ તેવી જમીનોના પ્રત્યક્ષ કબજા અનુસુચિત જાતિના લોકોને સોંપવામાં આવતાં નથી. પરિણામે આદેશનો અમલ થઇ શકતો નથી. આવા બનાવો સરકારી પછાત વર્ગોને આગળ લાવવાની મૂળભુત નીતિના અમલમાં અંતરાયરૂપ છે. તેથી તે પ્રત્યે સરકારનું ધ્યાન આ સમિતિ ગંભીરપણે દોરે છે. સમિતિને લાગે છે કે ગામે ગામની આવી માહીતી એકઠી કરવી અને જે લોકો વગર પરવાનગીથી જમીનો ખેડતા હોય તે જમીનનો કબજો સરકારે લઇ અનુસુચિત જનજાતિઓના લોકોને માગણીની અગ્રતાના ક્રમ મુજબની વહેંચણી કરવી.''

આ ભલામણ અંગે પુરતી વિચારણા બાદ સરકારશ્રીને જણાયું છે કે જે લોકો સરકારી પડતર જમીન બિન પરવાનગીથી ખેડુતા હોય અને જે કિસ્સામાં દબાણ નિયમબધ્ધ કરવાની કાર્યવાહી ગતિમાં હોય તે સિવાયના અન્ય કિસ્સાઓમાં તેવી જમીનો ખેડી શકય તેટલા પ્રમાણમાં અનધિકૃત કબજો દૂર કરાવીને તે સદરહુ ખુલ્લી જમીનનો સરકારશ્રીના તા. ૧-૩-૬૦ ના ઠરાવ તેમજ તે અંગેની અન્ય સ્થાયી સુચનાઓ મુજબ નિકાલ કરવો.

ઉપરોક્ત સુચનાઓ મુજબ દરેક જીલ્લા કલેકટરશ્રી/ તાલુકા મામલતદારશ્રીને તે મુજબ સત્વરે કાર્યવાહી હાથ પર લેવાની આથી વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મ. ચ. પટેલ,
સેકશન અધિકારી,
મહેસુલ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

સર્વે જીલ્લા કલેકટરશ્રી,

સર્વે તાલુકા મામલતદારશ્રી.

સરકારી જમીનો ઉપર થયેલ દબાણો
દુર કરાવવા બાબત.

ગુજરાત રાજ્ય,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: દબણ/૨૧૭૮/૪૪૬૫૫/લ,
તા.૧૭-૮-૭૮.

વંચાણમાં લીધા :- (૧) સરકારી પરિપત્ર, પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ, નં.પીએમસી/૧૦૭૬/૪૨૦૨/પી, તા.૧-૭-૭૬.

(૨) સરકારી પત્ર નં.પીએમસી/૧૦૭૬/૫૨૪૦/પી, તા.૨૬-૭-૭૬

(૩) કલેકટરશ્રી, અમદાવાદનો પત્ર નં.સીબી/એલએનડી/૭૨૮, તા.૧૫-૪-૭૮ અને નં.સીબી/એલએનડી/૪/૮૯૫, તા.૨૪-૪-૭૮.

**પ રિ પ ત્ર :-**

સરકારી જમીનો અને મહાનગરપાલિકાઓની જમીનો ઉપર દબાણની પ્રવૃત્તિઓ અટકાવવા અંગે ગંભીરતાપુર્વક અને ત્વરિતપુર્વક પુરતાં પગલાં લેવા બાબત, પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ તરફથી તા.૧-૭-૭૬ના પરિપત્ર ક્રમાંક: પીએમસી/૧૦૭૬/૪૨૦૨/પી, થી જરુરી સુચનાઓ બહાર પાડવામાં આવેલ હતી. ત્યારબાદ સદરહું સુચનાઓનો અમલ તે વિભાગના તા.૨૬-૭-૭૬ના પત્ર ક્રમાંક:પીએમસી/૧૦૭૬/૫૨૪૦/પી, થી મકુફ રાખવામાં આવેલ છે. તેથી સરકારી જમીન ઉપરના દબાણના કિસ્સામાં શું કાર્યવાહી કરવી તે અંગે સરકારશ્રીમાંથી માર્ગદર્શન મળવા રજુઆત થયેલ છે.

આથી સર્વે જીલ્લા કલેકટરશ્રીઓને જણાવવામાં આવે છે કે પંચાયત ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગના તા.૨૬-૭-૭૬ના પરિપત્રથી સરકારી જમીન ઉપરના દબાણો અંગે જમીન મહેસુલ સંહિતાની કલમ ૬૧,૨૦૨ અને અન્ય જોગવાઇઓ સ્થગિત કરવામાં આવેલ નથી. અર્થાત સરકારી જમીન ઉપરના દબાણોમાં કાયદા, નિયમો હેઠળ કરવા પાત્ર કાર્યવાહી કરવાની રહેલ. આથી સર્વે જીલ્લા કલેકટરશ્રીઓને વિનંતી કે સરકારી જમીન ઉપરના દબાણના કિસ્સામાં અને તેમાંય ખાસ કરીને મ્યુનિસિપલ વિસ્તારની સરકારી જમીનો ઉપર થયેલ દબાણો અંગે કોઇ ઢિલાશ ન રાખતાં કાયદા અનુસાર કાર્યવાહી આવા દબાણો માલુમ પડે ત્યારે કરતા રહેવી તથા સરકારી જમીનો પર દબાણ થાય

નહી તે અંગે સંબંધિત અધિકારીઓએ અને ખાસ કરીને ફેરણી અધિકારીઓ/ કર્મચારીઓએ જરુરી તકેદારી રાખવી.

૨. આ સુચના પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગની આ વિભાગની ઉપરોકત ક્રમાંકની ફાઇલમાં તા. ૩૦-૬-૭૮ની સંમતિથી બહાર પાડવામાં આવી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડા. ડા. રાઠોડ
સેકશન અધિકારી,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

નકલ રવાના :-

(૧) કલેકટર, અમદાવાદ (કામના કાગળ સાથે)
(૨) બીજા બધા કલેકટરો.
(૩) બધા મામલતદારો.
(૪) પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ, પી શાખા.
(૫) તપાસણી શાખા, મહેસુલ વિભાગ.

**સરકારી જમીનો પર શહેરી વિસ્તારમાં થતા દબાણો.**

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:એલએનજી-૩૯૭૮/૧૯૭૮-અ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૩-૧૦-૧૯૭૮.

**પ રિ પ ત્ર :-**

રાજ્યમાં શહેરી વિસ્તારમાં સરકારી જમીનની પુરતી ચકાસણીના અભાવે તેના પર થતા દબાણો ખૂબ જ લાંબા સમયના અંતરે ધ્યાને આવે છે. આથી જમીનો પર થતા દબાણો અટકે અને શહેરી વિસ્તારની સરકારી જમીનો અંગેનું રેકર્ડ અદ્યતન રહે અને બીન અધિકૃત દબાણો અંગે ચીવટપૂર્વક તત્કાળ કાર્યવાહી થાય તે માટે ગ્રામ અને તાલુકા કક્ષાએ શહેરી વિસ્તારમાં આવેલ સરકારી જમીનની વિગત દર્શાવતું એક રજીસ્ટર પરિશિષ્ટ- "અ" મુજબ માટે નિભાવવું અને પાંચ વર્ષના અંતે નવું રજીસ્ટર તૈયાર કરવાનું રહેશે. નવા રજીસ્ટરના પ્રથમ પાને અગાઉના રજીસ્ટર પર નોંધેલ બધા સર્વે નંબરો આવરી લેવાયા હોવાનું પ્રમાણપત્ર ચકાસીને મામલતદારે આપવાનું રહેશે. તપાસણી અધિકારીઓએ આ રજીસ્ટર તપાસવાનું રહેશે અને તેમની માસિક ડાયરીમાં આ બાબતનો ઉલ્લેખ કરવાનો રહેશે. શહેરી વિસ્તારમાં ખુલ્લી સરકારી જમીનો ચકાસવાનું માસિક ધોરણ જુદા જુદા મહેસૂલી અધિકારીઓ માટે નીચે પ્રમાણે નિયત કરવામાં આવે છે.

૧. સર્કલ ઇન્સ્પેકટર / સર્કલ ઓફિસર માસિક દસ સર્વે નંબરોની ચકાસણી અને છ મહિનામાં બધા જ સર્વે નંબરની ચકાસણી.
૨. મામલતદારશ્રી/મહાલકારી માસિક પાંચ સર્વે નંબરની ચકાસણી.
૩. નાયબ કલેકટર માસિક એક સર્વે નંબરની ચકાસણી.

બધા જિલ્લા કલેકટરશ્રીઓને આથી ઉપર પ્રમાણે કાર્યવાહી તુરત હાથ ધરવામાં આવે તે જોવા વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સેકશન અધિકારી,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પરિશિષ્ટ - "અ"

જિલ્લો ................

## શહેરી વિસ્તારમાં ખુલ્લી સરકારી જમીનની વિગત દર્શાવતું રજીસ્ટર.

| અ.નં. | મહેસુલી ગામ. | સ.નં. | ક્ષેત્રફળ. | આકાર | સ.ઇ./સ.ઓ.મ. સ.નં.ની ચકાસણી ની તારીખ/સહી. | માપ.ના.ક.મ. સ.નં.ની ચકાસણી કર્યાની તારીખ/સહી. | જમીનનો કબજો ખુલ્લો કબજો છે કે કેમ. | જમીન પર બિન અધિકૃત કબજો હોય તો તેની વિગત. | બિન અધિકૃત કબજો અંગે કરેલ કાર્યવાહી. | રીમાર્કસ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |

નવસાધ્ય થયેલ સરકારી ક્ષારયુક્ત
જમીન ખેડતોને ફાળવવા બાબત.

ગુજરાત રાજ્ય,
ખેતી, વન અને સહકાર વિભાગ,
ઠરાવ ક્રમાંક: કેએલડી-૧૦૭૬-૮૬૯૪૨-૪-ટી,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૨૬-૧૦-૧૯૭૮.

વંચાણે લીધો :- ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક:
કેએલડી-૧૦૭૬-૯૬૯૪૨-ટી-૪, તા. ૧૪-૮-૧૯૭૮

ઠ રા વ :-

દક્ષિણ ગુજરાતમાં આશરે ૧,૨૫,૦૦૦ હેક્ટર ખાર જમીનમાંથી અંદાજે ૧૮,૨૦૦ હેક્ટર ખાર જમીન સુરત, વલસાડ તથા ભરુચ જિલ્લાના ઉકાઈ, કાકરાપાર કમાન્ડ વિસ્તારમાં આવેલ છે. ઉકાઈ, કાકરાપારના કિનારાની આ ક્ષારયુક્ત જમીનના ઝડપી નવસાધ્યકરણ કરવા સારું યોજનાઓ તૈયાર કરવામાં આવેલ છે. નહેરના પાણી પિયત માટે વપરાય તેમ હોવાથી પિયત લાયક અને નવસાધ્ય કરેલ ખાર જમીન કેટલીક શરતોને આધીન વહેંચી આપવા સચિવશ્રી, ખાર જમીન વિકાસ મંડળે દરખાસ્ત કરેલ.

૨. પુખ્ત વિચારણા બાદ, સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: કેએલડી-૧૦૭૬-૮૬૯૪૨-ટી, તારીખ : ૧૪-૮-૭૮ માં નવસાધ્ય થયેલ જમીનની ફાળવણી અંગે નીચે મુજબની અંશત: સુધારો કરવાનું સરકાર ઠરાવે છે.

૩. (અ) સદરહુ જમીન સંપૂર્ણપણે નવસાધ્ય થયેલી હોવી જોઈએ.
(બ) જમીનની ફાળવણી નીચે મુજબની અગ્રતાક્રમ ધ્યાનમાં લઈ કરવી.

(૧) સિંચાઈ પ્રયોજનના વિસ્તારમાંથી ડુબાણ જતી જમીનને કારણે સ્થળાંતર કરેલ વ્યક્તિ.

(૨) કિનારાની ક્ષારયુક્ત જમીનના વિકાસના સમય દરમ્યાન વર્ષમાં ૧૨૦ દિવસ સુધી જે ભૂમિહીન મજૂરે ત્રણ વર્ષ સુધી મજૂરી કરેલ હોય.

(૩) ખરેખર જે ગામમાં જમીન આવેલ હોય તે ગામના ભૂમિહીન ખેતમજૂરને.

(૪) કિનારાના ક્ષારયુક્ત જમીનમાંથી ટોચમર્યાદાની ૪.૫૫ ભાગ કરતાં ઓછી ખેત જમીન ધારણ કરતા નાના ખેડૂતને.

(૫) જેને ઓછી જમીન હોય અને તે ખેતીનો જ ધંધો કરવા ઇચ્છા ધરાવતો હોય તેવા કૃષિ સ્નાતક ઇજનેરને.

(૬) નિવૃત્ત નોકરીયાત.

ઉપર દર્શાવેલ દરેક શ્રેણીની વ્યક્તિગત માંગણી છતાં, જે તે શ્રેણીની વ્યક્તિઓની સહકારી મંડળીની માંગણીને અગ્રતા આપવામાં આવશે.

(ક) દાતાને અપાયેલ જમીનની ભોગવટા કિંમતમાં બાર જમીન વિકાસ મંડળ અથવા સરકાર કોઇ સામાન્ય અથવા અસામાન્ય હેતુસર મુનસફી મુજબ નવસાધ્યકરણના ખર્ચના ૬૦ ટકા સુધી(ફેરફાર કરી) કિંમત લઇ શકશે.

(ડ) જમીન ભોગવટા કિંમત નીચે દર્શાવ્યા મુજબ વસુલ કરી શકાશે.

(૧) દાતા પાસેથી જમીન આપ્યા તારીખથી પહેલા પાંચ વર્ષ સુધી કોઇપણ જાતની વસુલાત લઇ શકાશે નહીં.

(૨) પછીના આઠ વર્ષમાં ભોગવટા કિંમતની વસુલાત આઠ સરખા હપ્તાથી કરવામાં આવશે તેમ ૪॥ ટકાના દરથી વ્યાજની વસુલાત પછીના બે વર્ષમાં બે સમાન હપ્તાથી કરવામાં આવશે.

(૩) જો કોઇ કિસ્સામાં સમયસર હપ્તા વસુલ ન થઇ શકે અને સમાહર્તાશ્રી પોતાની મુનસફીથી જમીન પરત ન મેળવતા હપ્તા ભરપાઇ માટે થયેલ ઢીલને માફ કરવા ઇચ્છે તો, ઢીલ થયેલ સમયના હપ્તાની વસુલાત સાથે ૮ ટકાના દંડનીય (વ્યાજના દર) તે હપ્તાની વસુલાત કરશે.

(ઇ) ઉપર જણાવ્યા મુજબ જમીન ભોગવટા કિંમત ચુકવી કરારબદ્ધ થતા જે તે વ્યક્તિને જમીનનો કબજો (ભોગવટો) પ્રાપ્ત થશે અને ત્યારથી તે આ હુકમોમાં ઠરાવ્યા મુજબની શરતો અને બોલીઓથી બંધનયુક્ત (બંધાયેલ) ગણાશે. છતાં ત્રુટિના કિસ્સામાં મહેસૂલી રાહે લહેણું વસુલ ન થાય ત્યાં સુધી તથા સામાન્ય સંજોગોમાં જ્યાં સુધી જમીન ભોગવટા કિંમતની વસુલાત ન થાય ત્યાં સુધી તે જમીનની માલિકી સરકારશ્રીની ગણાશે.

૪. કિનારાની સંરક્ષિત ખાર જમીનની વહેંચણી માટેની નીચે જણાવેલ શરતો સિવાયની અન્ય શરતો તા.૧૪-૮-૧૯૭૮ના સરખા નંબરના ઠરાવમાં દર્શાવ્યા મુજબની રહેશે.

(૧) ઠરાવના પારા-૨ની શરત (૪) માં નીચે મુજબ સુધારો કરવો.

"જમીન મેળવનાર, મળેલ જમીનને ઠરાવેલ સમય-મર્યાદામાં ઘઉં અથવા ચોખાના પાક માટે અનુકૂળ જમીન બનાવશે અને તેને સુધારેલ તથા વિકસીત બનાવી જાળવશે."

૫. આ હુકમો આ શાખાની સરખા નંબરની ફાઈલની મહેસૂલ વિભાગની તા.૭-૯-૧૯૭૮ની નોંધ તથા નાણાં વિભાગની તારીખ : ૮-૯-૧૯૭૮ની નોંધથી સંમતિ મેળવીને કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્ર.નં.વસાવડા
ઉપ સચિવ,
ખેતી, વન અને સહકાર વિભાગ.

પ્રતિ,

સચિવશ્રી, ખાર જમીન વિકાસ મંડળ,
૧૪, કૃષિકા સોસાયટી, પાલડી, અમદાવાદ,

ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ,

સંયુક્ત ખેતી નિયામકશ્રી, વડોદરા / રાજકોટ,

સર્વ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીઓ,

સર્વ કલેક્ટરશ્રીઓ,

સર્વ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,

સહકાર કમિશ્નરશ્રી અને રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ,
ગુજરાત રાજ્ય, અમદાવાદ,

એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ,

મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,

નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર,

સિલેક્ટ ફાઈલ,

શાખા કલેક્શન.

(૧) સરકારી પડતર જમીનનો બીન ખેતી વિષયક હેતુ માટે નિકાલ.

(૨) સરકારી જમીન ઉપરના બીન ખેતી વિષયક હેતુ માટે દબાણો, અને

(૩) ગામતળની જમીનના નિકાલના કિસ્સાઓમાં સત્તાની સોંપણી.

ગુજરાત સરકાર

મહેસૂલ વિભાગ

ઠરાવ ક્રમાંક : એલએનડી-૩૯૭૮-૯૭૧૮૭-અ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૯--૩--૧૯૭૯.

વંચાણે લીધા.— (૧) ઠરાવ ક્રમાંક : એલએનડી-૩૯૭૭-૧૦૧૦૮૪-અ, તા. ૨૪ ઓકટોબર, ૧૯૭૭.

(૨) ઠરાવ ક્રમાંક : દબાણ-૧૪૭૧-૯૩૮૦૮-લ, તા, ૧૨--૧૦--૧૯૭૧.

(૩) ઠરાવ ક્રમાંક : જમમ-૩૯૭૮-૧૨૪૧૫-અ. તા. ૨૪--૧૧--૧૯૭૮.

## ઠ રા વ

ઉપર દર્શાવેલ સરકારી ઠરાવોથી બીન ખેતી વિષયક હેતુઓ માટે સરકારી જમીનો વિના હરાજીએ નિકાલ કરવા માટે સરકારી જમીન મંજુર કરવા તથા તેની ઉપરના બીન ખેતી વિષયક દબાણ નિયમબધ્ધ કરી આપવા માટે જીલ્લા કલેકટરશ્રીઓને જરૂરી સત્તાઓની સોંપણી કરવામાં આવેલ છે પરંતુ હાલમાં જીલ્લા કલેકટરશ્રીઓને સુપ્રત કરવામાં આવેલ સત્તાઓ સરકારશ્રીને અપુરતી જણાય છે. અને નાના વિસ્તાર માટે નજીવા કીંમતના કીસ્સામાં સરકારની મંજુરી માટે કાગળો મોકલવાના રહે છે. જેથી અરજદારને તકલીફ રહે છે. આથી આ તકલીફ નિવારવા અને આવા કામોની જીલ્લા કક્ષાએ ઝડપી નિકાલ થઈ શકે તે હેતુથી અને સત્તાના વિકેન્દ્રીકરણના સિદ્ધાંતને અનુરુપ સરકારી જમીન બીન ખેતીના હેતુ માટે નિકાલ કરવા માટે નીચેના વધારાના અધિકારો કલેકટરશ્રીને આપવા સરકારે ઠરાવેલ છે.

| હેતુ | હાલમાં કલેકટરશ્રીને બીન ખેતીના હેતુ માટે જમીન આપવાના અધિકાર છે. | | સરકારશ્રીના નિર્ણય મુજબ કલેકટરશ્રીને હવે આપવાના આવેલ અધિકાર. | |
|---|---|---|---|---|
| | ક્ષેત્રફળ ચો. મી. | કીંમત રુ. | ક્ષેત્રફળ ચો. મી. | કીંમત રુ. |
| ૧. રહેઠાણના મકાનો માટે વ્યકિતગત કિસ્સામાં | ૨૦૨ની મર્યાદામાં | ૨૦૦૦/--ની મર્યાદામાં | ૨૦૨ની મર્યાદામાં | ૫૦૦૦/--ની મર્યાદામાં |
| ૨. સહકારી મંડળીઓને ગોડાઉનો બનાવવા માટે | ૫૦૦ | ૫૦૦૦ | ૫૦૦ | ૧૦૦૦૦/ |
| ૩. વ્યકિતગત માંગણીદાર સહકારી મંડળીઓ અને અન્ય સંસ્થાઓને અન્ય હેતુ માટે. | શુન્ય | -- | ૨૦૨ | ૫૦૦૦/ |
| ૪. ટ્રસ્ટને કીંમત લઈને વેચાણ આપવા બાબત | શુન્ય | -- | ૨૦૨ | ૫૦૦૦/ |
| ૫. મંદિર/મસ્જીદ, ચર્ચ જેવા હેતુ માટે કીંમત લઈને આપવા અંગે. | શુન્ય | -- | ૨૦૨ | ૫૦૦૦/ |
| ૬. (અ) દબાણ નિયમિત કરવા બાબત. | ૬૦૦ ગામડા ૨૦૦ શહેર | ૪૦૦૦/ | ૬૦૦ ગામડાં ૨૦૦ શહેર | ૧૦૦૦૦/ |
| (બ) દબાણ નિયમિત કરવા નાયબ કલેકટરશ્રી | ૪૦૦ ગામડા | ૧૦૦૦/ | ૪૦૦ ગામડા | ૩૦૦૦/ |

ઉપર જણાવેલ સત્તાઓ સરકારી પડતર જમીનોના નિકાલ અંગેની છે. ઉપર નં. ૫ સામેના મસ્જીદ/મંદિર વગેરેના કીસ્સામાં જ્યાં ગ્રામ પંચાયત હોય ત્યાં ગ્રામ પંચાયતની અથવા જે તે સ્થાનિક સંસ્થાની અને જીલ્લા પોલીસ વડાની પૂર્ણ મંજુરી મેળવ્યા પછી જ કલેકટરશ્રીઓ જમીન આપવાના હુકમ કરવાના રહેશે.

૨. આ સત્તાઓ ૬ મોટા શહેરો (૧) અમદાવાદ (૨) વડોદરા (૩) સુરત (૪) અને રાજકોટ (૫) જામનગર અને ૬. ભાવનગરમાં જીલ્લા કલેકટરશ્રી ભોગવી શકશે નહીં. અને તેને માટેની દરખાસ્તો સરકારશ્રીની મંજુરી અર્થે રજુ કરવાની રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકવાળી ફાઈલ ઉપર તા. ૧૪--૨--૭૯ના અને તા. ૧૫--૩--૭૯ની નાણાં વિભાગની અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઈ. એ. પટેલ,
ઉપસચિવ,
મહેસુલ વિભાગ,
ગુજરાત સરકાર.

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વિચરતી જાતિ તથા વિમુક્ત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પ્રથમ અહેવાલ. ભલામણ નં. ૩

---

પેશકદમી કેસો કરવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક. દબાણ- ૧૦૭૯-૨૯૮૪૪-લ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૧૮-૫-૧૯૭૯.

પ રિ પ ત્ર-

અનુસૂચિત જાતિ-જનજાતિ, વિચરતી જાતિ તથા વિમુક્ત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રથમ અહેવાલમાં ભલામણ-૩ માં સમિતિએ નીચે મુજબ ભલામણ કરી છે.

''જમીનની સાંથણી કરીને હરિજનો અને આદિવાસીઓને તે જમીન ખેતી માટે આપવી, એવી સરકારની નીતિ છે. આ નીતિ અનુસાર જમીનની સાંથણી કરીને હરિજનોને આપવામાં આવે છે. પરંતુ સમિતિને પ્રવાસ દરમ્યાન લગભગ દરેક જિલ્લામાં એવી ફરિયાદો મળી કે હરિજનોને સાંથણીમાં જે જમીન આપવામાં આવે છે તે જમીન ખેતી લાયક જ હોતી નથી, અને ખાડા ટેકરાવાળી હોય છે. જે હરિજનો પોતાની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે તેઓ જમીન સુધારી શકતા નથી. હરિજનોને સાંથણીમાં જે જમીન મળે છે, તે પેશકદમીવાળી હોય છે, અને તેનો કબજો હરિજનો છોડાવી શકતા નથી, પરિણામે સરકારની નીતિનો લાભ તેમને મળતો નથી. સમિતિ સમક્ષ એવી પણ રજૂઆતો થઇ હતી કે જો હરિજનો પેશકદમી કરે તો તેમની સામે પેશકદમીના કેસ કરવામાં આવે છે. જ્યારે ખેડૂતો તરફથી પેશકદમી થઇ હોય તેવા કિસ્સામાં જમીનને નિયમિત કરી આપવામાં આવે છે. સમિતિને એમ લાગે છે જો આ પ્રમાણે પરિસ્થિતિ હોય તો તે બરાબર નથી.

સમિતિ સરકારને ભલામણ કરે છે કે હરિજનોને જમીન આપવામાં આવે તે જમીન પર કોઇનો કબજો ન હોવો જોઇએ અને કોઇ પેશકદમી હોય તો તે દૂર કરીને જ આવી જમીન હરિજનોને આપવી. જમીનની સોંપણી ફક્ત કાગળ ઉપર ન થાય તે માટે સરકારે સ્થાનિક અધિકારીઓને સ્પષ્ટ સુચનાઓ આપવી. હરિજનોને ગૌચર અને સરકારી પડતર જમીનમાંથી સાંથણી માટે આપવામાં આવતી જમીનના હદ નિશાન સરકારી ખર્ચે સમયસર કરાવી આપવા જોઇએ.''

આ ભલામણ અંગે પુરતી વિચારણા બાદ સરકારને જણાવ્યું છે કે સરકારી જમીન ઉપર જે ઇસમોએ પેશકદમી કરી હોય તે ઇસમો સામે કોઇપણ જાતના ભેદભાવ વિના કાયદાકીય જોગવાઇ મુજબ પેશકદમી દૂર કરવા. તેમજ દબાણ નિયમબધ્ધ કરવાપાત્ર જણાતા કેસોમાં પણ કોઇ જાતનો ભેદભાવ રાખ્યા વિના કાર્યવાહી કરવી.

સાંથણીના નિયમો પ્રમાણે અગ્રતાક્રમ આવતા ઇસમોને જમીન સાંથણીમાં આપતી વખતે જમીન ખેતી લાયક છે તેની પુરતી ખાત્રી કરવી અને તેના ઉપર કોઇપણ ઇસમનો કબજો હોવો જોઇએ નહીં. અને જો કબજો હોય તો તે ખુલ્લો કરાવીને જમીન આપવી જોઇએ. જેથી દબાણ હોય અને કાગળ પર કબજો સોંપાયો હોય એમ ન બનવું જોઇએ.

ઉપરની સુચનાઓનું ચુસ્ત રીતે પાલન થાય તે જોવા જિલ્લા કલેકટરોને/ જિલ્લા વિકાસ અધિકારીઓને આથી સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ક. કા. રાઠોડ
સેકશન અધિકારી,
મહેસૂલ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
સર્વે જિલ્લા કલેકટરશ્રી,
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
~~સર્વે તાલુકા મામલતદારશ્રી,~~
~~સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી~~,
પંચાયત, ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગ,
મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગ,
મહેસૂલ વિભાગની 'અ' તથા 'ગ' શાખાઓ,
સિલેકટ ફાઇલ.

ગ્રામ/નગર પંચાયતો
જાહેર જમીનો પરના દબાણો
દૂર કરાવવા બાબત....

# ગુજરાત સરકાર

પંચાયત, ગૃહ નિમાર્ણ અને શહેરી વિકાસ વિભાગ

પરિપત્ર ક્રમાંક : ખતર-૩૦૭૮-૮૨-ચ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૭૯.

## પરિપત્ર

ગ્રામ/નગર પંચાયતોએ જાહેર જમીનો ઉપરના દબાણો દૂર કરવા અંગે આ વિભાગમાંથી નીચે પ્રમાણે અવારનવાર સૂચનાઓ આપવામાં આવેલ છે.

૨. પરિપત્ર ક્રમાંક : એલએનડી-૨૭૬૬-૫૯૩૫-ચ, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૬૬.—ગુજરાત ગ્રામ અને નગર પંચાયતોના મંત્રીઓ (કાર્યો અને ફરજો) નિયમો, ૧૯૬૩ના નિયમ ૩ના કલોઝ (જી) અન્વયે દરેક ગ્રામ પંચાયતના તલાટી-કમ-મંત્રીની તેમજ નિયમ-૪ ના કલોઝ (જી) અન્વયે દરેક નગર પંચાયતના મંત્રીની એ ફરજ છે કે પંચાયત કે સરકારી જમીનો પર કોઈ દબાણો થયેલા જણાય તો, જો પંચાયતની જમીન ઉપર દબાણ થયેલ જણાય તો જિલ્લા પંચાયતને અને જો સરકારી જમીન હોય તો કલેકટરશ્રીને તુરત જ જાણ કરવી અને આવા દબાણો દૂર કરવા તમામ પગલાં લેવાં. સંબંધિત મંત્રી ફરજ પાલનમાં બેદરકારી કે નિષ્ક્રિયતા બતાવે તો આવા મંત્રીની સામે જરૂરી પગલાં લેવાં. વધુમાં જિલ્લા પંચાયતને ફાળવવામાં આવેલ સર્કલ ઈન્સ્પેકટર ગામોની મુલાકાત દરમ્યાન દબાણો શોધી કાઢવા અને દૂર કરાવવા પ્રયત્નશીલ રહે અને આ અંગેની કાર્યવાહીની તેમની પ્રવાસ નોંધમાં અવશ્ય નોંધ કરે અને પ્રવાસ નોંધ તપાસનાર અધિકારી ચકાસણી કરતા રહે.

પત્ર ક્રમાંક : જમન-૩૦૬૮-૨૩૪૬-ચ, તારીખ ૭મી માર્ચ, ૧૯૬૮.

ગ્રામ પંચાયતમાં સંપ્રાપ્ત થયેલ ગોચરની અને બીજી જમીનો પર અનધિકૃત રીતે ઉગાડેલો પાક દૂર કરવાની સત્તા ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૯૪(૨) મુજબ ગ્રામ/નગર પંચાયતોને છે તેમજ ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૯૪(૬) (૭) મુજબ જે તે તાલુકા પંચાયત પણ આ અંગે પગલાં લઈ શકે.

બીન પરવાનગીથી થતાં વાવેતરો ઢોરો પાસે ભેલાણ કરીને દૂર કરાવવામાં આવે છે. અસાધારણ સંજોગો સિવાય આમ ન કરવું અને આવો પાક દૂર કરવા માટે પંચાયત કોઈને હરરાજીથી પાક દૂર કરવાની કામગીરી આપે અને હરરાજીમાં રાખનાર વ્યકિત તે પાક લઈ જઈ શકે અને પંચાયતને પોતાની જમીન ઉપર અનધિકૃત રીતે થયેલ વાવેતરની હરરાજીમાંથી કીંમતની રકમ વળતર તરીકે મળી રહેશે. દબાણ કરનારે કરેલી મહેનત અને ખર્ચ નકામા જતાં તેને દબાણ કરવાનું આકર્ષણ રહેશે નહીં.

જમન-૩૦૬૭-ચ, તા. ૧-૮-૧૯૬૭.

(૧) દરેક સ્તરની પંચાયતો તરફથી દબાણો તાત્કાલિક દૂર કરાવવા અસરકારક પગલાં લેવામાં આવે અને વધુ કોઈ દબાણો થવા ન પામે તે માટે દરેક નગર અને ગ્રામ પંચાયતની કચેરીમાં દબાણોના કિસ્સાઓનું રજીસ્ટર રાખવું તે રજીસ્ટરમાં દબાણના તમામ કિસ્સાઓની નોંધ કરવી. જિલ્લા કક્ષાએ જિલ્લા પંચાયતમાં અને તાલુકા કક્ષાએ તાલુકા પંચાયતમાં દબાણના કિસ્સાઓ અને તે ઉપર થયેલી તજવીજ અંગે તકેદારી રાખવા રજીસ્ટર રાખવું.

(૨) વિકાસ કમિશ્નરશ્રી તરફથી તેમજ જિલ્લા પંચાયત તરફથી પંચાયતોની તપાસણી કરવામાં આવે ત્યારે અવશ્ય આ રજીસ્ટરની ચકાસણી કરવી. અને દબાણનાં કિસ્સામાં ઢીલ થવા પામી નથી તેની ખાત્રી કરવી.

(૩) તલાટી-કમ-મંત્રીની તાલુકા કક્ષાએ મળતી બેઠકમાં આ અંગે થયેલ તજવીજની સમીક્ષા કરવી અને પ્રગતિ તપાસી વિશેષ જરૂરી સુચનાઓ આપવી અને ઢીલ કે બેદરકારી જણાતા જવાબદાર સામે પગલાં લેવા.

(૪) પંચાયતના સર્કલ ઈન્સ્પેકટરોએ દબાણ દૂર કરાવવા અંગત ધ્યાન આપવું અને તાલુકા વિકાસ અધિકારીશ્રીએ દર મહીને પ્રગતિની સમીક્ષા કરી યોગ્ય તજવીજ નિયમાનુસાર કરવી.

(૫) જુના દબાણના કિસ્સાઓમાં દબાણ દૂર કરાવવા તાત્કાલિક તજવીજ કરવી.

જમન-૩૦૬૭-૯૨૮૯-ચ, તારીખ ૨૩ મી ઓક્ટોબર. ૭૦.

જાહેર જમીન પરના દબાણો દૂર કરાવવા તે પંચાયતની પંચાયત ધારા નીચે ફરજ છે. અને પંચાયત તે ફરજ બજાવી શકે તે માટે ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૯૪(૨)(૬)(૭) અને ૩૧૯ નીચે તેને પુરતા અધિકારો અને સત્તા પણ આપેલ છે. તેમ છતાં. ગ્રામ/નગર પંચાયતો આવા દબાણો દૂર કરાવવામાં શિથીલ કે નિષ્ક્રિય જણાય તો તેવી પંચાયતોને ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૨૯૭ નીચે સુપરસીડ કરવા જિલ્લા વિકાસ અધિકારીએ વિકાસ કમિશ્નરશ્રીને દરખાસ્ત મોકલવી.

જમન-૩૦૬૭-૧૦૧૭૨-ચ, તા. ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૭૧.

જે કિસ્સાઓમાં દબાણ દૂર કરાવવામાં શિથિલતા કે નિષ્ક્રિયતા દેખાય તે તે કિસ્સામાં સંબંધકર્તા અધિકારીઓના ખુલાસા મેળવીને તેઓ સામે જિલ્લા વિકાસ અધિકારીએ પગલાં લેવાં.

સરકારી જમીન પરના દબાણો જો પંચાયત દૂર કરાવવા માંગતી હોય અને સદરહુ દબાણ પંચાયત દૂર કરાવી શકે તેમ છે તેમ ક્લેકટરશ્રીને ખાતરી થાય તો ક્લેકટરશ્રીની મંજુરીથી પંચાયતે તેવું દબાણ દૂર કરાવવું.

જમીન દબાણના જે કિસ્સાઓમાં ગ્રામ/નગર પંચાયતો તેવા દબાણો દૂર કરાવવા માટે એક વરસ જેટલો સમય લે તો ગ્રામ/નગરપંચાયતો માટે આવું દબાણ દૂર કરાવવું મુશ્કેલ કાર્ય છે. તેવું અનુમાન તાલુકા વિકાસ અધિકારીશ્રીએ કરી ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૯૪(૬)નો ઉપયોગ કરી આવું દબાણ તાકીદે દૂર થાય તેવા પગલાં લેવા. આ અંગેની તમામ જવાબદારી તાલુકા વિકાસ અધિકારીની રહેશે

જમન-૩૦૭૪-૭૧૪૧-ચ, તા. ૭મી સપ્ટેમ્બર ૧૯૭૪.

દબાણો દૂર કરવા માટેની સૂચનાઓનો ચુસ્ત અમલ કરવા માટે ગ્રામ પંચાયતોને પચાયત ધારા હેઠળ મળેલ સત્તાઓનો ઉપયોગ કરવા વિનંતી છે.

જમન-૩૦૭૩-૭૯૩-ચ, તા. ૬ઠી સપ્ટેમ્બર, ૧૯૭૫.

દબાણ દૂર કરાવવા અંગેનો માસિક પ્રગતિ અહેવાલ તેના પછી આવતા માસની દશ તારીખ સુધીમાં અચુક વિકાસ કમિશ્નરશ્રી તેમજ આ વિભાગને મોકલવો. વિકાસ કમિશ્નરશ્રીએ દબાણ દૂર કરવાની પ્રગતિ અંગે સમયાંતરે સમીક્ષા ( Review ) કરીને સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને તાકીદ કરીને દબાણોની સંખ્યા ઘટાડવા સક્રીય પ્રયત્નો કરવા વિનંતી કરવામાં આવે છે.

૩. ઉપર જણાવ્યા પ્રમાણે સૂચનાઓ આપેલ હોવા છતાં સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે કે પંચાયતોને સુપ્રત થયેલ ગૌચર કે અન્ય સાર્વજનિક જમીન પરના દબાણો દૂર કરાવવામાં કેટલીક પંચાયતો પુરતી પ્રયત્નશીલ હોતી નથી. તેમજ જિલ્લા/તાલુકા પંચાયતના અધિકારીઓ પણ આવી જમીનો પરના દબાણો દૂર કરાવવા માટે પુરતા પ્રમાણમાં કાર્યશીલ હોતાં નથી. કેટલાક જિલ્લાઓમાં દબાણોના રજીસ્ટરો પણ વ્યવસ્થિત રાખવામાં આવતા નથી.

**(૪) આથી સરે જિલ્લા વિકાસ અધિકારીને ફરીને ભારપૂર્વક જણાવવામાં આવે છે કે જાહેર જમીનો ઉપર દબાણો દૂર કરવા માટે સરકારે વખતો-વખત આપેલ સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવી/કરાવવી અને તેનો કડક અમલ થાય તે જોવું અને જે પંચાયત દબાણ દૂર કરવા માટે નિષ્ક્રિય જણાય તેને ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૨૯૭ નીચે સુપરસીડ કરવા માટે વિકાસ કમિશ્નરશ્રીને અચૂક જરૂરી દરખાસ્ત કરવી.**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બા. ભા. દેસાઈ,<br>
સેકશન અધિકારી,<br>
પંચાયત, ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ<br>
વિભાગ.

પ્રતિ,

વિકાસ કમિશ્નરશ્રી (૧૦ નકલો).<br>
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.<br>
સર્વે ક્લેકટરશ્રીઓ.<br>
સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,<br>
મહેસૂલ વિભાગ/લ શાખા, સચિવાલય, ગાંધીનગર.<br>
માનનીય પંચાયત મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, (માન. મંત્રીશ્રીની જાણ માટે).<br>
ત શાખા, પંચાયત, ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.<br>
સીલેકટ ફાઈલ.<br>
સર્વે તલાટી-કમ-મંત્રીઓ (જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ મારફત).

જમીન મહેસૂલ કાયદાની કલમ-૨૦૨
હેઠળ eviction માટેની નોટીસ આપતાં
પહેલાં અનુસરવાની પદ્ધતિ બાબત.

મહેસૂલ વિભાગ,
પરિપત્ર નં.જમન-૧૦૭૯-૧૧૨૩૨૨-લ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૨મી સપ્ટેમ્બર ૧૯૭૯.

**પ રિ પ ત્ર :-**

જમીન પરના ગેરકાયદેસર કબજેદારને સંક્ષિપ્ત રીતે દૂર evict કરવાની જોગવાઇ જમીન મહેસૂલ સંહિતાની કલમ-૨૦૨ અન્વયે નિર્ણીત કરવામાં આવેલ છે. આ કલમ હેઠળ આપવામાં આવતી નોટીસને હુકમનો દરજ્જો છે અને તેથી આ કલમ હેઠળ eviction ની નોટીસ આપતા પહેલાં કુદરતી ન્યાયના સિદ્ધાંતો જળવાય તે માટે પક્ષકારને સાંભળવાની તથા રજુઆતની તક આપવી જોઇએ.

કલમ-૨૦૨ હેઠળ નોટીસ આપતાં પહેલાં જમીન મહેસૂલ સંહિતાની કલમ-૪૮(૪) ૬૧, ૬૬ અથવા ૭૯-એ હેઠળ અથવા અન્ય સંબંધિત કાયદાની જોગવાઇ હેઠળ eviction નો હુકમ કરવો જરુરી છે. મતલબ કે કલમ-૨૦૨નો ઉપયોગ કરતાં પહેલાં જે કલમની જોગવાઇ અન્વયે જમીનનો કબજો ગેરકાયદેસર હોય તે કલમ નીચે કાર્યવાહી કરી, પક્ષકારને સાંભળી પછી eviction નો હુકમ થવો જોઇએ.

૨. ઉપર મુજબની પદ્ધતિ અનુસરવામાં ન આવી હોય અને કલમ-૨૦૨ હેઠળ સીધે સીધી eviction ની નોટીસ આપવામાં આવી હોય તેવા કેટલાક કેસોમાં કાયદાની અદાલતોએ સરકારની વિરુદ્ધમાં નિર્ણયો આપેલા છે. તે હકીકત ધ્યાનમાં લેતાં જમીન મહેસૂલ કાયદાની કલમ-૨૦૨ હેઠળ eviction ની નોટીસ આપતાં પહેલાં ઉપર જણાવ્યા મુજબની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તે જોવા સર્વે મહેસૂલ અધિકારીઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઇ.એ.પટેલ
ઉપસચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

બધા જીલ્લા કલેકટરો,
બધા જીલ્લા વિકાસ અધિકારીઓ,
બધા તાલુકા મામલતદારો,

સરકારી જમીન ઉપરના દબાણો
નિયમબધ્ધ કરી આપવા બાબત.

# ગુજરાત સરકાર

## મહેસૂલ વિભાગ

ઠરાવ ક્રમાંક : દબણ-૧૦૭૨-૨૮૭૬૫-લ.

સચિવાલય, ગાંધીનગર, ૮મી જાન્યુઆરી, ૧૯૮૦.

**સંદર્ભ :—**

૧ ઠરાવ ક્રમાંક : ૩૨૯૭/૪૫ તા. ૧૭-૫-૫૦
૨ યાદી ક્રમાંક : ૩૨૯૭/૧૪૫૧/૨૯૩૯૫/બી. તા. ૨૯-૫-૫૨.
૩ ઠરાવ ક્રમાંક : એલઈએન-૫૪/૨૮૩૦૦/એ- તા. ૬-૭-૫૪.
૪ ઠરાવ ક્રમાંક એલએનડી-૩૯૫૩/૨ તા. ૧૪-૬-૫૫.
૫ ઠરાવ ક્રમાંક : એલઈએન-૫૫/૬૯૭૬૪/પી તા. ૨૩-૯-૫૫
૬ ઠરાવ ક્રમાંક : એલઈએન/૧૦૬૨/૧૧૦૧૨૬-લ. તા. ૭-૨-૬૩
૭ યાદી ક્રમાંક : એલઈએન/૧૦૬૩/૩૪૭૬૬/લ. તા. ૧૦-૭-૬૩
૮ પરિપત્ર ક્રમાંક : એલએનડી-૩૯૬૪/૧૬૧૩૬૯-અ. તા. ૩૧-૫-૬૫
૯ પરિપત્ર ક્રમાંક : દબણ-૧૦૬૬-૩૨૮૧૪-લ. તા. ૭-૫-૬૬.
૯(અ) પરિપત્ર ક્રમાંક : દબણ-૨૦૬૫/૬૮૬૬૬/લ. તા. ૧૧-૭-૬૬.
૧૦ ઠરાવ ક્રમાંક : દબણ-૧૦૬૭/લ. તા. ૨૦-૫-૬૭.
૧૦(અ) ઠરાવ ક્રમાંક : એલઈએન-૧૦૬૫/૮૮૯૭૧-એલ. તા. ૧૭-૩-૬૭.
૧૧. પરિપત્ર ક્રમાંક : દબણ-૨૨૬૭-૧૦૮૩૭૩/લ. તા. ૨૯-૧-૬૮.
૧૨ ઠરાવ ક્રમાંક : એલઈએન-૧૦૬૫/૨૭૭૫/લ. તા. ૧-૬-૬૮.
૧૩. પરિપત્ર ક્રમાંક : દબણ-૧૪૬૯/૨૦૩૦૮/લ. તા. ૭-૭-૬૯.
૧૪. ઠરાવ ક્રમાંક : દબણ-૧૩૬૯/૧૫૧૯૫૦/લ. તા. ૬-૩-૭૦.
૧૫ ઠરાવ ક્રમાંક : દબણ-૧૨૭૦/૧૭૪૫૮/લ. તા. ૧૨-૫-૭૦
૧૬ ઠરાવ ક્રમાંક : જમન-૩૯૭૦-૧૭૯૦/અ. તા. ૧૧-૮-૭૦.
૧૭. ઠરાવ ક્રમાંક : દબણ-૧૦૭૦-૮૫૨૪૦/લ. તા. ૮-૧૨-૭૦
૧૮. યાદી ક્રમાંક : એલએનડી-૩૯૭૦/૧૩૩૩૯૦/અ. તા. ૩૦-૧-૭૧
૧૯. યાદી ક્રમાંક : દબણ-૧૯૭૧/૭૫૨૦૪/લ. તા. ૧૩-૭-૭૧.
૨૦. ઠરાવ ક્રમાંક : દબણ-૧૯૭૧/૭૭૯૪૬/લ. તા. ૫-૮-૭૧.
૨૧. ઠરાવ ક્રમાંક : દબણ-૧૪૭૧-૯૩૮૦૮/લ. તા. ૧૨-૧૦-૭૧
૨૨. ઠરાવ ક્રમાંક : દબણ-૧૦૭૦/૧૩૩૨૫૭-લ. તા. ૮-૧૨-૭૧
૨૩. ઠરાવ ક્રમાંક : એલએનડી-૩૯૭૧-૭૭૨૦૫-અ. તા. ૨૯-૧૨-૭૧.
૨૪. ઠરાવ ક્રમાંક : દબણ-૧૦૭૨/૨૭૭૫/લ. તા. ૨૫-૭-૭૨.
૨૫. ઠરાવ ક્રમાંક : દબણ-૧૦૭૨-૩૦૬૭-લ. તા. ૨૪-૬-૭૪
૨૬. ઠરાવ ક્રમાંક : એલએનડી-૩૯૭૮-૯૭૧૮૭-અ. તા. ૧૯-૩-૭૯ (દબાણ પુરતું)

## ઠરાવ

ઉપર જણાવેલા ઠરાવો, પરિપત્રો વગેરેમાં આપેલી બધી સૂચનાઓનું સંકલન કરીને દબાણ નિયમિત કરી આપવા માટે નીચે મુજબની સુધારેલી સૂચનાઓ આપવામાં આવે છે.—

૧. દબાણ દૂર કરવું એ પાયાનો સિદ્ધાંત રહેશે.

૨. જે જમીનો ભવિષ્યમાં જાહેર હેતુઓ માટે સરકારને જરૂરી જણાશે તે જમીનો પરનું દબાણ કોઈપણ સંજોગોમાં નિયમિત કરી આપવામાં આવશે નહીં અને દબાણ કરનાર વ્યકિતને ગમે તેટલું આકરૂ લાગે તો પણ દબાણ દૂર કરવામાં આવશે.

૩. પછાત વર્ગ કે બીન પછાતવર્ગના લોકોએ કરેલ દબાણ એવા કેસમાં નિયમિત કરી આપવાની વિચારણા કરવી કે જેમાં દબાણ કરનાર વ્યકિતને દબાણ દુર થવાથી ભારે નુકશાન થાય કે સહન કરવું પડે અને આવું દબાણ દુર કરવાથી સરકારને બીજો કોઈ ખાસ લાભ થતો ન હોય અથવા જાહેર હિતને નુકશાનકર્તા ન હોય.

૪. આ સૂચનાઓ ખેતી કરવા માટે કરેલ દબાણ અથવા રહેઠાણ માટે કરવામાં આવેલ દબાણ બંનેને લાગુ પડશે. રેખા નિયંત્રણ કે બાંધકામના બીજા નિયંત્રણોનો ભંગ થતો હોય તેવા દબાણ કોઈપણ સંજોગોમાં નિયમિત કરી આપવા નહીં.

૫. વ્યાપારીક કે ઔદ્યોગિક હેતુઓ માટે કરેલ દબાણ સામાન્યપણે દૂર કરાવવું સિવાય કે દબાણ કરનાર વ્યકિતને દબાણ દૂર કરાવવાનાં બહુ ભારે આર્થિક નુકશાન થતું હોય અને તેને દુર કરાવવાનાં સરકારને ખાસ લાભ થવાનો પ્રશ્ન ન હોય, અથવા જાહેર હિતને નુકશાન કર્તા ન હોય આવા કેસો કલેકટરોએ નિયમિત કરવા નહીં પરંતુ સરકારમાં દરખાસ્ત કરવી. આવા કેસો સરકાર ગુણદોષ પર ચકાસીને દબાણ દૂર કરવું અગર તો તે નિયમિત કરવું અને તે કઈ શરતોએ નિયમિત કરવું તે દરેક કેસમાં ગુણદોષ તપાસીને નક્કી કરશે આવું દબાણ નિયમિત કરવાની દરખાસ્ત કરવામાં આવે તે સાથે હાલના બજારભાવની અઢીગણી શિક્ષાત્મક કબજા કિંમત અથવા તેથી વધુ અને સરકાર બીજી જે શરતો નક્કી કરે તે શરતો અંગે દબાણ કરનારની લેખિત સંમતિ પણ મેળવીને મોકલવી.

**ખેતીની જમીનો પરના દબાણો નિયમિત કરવા બાબત.**

૬. પુરતી તકેદારી રાખવા છતાં સરકારી જમીન ઉપર દબાણો અવારનવાર થતાં રહે છે આ દબાણો કરનાર મહદ અંશે અભણ, ગરીબાઈથી લાચાર બનેલા પછાત વર્ગના હરીજનો, આદીવાસીઓ, તથા પછાત વર્ગના ઈસમો હોય છે. આવી જાતના દબાણો તા. ૩૧મી માર્ચ ૧૯૭૨ની તારીખે જેને ત્રણ વર્ષ અગર વધુ વખત થયો હોય તેવાં દબાણો નીચે દર્શાવેલી શરતોને આધીન રહી કલેકટરે વિનિયમિત કરી આપવા :—

(૧) જે જમીનો જાહેર હેતુ માટે, સાર્વજનિક ઉપયોગ માટે હોય તેની ઉપર દબાણ થયું હોય તે સત્વરે દૂર કરવા તેમજ જે દબાણોના કિસ્સામાં દબાણ દૂર કરવાથી દબાણદારને હાડમારી ન પડતી હોય તેવા દબાણો એક નિયમ તરીકે દૂર કરવાં.

(૨) આ સિવાય કલેકટરશ્રી સ્થળ પરિસ્થિતિ જોતાં જણાય કે આ જમીનોનું દબાણ દૂર કરવાથી દબાણદારને હાડમારી પડે તેમ છે, તે કફોડી સ્થિતિમાં મુકાઈ જાય તેમ છે; તો જ તે જમીનનું દબાણ નિયમિત કરવા માટે વિચારવું. કલેકટરોએ આવી ખેતીની જમીન ઉપરના દબાણ. દબાણ હેઠળની જમીન સહિત ખાતેદારનું કુલ ખાતું આઠ એકરથી વધે નહીં તે પ્રમાણે દબાણ નિયમિત કરી આપવું. જો આ ક્ષેત્રફળ આઠ એકર કરતાં વધી જાય તો તેટલી જમીન ઉપરનો કબજો છોડાવી લેવા તજવીજ કરવી.

(૩) જો ખાલસા અને બીજા કોઈ કારણસર જેવી કે નવી શરતની જમીનના શરતભંગ વગેરે કારણોથી સરકાર દાખલ થયેલી વિકસિત થયેલી જમીન ઉપર દબાણો થતાં હોય તો દબાણ હેઠળની જમીન સહિત ખાતેદારનું કુલ ખાતું ચાર એકરથી વધે નહીં તે મર્યાદામાં જ અને કબજા હક્કની રકમ કલેકટર નક્કી કરે તેનાથી અઢી ગણી રકમ દબાણદાર આપે એ શરતે જ દબાણ નિયમિત કરી આપવું.

(૪) ઉપર (૩) સિવાયની જમીન ઉપરના દબાણોના કિસ્સામાં કબજા હકની રકમ નીચે મુજબ વસુલ લેવી.

૧. **વણખેડાયેલી જમીન** ( Virgin Land ).—આવી જમીન ઉપર પછાતવર્ગ તરફથી દબાણ થયેલું હોય તો તે ૬ પટ જેટલી કબજા હકની રકમ લઈને બીન પછાતવર્ગ તરફથી દબાણ થયું હોય તો આકારના ૩૦ પટ જેટલી કબજા હકકની રકમ દબાણદાર ભરપાઈ કરી આપે તે શરતે દબાણ હેઠળની જમીનનો કબજો નિયમિત કરી આપવો.

૨. **ખેડાયેલી જમીન**:—( Non Virgin Land ) : જો આવી જમીનોનું દબાણ પછાતવર્ગ તરફથી થયેલું હોય તો આકારના પંદર પટ જેટલી રકમ અને બિન પછાતવર્ગ તરફથી થયું હોય તો આકારના ૬૦ પટ જેટલી રકમ દબાણદાર ભરપાઈ કરી આપે તે શરતે દબાણ હેઠળની જમીનોનો કબજો નિયમિત કરી આપવો.

(૫) **ટેકનીકલ દબાણ**:— કેટલાંક પ્રકારના દબાણો એવાં હોય છે કે જે દબાણદારોએ જાણી જોઈને કરેલાં હોતાં નથી, પરંતુ અજાણપણે અને અજ્ઞાનતાથી કરેલા છે. જે દબાણો કાયદાના કડક અર્થમાં દબાણ કહી શકાય નહીં. દા. ત. (અ) જમીનોની માપણી ન થઈ હોય અને જમીનો ખાતેદારને આપવામાં આવી હોય ત્યારે આશરે કાઢેલા ક્ષેત્રફળ ઉપર આપવામાં આવેલી હોય, પરંતુ જ્યારે માપણીથી ચોક્કસ ક્ષેત્રફળ નક્કી કરવામાં આવે ત્યારે તે વધુ થાય તો જેટલું ક્ષેત્રફળ વધે તેટલું ક્ષેત્રફળ દબાણની વ્યાખ્યામાં આવી જાય.

(બ) જ્યારે જમીન એકસાલી ધોરણે ખેડવા આપી હોય અને તેની મુદત પુરી થાય ત્યારે અરજદારે બીજા વર્ષ માટે પણ ખેડવા અરજી કરી હોય અને તે અરજી નામંજૂર થઈ ન હોય અરજદારને ખેડવા આપવી કે કેમ તેવો હુકમ થયો ન હોય, જેથી ખેડવા આપવામાં આવશે એ અપેક્ષાએ જમીન અરજદારે ખેડી હોય ત્યારે ટેકનીકલ દબાણો નીચે મુજબની શરતોને આધીન રહીને કલેકટર નિયમિત કરી આપી શકશે.

(ક) ટેકનીકલ દબાણોના કિસ્સાઓમાં તા. ૧લી માર્ચ, ૧૯૬૦ના સરકારી હુકમો લાગુ થાય છે જ, મતલબ કે દબાણ હેઠળની જમીન સહિત ખાતેદારનું કુલ ખાતું એક પોષણક્ષમ ક્ષેત્ર અથવા ૧૬ એકરની મર્યાદા કરતાં વધે નહીં તે શરતે આવાં દબાણો નિયમિત કરી આપવાં.

૧. **પછાતવર્ગના દબાણદારોના કિસ્સાઓ.**— દબાણ થયું હોય ત્યારે જમીન વણખેડાયેલી ( Virgin Land ) હોય તો વિના મૂલ્યે આપવી અને જમીન ખેડાયેલી ( Non Virgin Land )હોય તો આકારના છ પટ લઈને આપવી.

૨. **બિન પછાતવર્ગના કિસ્સાઓ.**— દબાણ હેઠળની જમીન વણખેડાયેલી ( Virgin Land) હોય તો આકારના ૩૦ પટ લઈને અને ખેડાયેલી ( Non-Virgin Land)હોય તો આકારના ૬૦ પટ લઈને આપવી.

ઉપર મુજબની શરતોને આધીન રહી મામલતદારો તેમના કાર્યક્ષેત્રમાં આવતા ગમે તે ગામ/શહેરમાં એક એકર સુધી, નાયબ/મદદનીશ કલેકટર ૨ એકર સુધી અને ૨(બે) એકર કરતાં ઉપરની મર્યાદામાં કલેકટર દબાણો નિયમિત કરી શકશે. આ અધિકારો છ શહેરી સંકુલો (૧) અમદાવાદ (૨) વડોદરા, (૩) સુરત, (૪) રાજકોટ, (૫) ભાવનગર, (૬) જામનગર, શહેરી સંકુલ વિસ્તાર સિવાયના વિસ્તારો માટે આપવામાં આવેલા છે આ છ શહેરી સંકુલ વિસ્તાર પૂરતાં દબાણ નિયમિત કરવાના અધિકારો સરકાર હસ્તક રાખવામાં આવે છે. તેથી આ વિસ્તારોમાં દબાણ નિયમિત કરવાની દરખાસ્તો સરકારશ્રીના હુકમો માટે રજુ કરવી.

૭. ઉપરની ફકરા ૬ની સૂચનાઓમાં ન આવતાં ખેતી વિષયક જમીનો પરનાં દબાણો નિયમબદ્ધ કરતી વખતે જો કોઈપણ જમીનમાં બીનપછાત વર્ગના ઈસમોએ દબાણ કર્યું હોય તો દબાણ નિયમબદ્ધ કરતા હોઈએ ત્યારની તે જમીનની અઢી ગણી શિક્ષાત્મક કબજા કિંમત વત્તા દબાણ કર્યા તારીખથી નિયમ બદ્ધ થાય ત્યાં સુધીનો આકાર, અને વેરા વસુલ કરવા, પરંતુ પછાત વર્ગના ઈસમો કે બક્ષીપંચે ભલામણ કરેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઈસમો પાસેથી તેમની આર્થિક સ્થિતિનો અભ્યાસ કરી મુળ બજાર કિંમતથી ઓછી નહીં તેટલી કિંમત વત્તા દબાણ કર્યા તારીખથી નિયમબદ્ધ થાય ત્યાં સુધીનો આકાર અને વેરા લઈને દબાણ નિયમબદ્ધ કરી આપી શકાશે, જો તે કિંમત પણ ભરપાઈ કરી શકે તેમ ન હોય તો સરકારશ્રીમાં પુરતા સમર્થન આપી વિનામૂલ્યે કે રાહતના દરે જમીન આપવાની દરખાસ્ત કરવી.

૮. **બીન ખેતીની જમીનો પરના દબાણો નિયમિત કરવા બાબત.**— આવા દબાણો નીચે મુજબનાં બે પ્રકારના હોય છે.—

૧. સરકારી જમીન પટે અપાયેલ હોય અને પટો રીન્યુ ન કરાવ્યો હોય અને કબજો સરકારને પરત ન સોંપ્યો હોય,

૨. સીધેસીધું સરકારી જમીન પર દબાણ કરેલ હોય.

(૧) ઉપર જણાવેલ કિસ્સા (૧)માં જે તારીખથી પટાની મુદત પુરી થઈ હોય તે તારીખથી શરૂ કરીને જે તારીખે દબાણ નિયમિત કરી આપવામાં આવે તે તારીખ સુધીના સમય માટે જે શરતોએ પટો આપ્યો હોય તે શરતો પ્રમાણે ભાડું વસુલ કરવું તે ઉપરાંત આવા ચડેલા ભાડા પર (અ) ૨૫ ટકાના દરે દંડનીય ભાડું વસુલ કરવું (બ) બીન ખેતીનો ધારો પટાની મુદત પૂરી થઈ હોય ત્યારથી લઈને દબાણ નિયમિત કરવામાં આવે ત્યાં સુધીના સમય માટે નિયમ પ્રમાણે વસુલ કરવો (ક) તે ઉપરાંત જમીન મહેસૂલ સંહિતાની કલમ-૬૧ અને જમીન મહેસૂલ નિયમોના નિયમ-૧૦૩ની જોગવાઈ પ્રમાણે દંડ વસુલ કરવો (ડ) દબાણ નિયમિત કરવામાં આવે તે તારીખનો જમીનનો બજારભાવ ગણવો. આ બધી શરતોને આધીન દબાણ કરેલ જમીન નવી શરતે દબાણ કરનાર વ્યકિતને રહેઠાણ માટે આપી શકાશે.

(૨) બીજી સરકારી ખુલ્લી જમીનો પર રહેઠાણ માટે કરવામાં આવેલ દબાણ જો નિયમિત કરી આપવાનું નક્કી કરવામાં આવે તો દબાણ કરવાનો નિર્ણય થાય તે તારીખે ચાલુ બજાર ભાવની ૨ ૧/૨ ગણી કિંમત વત્તા દબાણ કર્યા તારીખથી નિયમબદ્ધ થાય ત્યાં સુધીનો આકાર અને વેરા લઈ નવી શરતે વેચાણ આપી શકાશે પછાતવર્ગના કે બક્ષીપંચે ભલામણ કરેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઈસમોને કરેલ આવા દબાણ અંગે કલેકટરશ્રીને ગુણદોષ પર લાગે કે ૨ ૧/૨ ગણી કિંમત વત્તા દબાણ કર્યા તારીખથી નિયમબદ્ધ થાય ત્યાં સુધીનો આકાર અને વેરા વસુલ કરવા એ દબાણદાર માટે ખુબ આકરૂ પડશે. તો બજાર ભાવથી ઓછી નહીં અને વધુમાં વધુ અઢી ગણી કિંમત એ બે વચ્ચેના કોઈ દર વત્તા દબાણ કર્યા તારીખથી નિયમબદ્ધ થાય ત્યાં સુધીનો આકાર અને વેરો દરેક કિસ્સાના ગુણદોષ પ્રમાણે નક્કી કરી શકશે.

(૩) સરકારી બીનખેતીની જમીનો પરના દબાણો (વ્યાપારીક અને ઔદ્યોગિક હેતુ સિવાયના) નિયમિત કરવાની સત્તાઓ નીચે પ્રમાણે આપવામાં આવે છે. આ સત્તાઓ ૬ મોટા શહેરો ૧. અમદાવાદ. ૨. વડોદરા. ૩. સુરત. ૪. રાજકોટ. ૫. જામનગર. અને ૬. ભાવનગરમાં જિલ્લા કલેકટરશ્રી, ડેપ્યુટી કલેકટરશ્રી ભોગવી શકશે નહીં. અને તેને માટેની દરખાસ્ત સરકારશ્રીની મંજુરી માટે રજુ કરવાની રહેશે.

| | ક્ષેત્રફળ ચો. મી. સુધી | કિંમત રૂપિયા |
|---|---|---|
| કલેકટર દબાણ નિયમિત કરવા બાબત | ૬૦૦ ગામડામાં<br>૨૦૦ શહેરમાં | ૧૦,૦૦૦ |
| નાયબ કલેકટર | | |
| દબાણ નિયમિત કરવા બાબત | ૪૦૦ ગામડામાં<br>૫૦ શહેરમાં | ૩,૦૦૦<br>૧,૦૦૦ |
| મામલતદાર | ૨૫ ગામડામાં | ૧૨૫ |

(૪) સાર્વજનિક કામો માટે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ દ્વારા થતાં જમીનનાં દબાણો નિયમિત કરી આપવા બાબત:—

પંચાયતો કે શાળા મંડળો તરફથી સરકારી જમીનની સાર્વજનિક હેતુઓ માટે માંગણી કરવામાં આવે ત્યારે જરૂરી કાર્યવાહી ત્વરાથી કરી માંગેલી મંજૂરી અંગે જેટલું બને તેટલું અંતિમ નિરાકરણ થાય તે મુજબની કાર્યવાહી કરવા કલેકટરોને સૂચના છે જેથી દબાણનાં પ્રશ્નો ઉભાં થાય નહીં આમ છતાં,

સરકારી જમીનો ઉપર સાર્વજનિક હેતુઓ માટે પંચાયતો વગેરે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ દ્વારા નફાકારક પ્રવૃત્તિ સિવાયના થયેલ હેતુ માટે થયેલ દબાણોના કિસ્સાઓ ઉપરની મર્યાદાને આધીન રહીને જિલ્લા કલેકટરોને નામનો રૂા. ૧/- દંડ લઈ સવાલવાળી જમીન મહેસૂલ માફીથી ગણી દબાણ નિયમિત કરવાની સત્તા આપવામાં આવે છે.

(૫) ધાર્મિક હેતુને લગતાં દબાણો નિયમિત કરતાં પહેલાં જિલ્લા પોલીસ વડાની મંજુરી મેળવવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકવાળી ફાઈલ ઉપર તા. ૫મી ઓકટોબર, ૧૯૭૯ના રોજ નાણાં સલાહકારશ્રીની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**ઈ. એ. પટેલ,**
ઉપસચિવ,
મહેસૂલ વિભાગ,
ગુજરાત સરકાર.

ગૌચર જમીન
ગ્રામ વન ઉછેર યોજના માટે પરવાનગી
આપવા બાબત.

ગુજરાત સરકાર

મહેસૂલ વિભાગ

પરિપત્ર ક્રમાંક : જમન-૩૯૭૯-૫૬૫-ગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૮૦.

વંચાણે લીધો.—ખેતી, વન અને સહકાર વિભાગ ઠરાવ ક્રમાંક : ટીઆરએલ-૧૦૭૭-એમ-૬૯૧૮-પી,
તા. ૧--૬--૭૮.

પરિપત્ર

સરકારના વન ખાતા તરફથી ગ્રામ વન યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનાનો જે પંચાયતે લાભ લેવો હોય તેમણે ૨ હેક્ટર/ ૫ એકર/જમીન વન ખાતાને નિયમાનુસાર સોંપવાનું ધોરણ સરકારે અપનાવેલ છે. આથી પંચાયતોને વન ઉછેર યોજનાનો લાભ લેવો હોય તો ગૌચરની જમીન ગ્રામ વન ઉછેર યોજના માટે આપવા ઠરાવ કરવાનો રહે છે અને ત્યારબાદ પંચાયત ધારાની કલમ--૯૮ (૧) નીચે સક્ષમ અધિકારી/કલેક્ટરશ્રીની પરવાનગી લેવાની રહે છે. પરંતુ આ ઔપચારીક કાયદાકીય આવશ્યકતા છે. તેથી આવી પરવાનગી આપવામાં વિલંબ ન થાય તેટલા માટે એમ નક્કી કરવામાં આવેલ છે કે પંચાયત ગ્રામ વન ઉછેર યોજના માટે હે. ૨--૦૦ આરે (એ. ૫.૦ ગુ) સુધીની ગૌચર જમીન વન ખાતાને સોંપવાનો ઠરાવ કરીને સક્ષમ અધિકારી/કલેક્ટરશ્રીને મોકલી આપે ત્યારે સક્ષમ અધિકારીશ્રીએ/કલેક્ટરશ્રીએ આવી મંજૂરી વિના વિલંબે તુરત આપવી.

૨. આ સૂચના પંચાયત, ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગની આ ફાઈલ ઉપરની તા. ૨૨--૮--૭૯ની સંમતિથી બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઈ. એ. પટેલ,
ઉપસચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

બીનખેતી પરવાનગી

---

જમીન મહેસૂલ કાયદાની કલમ ૬૫, ૬૬, ૬૭, ૭૯ એ અને ૨૦૨ હેઠળ દંડ અને નોટીસ આપતાં પહેલાં અનુસરવાની પધ્ધતિ બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર નં. બખપ-૧૦૮૦-યુઓ-૧૪-ક,
સચિવાલય, ગાંધીનગર.
તા. [illegible]-૧૯૮૦.

પરિપત્ર :-

બીનખેતીના બીનઅધિકૃત ઉપયોગ માટે જરૂરી પગલાં જમીન મહેસૂલ કાયદાની કલમ ૬૫, ૬૬, ૬૭, ૭૯ એ અને ૨૦૨ હેઠળ લેવાના થાય છે. આ કલમો હેઠળ આપવામાં આવતી નોટીસોની હુકમો કરવાનો છે અને તેવી આ કલમો હેઠળ નોટીસ આપતાં પહેલાં કુદરતી ન્યાયના સિધ્ધાંતો જળવાય તે માટે પક્ષકારોને સાંભળવાની તથા રજુઆતની યોગ્ય તક આપવી જોઇએ. તથા જે ~~હેઠળ આપવાના હુકમો કરવામાં આવે તે~~ speaking order હોવા જોઇએ.

૨. ઉપર મુજબની કાર્યપધ્ધતિ ન અનુસરવાને કારણે તાજેતરમાં કાયદાની અદાલતોએ સરકારની વિરુધ્ધના ચુકાદા આપ્યાના કેટલાક કિસ્સાઓ સરકારના ધ્યાન પર આવેલ છે. આથી બધા કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, બીનખેતીના બીનઅધિકૃત કૃત્યોમાં જમીન મહેસૂલ કાયદા હેઠળ દંડ eviction જેવી કાર્યવાહી કરવાની થાય ત્યારે કાયદા, નિયમ અનુસાર પક્ષકારોને જરૂરી નોટીસ આપવી. સાંભળવાની/રજુઆત કરવાની યોગ્ય તક આપવી, તથા જે હુકમ આપવા જરૂરી હોય તેવા હુકમો "Speaking order" કરવામાં આવે તે અંગે ખાસ તકેદારી રાખવી. આ સૂચનાઓ સંબંધિત અધિકારીઓના ધ્યાન ઉપર પણ લાવવી.

૩. સાથે સાથે એવા કિસ્સાઓ પણ સરકારશ્રીના ધ્યાન પર આવવા પામેલ છે કે, હાઈકોર્ટમાં દાખલ થયેલ કેસોમાં સરકાર પક્ષે કલેકટર/તાલુકા કક્ષાએથી સમયસર સોગંદનામું ન થતાં સરકારની વિરુધ્ધમાં ચુકાદા આવે છે. આવું બનવા ન પામે તે

હેતુસર જે તે કોર્ટ તરફથી નોટીસ મળ્યે લો ઓફિસર્સ રૂલ્સ મુજબ તાત્કાલિક કેસને સંબંધિત રેકર્ડ પેરાવાઇઝ રીમાર્કસ તૈયાર કરી, સરકારી વકીલ / સોલીસીટર્સને સમયસર મોકલાઇ જાય અને જરૂરી હોય ત્યાં સોગંદનામું પણ સમયસર અચુક થઇ જાય તે જોવા પણ આથી સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વિ. ન. વૈષ્ણવ
ઉપસચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,
બધા જિલ્લા કલેકટરો..

રાષ્ટ્રીય ધોરી માર્ગો તથા રાજ્યધોરી માર્ગોની તથા અન્ય કક્ષાના માર્ગોની બાબતોમાં રેખા નિયંત્રણના નિયમોની જાળવણી તથા નિયમોનો થતો ભંગ અટકાવવા બાબત.

ગુજરાત સરકાર

મહેસૂલ વિભાગ

ઠરાવ નંબર : જપવ-૧૦૭૯-૨૦૬૪-ક,

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જુલાઈ ૧૯૮૦.

વંચાણમાં લીધા.— ૧. સરકારી ઠરાવ નં. ૬૦૬૦-૪૯ તા. ૨૩--૧--૧૯૫૦
૨. સરકારી ઠરાવ નં. પીઆરડી-૧૦૫૭ તા. ૯--૩--૧૯૫૪
૩. સરકારી ઠરાવ નં. પીઆરડી-૧૦૫૭-સી, તા. ૨૮--૬--૫૭.
૪. સરકારી ઠરાવ નં. પીઆરડી-૧૦૬૫-૧૨૯૪૫-અ, તા. ૯--૭--૧૯૬૫.
૫. સરકારી ઠરાવ નં. જપવ-૧૦૬૫-મ-૧૧૧૦૭-અ, તા. ૧૧--૧૦--૧૯૬૫.
૬. સરકારી ઠરાવ નં. જપવ-૧૦૬૫-૧૨૯૪૫-અ, તા. ૨--૩--૧૯૬૬.
૭. સરકારી પરિપત્ર નં. જપવ-૧૦૬૫-૨૭૩૩૯-અ, તા. ૧--૩--૧૯૬૭.
૮. સરકારી પરિપત્ર નં. બખપ-૧૦૬૭-૨૯૨૩૮-અ, તા. ૧૧--૫--૧૯૬૭.
૯. સરકારી પત્ર નં. જમન-૩૯૬૬-ખાનગી/૪૨૬૩-અ, તા. ૧૭--૫--૬૬.
૧૦. સરકારી ઠરાવ નં. જપવ-૧૦૬૭-૩૫૬૦૮-અ, તા. ૧૮--૫--૬૭,
૧૧. નં. જપવ-૧૦૬૭-૪૫૪૭૭-અ, તા. ૨૫--૫--૬૭.
૧૨. સરકારી પરિપત્ર નં. જપવ-૧૦૬૭-૬૩૭૪૪-અ, તા. ૧૪--૭--૬૭.
૧૩. સરકારી પરિપત્ર નં. જપવ-૧૦૬૭-૭૩૧૯૪-અ, તા. ૧૬--૮--૬૭.
૧૪. સરકારી પરિપત્ર નં. જપવ-૧૦૬૭-૧૧૧૯૯૭-અ, તા. ૨૩--૫--૬૮.
૧૫. સરકારી પરિપત્ર નં. જપવ-૧૦૬૮-૨૨૫-અ, તા. ૧૪--૬--૬૮.
૧૬. નં. જપવ-૧૦૬૮-૮૭૮૩૦-અ, તા. ૧૪--૧૦--૬૮.
૧૭. સરકારી પરિપત્ર નં. જપવ-૧૦૬૮-૪૯૫૭૧-અ, તા. ૭--૮--૧૯૬૯.
૧૮. સરકારી ઠરાવ આરબીડી-૧૦૬૯-યુઓ-૩૦૦-અ, તા. ૩--૪--૭૦.
૧૯. નં. જપવ-૧૦૬૯-૧૩૯૪૫૨-અ, તા. ૧૪--૪--૭૦.
૨૦. સરકારી પરિપત્ર નં. જપવ-૧૦૭૦-યુઓ-અ, તા. ૯--૪--૭૦.
૨૧. સરકારી પરિપત્ર નં. જપવ-૧૦૬૯-૧૩૯૪૫૨-અ, તા. ૧૪--૪--૭૦.
૨૨. સરકારી પરિપત્ર નં. જપવ-૧૦૬૯-૧૦૭૪૫૧-અ, તા. ૬--૭--૭૦.
૨૩. સરકારી પરિપત્ર નં. જપવ-૧૦૬૮-૫૭૧૨૯-અ, તા. ૨૮--૯--૭૦.
૨૪. સરકારી પરિપત્ર નં. જપવ-૧૦૭૦-યુઓ-૭૭૫-અ, તા. ૭--૧--૧૯૭૧.
૨૫. સરકારી ઠરાવ નં. જપવ-૧૦૭૧-યુઓ-૫૭૨૩-અ, તા. ૧--૧૦--૭૧.
૨૬. સરકારી પરિપત્ર નં. જપવ-૧૦૭૧-૧૧૨૯૮૦-અ, તા. ૨૭--૧૦--૭૧.
૨૭. સરકારી પરિપત્ર નં. જપવ-૧૦૭૧-૧૨૭૮૦૯-અ, તા. ૬--૧૨--૧૯૭૧.
૨૮. સરકારી પરિપત્ર નં. જપવ-૧૦૭૬-૮૩૪૫૭-અ, તા. ૨૬--૮--૧૯૭૬.

ઠરાવ

ઉપર દર્શાવેલા તમામ સરકારી ઠરાવો અન્વયે જમીન પટ્ટી વિકાસ અટકાવવા માટેના બાંધકામ અને નિયંત્રણ રેખાના ધોરણો નીચે દર્શાવ્યા પ્રમાણે ઠરાવવામાં આવે છે :—

## કોઠો

### બાંધકામ અને નિયંત્રણ રેખાના ધોરણો

(અંતર રસ્તાની મધ્ય રેખાથી મીટરમાં)

| રસ્તાની કક્ષા | ખુલ્લી અને ખેતરાઉ જમીનવાળો વિસ્તાર | | બાંધકામ અને ઔદ્યોગિક વિસ્તારના ત્રણ માઈલની અંદર | | બાંધકામ અને ઔદ્યોગિક વિસ્તારની અંદર | |
|---|---|---|---|---|---|---|
| | બાંધકામ રેખા | નિયંત્રણ રેખા | બાંધકામ રેખા | નિયંત્રણ રેખા | બાંધકામ રેખા | નિયંત્રણ રેખા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | મીટર | મીટર | મીટર | મીટર | મીટર | મીટર |
| ૧. રાષ્ટ્રીય ધોરી માર્ગ અને સરહદી માર્ગો (શેડ્યુલ 'અ' પ્રમાણે) | ૪૦ | ૭૫ | ૪૦ | ૬૦ | અ. ૧૦ (×) બ. ૨૪ (×) | અ. ૩૬.૫ (×) બ.૪૫ (×) |
| ૨. રાજ્યધોરી માર્ગો | ૪૦ | ૭૫ | ૪૦ | ૬૦ | અ. ૧૦ (×) બ. ૨૪ (×) | અ. ૩૬.૫ (×) બ. ૪૫ (×) |
| ૩. મુખ્ય જિલ્લા કક્ષાના માર્ગો | ૩૦ | ૫૫ | ૩૦ | ૫૦ | અ. ૧૦ (×) બ. ૪ (×) | અ. ૩૬.૫ (×) બ. ૪૦ (×) |
| ૪. અન્ય જિલ્લા કક્ષાના માર્ગો | ૨૦ | ૩૫ | ૨૦ | ૩૦ | અ. ૧ (×) બ. ૧૨ (×) | બ. ૨૦ (×) બ. ૨૦ (×) |
| ૫. ગ્રામ માર્ગો | ૧૨ | ૨૪ | ૧૨ | ૨૪ | અ. ૯ (×) બ. ૯ (×) | અ. ૧૪ (×) બ. ૧૪ (×) |

ફુટનોટ (×) અથવા સ્થાનિક સંસ્થાના ધારાધોરણ પ્રમાણે જે વધારે હોય તે.

ઉપર દર્શાવેલા ધોરણો ઉપરાંત નીચે જણાવ્યા મુજબ વધુ ધોરણોનો અમલ કરવો.

(ક) ખુલ્લી અને ખેતરાઉ જમીનવાળા વિસ્તારમાંથી પસાર થતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને સરહદી માર્ગોને ભારત સરકારની સૂચના મુજબ નીચે જણાવેલી શરતો લાગુ પાડવાની રહેશે.

આ શરતો "બાંધકામ અને ઔદ્યોગિક વિતારની ત્રણ માઈલની અંદર" અથવા ખરેખર "બાંધકામ અને ઔદ્યોગિક વિસ્તારને" લાગુ પડશે નહીં. આ શરતો અન્ય માર્ગોને લાગુ પડશે નહીં. આ શરતો નીચે મુજબ છે.

(૧) રસ્તાની હદથી ૩ થી ૬ મીટર સુધીમાં અને રસ્તાની (મધ્ય રેખાથી) મુખ્ય રેખાથી ૪૦ મીટર સુધી (જે વધારે હોય તે) કોઈપણ બાંધકામ કરવા દેવામાં આવશે નહીં.

(૨) રસ્તાની મધ્ય રેખાથી ૭૫ મીટરની હદ સુધીમાં થતાં બાંધકામ ઉપર નિયંત્રણ રાખવું પડશે અને આવા બાંધકામો કલેક્ટરની પુર્વ પરવાનગી લઈને કરવાના રહેશે. આ "૭૫ મીટરની હદ" થી બહારના બાંધકામ ઉપર નિયંત્રણ રહેશે નહીં.

(ક) રસ્તાની મધ્ય રેખાથી "૪૦ મીટર" અને "૭૫ મીટર"ની હદનો જે ઉપરના (૧) અને (૨)માં ઉલ્લેખ થયો છે એ વિભાગમાં બાંધકામોની ઉંચાઈ ૧૩ મીટરથી વધુ કરી શકાશે નહીં.

(ખ) ગમે તે કક્ષાના રસ્તા ઉપર 'બાય-પાસ' અથવા 'ડાયવર્ઝન' માટે રસ્તાની મધ્ય રેખાથી બાંધકામ રેખા ઓછામાં ઓછી ૧૦૦ મીટર રાખવામાં આવશે.

૨. પેટ્રોલ પંપો અને તેને લગતાં બાંધકામો અંગે વધુ :--

(૧) પેટ્રોલ પંપો માટે દરેક કક્ષાના રસ્તા અને દરેક કક્ષાના બાય પાસ કે ડાયવર્ઝન માટે રસ્તાની હદથી ૬ મીટરથી બહાર અગર રસ્તાની મધ્ય રેખાથી ૩૦ મીટર (જે વધારે હોય તે) તે પ્રમાણેનું અંતર રાખીને બાંધકામની પરવાનગી આપવાની રહેશે. આ હદ ફક્ત પંપની જગ્યા માટે છે. પેટ્રોલ પંપથી પેટ્રોલ ડીઝલ માટેની અંડર ગ્રાઉન્ડ ટેન્ક તથા કીઓસ્ક ૪ મીટરના (આશરે ૧૨ ફૂટ) અંતરે કે તેથી વધુ અંતરે કરવા પડશે. પંપને લગતા બીજા બાંધકામો આનાથી વધારે બહાર રાખવા પડશે અને તેમાં ઈન્ડીયન રોડ કોંગ્રેસના લે આઉટના નિયમો લાગુ પડશે.

(૨) રસ્તા ઉપર પેટ્રોલ પંપની કંપનીઓના બીજા બાંધકામ જેવા કે કેન્ટીન, ગેરેજ, રેસ્ટોરા, વર્કશોપ, વોશીંગ રેમ્પ, વોશીંગ પ્લેટફાર્મ, લુબ્રી-કેટીંગ 'બ' વગેરેના બાંધકામ માટે રસ્તાના હદથી ઓછામાં ઓછું ૧૫ મીટર અથવા રસ્તાની મધ્યરેખાથી ૫૦ મીટર (જે વધારે હોય તે) અંતર રાખી પરવાનગી આયાઆપવાની રહેશે.

(૩) પેટ્રોલ પંપો માટે રસ્તાની હદનો ભાગ ફક્ત અપ્રોચીઝ માટે જ કામમાં લેવા દેવામાં આવશે અને એપ્રોચીઝના નીચે યોગ્ય નાળાઓનો પ્રબંધ પરવાનગી લેનારે કરવાનો રહેશે. રસ્તાની હદમાં કોઈપણ જાતના પાટિયા અગર જાહેર ખબર મુકવા દેવામાં આવશે નહીં.

૩. ઉપરના ધોરણો માટે નીચેની વ્યાખ્યાઓનો અમલ કરવાનો રહેશે :-

(૧) ખુલ્લી અને ખેતરાઉ જમીનવાળો વિસ્તાર.—જે વિસ્તાર કોઈપણ ગામતળ નગર અથવા શહેરની હદ અથવા ઔદ્યોગિક વિસ્તારની હદમાં ન આવ્યો હોય એવી હદની બહારનો બધો વિસ્તાર (બાંધકામ વિસ્તાર અને નજીકના ઔદ્યોગિક વિસ્તારની વચ્ચેનો ખુલ્લો વિસ્તાર પણ આ કક્ષામાં ગણાશે નહીં.)

(૨) બાંધકામવાળો વિસ્તાર. – (ચ) જે વિસ્તાર કોઈ ગામતળ, નગર પંચાયત, નગરપાલિકા અથવા મહાનગરપાલિકાની હદમાં થઈને પસાર થતો હોય અને જ્યાં મકાનો બંધાયેલ હોય અને જ્યાં કોઈ સ્થાનિક સંસ્થાના બાંધકામ માટેના નિયમો અગર ધારાધોરણ ચાલુ હોય તેવા વિસ્તાર આ વિસ્તારના બે વિભાગ પાડવામાં આવ્યા છે. અને તે માટે રાખવાના અંતરો કોઠામાં 'અ' અને 'બ' થી દર્શાવ્યા છે. આ 'અ' અને 'બ' વિસ્તારો નીચે મુજબના છે :--

(૧) એક વિસ્તાર કે જે રસ્તાની લાઈનદોરી પર પચાસ ટકા કે તેથી વધારે બંધાયો હોય અથવા જે જુની હદ એટલે કે છેલ્લા પાંચ વર્ષ પહેલા'ની હદની અંદર આવ્યો હોય તે 'અ' વિસ્તાર.

(૨) બીજો વિસ્તાર કે જે રસ્તાના લાઈનદોરી પર પચાસ ટકાથી ઓછો બંધાયો હોય અને છેલ્લા પાંચ વર્ષની અંદર વધારેલી હદની અંદર આવ્યો હોય, તે "બ" વિસ્તાર.

(છ) ઉપર જણાવ્યા મુજબના જે "અ" અને "બ" આગળ દર્શાવેલ અંતરો કોઠામાં આપ્યાં છે તે બાંધકામવાળા વિસ્તારને જ લાગુ પડે છે. જો બાંધકામવાળા વિસ્તારમાં ઔદ્યોગિક વિસ્તાર આવી જતો હોય તો એવા વિસ્તારને પણ આ ધોરણો લાગુ પડશે. જ્યાં ઔદ્યોગિક વિસ્તાર બાંધકામ વિસ્તારની બહાર હોય તેવા વિસ્તારને ફક્ત "બ" ના જ ધોરણો લાગુ પડશે.

(જ) બાંધકામવાળો વિસ્તાર પચાસ ટકાથી વધારે બંધાયો છે કે ઓછો અને પરિણામે "અ" કે "બ" વર્ગનો છે તે જાણવા માટે રસ્તાની સમાંતરે આવેલા બંને બાજુના જમીનના ખુલ્લા તેમજ બાંધકામવાળા પ્લોટોની લંબાઈ માપીને ગણવાનો છે. દા.ત. રસ્તાની સમાંતરે જુદા જુદા લંબાઈના દશ પ્લોટો આવેલા છે અને તેમાં ચાર પ્લોટો બાંધકામવાળા છે અને બાકીના છ પ્લોટો ખુલ્લા છે. આ ચાર બાંધકામવાળા પ્લોટોની કુલ લંબાઈ રસ્તાની લંબાઈથી પચાસ ટકાથી ઓછા હોય તો તે વિસ્તાર પચાસ ટકાથી ઓછો બંધાયેલો છે. તેમ સમજવાનું છે. આ પ્રમાણે ગણત્રી કરવામાં રસ્તાની લંબાઈ બની શકે તો ૧.૫ કિ. મીટર (એક માઈલ) લેવી.

(૩) ઔદ્યોગિક વિસ્તાર.—જે વિસ્તાર સરકારે ઔદ્યોગિક જાહેર કર્યો હોય અથવા જે વિસ્તાર ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ હસ્તક હોય અથવા જેની અંદર ઉદ્યોગ નિયામકના ઔદ્યોગિક એસ્ટેટ આવતા હોય અથવા સહકારી અથવા અન્ય કંપનીના ઔદ્યોગિક એસ્ટેટ કે બીજા એવા વિસ્તારો જે ગામતળ નગર પંચાયત, નગરપાલિકા કે મહાનગરપાલિકા હદની બહાર આવ્યા હોય અને જ્યાં ઉદ્યોગો સ્થાપવાની મંજૂરી મળતી હોય તેવા બધા વિસ્તાર.

(૪) ખરેખરી હદ:--જે ગામતળની, નગર પંચાયતની મહાનગરપાલીકાના કેમહા નગરપાલિકાના હાલમાં હોય તે ખરેખરી હદ ગણવી. તારીખ ૨જી માર્ચ ૧૯૬૬ થી જે હદ વધે તેને હદના એપ્રોચઝના નિયમો લાગુ પાડવામાં આવશે.

(૫) એપ્રોચીઝ (જોડતા રસ્તાઓ).—બાંધકામ અને ઔદ્યોગિક વિસ્તારની હદ પૂરી થયા પછી ત્રણ માઈલના વિસ્તારમાં દરેક કક્ષાના રસ્તાઓનો પહેલો ત્રણ માઈલનો વિભાગ, જ્યાં ગામતળ, નગર તથા શહેરની હદ અને નજીકના ઔદ્યોગિક વિસ્તારની

વચ્ચે કોઈ જાતનું અંતર હોય તો તે બધુ અંતર બાંધકામ અને ઔદ્યોગિક વિસ્તારમાં ગણવામાં આવશે અને ત્રણ માઈલ જોડતો રસ્તો આ સમગ્ર હદની બહારથી ગણવામાં આવશે.

(૬) બાય પાસ અથવા ડાયવર્ઝન.—દરેક ગામતળ, નગર તથા શહેરની બહારથી જે રસ્તો નવેસરથી કરવામાં આવે તેને બાય-પાસ અથવા ડાયવર્ઝન ગણવામાં આવશે. જ્યા ડાયવર્ઝન બાંધવાની વાર હોય પણ ડાયવર્ઝનની પથરેખા નક્કી થઈ હોય તો તે પથરેખા ઉપર પણ ડાયવર્ઝનના પ્રતિબંધો લાગુ પાડવામાં આવશે.

(૭) બાંધકામ રેખા.—જે રેખાની બહાર રહેઠાણના મકાનો, નાના કેન્દ્રો, કોઠારો, ખેતીને લગતા મકાનોના બાધકામોને પરવાનગી આપવામાં આવે છે તે રેખાને બાંધકામ ગણવી. નાના ગોડાઉનો કે કોઠારો કે જેનો અમુક ઋતુ પુરતો જ મર્યાદિત ઉપયોગ થાય છે અને જેના બાંધકામથી આજુબાજુના વિસ્તારમાં વાહનોની અવરજંવર વધતી ન હોય અને રસ્તા ઉપરથી પાસાર થતા વાહનોને અવરોધ થતો ન હોય અને જો આવા બાંધકામોની સાઈઝ ૩૦ થી ૧૨ મીટર (૧૦૦×૪૦) જેટલો કે તેથી ઓછી થતી હોય તો આવા બાંધકામોને બાંધકામ રેખાના જે તે ધોરણો જાળવી ને બાંધવામો છુટ આપવી અને આવા પ્રકારના બીજા કોઠારોને બાંધકામોનો નિયંત્રણ રેખાની વ્યાખ્યામાં સમાવેશ કરવા. જ્યાં જ્યાં વળાંક હોય ત્યાં અંદરના ભાગમાં બાંધકામ સામાન્ય બાંધકામ ૨૦ ટકા વધુ રાખવું આ અંતર રસ્તાના મધ્યબિંદુથી ગણવાનું હોય છે.

(૮) નિયંત્રણ રેખા.—સામાન્ય રીતે ફેકટરી, કારખાનાઓ, તેમજ મોટા ગોડાઉનો સીનેમાં, હોટલ દવાખાના કે જ્યા પ્રમાણમાં લોકો અથવા વાહનોની અવરજવર થાય તેવા બધાંજ બાધકામો નિયંત્રણ રેખાની બહાર રાખવાના હોય છે. આ અંતર રસ્તાના મધ્યબિંદુથી ગણવાનું હોય છે.

(૯) રસ્તાની હદ.—રસ્તાની હદ એટલે જે જમીન રસ્તો બનાવવા માટે સંપાદન કરેલા હોય અને જેની માલિકી સરકારની અગર પંચાયતની હોય અને બે બાજુના હદના પથ્થરોની વચ્ચે આવેલી સમગ્ર જમીન કોઈપણ રસ્તા ઉપર રસ્તાની હદમાં કોઈપણ સંજોગોમાં કોઈ પણ જાતનું બાંધકામ કરવા દેવામાં આવશે નહીં.

૪. સરહદ/માર્ગો રાષ્ટ્રીય ધોરી માર્ગો અને રાજ્ય ધોરીમાર્ગો ઉપર આવતા બાંધકામો માટે લાગતા વળગતા ક્લેકટર, અથવા જિલ્લા વિકાસ અધિકારી મકાન અને માર્ગ વિભાગના જે તે કાર્યપાલક ઈજનેરનો સલાહ લઈ રેખા નિયમનના ધોરણોને આધીન રહીને બીન ખેતી કે બાંધકામની પરવાનગી આપશે. જિલ્લાના મુખ્ય કક્ષાના માર્ગો ઉપર ઉપર આવતા બાંધકામો માટે જે તે ક્લેકટર, વિકાસ અધિકારી પંચાયત વિભાગના કાર્યપાલક ઈજનેરની અગાઉથી લેખિત સંમતિ મેળવીને બીન ખેતીની કે બાંધકામની પરવાનગી આપી શકશે. અન્ય જિલ્લા કક્ષાના માર્ગો તથા ગ્રામ માર્ગો ઉપર કોઈપણ બાંધકામ માટે લાગતા વળગતા ક્લેકટર અથવા જિલ્લા વિકાસ અધિકારી રેખા નિયમનના ધોરણોને આધીન રહીને બિનખેતીની કે બાંધકામની પરવાનગી આપી શકશે. નિયમ વિરૂધની પરવાનગી આપનાર અધિકારી સામે કડક પગલાં લેવાનું સરકારે ઠરાવ્યું છે.

૫. કોઈપણ રસ્તા ઉપર અપવાદ કરીને બાંધકામ માટેની પરવાનગી આપવાની હોય તો તે સરકાર જ આપી શકશે. અને મહેસૂલ વિભાગ, મ. અને મા. વિભાગની અગાઉથી સંમતિ લઈને જ આવી પરવાનગીઓ આપી શકશે.

૬. રેખા નિયંત્રણ નિયમોમાં છુટછાટ મુકી અનઅધિકૃત બાંધકામો નિયમબધ્ધ કરવાની દરખાસ્તો ક્લેકટર કે જિલ્લા વિકાસ અધિકારી તરફથી સરકાર સમક્ષ રજુ કરવામાં આવે છે. ત્યારે પુરતી માહીતી અભાવે કેસોના નિકાલમાં ઢીલ થાય છે. તેથી દરેક ક્લેકટર અને જિલ્લા વિકાસ અધિકારી તરફથી રેખા નિયંત્રણ નિયમોમાં છુટછાટ મુકવા માટે ઉપર જણાવ્યા પ્રમાણેની કોઈ દરખાસ્ત સરકાર સમક્ષ રજુ કરવામાં આવે ત્યારે તેમના હેવાલ સાથે, નીચે મુજબના પત્રકમાં માહીતી ક્રમવાર અચુક રજુ કરવી. જેથી કેસનો ઝડપી નિકાલ કરવાની સુગમતા રહે.

(૧) રસ્તાનું ખરેખર નામ તથા કક્ષા (સરહદી માર્ગ હોય "તો" તે સ્પષ્ટપણે જણાવવું)

(૨) રસ્તો બાય-પાસ કે ડાયવરઝન છે? (તેનું નામ જણાવવું).

(૩) રસ્તાના વળાંકના અંદરના ભાગમાં બાંધકામ કરવાનું છે કે કેમ ?

(૪) રસ્તાનો મધ્યરેખાથી બાંધકામ ચોકકસ કેટલા અંતરે છે ? (અંતર મીટર તથા ફુટમાં અચુક દર્શાવવું.().

(૫) નીચે જણાવેલા બાંધકામોમાં પ્રસ્તુત બાંધકામ ક્યા પ્રકારનું છે? રહેઠાણનું મકાન, ઓફિસનું મકાન, નાનું કેન્દ્ર, કોઠાર તથા ખેતીને લગતા મકાનો, ફેકટરી, કારખાનું, મોટું ગોડાઉન, સિનેમા, હોટલ, દવાખાનું.

(૬) "બીનખેતીની જમીન" અથવા "બાંધકામ" નિમ્નલિખિત ક્યા વિસ્તારમાં આવે છે?

ક. ખુલ્લી અને ખેતરાઉ જમીનવાળો વિસ્તાર.

ખ. બાંધકામ અને ઔદ્યોગિક વિસ્તારના ત્રણ માઈલની અંદર.

ગ. ખરેખર બાંધકામ અને ઔદ્યોગિક વિસ્તારની અંદર.

**(૭) જો "બીનખેતીની જમીન" અથવા "બાંધકાર" ઉપરના ૬ (ગ) વાળા વિસ્તારમાં આવતી/આવતું હોય તો :**

ક. રસ્તાની લાઇન દોરી ઉપર ૫૦ ટકા અથવા તેથી વધુ બાંધકામ થયેલું છે કે કેમ ?

ખ. રસ્તાની લઈનદોરી ઉપર ૫૦ ટકા કરતા ઓછું બાંધકામ થયેલું છે કે કેમ ?

ગ. સ્થાનિક સંસ્થાનું (પંચાયત સુધરાઇ વગેરે) જો કોઇ ધોરણ હોય તો, શું ધોરણ છે ?

ઘ. બાંધકાર વિસ્તારની બહાર ઔદ્યોગિક વિસ્તાર છે કે કેમ ?

(૮) બીન ખેતીની કે બાંધકામની પરવાનગી કોણે અને ક્યારે આપી ?

(૯) "બીન ખેતીની" અથવા "બાંધકામ" ની પરવાનગી વગર બાંધકામ કરવામાં આવ્યું છે કે કેમ ?

ક. જો પરવાનગી વગર બાંધકામ કરવામાં આવ્યું હોય તે બાંધકામ ખરેખર કઇ તારીખે શરૂ કરવામાં આવેલ ?

(૯) "બીન ખેતીની" અથવા "બાંધકામ" ની પરવાનગી વગર બાંધકામ કરવામાં આવ્યું છે કે કેમ ?

ક. જો પરવાનગી વગર બાંધકામ કરવામાં આવ્યું હોય તો બાંધકામ ખરેખર કઇ તારીખે શરૂ કરવામાં આવેલ ?

(૧૦) બીનખેતીની" કે બાંધકામની" પરવાનગી અંગે મ. અને મા વિભાગ-
ના અધિક્ષક ઈજનેરશ્રી અથવા કાર્યપાલક ઈજનેરશ્રીની સંમતિ મેળવવા-
માં આવી છે કે કેમ ?

ક. જો મેળવવામાં આવી હોય તો તેમના પત્રની નકલ રજુ કરવી.

ખ. જો મેળવવામાં ન અવી હોય તો શા માટે મેળવવામાં નથી આવી?

(૧૧) સ્થળ, સ્થિતિ દર્શાવતો નકશો રજુ કરવો.

(૧૨) અપવાદવાળી પરવાનગી આપવા માટેના કારણો ટુંકમાં જણાવવા.

૭. રસ્તાના કોઇ ભાગ પર અને ખાસ કરીને વળાંક પર વાહનોને દ્રષ્ટિ વિક્ષેપ ના પડે અને ઝડપથી જતાં વાહનોને સ્પષ્ટ પણે જોવામાં હરકત ના કરે તે રીતે વધુમા વધુ ૧૦૫ સેન્ટીમીટર ઉંચા કમ્પાઉન્ડ દિવાલ, તારની વાડ કે જમીનની હદ દર્શાવતી હદરેખા સુચક સ્તંભો રેખા નિયંત્રણના ધોરણોમાં છુટછાટ મુકી, સરકારી ઠરાવ નં. પીઆરડી-૧૦૫૩ તારીખ ૯મી માર્ચ ૧૯૫૪ થી ઠરાવેલ નમુનામાં નદાવા "No olrim" કબુલાત લઇ બાંધવા દેવા.

૮. રેખા નિયંત્રણ નિયમો જે આશયથી ધડવામાં આવ્યા છે તે આશય ફળીભુત થાય તે માટે સદરહુ નિયમોનું કડકપણે પાલન થાય તે અત્યંત જરૂરી છે. આ હકીકત ધ્યાનમાં લેતાં સર્વ જિલ્લા કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ તથા મહેસુલ પંચાયત વિભાગના અન્ય લાગતા વળગતા અધિકારીઓને સુચના આપવામાં આવે છે કે રાષ્ટ્રીય ધોરીમાર્ગો, રાજ્યધોરી માર્ગો તથા અન્ય વર્ગીકૃત રસ્તાઓની આજુબાજુએ રેખા નિયંત્રણ નિયમો વિરૂધ્ધ બિનાધિકૃત રીતે થતાં બાંધકામો ધ્યાન ઉપર આવે અથવા મ. અને મા. વિભાગના અધિકારીઓ તરફથી એવા બાંધકામો તરફ ધ્યાન દોરવામાંઆવે કે અહેવાલ રજુ કરવામાં આવે કે તુરતજ એવા બાંધકામો અટકાવવા જરૂરી પગલા લેવા તથા બાંધકમ અટકાવતો મનાઈ હુકમ આપવો અને ત્યારબાદ તેવાં બાંધકામો દુર કરાવવા અને જરૂરી જણાય તો ઈવીક્ષનની કાર્યવાહી વિના વિલંબે હાથ ધરવી. આ સુચનાઓનુ પાલન નહી કરનાર તથા તેમ કરવામાં બેદરકારી દાખવનાર યા બિનજરૂરી વિલંબ કરનાર સ્થાનિક મહેસુલી, પંચાયત અધિકારીને આ આ માટે અંગત રીતે જવાબદાર ગણવામાં આવશે અને તેની સામે યોગ્ય તે પગલાં લેવામાં આવશે તેની નોંધ લેવા સર્વ લાગતાવળગતા અધિકારીઓને જણાવવામાં આવે છે.

આવા કિસ્સામાં મને. મા. વિભાગના અધિકારીઓએ આવા બિનઅધિકૃત બાંધકામો અંગે સ્થળનો સાફ નકશો તથા તે અંગે જરૂરી બધી વિગતો સાથે સંપૂર્ણ અહેવાલ જિલ્લા વિકાસ અધિકારી કલેકટરને મોકલવો. જેના આધારે તેઓ તે કિસ્સા અંગે નિયમ મુજબ તાકીદે કાર્યવાહી કરી શકે.

૯. કુવા તથા તેની બાજુમાં આવેલ એજીંન તથા પંપ માટેની ઓરડીઓ તેમજ હોજ અવેડા તથા કુંડી વિગેરેના બાંધકામો તથા બોર કે બોરીંગના બાંધકામને પણ કુવા તરીકે ગણીને આ ખેતી વિષયક હેતુ માટે ના બાંધકામો હોઈ આ તમામ બાંધકામોને રેખા નિયંત્રણ નિયમોમાં અપવાદ તરીકે ગણીને તેમાંથી નીચેની શરતોએ મુકિત આપવાનુ સરકારે ઠરાવ્યું છે.

**(૧) ઓરડીના બાંધકામથી વાહન વ્યવહારના Signt distance માં કોઈ અવરોધ ન આવે.**

(૨) ઓરડીનું બાંધકામ જ્યારે સરકાર હુકમ કરે ત્યારે દુર કરવું.

(૩) ઓરડાનું બાંધકામ કાયમી અને પાકું ન બનાવતાં કામચલાઉ છાપરા Tempor ry Sheds જેવું કરવું.

કુવાની બાજૂમાં આવેલ હોજ કુંડી વિગેરેના બાંધકામો મુખ્યત્વે ખેતરોમાં ખુલ્લી જમીનમાં કરવામાં આવતા હોય છે. જયા મકાન બાંધકામ નિયમો મુજબ જરૂરી માર્જીન જાળવવામાં ન આવે તો કોઈ હરકત થાય તેમ હોતું નથી. જેથી તેવા બાંધકામોને માર્જીનલકન્ડીશનમાંથી મુકિત આપવાનું સરકારે ઠરાવ્યું છે.

૧૦. ખેતી વિષયક ઉપયોગ માટેના બાધકામો Farm Buildings જ્યાં જાહેર રસ્તાઓ પાસે આવેલ જમીનમાં થાય, ત્યારે તે રેખા નિયંત્રણ ના ધોરણો મુજબ રસ્તાથી જરૂરી અંતર જળવાય. તે રીતે બાંધવામાં આવે તે માટેના જરૂરી તકેદારીરાખવા સર્વ જિલ્લા કલેકટરશ્રીઓ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તથા અન્ય લાગતા વળગતા અધિકારીઓને આથી સુચના આપવામાં આવે છે.

૧૧. મંદિર મસ્જીદ તથા જાહેર ભકિત માટેના મકાનો જે સ્થળે આવેલા હોય છે તેવા સ્થળોએ અવર જવર લોકોની સવારે તથા સાંજના અમુક સમયે જ થતી હોય છે. તેમજ ત્યા વાહનોની પણ ખાસ અવરજવર હોતી નથી. વળી, આવા મકાનો શહેરના અંદરના ભાગમાં અથવા તો ગામતળમાં સામાન્ય રીતે બાંધવામાં આવતાં હોય છે. અને રસ્તારોની બાજુએ આવાં મકાનો બાંધવાના કિસ્સાઓ પણ જૂજ હોય છે. આ કારણોના લીધે આવા જાહેરભકિતના હેતુ માટે ના બાધકામોને નિયંત્રણરેખા નહી પરંતુ બાંધકામ રેખા લાગુ પાડવી

૧૨. શાળા-મહાશાળાઓના બાંધકામને નિયંત્રણરેખા લાગુ પાડવી. બાંધકામ રેખા લાગુ પાડવાની નથી. માટે તેનો અમલ ચુસ્તપણે કરવા સુચના આપવામાં આવે છે.

૧૩. રેલ્વેના હાલના અસ્તિત્ત્વ ધરાવતા બાંધકામો ઉપર સંડાસ, પાણીની ટાંકી અગરતો બીજા નાના બાંધકામોને રેખા નિયંત્રણ નિયમોમાંથી મુક્તિ આપવાનુ સરકારે ઠરાવેલ છે. પરંતુ તેવા તમામ કિસ્સાઓમાં રેલ્વે અધિકારીઓ પાસેથી ઠરાવેલા નમુનામાં No claim નદાવા કબુલાત લઇ બાંધ દેવા.

૧૪. નગરપાલિકાઓ નગર પંચાયતો. ગ્રામ પંચાયતોની હદ પુરી થાય ત્યાં જકાત ઉઘરાવવા માટે રસ્તા ઉપર જકાત કેબીનની આવશ્યકતા- રહે છે. આવી જકાત કેબીનો જે રેખા નિયંત્રણના ધોરણો મુજબનું અંતર છોડી બાધવામાં આવે તો રસ્તાથી અંતર વધી જતું હોઇ જકાત ભરનારને તથા ઉઘરાવનારને અડચણ પડે અને રસ્તા ઉપર પુરતું ધ્યાન આપી શકાય નહિ. વળી, જકાત- ચોરી થવાનો પણ સંભવ રહે. આ મુશ્કેલી નિવારવા વિચારણા બાદ સરકારશ્રીએ એવું ઠરાવેલ છે કે રસ્તાની હદ પુરી થાય ત્યાં નગરપાલિકા, નગર પંચાયતોને જકાત ઉઘરાવવા માટે લાકડાની હંગામીરૂપની કેબીનો બાંધવાની પરવાનગી રેખા- નિયંત્રણ નિયમો હળવા કરીને, આપવી. આવી પરવાનગી સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રીની અગાઉથી સંમતી મેળવીને તથા સંબંધિત સંસ્થા પાસેથી ધોરણસરની ન દાવા કબુલાત લીધા બાદ દ જ આપવી.

૧૫. આ હુકમો અગાઉના બહાર પાડવામાં આવેલા છે. જયા નાણાં તથા અને મા. વિભાગની મંજુરી ની જરૂર હતી ત્યાં આ વિભાગની ફાઈલો ઉપર મંજુરી લેવામાં આવેલી હોવાથી ઉપરના મથાળે દર્શાવેલા તમામ હુકમોને બદલે આ હુકમ મુજબ રાજયમાં અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વિ. ન. વૈષ્ણવ
ઉપ સચિવ
મહેસૂલ વિભાગ ગુજરાત સરકાર.

ક્રમાંક: જમન-૩૯૭૯-૧૮૩૧-૭૯-ગ,

મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૬-૭-૮૦.
૩૧

પ્રતિ,

બધા જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,

વિષય:- ગામતળની જમીનના દબાણ નિયમબધ્ધ કરવાની અધિકારો જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓને આપવા બાબત.....

ઉપર્યુક્ત વિષય અંગેના સરકારશ્રીના તા. ૩૧-૧૨-૭૯ ના પત્ર ક્રમાંક: જમન-૩૯૭૯-૧૮૩૧-૭૯-ગના મુદ્દા નં. ૩ અંગે આજ્ઞાનુસાર સ્પષ્ટતા કરવાની કે સરકારશ્રીના તા. ૧૯-૩-૭૯ના ઠરાવ ક્રમાંક:એલએનડી-૩૯૭૮-૯૭૧૯૭-અ ની આઇટમ -૬- માં નિર્દિષ્ટ કર્યા મુજબની ગામતળની જમીનમાં દબાણ નિયમિત કરવાની સત્તાઓ તા. ૧૧-૫-૭૯ ના ઠરાવ ક્રમાંક:જમન-૩૯૭૯-૧૮૩૧-:૭૯: ગ અન્વયે જીલ્લા વિકાસ અધિકારીશ્રી ભોગવી શકે છે.

ર. જી. ઝાલા.
સેકશન અધિકારી,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

નકલ રવાના:-

વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
તરફ તેઓશ્રીના તા. ૧૬-૭-૭૯ ના પત્ર ક્રમાંક: પરચ-પં. ૧-વશી ૮૭૩ ના સંદર્ભમાં.
બધા કલેકટરશ્રીઓ.
મહેસૂલ વિભાગની ''લ'' શાખા.
વિશિષ્ટ ફાઇલ.

રાષ્ટ્રીય/ રાજ્ય ધોરી માર્ગો તથા પંચાયત રસ્તાઓની
જમીન ઉપર થતાં દબાણો અટકાવવા/ દૂર -
કરાવવા બાબત....

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર નં. દબાણ-૧૦૮૧-૫૧૦-લ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ ૨ ફેબ્રુ. ૧૯૮૧.

<u>પ રિ પ ત્ર.</u>

રાષ્ટ્રીય ધોરીમાર્ગો રાજ્ય ધોરી માર્ગો તથા રસ્તાઓનો મકાન વિભાગ કે પંચાયત વિભાગો હસ્તકના અન્ય કક્ષાના માર્ગોની જમીન કે બીજી કોઈપણ સરકારી જમીન ઉપર બિનઅધિકૃત બાંધકામો ન થાય તે જોવાની તેમજ આવા દબાણો થતાં અટકાવવાની જવાબદારી પી. ડબલ્યુ. ડી. મેન્યુઅલ અન્વયે ર. અને મ. વિભાગના સંબંધિત અધિકારીઓની છે. પરંતુ આવા દબાણો/ બિનઅધિકૃત બાંધકામો દૂર કરાવવા માટે જાહેર બાંધકામ ખાતાના અધિકારીઓને અધિકૃત કરતી કાયદાકીય જોગવાઈઓ ન હોઈ આવા દબાણો ઉપર જણાવેલ અધિકારીઓ કાયદેસર રીતે દૂર કરાવી શકતા નથી અને તેવી કાર્યવાહી કરવામાં આવે તો પણ તેને કાયદાનું પીઠબળ નહીં હોઈ કાયદાની અદાલતો તેવી કાર્યવાહીને માન્ય રાખતી નથી. મહેસૂલી અધિકારીઓને આવા દબાણો દૂર કરાવવાના અધિકારો જ. મ. કાયદાની કલમ ૬૧, ૭૯-અ, તથા ૨૦૨ હેઠળ મળેલા છે. તેવી જ રીતે પંચાયત હસ્તકના રસ્તાની જમીનો ઉપર થતા દબાણો દૂર કરવાના અધિકારો પંચાયતના અધિકારીઓ ( તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી ) ને ગુજરાત પંચાયત ધારાની કલમ-૧૦૪ અન્વયે પ્રાપ્ત થયેલા છે. તેથી આવા રસ્તાઓ કે બીજી કોઈપણ સરકારી જમીન ઉપરના દબાણો ર. અને મ. વિભાગના કે પંચાયત વિભાગના સંબંધિત અધિકારીઓના ધ્યાન ઉપર આવ્યેથી તેઓ તે અંગેની જાણ સંબંધિત મહેસૂલી/ પંચાયત અધિકારીને કરે છે અને તે અન્વયે સંબંધિત મહેસૂલી/ પંચાયત અધિકારી તે દબાણ દૂર કરવા માટે સંબંધિત કાયદા (જ. મ. કાયદો/ પંચાયત ધારા ) ની જોગવાઈઓ હેઠળ કાર્યવાહી હાથ ધરે છે.

૨. અનુભવે જણાયું છે કે ઉપરોક્ત કાર્યવાહી પુરી કરવામાં ઘણો એવો સમય જાય છે, અને તે દરમ્યાનમાં દબાણદારો કાયદાની અદાલતમાંથી દબાણ દુર કરવા સામે મનાઇ હુકમ લઇ આવે છે. પરિણામે આવાં-દબાણો દુર કરાવવાની કાર્યવાહી વિલંબમાં પડે છે યા સ્થગિત થઇ જાય છે. આવી પરિસ્થિતિ ઉભી થવા ન પામે તે માટે આવા દબાણો / બિન અધિકૃત બાંધકામો થવા જ ન પામે તે માટે સંબંધિત ખાતાના અધિકારીઓ પુરતી તકેદારી રાખે અને થાય તો તે અટકાવવા યા દુર કરવા વિના વિલંબે સંબંધિત કાયદાની જોગવાઇઓ હેઠળ કાર્યવાહી હાથ ધરવા સંબંધિત અધિકારી તુરત જ રીપોર્ટ કરે તે જરુરી છે. સબબ આવા કિસ્સાઓમાં ઉપર જણાવ્યા પ્રમાણે પુરતી તકેદારી રાખવા અને સરકારના હિતનો ખ્યાલ રાખી જરુરી કાર્યવાહી તુર્ત જ હાથ ધરવા સંબંધિત અધિકારીઓને જણાવવામાં આવે છે.

૩. વધુમાં આવા વર્ગીકૃત રસ્તાઓની આજુબાજુની ખાનગી જમીનોમાં ,પણ રેખાનિયંત્રણ અને જમીન પટ્ટી વિકાસ નિયમોની વિરુધ્ધ કોઇ બાંધકામની પરવાનગી આપવામાં ન આવે તથા બિનપરવાનગી બાંધકામો ન થાય તે જોવા અને જો આવાં બિનપરવાનગી બાંધકામો ધ્યાનમાં આવે તો તે અટકાવવા તથા દુર કરવાની કાનુની-કાર્યવાહી વિના વિલંબે તુર્ત જ હાથ ધરવામાં આવે તે માટે પુરતી કાળજી તથા તકેદારી રાખવા સર્વે સંબંધિત અધિકારીઓને જણાવવામાં આવે છે.

૪. જાહેર માર્ગોની બાજુની સરકારી જમીન કે બીજી કોઇપણ સરકારી જમીન પરના બીન-અધીકૃત કબજા જાહેર બાંધકામ ખાતાના અધિકારીઓ કાયદેસર દુર કરી ન શકતા હોવાના કારણે જ જમીન મહેસુલ સંહિતાની જોગવાઇ મુજબ કાર્યવાહી કરવા મહેસુલ તંત્રને મોકલવામાં આવે છે. આ રીતે દબાણ દુર કરવા મહેસુલ ખાતાને લખવાથી જાહેર બાંધકામ ખાતાના જે તે અધિકારીની જવાબદારી પુરી થતી નથી. મહેસુલી અધિકારી આ બાબતમાં ત્વરીત કાર્યવાહી કરે તે માટે વારંવાર તેમને યાદી આપવાની અને મહે. અધિકારી કોઇ રીતે નિષ્ક્રિય જણાય તો સરકારના મહેસુલ વિભાગમાં રીપોર્ટ કરવાની જવાબદારી જાહેર બાંધકામ ખાતાના અધિકારીની રહેશે. નિષ્ક્રિયતા અંગેનો જાહેર બાંધકામ ખાતાના અધિકારીનો અહેવાલ સાચો જણાશે તો મહેસુલી અધિકારી સામે સખ્ત ખાતાકીય પગલાં લેવામાં આવશે.

૫. આ સુચનાઓનો અમલ સુચારુપણે અને ખુબ જ કાળજીપૂર્વક થાય તે માટે તેમની નીચેના અધિકારીઓને જરુરી સુચના આપવા સર્વ જિલ્લા કલેક્ટરો તથા જિલ્લા વિકાસ અધિકારીઓને જણાવવામાં આવે છે.

૬. દબાણ દૂર કરવા સામે દબાણદાર કોઈપણ કોર્ટમાંથી મનાઈ હુકમ મેળવે તો કેસની વહેલી તકે નિકાલ લાવવા સરકારી વકીલશ્રીને તાકીદ કરવા પણ આથી સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઇ. ઓ. પટેલ.
ઉપ સચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

બધા જિલ્લા કલેક્ટરો,

બધા જિલ્લા વિકાસ અધિકારીઓ.

બધા અધિક્ષક ઇજનેરશ્રી, રાજ્ય તેમજ પંચાયત વર્તુળ.

બધા જ કાર્યપાલક ઇજનેરશ્રી, રાજ્ય તેમજ પંચાયત વિભાગ.

મકાન અને માર્ગ વ્યવહાર વિભાગ (૧૦ નકલો સાથે)

નકલ સિંચાઈ વિભાગ (૧૦ નકલો સાથે)

પંચાયત, ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગ.

ખાસ સચિવશ્રી (વિવાદ) મહેસુલ વિભાગ, અમદાવાદ.

તપાસણી કમિશનરશ્રી અને ખાસ સચિવશ્રી, મહેસુલ વિભાગ.

મહેસુલ વિભાગ-ક, અ, ગ, શાખાઓ.

સિલેક્ટ ફાઈલ.

વિષય :- જમીન
નીમ થયેલ જમીન ઉપર દબાણ બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:એલએનડી /૩૯૮૦ /૧૧૩૪ /ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૦-૨-૧૯૮૧.

વંચાણમાં લીધા :- ૧. પરિપત્ર ક્રમાંક.એલએનડી /૧૧૬૬ /૮૫૧૮૨ / ગ, તા.૫-૧૧ /૬૬
૨. મ. વિ. નો પત્ર નં. એલએનડી /૫૧૭૧/યુઓ. ૩૭૭૧ /ગ, તા.૬-૧૨-૧૯૭૧.

પરિપત્ર

જાહેર હેતુઓ માટે નીમ થયેલી જમીન કે જાહેર હેતુ માટે નીમ કરવાની જમીન ઉપરના બિન-અધિકૃત દબાણ દૂર કરવા અંગે પરિપત્રના આમુખમાં દર્શાવેલ પરિપત્ર અને પત્રથી જરૂરી સૂચનાઓ સરકારે બહાર પાડેલ છે. આ સૂચનાઓનો એક એકત્રિત પરિપત્રમાં સમાવેશ કરી લેવાનું સરકારની વિચારણામાં હતું. આથી તે પ્રમાણે એક એકત્રિત પરિપત્ર બહાર પાડવા સરકારે ઠરાવેલ છે.

૨. સરકારશ્રીના ધ્યાન ઉપર આવ્યું છે કે ગૌચર, ખળવાડ, વગેરે જાહેર હેતુઓ માટે જ્યારે જમીનો નીમ કરવામાં આવે છે, ત્યારે તે જમીન ખુલ્લી છે કે કોઈએ તેની ઉપર દબાણ કર્યું છે તેની સ્થાનિક મહેસૂલ તથા પંચાયત ખાતાના તાલુકા કક્ષાના તથા તેની નીચેના અધિકારીઓ સ્થળ ઉપર જઈ તપાસ કરતા નથી અને નીમ કરવાના હુકમ કરવાની દરખાસ્ત સ્થળ જોયા વિના જ તેઓ યોગ્ય અધિકારીને કરે છે. આથી ઘણીવાર એવું બને છે કે, જાહેર હેતુઓ માટે જમીન નીમ કરવાના હુકમો માત્ર કાગળ પર જ થાય છે અને જમીન જે તે નીમ થયેલ હેતુ માટે ઉપલબ્ધ ન હોતાં નીમ કરવાનો અર્થ રહેતો નથી. પંચાયતો પણ જમીન સંભાળી લેતી વખતે સ્થળ ઉપર તપાસ કરતી નથી. જ્યારે જાહેર હેતુઓ માટે જમીન નીમ કરવામાં આવે અને જે તે સંસ્થાને તે સોંપવામાં આવે તે પહેલાં જમીન ખુલ્લી છે કે કેમ, કોઈએ દબાણ કર્યું છે કે કેમ, તેની તપાસ કરવી જોઈએ કે જેથી પાછળથી બીજા પ્રશ્નો ઉપસ્થિત થાય નહીં.

૩. આથી સરકારશ્રીએ એમ ઠરાવ્યું છે કે મામલતદારે અને

તાલુકા વિકાસ અધિકારીઓએ જે જે જમીન ગૌચર માટે આજ સુધીમાં નીમ થયેલી છે. તે પણ ફરીથી તપાસ કરવી અને જ્યાં જ્યાં દબાણ માલુમ પડે તે દૂર કરવા અને ખાસ સંજોગો હોય ત્યાં નિયમિત કરાવવા યોગ્ય પગલાં લેવા. આ કાર્યવાહી તેમણે છ માસમાં અચૂક પૂર્ણ કરવી અને જીલ્લા કક્ષાના અધિકારીઓને તેમણે તે મુજબનો અહેવાલ મોકલવો. જીલ્લા કક્ષાના અધિકારીએ બધા કેસો છ માસમાં તપાસાઈ જાય તે જુએ.

૪. હવે પછી જ્યારે ગૌચર વગેરે માટેની જમીન નીમ કરવાનો પ્રશ્ન આવે, ત્યારે ડેપ્યુટી કલેકટરે અગર કલેકટરે નીમ કરવાના હુકમ કાઢતા પહેલાં, જમીન ખુલ્લી છે કે કેમ તે સ્પષ્ટ ખાત્રી મેળવી લેવી, અને ત્યારબાદ જ જમીન નીમ કરવા અંગેના હુકમો કરવા.

૫. ગૌચર માટે સરકારે નિયત કરેલા ધોરણ કરતાં વધારે જમીન નીમ કરવી નહીં તથા પંચાયતને સુપ્રત કરવી નહીં. જો આવી જમીનો ઉપર દબાણ થયેલું માલુમ પડે તો દબાણ દૂર કરાવ્યા સિવાય પંચાયતમાં સુપ્રત કરવી નહીં. જો દબાણ હેઠળની મિલ્કતો પંચાયતમાં સુપ્રત કરેલી હોય તો તેને શરતોના બદલ કોઈપણ જાતના વળતર ચુકવ્યા સિવાય સરકારમાં પરત લેવી.

૬. આ હુકમો અગાઉના સરકારના આ વિભાગના ઉપર દર્શાવેલ તમામ હુકમોનું સંકલન કરીને બહાર પાડવામાં આવેલા છે. જ્યાં નાણાં ખાતાની મંજુરીની જરૂર હતી, ત્યાં આ ખાતાની ફાઈલ ઉપર મંજુરી લેવામાં આવેલી હોવાથી ઉપરના મથાળે દર્શાવેલ તમામ હુકમોને બદલે આ હુકમ મુજબ રાજ્યમાં અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઈ. એ. પટેલ,
ઉપસચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

ગુજરાત સરકાર,
મકાનો અને માર્ગ વ્યવહાર વિભાગ,
પરિપત્ર ક્રમાંક:આરબીકો-૧૦૮૧/૬૦૯૪/(૨)/સ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ: ૨૭ મી ફેબ્રુઆરી,૧૯૮૧.

વિષય:- રસ્તાઓની હદની સરકારી જમીનમાં આવતા દબાણો દુર કરવા તથા અટકાવવા બાબત તેમજ જમીન પટ્ટી વિકાસ ઉપર રેખા નિયંત્રણની જાળવણી બાબત. . .

અનુસંધાન:- ૧: સરકારશ્રીના પરિપત્ર ક્રમાંક:આરબીકો-૧૦૭૭/એમ-૨૩૫૫૨/(૮૮)/સ, તારીખ:૧૮-૪-૭૮.

૨: મહેસૂલ વિભાગના પરિપત્ર નંબર:દબણ-૧૦૮૧/૫૧૦/લ, તારીખ:૨-૨-૮૧.

-:-:-:-

પ રિ પ ત્ર :-

સરકારશ્રીના ઉપરોકત પત્રથી રસ્તા ઉપર દબાણો અટકાવવા તેમજ થયેલ દબાણો દુર કરવા માટેની જરુરી સૂચનાઓ આપવામાં આવેલ છે. દબાણો દૂર કરવાની સત્તા મકાનો અને માર્ગ વ્યવહાર વિભાગના અધિકારીઓ પાસે નથી અને જયારે જયારે દબાણ થાય ત્યારે તેને દૂર કરવા માટે મકાનો અને માર્ગવ્યવહાર વિભાગના અધિકારીઓએ મહેસૂલ વિભાગના કે પંચાયતના વિભાગના અધિકારીઓને અનુક્રમે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૭૯(એ) મુજબ સોંપવામાં આવેલ સત્તાઓ પ્રમાણે કે પંચાયત અધિનિયમની કલમ-૯૪(૨) મુજબ સોંપવામાં આવેલ સત્તાઓ મુજબ કાર્યવાહી કરવા માટે તાત્કાલિક લખાણ કરવું જરુરી છે.

રાજય હસ્તકના રસ્તાઓની સરકારી જમીનમાં તેમજ પંચાયત હસ્તકના રસ્તાઓની જમીનની હદમાં બિન પરવાનગીએ મોટા પ્રમાણમાં કેબીનો, ગલ્લાઓ, લારી કે બીજા બાંધકામ કરીને જે દબાણો કરવામાં આવે છે તે દબાણો દૂર કરવા માટે મુખ્ય સચિવશ્રીએ,મકાનો અને માર્ગ વ્યવહાર વિભાગ તેમજ મહેસૂલ વિભાગ અને પંચાયત વિભાગના સચિવશ્રીઓ સાથે ચર્ચા કરીને આવા દબાણો અટકે તે માટે જે તે વિભાગે જરુરી પગલાં લેવા માટેની સૂચના આપેલ છે. આથી આ વિભાગના સર્વે સ્થાનિક અધિકારીઓને જણાવવામાં આવે છે કે, રસ્તાઓની હદની સરકારી જમીનમાં ખાનગી વ્યકિતઓ, ખાનગી સંસ્થાઓ કે જાહેર સંસ્થાઓ તરફથી વિવિધ પ્રકારે જે દબાણો કરવામાં આવે છે તે બિન અધિકૃત દબાણો દૂર કરવા માટે મકાનો અને માર્ગ વ્યવહાર વિભાગના અધિકારીશ્રીઓએ તે અંગેની જાણ બને તેટલી વહેલી જે તે મહેસૂલ વિભાગના અધિકારીશ્રીઓને કરવી અને જો આવી જાણ કરવામાં બિનજવાબદારી કે નિષ્ક્રિયતા માલુમ પડશે તો તે અક્ષમ્ય ગણાશે. રસ્તો કે બીજી સ્થાવર મિલકત જે કર્મચારી કે અધિકારીના ચાર્જમાં હોય તેઓએ તે સ્થાવર મિલકતની જમીનમાં દબાણ

ધ્યાન ઉપર આવતાં . તાત્કાલિક મહેસૂલ વિભાગના અધિકારીઓને જાણ કરવાની તેમજ જયાં સુધી દબાણો દૂર ન થાય ત્યાં સુધી વખતો વખત યાદી પાઠવવાની જવાબદારી બને છે. અને જરૂર પડે તો આવી બાબતો મામલતદાર, પ્રાન્ત ઓફિસર, જિલ્લા વિકાસ અધિકારી કે કલેકટરશ્રીના ધ્યાન ઉપર વખતો વખત લાવવાની રહે છે. જયાં મુશ્કેલી હોય ત્યાં મકાનો અને માર્ગ વ્યવહાર વિભાગ તેમજ મહેસૂલ વિભાગનો સંપર્ક સાધવો જરૂરી છે. જયાં જયાં કેસ કોર્ટમાં પડેલ હોય ત્યાં કેસોનો વેળાસર નિકાલ થાય તે માટે કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારી તેમજ સરકારી વકીલને મળીને વેળાસર નિકાલ કરાવવા પ્રયત્નો કરવા પણ જરૂરી છે.

પંચાયત હસ્તકના રસ્તાઓની હદમાં થતા દબાણો દૂર કરવા માટે સંબંધિત પંચાયતના જિલ્લા વિકાસ અધિકારીશ્રી કે મામલતદારને લખાણ કરવું તેમજ જરૂર પડે તો રુબરુ સંપર્ક સાધવો જેથી પંચાયતના અધિનિયમની કલમ-૯૪(૨) અન્વયે દબાણો દૂર કરાવી શકાય.

રેખા નિયંત્રણ અને જમીન પટ્ટી વિકાસ નિયમોની વિરુદ્ધ જઇને જયારે બાંધકામ થતું જોવામાં આવે ત્યારે આવા બાંધકામ દૂર કરવા માટે મહેસૂલ વિભાગના કલેકટરશ્રી તેમજ મામલતદારને રીપોર્ટ કરવો જરૂરી છે. જેથી તે બાબતમાં મહેસૂલ વિભાગ આગળની કાર્યવાહી કરી બિન પરવાનગીએ થયેલ બાંધકામ દૂર કરાવી શકે.

આ સૂચનાઓનો અમલ ચુસ્તપણે અને ખૂબજ કાળજીપૂર્વક થાય તે માટે અધિક્ષક ઇજનેરશ્રીઓએ જરૂરી સૂચનાઓ સર્વે કાર્યપાલક ઇજનેરશ્રી તેમજ નાયબ ઇજનેરશ્રીઓને આપવી.

ગો. કુ. શાહ,
સરકારના નાયબ સચિવ,
મકાનો અને માર્ગવ્યવહાર વિભાગ.

પ્રતિ,

સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, (મ અને મા) વર્તુળ.
સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, પંચાયત (મ અને મા) વર્તુળ.
સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ, (મ અને મા) વિભાગ.
સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ, પંચાયત (મ અને મા) વિભાગ.
સર્વે કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા વકીલશ્રીઓ.

નકલ મુખ્ય સચિવશ્રીની તા:૧૦-૧૨-૮૦ની નોંધ તથા મ.વિ.ના પરિપત્ર નંબર:બદણ-૧૦૮૧/પ૧૦/લ ના અનુસંધાનમાં રવાના:-

સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય ગાંધીનગર (૧૦ નકલ સાથે).
સચિવશ્રી, પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (૧૦ નકલો સાથે).
સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર (૧૦ નકલ સાથે).
ખાસ સચિવશ્રી (વિવાદ), મહેસૂલ વિભાગ, અમદાવાદ.
તપાસણી કમિશ્નરશ્રી અને ખાસ સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

નકલ રવાના:-મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી.

ગુજરાત સરકાર

મહેસૂલ વિભાગ

ઠરાવ ક્રમાંક : જમન-૩૯૮૧/૫૦૮૨૮-અ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી એપ્રિલ, ૧૯૮૧.

૧. ઠરાવ આરડી. નં. એલએનડી-૩૯૬૦/એઆઈ, તા. ૧-૩-૬૦.

૨. ઠરાવ આરડી. નં. એલએનડી-૩૯૫૯/૧૧૫૦૮૯-એ-૧, તા. ૨-૩-૬૦.

૩. ઠરાવ નં. આરડી. નં. ડીઈવી-૧૬૫૫-૧૧૭૨૨-એ-૧, તા. ૭-૪-૬૦.

૪. ઠરાવ નં. આરડી. એલએનડી-૩૯૬૦/૪૭૬૮૯-એઆઈ, તા. ૨૨-૪-૬૦.

૫. ઠરાવ નં. એલએનડી. ૩૯૬૦/૩૦૨૭-ગ, તા. ૧૩-૭-૬૦.

૬. ઠરાવ નં. એલએનડી. ૩૯૬૦-૬૩૮૦-ગ, તા. ૧૦-૧૦-૬૦.

૭. એ. એન્ડ. એલ. ડી. નં. એલએનડી-૩૯૬૦-૬૩૮૭૪-ગ, તા. ૮-૧૨-૬૦.

૮. ઠરાવ નં. એલએનડી.-૩૯૬૦/૬૭૮૨૭-ગ, તા. ૨૭-૧૨-૬૦.

૯. ઠરાવ નં. એલએનડી-૩૯૬૦/૫૬૭૪૮-ગ, તા. ૨૮-૧-૬૧.

૧૦. ઠરાવ નં. એલએનડી-૩૯૬૧-૪૦૩૬૧-ગ, તા. ૧-૪-૬૧.

૧૧. ઠરાવ નં. એલએનડી-૩૯૬૧-૩૩૭૩૪-ગ, તા. ૧૦-૪-૬૧.

૧૨. ઠરાવ નં. એલએનડી-૩૯૬૧/૪૦૩૨૩-ગ, તા. ૨૭-૪-૬૧.

૧૩. ઠરાવ નં. એલએનડી-૩૯૬૧/૧૭૩૮-ગ, તા. ૨૩-૫-૬૧.

૧૪. પરિપત્ર નં. એલએનડી-૩૯૬૧-૬૭૯૩૮-ગ, તા. ૨૯-૬-૬૧.

૧૫. યાદી નં. એલએનડી-૩૯૬૧-૮૬૫૮૬-ગ, તા. ૧૩-૯-૬૧.

૧૬. પરિપત્ર નં. એલએનડી-૧૪૬૧-૧૦૨૫-૨૪૯-ગ, તા. ૧૦-૧૦-૬૧.

૧૭. યાદી નં. એલએનડી-૧૪૬૧-૧૦૨૫૩૨-ગ, તા. ૧૨-૧૦-૬૧.

૧૮. નં. એલએનડી-૩૯૬૧-૧૧૧૩૪૮-ગ, તા. ૩૧-૧૦-૬૧.

૧૯. નં. યાદી નં. એલએનડી-૩૯૬૧/૧૦૫૩૧-ગ, તા. ૩૧-૧૦-૬૧.

૨૦. ઠરાવ નં. એલએનડી-૩૯૬૧-૭૦૯૮૦-ગ, તા. ૩-૧-૬૨.

૨૧. પરિપત્ર નં. એલએનડી-૪૯૬૦-૫૯૪-ગ, તા. ૮-૨-૬૨.

૨૨. હોટેલ અંગેનો હોઈ રદ કર્યો.

૨૩. ઠરાવ નં. એલએનડી-૩૯૬૨-૯૬૫૯૬-ગ, તા. ૩૧-૩-૬૨.

૨૪. ઠરાવ એ. એલએનડી-૩૯૬૨-૫૫૯૨૮-ગ, તા. ૧૨-૭-૬૨.

૨૫. પરિપત્ર નં. એલએનડી-૩૮૬૨-૨૮૩૧૨-ગ, તા. ૧૭-૮-૬૨.

૨૬. વાડાની જમીનો હોવાથી રદ,

૨૭. પરિપત્ર નં. એલએનડી-૩૯૬૨-૭૩૧૯૮-ગ, તા. ૧-૯-૬૨.

૨૮. પરિપત્ર નં. એલએનડી-૩૯૬૨-૧૦૬૯૬-ગ, તા. ૬ ૯-૬૨.

૨૯. પરિપત્ર નં. એલએનડી-૩૯૬૨-૪૨૩૦૩-ગ, તા. ૧૩-૯-૬૨.

૩૦. ઠરાવ નં. એલએનડી-૩૯૬૨-ગ, તા. ૨૦-૯-૬૨.

૩૧. પરિપત્ર નં. ઓ-૮૦૪૦-એ, તા. ૨૬-૯-૬૨.

૩૨. પરિપત્ર નં એલએનડી-૩૯૬૨-એમ ૧૨૨૪૫-ગ, તા. ૩૧ ૧૦ ૬૨.

૩૩. ઠરાવ નં. અલઅનડી-૩૯૬૧-૩૯૯૧૪-ગ, તા. ૮-૧૧-૬૨.

૩૪. પરિપત્ર નં. ૩૯૬૨-૪૨૩૦૩-ગ, તા. ૧૩-૧૧-૬૨.

૩૫. ઠરાવ નં. એલએનડી-૧૯૬૨-એન-૧૦૧૯૮-ગ, તા. ૨૦ ૧૧-૬૨.

૩૬. ઠરાવ નં. અલએનડી-૩૯૬૨-૩૯૬૨-ગ, તા. ૨૭-૧૧-૬૨.

૩૭. ઠરાવ નં. એલએનડી-૩૯૬૨-૯૯૧૭૬-ગ, તા. ૫-૧૨-૬૨.

૩૮. ઠરાવ નં. એલએનડી-૩૯૬૨-૫૫૫૩૦-ગ, તા. ૭-૧૨-૭૯.

૩૯. રાઈફલ કલબનો લોર્ડ કમી.

૪૦. ઠરાવ નં. એલએનડી-૩૯૬૨૭-૧૨૯૪-ગ, તા. ૧૨-૨-૬૩.

૪૧. ઠરાવ નં. એલએનડી-૩૯૬૨-૧૧૭૦-ગ, તા. ૧૪-૨-૬૩.

૪૨. પરિપત્ર નં. એલએનડી-૩૯૬૨-૯૩૬૪-ગ, તા. ૧૯-૩-૬૩.

૪૩. એલએનડી-૩૯૬૨-૩૯૮૫-અ, તા. ૧-૫-૬૩.

૪૪. પરિપત્ર નં. એલએનડી-૩૯૬૪-૬૯૧૯૫-એ, તા. ૩૦-૪-૬૪

૪૫. ઠરાવ નં. એલએનડી-૩૯૬૪-૬૪૬૯૪-એ, તા. ૮-૭-૬૪.

૪૬. પરિપત્ર નં. એલએનડી-૧૬૬૪-૭૬૯૬૯-એ, તા. ૧-૭-૬૪.

૪૭. પરિપત્ર નં. એલએનડી-૩૯૬૨-૭૦૪૬૯-એ, તા. ૧-૮-૬૪.

૪૮. પરિપત્ર નં. એલએનડી ૩૯૬૪-૪૧૭૬૪-એ, તા. ૫-૮-૬૪.

૪૯. ઠરાવ નં. એલએનડી-૩૫૬૪-૧૫૬૨૧૮-અ, તા. ૨૬-૧૧-૬૪.

૫૦. પરિપત્ર નં. અલએનડી-૩૬૮૩-૩૯૦૦૫-એ, તા. ૧૫-૧૨-૬૪.

૫૧. જી. નં. એલએનડી-૧૩૬૪-૧૬૨૧૫-પી, તા. ૩-૧-૧૯૬૫.

૫૨. ઠરાવ નં. એલએનડી-૩૯૬૪-૧૫૫૨૮-એ, તા. ૨૨-૧-૬૫.

૫૩. ઠરાવ નં. એલએનડી-૧૦૬૪-૧૬૦૫૭-ટી, તા. ૬-૩-૬૫.

૫૪. પરિપત્ર નં. એલએનડી ૩૯૬૪-૧૬૧૩૬૮-એ, તા. ૩૧-૫-૬૫.

૫૫. ઠરાવ નં. એલએનડી ૩૯૬૪-૧૬૫૫૩૫-એ, તા. ૩-૬-૬૫

એચ--૧૩૪૬--૫

૫૬. ઠરાવ નં. એલએનડી-૩૯૬૫-૪૬૬૯૩-એ, તા-૧૪-૬-૬૫.

૫૭. ઠરાવ નં. એલએનડી-૧૨૬૪-૬૨૩૩૯-એ, તા. ૭ ૮ ૬૫.

૫૮. પરિપત્ર નં. જમન-૩૯૬૫-૮૦૦૧૩-એ, તા. ૧૮-૯-૬૫.

૫૯. પરિપત્ર નં. એલએનડી-૩૯૬૫-એમ-૧૨૪૪૫-એ, તા. ૨૫-૧૧-૬૬.

૬૦. પરિપત્ર નં. એલએનડી-૩૯૬૨-૧૦૫૪૩-એ, તા. ૫-૩-૬૬.

૬૧. ઠરાવ નં. એલએનડી-૩૯૬૫-૯૮૪૨૩-એ, તા. ૧૪-૩-૬૬.

૬૨. પરિપત્ર નં. ઓ. ૧૩૮૧૯-એ, તા. ૧૭-૩-૬૬.

૬૩. જી. નં. જમન-૩૯૬૬-૧૭૦૪૫-એ, તા. ૧૧-૪-૬૬.

૬૪. ઠરાવ નં. એલએનડી-૩૯૬૬ ૨૧૨૮૨-એ, તા. ૧૮-૫-૬૬.

૬૫. પરિપત્ર નં. એલએનડી-૩૯૬૬-૫૩૧૯૮-એ, તા. ૧૫-૬-૬૬.

૬૬. ઠરાવ નં. જમન-૩૯૬૫-૪૩૬૯૯-અ, તા. ૨૧-૬-૬૬.

૬૭. પરિપત્ર નં. એલએનડી-૩૯૬૬-૬૩૧૯૬-અ, તા. ૧૪-૭-૬૬.

૬૮. નાળીયેરનો લોઈ કમી.

૬૯. પરિપત્ર નં. એલએનડી-૩૯૬૪-૬૯૦૩૨-એ, તા. ૨૯-૮-૬૬.

૭૦. ઠરાવ નં. એલએનડી-૩૯૬૬-૧૦૦૩૧-અ, તા. ૧૬-૧૧-૬૬.

૭૧. ઠરાવ નં. એલએનડી-૩૯૬૫-૭૧૫૬-એ, તા. ૨૯-૧૧-૬૬.

૭૨. ઠરાવ નં. જમન-૩૯૬૬-૧૨૫૮૩૪-અ, તા. ૧૨-૧-૬૭.

૭૩. ઠરાવ નં. એલએનડી-૩૯૬૭ ૩૬૦૬-એ, તા. ૩૧-૧-૬૭.

૭૪. ઠરાવ નં. એલજીએલ-૩૯૬૫-૯૬૮૫૫-એ, તા. ૩૧-૧-૬૭.

૭૫. ઠરાવ નં. એલજીએલ-૩૯૬૬-૧૦૫૨૭૩-ગ, તા. ૧૨-૪-૬૭.

૭૬. ઠરાવ નં. જમન-૩૯૬૭-૨૯૭૬૨-એ, તા. ૧૮-૫-૬૭.

૭૭. નાળીયેરનો લોઈ કમી.

૭૮. પરિપત્ર નં. એલએનડી-૧૧૬૭-૪૮૩૪૯-એલ, તા. ૧-૮-૬૭.

૭૯. ઠરાવ નં. એસસીએચ-૧૭૬૭ ૮૨૨૬૮-જ, તા. ૨૫-૮-૬૭.

૮૦. ઠરાવ નં. એલએનડી-૩૯૬૭-૭૧૪૦૭-એ, તા. ૧-૧૦-૬૭.

૮૧. પરિપત્ર નં. એલએનડી-૩૯૬૭-૧૧૭૦૮-ગ, તા. ૪-૧-૬૮.

૮૨. પરિપત્ર નં. એલએનડી-૩૯૬૭-૧૧૧૬૮-ગ, તા. ૨૨-૧-૬૮.

૮૩. ઠરાવ નં. બમપ-૧૬૬૭-૧૦૧૫૮૧-એ, તા. ૨૪-૧-૬૮.

૮૪. ઠરાવ નં. એલએનડી-૩૯૬૭-૭૭૨૯૩-એ, તા. ૨૫-૧-૬૮.

૮૪. ઠરાવ નં. એલએનડી-૩૯૬૭-૯૭૨૯૩-એ, તા. ૨૫-૧-૬૮.

૮૫. પરિપત્ર નં. એલએનડી-૩૯૬૮-૧૩૬૬૩-એ, તા. ૨૪-૪-૬૮.

૮૬. પત્ર નં. જમન-૩૯૬૭-૧૦૧૧૩૮-એ, તા. ૧૪-૫-૬૮.

૮૭. પરિપત્ર નં. ઓ-૧૫૫૭૮૪-એ, તા. ૨૭-૫-૬૮.

૮૮. પરિપત્ર નં. જમન-૩૯૬૮-૩૫૫૧૯-એ, તા. ૬-૬-૬૮.

૮૯. પડતર જમીન અંગેનો હોઈ રદ.

૯૦. પરિપત્ર નં. એલએનડી ૩૯૬૮-૬૩૧૦૦-એ, તા. ૨૧-૬-૬૮.

૯૧. ઠરાવ નં. જમીન-૩૯૬૮-૬૩૧૦૦-એ, તા. ૧૦-૯-૬૮.

૯૨. ઠરાવ નં. એલએનડી-૩૯૬૮-૯૩૨૨૧-એ, તા. ૧૬-૧૧-૬૮.

૯૩. પરિપત્ર નં. એલએનડી-૩૯૬૮-૧૫૮૦૭-એ, તા. ૨૦-૧૧-૬૮.

૯૪. પરિપત્ર નં. જમન-૩૯૬૭-૫૭૨૦૫-એ, તા. ૨૨ ૧૧-૬૮.

૯૫. બીજા ખાતાનો હોઈ રદ.

૯૬. ઠરાવ નં. જમન-૩૯૬૮-એમ-૨૧૮૫૦-એ, તા. ૩-૧૧-૬૯

૯૭. ઠરાવ નં. જમન-૩૯૬૮-૧૧૫૦૦૭-એ, તા. ૧૮-૧-૬૯.

૯૮. ઠરાવ નં. જમન-૩૯૬૮-૧૧૫૦૦૭-એ તા. ૨૪-૧-૬૯.

૯૯. ઠરાવ નં. જમન-૩૯૬૯-એ, તા. ૪-૨-૬૯.

૧૦૦. ઠરાવ નં. જમન-૩૯૬૯-૧૨૫૦૧૧-એ, તા. ૧-૩-૬૯.

૧૦૧. ઠરાવ નં. જમન-૩૯૬૮-એમ-૨૧૮૫૦-એ, તા-૧૧-૪-૬૯.

૧૦૨. ઠરાવ નં. જમન-૩૯૬૭-૨૧૯૦૦-એ, તા. ૧૦-૧૦-૬૯.

૧૦૩. ઠરાવ નં. જમન-૩૯૬૯-૬૪૪-યુ. ઓ. એ. તા. ૨૧-૧૦-૬૯.

૧૦૪. ઠરાવ નં. જમન-૩૯૬૮-૬૫૬૨૮-એ, તા. ૨૭-૧૦-૬૯.

૧૦૫. ઝાડ અંગેનો હોઈ રદ.

૧૦૬. ઠરાવ નં. જમન-૩૯૬૯/૮૭૫૨૫-એ, તા. ૮-૧-૭૦.

૧૦૭. પરિપત્ર નં. એલએનડી. ૩૯૬૮-૧૧૫૮૭૬-એ, તા. ૨૬-૨-૭૦.

૧૦૮. ઠરાવ નં. જમીન-૩૯૬૧-૮૪૯૦૫-એ, તા. ૯-૪-૭૦.

૧૦૯. પરિપત્ર નં. એલએનડી-૩૯૭૦-એમ-૬૨૩-એ, તા. ૬-૫-૭૦.

૧૧૦. પરિપત્ર નં. એલએનડી. ૩૯૬૮-૮૩૩૦૩-એ, તા. ૧૧-૯-૭૦.

૧૧૧. પરિપત્ર નં. એલએનડી-૩૯૬૮-૧૭૧૯-એ, તા. ૬-૧૦-૭૦.

૧૧૨. પરિપત્ર નં. જમન-૩૯૬૮-૮૩૩૦-અ, તા. ૧-૧૦-૭૦.

૧૧૩. પરિપત્ર નં. એલએનડી-૩૯૭૦-એ, તા. ૪-૧૧-૭૦.

૧૧૪. ઠરાવ નં. જમન-૩૯૭૧-એમ-૧૩૫૬૭-એ, તા. ૩૦-૧-૭૧.

૧૧૫. જી. ડી. ઓ. નં. એલએનડી-૩૯૭૧-૩૫૬૭-એ, તા. ૧૩-૭-૭૧.

૧૧૬. ઠરાવ નં. એલએનડી-૩૯૭૧-એમ-૯૮૨૨ તા. ૧૩-૭-૭૧.

૧૧૭. પરિપત્ર નં. જમન-૩૯૭૧-અ, તા. ૩૧-૭-૭૧.

૧૧૮. ઠરાવ નં. એલએનડી-૩૯૭૧-એ, તા. ૪-૮-૭૧.

૧૧૯. જી. નં. એલએનડી-૧૮૭૧-૧૧૩૦૬૧-એ, તા. ૧-૧૦-૭૧.

૧૨૦. ઠરાવ નં. એલએનડી-૩૯૭૧-૯૩૯૨૨-એ, તા. ૫-૧૦-૭૧.

૧૨૧. ઠરાવ નં. એલએનડી-૩૯૭૧-૭૭૨૦૫-એ, તા. ૨૯-૧૨-૭૧.

૧૨૨. ઠરાવ નં. એલએનડી-૩૯૭૧-૭૭૨૦૫-એ, તા. ૨૯-૧૨-૭૧.

૧૨૩. એલએનડી-૩૯૭૧-૧૭૫-એ, તા. ૩-૧-૭૨.

૧૨૪. ઠરાવ નં. જમન-૩૯૭૧-૧૪૧૭૪૩-એ, તા. ૨૫-૧-૭૨.

૧૨૫. ઠરાવ નં. એલએનડી-૩૯૭૧-એ, તા. ૨૮-૧-૭૨.

૧૨૬. ઠરાવ નં. એલએનડી-૩૯૭૧-૧૩૦૨૧-એ, તા. ૧૯-૨-૭૨.

૧૨૭. શુદ્ધિ નં. એલએનડી-૩૯૭૨-એ, તા. ૨૧-૨-૭૨.

૧૨૮. જીડીઓ નં. એલએનડી-૩૯૭૨-૧૭૪૦૩-એ, તા. ૩-૩-૭૨.

૧૨૯. ઠરાવ નં. એલએનડી-૩૯૭૧-૩૧૧૧૭-એ, તા. ૨૫-૪-૭૨.

૧૩૦. ઠરાવ નં. એલએનડી. ૩૯૭૨-૨૧૩૨૦-ગ, તા. ૧૧-૪-૭૨.

૧૩૧. પત્ર નં. જમન-૩૯૭૨-૧૧૭૧-૪૧૫૩૪-એ, તા. ૧૩-૭-૭૨.

૧૩૨. પરિપત્ર નં. એલએનડી-૩૯૭૨-૬૩૧૫૨-એ, તા. ૨૯-૭-૭૨.

૧૩૩. ઠરાવ નં. એલએનડી-૩૯૭૧-૧૭૫૧-એ, તા. ૩-૧-૭૨.

૧૩૪. પરિપત્ર નં. એલએનડી-૩૯૭૨-એ, તા. ૫-૮-૭૨.

૧૩૫. પરિપત્ર નં. જમન-૩૯૭૨-૬૩૭૫૪-એ, તા. ૧૮-૮-૭૨.

૧૩૬. યાદી નં. જમન-૩૯૭૨-૧૬૫૫૮-એ, તા. ૨૫-૧૦-૭૨.

૧૩૭. પરિપત્ર નં, જમન-૩૯૭૨-૩૫૯૪૮-એ, તા. ૩૦-૧૦-૭૨.

૧૩૮. ઠરાવ નં. એલએનડી-૩૯૭૧-૧૨૮૮૧૫-એ, તા. ૧૬-૧૧-૭૨.

૧૩૯. પરિપત્ર નં. જમન-૩૯૭૩-૩૬૩૯૨-એ, તા. ૯-૪-૭૩.

૧૪૦. પરિપત્ર નં. એલએનડી-૩૯૭૩-એ, તા. ૧૪-૬-૭૩.

૧૪૧. પરિપત્ર નં. એલએનડી-૩૯૭૩-એ, તા. ૧૪-૬-૭૩.

૧૪૨. પરિપત્ર નં. એલએનડી-૩૯૭૧-૮૭૮૦૦-એ, તા. ૮-૧૦-૭૩.

૧૪૩. જી. આર. આર. ઓ. નં. જમન-૩૯૭૪-૧૫૬૩૩૮-એ તા. ૩૦-૧૧-૭૩.

૧૪૪. જી. નં. જમન-૩૯૭૪-૯૫૨૯-એ, તા. ૧૪-૨-૭૪.

૧૪૫. ઠરાવ નં. જમન-૩૯૧૪-યુ. ઓ. ૨૦૯ તા. ૨૩-૬-૭૪.

૧૪૬. ઠરાવ નં. એલએનડી-૩૯૭૪-૨૯૪-ગ, તા. ૨૦-૭-૭૪.

૧૪૭. ઠરાવ નં. એલએનડી-૪૩૭૨-જી. ઓ. ૪૯૨૩-એ તા. ૨૫-૮-૭૪.

૧૪૮. પરિપત્ર નં. એલએનડી-૩૯૭૪-૧૦૮૦૮૦-એ, તા. ૧૩-૯-૭૪.

૧૪૯. પરિપત્ર નં. એલબીબી-૩૯૭૨-૧૦૩૦૯૭-ગ, તા. ૭-૧૦-૭૪.

૧૫૦. પરિપત્ર નં. જમન-૩૯૭૪-૧૨૧૭૬૭-એ, તા. ૨૨-૧૧-૭૪.

૧૫૧. પરિપત્ર નં. એલઆરએફ-૩૯૭૪-૧૦૧૬૦૩-એ, તા. ૧૪-૧૨-૭૪.

૧૫૨. ઠરાવ નં. જમન-૩૯૭૪-૩૯૭૪-યુ. ઓ. ૫૬૨-ગ, તા. ૨૨-૧૧-૭૪.

૧૫૩. ઠરાવ નં. જી. નં. જમન-૩૯૭૪-યુ. ઓ. ૮૫૦૮-એ, તા. ૧૩-૨-૭૫.

૧૫૪. ઠરાવ નં. એલએનડી-૩૯૭૫-૩૯૬૧૩, તા. ૧૯-૫-૭૫.

૧૫૫. ઠરાવ નં. એલએનડી-૩૯૭૫-એ, તા. ૪-૬-૭૫.

૧૫૬. ઠરાવ નં. જમન-૩૯૭૪-૧૩૯૦૬૮-એ, તા. ૫-૮-૭૫.

૧૫૭. ઠરાવ નં. જમન-૩૯૭૬-એ, તા. ૭-૨-૭૬.

૧૫૮. પરિપત્ર નં. એલએડી-૩૯૭૬-૯૧૪૯૭-એ, તા. ૧૯-૮-૭૬.

૧૫૯. પરિપત્ર નં. એલએનડી-૩૯૭૬-૯૧૪૯૭-એ, તા. ૧૯-૮-૭૬.

૧૬૦. ઠરાવ નં. એલએનડી-૩૯૭૬-૧૪૩૮૮૫-એ, તા. ૯-૧૨-૭૬.

૧૬૧. ઠરાવ નં. એલએનડી-૩૯૭૭-૧૪૭૭૫-એ તા. ૧૬-૪-૭૭.

૧૬૨. ઠરાવ નં. જમીન-૯૭૧-યુ. ઓ. ૨૪૯-એ, તા. ૩૦-૪-૭૭.

૧૬૩. પરિપત્ર નં. એલએનડી-૩૯૭૭-૧૦૧૦૮૪-એ, તા. -૧૦-૭૭.

૧૬૪. ઠરાવ નં. એલએનડી-૩૯૭૭-૧૦૧૦૮૪-એ, તા. ૭-૧૦-૭૭.

૧૬૫. પરિપત્ર નં. એલએનડી-૩૯૭૭-સીઓએન-૭૭૦૦-એ, તા. ૨૮-૧૧-૭૭.

૧૬૬. પરિપત્ર નં. એલએનડી-૩૯૨૭-ખા-૬૬૦૦-અ, તા. ૨૮-૧૧-૭૭.

૧૬૭. ઠરાવ નં. જમન-૩૦૭૮-૭૭૦૬૧-અ, તા. ૧૩-૧૨-૭૮.

**ઠરાવ**

**૧. સરકારી પડતર જમીનનો નિકાલ વખતો વખત સુધાર્યા પ્રમાણેના મહેસૂલ વિભાગના તા. ૧લી માર્ચ, ૧૯૬૦ના સરકારી ઠરાવ નં. એલએનડી-૩૯૬૦-એ-૧માં બહાર પાડવામાં આવેલા હુકમ પ્રમાણે થાય છે તેમ છતાં વ્યવહારમાં નીચેના ચાર પ્રતિબંધના કારણે કોઈ મોટા પાયા પર કાયમી નિકાલ થવા પામેલ ન હતી.**

**એચ–૧૩૪૬–૬**

૧. જમીન ઉપયોગ સર્વે યોજનાને કારણે પ્રતિબંધ.

૨. અમુક સિંચાઈ અને વીજળી યોજના કામો દ્વારા અસર પામેલી વ્યકિતઓના પુનઃ સ્થાપના માટેની યોજનાઓને કારણે પ્રતિબંધ.

૩. વન સેટલમેન્ટને કારણે પ્રતિબંધ.

૪. કચ્છનું રણ વધતું અટકાવવા માટેની યોજના સહિત વનવૃદ્ધિ યોજનાઓને કારણે પ્રતિબંધ.

સરકારે સદરહુ ઠરાવની તારીખથી નકકી કર્યું છે કે ઉપરોકત બધા પ્રતિબંધ દુર કરવા અને વખતોવખત પટે આપવામાં આવતી સરકાર પડતર જમીન સહિત સરકારી પડતર જમીનોનો કાયમી નિકાલ તા ૧-૩-૬૦ ના ઠરાવ અને આ ઠરાવ સાથેની સૂચનાઓની યાદીમાં જણાવેલ ક્રમ અનુસાર હાથ ધરવો આ હુકમ ખેતી માટે સરકારી પડતર જમીનોના કાયમી નિકાલને વિનિયમિત કરતાં હાલના બધા હુકમોને રદ કરે છે. પ્રતિબંધ માત્ર ૫૦ એકર કે એથી વધારે એક જથ્થે આવેલ જમીનના બ્લોક પૂરતો મર્યાદિત રાખવો, અને તેથી ઓછી વિસ્તારની જમીનો પ્રતિબંધમાંથી મુકત કરી તેનો કાયમી નિકાલ પડતર જમીનની સાથણીના આ નિયમો મુજબ કરવાનો રહે છે.

૫૦ એકર અને તેથી વધુ ક્ષેત્રફળની એક પટ્ટી કે એક જથ્થે આવેલી જમીનનો નિકાલ એકસાલી કે કાયમી સદંતર બંધ રાખવો કે જેથી તે જમીનો પુનઃ વસવાટ માટે તાકીદે ઉપલબ્ધ થઈ શકે.

નર્મદા યોજનાનો પુર્નવસવાટ યોજના અંગેનો સંપૂર્ણ પ્રતિબંધ સુરત, ભરૂચ, પંચમહાલ અને વડોદરા જીલ્લા ચાલુ રહે છે.

૨. આ હુકમો કઈ જમીનને લાગું પડશે.—(૧)બધા કલેકટરોએ કાયમી ધોરણે જેનો નિકાલ કરી શકાય તેવી સરકારી પડતર જમીનોની યાદી તૈયાર કરવી. આ ઠરાવના જોડાણ તરીકે છાપેલી સૂચનાઓ અનુસાર કરવું. આ હુકમો ઉપર જણાવેલી સુચનાઓ ફકરા-૧માં ઉલ્લેખીત આખરી યાદીમાં સમાવિષ્ટ બધી જમીનોને લાગુ પડશે.

(૨) આજે અનેક હેતુસર સરકારને અને ઘણી જાહેર સંસ્થાઓને વિવિધ હેતુઓ માટે જમીનની જરૂર પડે છે. આવા હેતુઓ માટે ઉપયોગમાં લેવા મોટા શહેરોમાં ઘણી ઓછી સરકારી જમીનો ઉપલબ્ધ હોય છે. તેથી સરકારે ઠરાવ્યું છે કે એક લાખ ઉપરની વસ્તીવાળા બધા જ શહેરોમાં બીન-ખેતી વિષયક હેતુઓ માટે ઉપયોગી હોય તેવી સરકારી ખુલ્લી જમીનો કોઈને આપવી નહીં. તેમ છતાં કોઈ ખાસ કિસ્સામાં કોઈને જમીન જોઈતી હોય તેવા કિસ્સામાં કિસ્સાના સંજોગો, અને ગુણદોષ અનુસાર સરકારી જમીન આપવાની દરખાસ્ત જરૂર જણાય તો વિગતવાર માહિતી સાથે સરકારને મંજૂરી માટે મોકલવાની રહે છે.

(૩) (અ) જમીનના ટુકડા અને અનિયમિત આકારની જમીન સિવાય આખરી યાદીમાં સમાવિષ્ટ બીજી બધી સરકારી પડતર જમીનનો નિકાલ આ ઠરાવના ફકરા ૧૨ની જોગવાઈઓને આધીન રહીને કરવાનો રહે છે. સરકારી પડતર જમીનની સોંપણી અન્વયે જે અગ્રતા ક્રમ નકકી થયો છે તે અગ્રતા ક્રમ ચાલુ રાખવી, પણ પછાત વર્ગના સભ્યો કરતાં જેઓ અગ્રતા ક્રમમાં આગળ આવે છે અને તેઓ જમીનની માંગણી કરે તે વખતે જે જે જમીન પ્રત્યેક લેન્ડ કચેરી વખતે ઉપલબ્ધ હોય તેની વહેંચણી એવી રીતે કરવી કે જેથી પછાત વર્ગના સભ્યોને પણ જમીન અચૂક મળે.

(બ) સરકારી પડતર જમીનો સાંથણી માટે કાયમી ધોરણે જ આપવાની રહે છે. પરંતુ સંજોગોવસાત જો એકસાલી ધોરણે સરકારી પડતર જમીન પહેલી જ વખત આપવાની થાય તો આ ઠરાવમાં નિયત થયેલા અગ્રતાક્રમ મુજબ જ તેની એકસાલી ધોરણે સોંપણી કરવી, અને તેની ગામે બરોબર પ્રસિદ્ધ કરવી તથા તેની પછાત વર્ગની વ્યકિતઓને અવશ્ય જાણ થાય તેની કાળજી રાખવી. પછાત વર્ગના શખ્સો તરફથી સરકારી પડતર જમીન એકસાલી ધોરણે મેળવવા માટેની કોઈ માંગણી ન આવે અગર તો સંજોગોવસાત તેઓ માંગણીદાર તરીકે આગળ ન આવે તો સમાજ કલ્યાણ અધિકારીશ્રીને તેની વિગતવાર માહિતી મોકલવી અને તેઓશ્રીને ગામે પછાત-વર્ગની વ્યકિતઓને શોધી કાઢવા માટે એક માસનો સમય આપવો. ત્યારબાદ તેવી જમીન સરકારના સ્થાયી હુકમો મુજબ એકસાલી પટ્ટે આપવી. આવા કિસ્સાઓમાં પટે આપવામાં આવતી જમીનના ઠરાવમાં પછાત વર્ગના શખ્સોનો સંપર્ક સાધવા છતાંય માંગણી કરવામાં આવી નથી. માટે બીન પછાતવર્ગની વ્યકિતને એકસાલી પટે સરકારી જમીન આપવામાં આવે છે તેવો સ્પષ્ટ ઉલ્લેખ સોંપણી અધિકારીશ્રીએ કરવો. આ હુકમો ચાલુ એકસાલી પટ્ટાઓ તાજા કરવાના કિસ્સાઓમાં લાગુ પડતા નથી.

(ક) સરકારી જમીનોનો બિન-પરવાનગીથી કબજો કરી વાવેતર કરનારાઓ મુંબઈ જમીન મહેસૂલ સંહિતાની કલમ ૬૧ ઈ, મુજબનો માત્ર દંડ ભરી છટકી જાય છે. સદરહુ કાયદાની કલમ ૬૧ ની જોગવાઈઓ મુજબ આવા કિસ્સાઓમાં સરકારી જમીન ઉપરના ઉભો પાક પણ જપ્ત કરી શકાય છે. જેથી યોગ્ય કિસ્સાઓમાં ઉભો પાક જપ્ત કરી લેવાનાં પગલાં પણ સમયસર લેવાનું મહેસૂલ અધિકારીઓએ વિચારવું જોઈએ. તેવી પણ સરકારની સૂચના છે.

૩. (ક) અનુસૂચિત વિસ્તાર સિવાયના વિસ્તારમાં જમીનો ફાળવવા માટે અગ્રતાક્રમ.—(૧)પ્રથમ અગ્રતા લશ્કરના તથા નિવૃત થયેલા કે થનાર લશ્કરી સૈનિકોને નીચે દર્શાવેલ હકીકત ધ્યાનમાં રાખી આપવાની રહેશે.

સંરક્ષણ દળમાં સૈનિકો/માજી સૈનિકો તરફથી તેમની આજીવીકાના હેતુ માટે સરકારી પડતર જમીન ખેતી માટે મળવાની જ્યારે માંગણી આવે ત્યારે તે માંગણીઓનો નિકાલ કરતાં પહેલાં નીચેની જોગવાઈઓનું પાલન થાય છે કે કેમ તેની પૂરેપૂરી ચકાસણી કર્યા બાદ જમીન ગ્રાન્ટ કરવાની રહેશે.

(૧) ભૂમિ દળમાં જેમણે "સિપાઈ" (SEPOY) એટલે કે (OTHER RANKS) અથવા તેને સમકક્ષ જગ્યા પર ઓછામાં ઓછી પંદર વર્ષની ફરજ બજાવી હોય અને જેઓ નિવૃત્તિની વયે ( Age of Superannuation ) પહોંચ્યા હોય અથવા જેઓએ ગણનાપાત્ર સમય સુધી (Permissible Length of Service) ફરજ બજાવી હોય અને ત્યાર બાદ જેઓ નિવૃત્તિ થયા હોય તેવા અને જુનીયર કમીશન્ડ ઓફીસરો અને ઉંચી પાયરી પરના અધિકારીઓ કે જેઓએ ઓછામાં ઓછી ૨૦ વર્ષની ફરજ બજાવી હોય અને જેઓએ નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ મેળવેલ ન હોય કે રાજીનામું આપેલ ન હોય તેઓ જમીન મેળવવાને પાત્ર ગણાશે. આ પાત્રતા હવાઈ દળ અને નૌકાદળનાં સમકક્ષ સૈનિકોનાં કિસ્સામાં પણ અમલમાં મુકવાની રહેશે.

૧. (૨) આ ઠરાવ પ્રમાણે સંરક્ષણ દળના નામે જણાવ્યા પ્રમાણેના સભ્યો જમીન મેળવવાને પાત્ર ગણાશે નહિ:—(૧) જેઓ સંરક્ષણ દળમાંથી પેન્શન મેળવ્યા સિવાય 'ડીસ્ચાર્જ' (Descharge) અથવા (Release) થયા હોય. (૨) જેઓને કટોકટીના સમય દરમિયાન ભરતી કરવામાં કે, કમીશન પર લેવામાં આવ્યા હોય (૩) શોર્ટ સર્વિસ કમિશન પરના અધિકારીઓ. (૪) જેઓને સંરક્ષણદળની નોકરીમાંથી બરતરફ (Dismiss) કરવામાં આવ્યા હોય (૫) વહીવટી કારણોસર જેમને ડીસ્ચાર્જ કરવામાં આવ્યા હોય ઉદાહરણ તરીકે જેમની સેવાઓની જરૂર ન હોય અગર તો જેઓને ફરજીયાત નિવૃત્ત કરવામાં આવેલા હોય. (૬) ભૂમિદળમાં મેજરથી ઉપલી કક્ષાએ હોદ્દો ધરાવતા અને નૌકા દળ અને હવાઈ દળમાં તેની સમકક્ષ હોદ્દો ધરાવનાર અધિકારીઓ પછી ભલે તેઓ આ હોદ્દો સ્થાનિક (Local) કાર્યકારી ધોરણે (Acting) ટાઈમ સ્કેલ (Time Scall) અથવા કાયમી ધોરણે (Substative) ધરાવતા હોય તેવા સૈનિક અધિકારીઓ સરકારી પડતર જમીન મેળવવાને પાત્ર રહેશે નહીં.

૧. (૩) સંરક્ષણ દળનાં સૈનિકો કે જેઓ આગામી બે વર્ષમાં નોકરીમાંથી નિવૃત્ત થવાના હોય તેઓને સરકારી પડતર જમીન ગ્રાન્ટ કરવાનું વિચારી શકાશે. પરંતુ આવા કિસ્સામાં જમીન ગ્રાન્ટ કરનાર અધિકારીએ આર્મી હેડ કવાર્ટસ ઓથોરીટીનું જમીન માંગનાર સૈનિક બે વર્ષમાં નિવૃત થવાની શકયતા છે તે મતલબનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. અને આવા કિસ્સાઓ માં નિવૃત્તિની તારીખે અથવા તો નિવૃત્તિની તારીખ બાદ જમીન ગ્રાન્ટ કરી શકાશે. આવું પ્રમાણપત્ર "બીજા હોદ્દાઓ" ( Other Ranks ) અને જુનીયર કમીશન ઓફીસરોના કિસ્સામાં ઓફીસર-ઈન-ચાર્જ, રેકર્ડ પાસેથી અને બીજા ઓફીસરોના કિસ્સામાં ભૂમિદળ મુખ્યમથક (Army Head Quarters) પાસેથી મેળવવાનું રહેશે. જમીન માંગનાર વ્યકિત આગામી બે વર્ષમાં નિવૃત્ત થનાર હોય અને તે જો મેજરનો હોદ્દો ધરાવતી હોય તો આગામી બે વર્ષમાં તેને મેજરથી ઉપરની કક્ષામાં બઢતી મળવાની શકયતા નથી. તે મતલબનો સ્પષ્ટ ઉલ્લેખ પ્રમાણપત્રમાં હોવો જોઈએ.

૧. (૪) સૈનિક કે માજી સૈનિક જમીન મેળવવા માટે લેખિત બાંહેધરી આપવી પડશે કે નિવૃત્તિ બાદ તેઓ તેમનું ભરણ પોષણ મુખ્યત્વે ખેતી દ્વારા કરવા માંગે છે. અને જો નિવૃત્તિ બાદ તેઓ અન્ય કોઈ નોકરી કે ધંધો કરશે અને તેનાથી થતી આવક માસિક રૂ. ૫૦૦/- થી વધુ થશે તો ગ્રાન્ટ કરવામાં આવેલ સરકારી જમીન કોઈપણ જાતનું વિકાસ ખર્ચ માંગ્યા સિવાય સરકારને પરત કરશે અથવા સરકાર સદરહુ જમીન વિના વળતરે ખાલસા કરી શકશે.

૧. (૫) સંરક્ષણ દળનાં સૈનિકો કે જેઓ યુદ્ધમાં શહીદ થાય અથવા તો બીજી ફરજો બજાવતા મૃત્યુ પામે તો તેમની વિધવાઓને મરનાર વ્યકિતઓ સંરક્ષણ દળમાં બજાવેલ ફરજ સમય ગાળાને લક્ષમાં લીધા સિવાય સરકારી પડતર જમીન ભરણ પોષણમાં સાધન માટે ગ્રાન્ટ કરી શકાશે.

૧. (૬) સરકારી જમીન માજી સૈનિકોને નિવૃત્ત થયા બાદ પોતાનું ભરણ પોષણ જાતે ખેતી કરીને કરી શકે તે દ્રષ્ટિએ આપવાનો આશય હોવાથી તેમને ફાળવવામાં આવનાર જમીન તેમના જીવન નિર્વાહનું મુખ્ય સાધન બની રહેશે તેની ખાત્રી જમીન ગ્રાન્ટ કરનાર અધિકારીએ કરવાની રહેશે. આ શરતનું પાલન જમીન ગ્રાન્ટ કરતી વખતે થતું હોય પરંતુ એકવાર જમીન ગ્રાન્ટ થયા બાદ એવા માજી સૈનિક બીજા ઈતર સાધનોમાંથી તેમની માસિક આવકના રૂ. ૫૦૦/- થી વધુ રકમનો વધારો કરે તો ગમે તે સમયે કોઈપણ જાતના વિકાસખર્ચ આપ્યા સિવાય ગ્રાન્ટ કરેલ જમીન ખાલસા થવા પાત્ર બનશે તેવી લેખિત બાંહેધરી જમીન ગ્રાન્ટ કરનાર અધિકારીઓ તેમની પાસેથી લેવાની રહેશે.

૧. (૭) સંરક્ષણ દળનાં સૈનિકોને 'વણખેડાયેલી' (Virgin) જમીન ગ્રાન્ટ કરવાની રહેશે. આવા કિસ્સાઓમાં સરકારશ્રીના તા ૧-૩-૬૦ ના ઠરાવ તેમજ અન્ય ઠરાવોની જોગવાઈઓ પ્રમાણે લેન્ડ કચેરી દ્વારા જમીનનો નિકાલ કરનાર પ્રાંત અધિકારીશ્રીએ જાતે સ્થળ નિરીક્ષણ કરી ખાત્રી કરવાની રહેશે કે સંરક્ષણ દળનાં સૈનિકને જે જમીન ગ્રાન્ટ કરવાની છે તે જમીન ઉપર કોઈ અનધિકૃત કબજો નથી એટલે કે સ્થળ ઉપર ખુલ્લી છે.

૧. (૮) સંરક્ષણ દળનાં સૈનિકોને/માજી સૈનિકોને સરકારશ્રીના તા ૧-૫-૬૩ના ઉપર (૪) આગળ ટાંકેલ ઠરાવથી ઘરથાળની હેતુ-માટે જમીન ગ્રાન્ટના કિસ્સાઓમાં પણ આ ઠરાવમાં નિયત કરવામાં આવેલ ધોરણ લાગુ કરવાનું રહેશે અને આ ઠરાવની જોગ-વાઈઓ પ્રમાણે ખેતીની જમીન મેળવવાની પાત્રતા ધરવનારને જ ઘરથાળની જમીન ગ્રાન્ટ કરી શકાશે.

૧. (૯) સંરક્ષણ દળનાં સૈનિકો/માજી સૈનિકોનો અર્થ ભારત સરકારના હવાઈ દળ, ભૂમિ દળ અને નૌકા દળ એમ ત્રણે પાંખના સૈનિકો એવો કરવાનો છે. તેજ રીતે ભૂમિ દળમાં મેજરની કક્ષાની સમકક્ષ હવાઈ દળ અને નૌકાદળમાં સૈનિકોને જમીન ગ્રાન્ટ કરી શકાશે.

૧. (૧૦) માજી સૈનિક કે જેને સરકારી જમીન ગ્રાન્ટ કરવામાં આવે તેણે જાતે ખેતી કરવાની રહેશે, અન્યથા હુકમ રદ કરવા પાત્ર ગણાશે.

૧. (૧૧) લશ્કરના સભ્યો કે જે છેલ્લી પાકિસ્તાન સાથેની લડાઈ વખતે ગુજરાત રાજ્યની સરહદ પર લડતાં કાયમી અશકત બની ગયેલા હોય તેવા સભ્યોને વતનનો બાધ લાગ્યા સિવાય સરકારી પડતર જમીનો ખેડાણ માટે આપવી

કુટુંબ નિર્વાહ માટેની તથા વણખેડાયેલી જમીનો અંગેની ચાલુ શરતો તેમના કેસોને લાગુ કરવાની નથી, પરંતુ તેમણે જમીન પોતાની જાતે ખેડવાની રહેશે.

૧ (૧૨) લશ્કરી દળના સભ્યોનાં કુટુંબા કે જેમાં ફકત પત્ની, બાળકો અને માબાપ કે જેઓની જીવન નિર્વાહનો સંપૂર્ણ આધાર તેમની પર હોય કે જેમણે પાકિસ્તાન સામે ગુજરાતની સરહદ ઉપર દેશના રક્ષણ માટે લડતા પોતાનો જાન કુરબાન કરેલો હોય તેમના કુટુંબોને વતનની બાધ લક્ષમાં લીધા સિવાય સરકારી પડતર જમીન ખેડવા માટે આપવી. જો કે આવા કુટુંબોએ તે જમીન જાતે ખેડવી પડશે. પરંતુ તેમના કિસ્સામાં કુટુંબના નિર્વાહ માટેની તથા વણખેડાયેલી જમીન અંગેની ચાલુ શરતો લાગુ કરવાની રહેશે નહીં.

૧ (૧૩) ગુજરાત રાજ્યના વતની અથવા રહેવાસીઓ કે જેઓ લશ્કરના સભ્યો હતા અને દેશના રક્ષણ માટે પાકિસ્તાન સાથે લડતા કોઈપણ સરહદ ઉપર મૃત્યુ પામ્યા હોય તો તેમના કુટુંબોને ઉપર ૧(૧૩) માં જણાવ્યા મુજબના તમામ લાભ આપવાના રહેશે.

૧ (૧૪) લશ્કરી દળના સભ્યો કે જેઓ ગુજરાત રાજ્યની બહાર પાકિસ્તાન સરહદ ઉપર લડતાં મૃત્યુ પામેલા હોય તેમના કુટુંબોને અથવા તેઓ પોતે કાયમી અશક્ત હોય અને તેમનું મુખ્ય મથક (હેડ કવાર્ટસ) ગુજરાત રાજ્યમાં આવેલું હોય તો તેમના કેસોમાં વતનને લક્ષમાં રાખ્યા સિવાય સરકારી પડતર જમીન અગ્રતાના ધોરણે આપવી.

૧ (૧૫) ગુજરાત રાજ્યના વતનીઓ અને રહેવાસીઓ લશ્કરના સભ્યો કે જેમની પાકિસ્તાન સાથેની લડાઈ વખતે કોઈપણ સરહદ ઉપર લડાઈની કામગીરીની કદર કરવામાં આવેલી હોય અને બીજા સભ્યો કે જેમની ગુજરાતની સરહદ ઉપર પાકિસ્તાન સાથે લડતાં કદર કરવામાં આવેલી હોય તેમને સરકારી જમીન અગ્રતાક્રમે ખેડવા માટે મેળવવા લાયક ગણવા, આવા શખ્સોને નિવૃત્તિની કુટુંબના ભરણપોષણની તથા વણવપરાયેલી જમીન અંગેની શરતો લાંગુ પાડવાની રહેતી નથી.

૧ (૧૬) કાયમી અશકત બનેલા હોય અથવા મૃત્યુ પામેલા હોય તેવા લશ્કરના સભ્યોને તેઓ જે સરહદે લડેલા હોય તે અંગે-નું અથવા ભારત સરકારે યુદ્ધ દરમિયાન કામગીરીની કદર કરેલી હોય તેઓએ તે અંગેનું જરૂરી પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. તે જ રીતે નૌકાદળના તથા હવાઈ દળના સૈનિકોએ બોર્ડ તરફથી યોગ્ય પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

૧ (૧૭) લશ્કરના સભ્યોને પુરેપુરી ૧૬ એકર જમીન ફાળવવાને બદલે ભૂમિ કચેરી વખતે બીજા લાભ લેનારાઓને જેટલી જમીન સોંપણી માટે ફાળવવામાં આવે તેનાથી બમણી ફાળવણી આપવી.

૧ (૧૮) કચ્છ તથા બનાસકાંઠા જિલ્લાઓની સરકારી પડતર જમીનો તથા ગૌચરની જમીન છુટી કરીને પણ માજી સૈનિકોને પ્રથમ અગ્રતાક્રમમાં આપવી. આ બંને જિલ્લાઓની જમીનોના નિકાલ માટે વતન અંગેની, કુટુંબના નિર્વાહ માટેની તથા વણખેડાયેલી જમીન અંગેની શરતોમાં છૂટછાટ મુકીને પણ સરકારી પડતર જમીનો ગ્રાન્ટ કરી શકાશે.

૧ (૧૯) પડતર જમીનોના નિકાલના નિયમો હેઠળ જેઓ લશ્કરમાં નોકરીમાં ચાલુ હોય અને જેઓ ગુજરાત રાજ્યના વતનીઓ ન હોય તેવા શખ્સોનો આ ઠરાવમાં કરવામાં આવેલ જોગવાઈઓ સિવાય અન્યથા સરકારી પડતર જમીનો ગ્રાન્ટ કરવાની નથી જેની ખાસ નોંધ તમામ પ્રાંત અધિકારીશ્રીઓએ અચૂક લેવી. આ જોગવાઈનું ઉલ્લંઘન થવાથી લશ્કરના સભ્યો કે જેઓ જમીન મેળવવા પાત્ર નહીં હોય અને જો તેમને સરકારી જમીન અગ્રતાના ધોરણે ફાળવી આપવામાં આવી હોવાનું જો સરકારશ્રીના ધ્યાન ઉપર આવશે તો તે માટે સરકારને સખ્ત પગલાં લેવાની ફરજ પડશે.

૩. (ક) (૨) તા ૧-૩-૬૦ પહેલાં જેમણે જમાન સળંગ ત્રણ વર્ષ અથવા વધુ મુદત માટે ખેડી હોય તેવી સહકારી મંડળીઓ સહિત સરકારી પડતર જમીનોના હાલના એકસાલી પટેદારો.

૩ (ક) ૨.૧ વધુ અનાજ ઉગાડવાની ઝુંબેશ હેઠળ અગર બીજી રીતે એકસાલી ધોરણે ખેડવા માટે આપેલી જમીનો છેવટે કાયમી ધોરણે સરકારી ઠરાવો મુજબ આપવી. સિવાય કે તે જમીનો સરકાર ઉપયોગ માટે જરૂરી હોય અગર પટેદારો પટ્ટાની શરતો પૈકી શરતનો ભંગ કર્યો હોય અગર તો પટેદારને તે જમીનની જરૂરત ન હોય અગરતો પટેદાર પાસે પોષણક્ષમ ક્ષેત્રથી વધારે જમીન ધારણ કરતો હોય, જે જમીનો વધુ અનાજ ઉગાડવાની ઝુંબેશ હેઠળ અગર બીજી રીતે એકસાલી પટાથી અપાતી હોય પરંતુ કાયમી ધોરણે ન આપી શકાયેલ હોય તેવી જમીનો એકસાલી ધોરણે આપવાનું ચાલુ રાખવું સિવાય કે સરકારે સદરહુ પટાઓ રદ કરવા ઠરાવ્યું હોય. પોષણક્ષમ ક્ષેત્ર કરતાં વધારાના એકસાલી જમીન ટુકડા પ્રતિબંધક ધારાની નીચે નિયત થયેલ ધોરણસરના ક્ષેત્ર /સ્ટાન્ડર્ડ એરિયા/ કરતા ઓછી હોય તો પટેદારને ગ્રાન્ટ કરી શકાય.

૩ (૩) સિચાઈ અને વીજળી યોજનાના કામોને કારણે અસર પામેલી વ્યકિતઓના પુન: સ્થાપન માટે જે અલગ યોજનાઓ ઘડવામાં આવી હોય તેવી યોજનાઓના કામો માટે હોય તે સિવાયના બીજા જાહેર હેતુ માટે સરકાર દ્વારા જેના સંપાદનના પરિણામે જેમની પાસેથી જમીન લેવાઈ ગઈ હોય તેવા ખેડૂતો, આવા સંપાદનને કારણે તેમનું ખાતું ઘટીને પોષણક્ષમ ખાતા કરતાં ઓછું બની જવા પામ્યું હોય તો તે શરતે જ વધારાની સરકારી પડતર જમીન આપવાની રહેશે.

(૪) સન, ૧૯૭૩ ના પુરથી અસર પામેલા ખેડૂતો/ખાતેદારો કે જેમની ખેતીની બધી જમીનો સંપૂર્ણ રીતે ધોવાઈને નાશ પામેલ તેમને અગ્રતા આપવાની રહે છે.

એજ રીતે સન ૧૯૭૯ ના પુર/અતિવૃષ્ટિને કારણે જે વ્યકિતઓની ખેતીની જમીનો સંપૂર્ણપણે ધોવાઈને નાશ પામેલ હોય તેમને અગ્રતા આપવાની રહે છે.

(૫) પછાત વર્ગના ખેડૂતોની સહકારી સંયુકત ખેતી મંડળી.

(૬) પછાત વર્ગના ખેડૂતોની સહકારી ખેતી મંડળી.

(૭) ભૂમિહીન વ્યકિતઓ સહકારી સંયુકત ખેતી મંડળી.

(૮) કશી જમીન નહીં ધરાવતા અથવા પોષણક્ષમ ખાતા કરતાં ઓછી જમીન ધરાવતા હોય તેવા પછાતવર્ગના સભ્યો.

(૯) સ્વાતંત્ર્ય મેળવવા માટેની જુદી જુદી ચળવળોમાં ભાગ લેવાના કારણે જેમને વેઠવું પડયું હોય અને અથવા જે સાવ નિરાધાર બની ગયા હોય અને જેમની પાસે હવે નિર્વાહના બીજા કશાં સાધન ન હોય અને જમીન જાતે ખેડવા સંમત થતા હોય તેવી વ્યકિતઓ. આ અગ્રતામાં ઈન્ડિયન નેશનલ આર્મી અને ભારતીય સ્વાતંત્ર્ય લીગના સભ્યોનો પણ સમાવેશ કરવો.

(૧૦) જમીન જાતે ખેડવા સંમત થતી હોય તેવી નશાબંધી થી અસર પામેલી વ્યકિતઓ.

(૧૧) ખેતીવાડી સ્નાતકો કે જેઓને ખેતીમાં રસ હોય તેને જેઓ જમીન પર વસવાટ કરીને જાતે જમીન ખેડવાની ઈચ્છા ધરાવતા હોય.

(૧૨) પછાત વર્ગના હોય તે સિવાયના બીજા જમીન જાતે ખેડવા તૈયાર હોય તેવા ભૂમિહીન ખેતમજૂરો.

(૧૩) બનાસકાંઠા તથા છોટાઉદેપુર પ્રાંતના કોલીઓને પછાતવર્ગના ગણી જમીન આપવી.

(૧૪) બનાસકાંઠા જિલ્લાના રબારીઓને પછાતવર્ગના ગણી જમીન આપવી.

(૧૫) સરકારી ઠરાવ નં. જીએએસ-૧૭૫૪- તા ૧૬-૪-૫૫થી મંજૂર કરવામાં આવેલી રબારી, ભરવાડ, પુન: વસવાટ યોજના હેઠળ તા.૧-૩-૧૯૬૦ પહેલાં જે રબારી ભરવાડની સોસાયટીઓ મંજુર થયેલ હોય તો તેમણે દરેકને તેમના ગુણદોષ ઉપર તેઓ સરકારી પડતર જમીન કાયમી ગ્રાંટથી મેળવવા લાયક હોય તો આપવી. પરંતુ મહેસાણા જિલ્લાની નીચે દર્શાવેલી સોસાયટીઓને આ લાભ આપી શકાશે નહીં.

| | |
|---|---|
| (૧). દેવસણા ગોપાલન અને ગણોતિયા સહકારી ખેતી મંડળી લી. | કડી |
| (૨) કુલેત્રા ગોપાલન અને ગણોતીયા સહકારી ખેતી મંડળી લી. | કડી |
| (૩) ઈંદાડા ગોપાલન અને ગણોતીયા સહકારી ખેતી મંડળી લી. | કલોલ |

૩. (ખ) અનુસૂચિત વિસ્તારોમાં જમીન આપવા માટેની અગ્રતાક્રમ.

૧ પ્રથમ અગ્રતા લશ્કરના સભ્યો તથા નિવૃત્ત થયેલા સભ્યોને આ ઠરાવના પેરા ૩(ક)ના પેટા પેરા ૧ (૧) થી (૨૦)માં વિગતથી દર્શાવ્યા મુજબ ગ્રાંટ કરવાની રહેશે.

(૨) જેમને આ જમીન, ૧-૩-૬૦ ના હુકમો બહાર પડયા તે અગાઉ સળંગ ત્રણ વર્ષ અથવા વધુ મુદત માટે ખેડી હોય તેવી પછાત વર્ગોની વ્યકિતઓની સહકારી મંડળીઓ સહિત પછાતવર્ગોના હાલના એકસાલી પટેદારો.

(૨.૧) વધુ અનાજ ઉગાડવાની ઝુંબેશ હેઠળ અગર બીજી રીતે એકસાલી ધોરણે ખેડવા માટે આપેલી જમીનો છેવટે કાયમી ધોરણે સરકારી ઠરાવો મુજબ આપવી. સિવાય કે તે જમીનો સરકાર ઉપયોગ માટે જરૂરી હોય અગર પટેદારે પટાની શરતનો ભંગ કર્યો હોય અગર પટેદારને તે જમીનની જરૂરત ન હોય, અગર તો પટેદાર પોષણક્ષમ ક્ષેત્રથી વધારે જમીન ધારણ કરતો હોય.

જે જમીનો વધુ અનાજ ઉગાડવાની ઝુંબેશ હેઠળ અગર બીજી રીતે એકસાલી પટાથી આપાતી હોય પરંતુ કાયમી ધોરણે ન આપી શકાયેલ હોય તેવી જમીનો એકસાલી ધોરણે આપવાનું ચાલુ રાખવું, સિવાય કે સરકારી સદરહુ પટાઓ રદ કરવા ઠરાવ્યું હોય. પોષણક્ષમ કરતા વધારાની એકસાલી જમીન ટકડા પ્રતિબંધક ધારાની નીચે નિયત થયેલ ધારણસરના ક્ષેત્રે (સ્ટાન્ડર્ડ એરીયા) કરતા મોટી હોય તો પટેદારને ગ્રાન્ટ કરી શકાય.

**(૩) સિંચાઈ અને વીજળી યોજના** કમો દ્વારા અસર પામેલી વ્યકિતઓના પુન:વસવાટ માટે જે સંબંધી અલગ યોજનાઓ ઘડવામાં **આવી હોય તેવા કામો માટે** હોય તે સિવાયના **બીજા** જાહેર હેતુ માટે સરકાર દ્વારા જેના સંપાદનના પરિણામે જેમની પાસેથી જમીન લેવાઈ ગઈ હોય તેવા **ખેડૂતો, પરંતુ એ** શરતે કે સંપાદનને કારણે તેમનું ખાતુ ઘટીને પોષણક્ષમ ખાતા કરતા ઓછું બની જવા પામ્યું હોય.

મર્યાદા એક સઘન ઘટક થઈ રહે તેમ કરવા માટે વધારવી જરૂરી લાગે તો આવી મર્યાદા વધારી શકાશે. કોઈપણ સંજોગોમાં આવી મર્યાદા સરકારની મંજૂરીથી હોય તે સિવાય સભ્યદીઠ બે પોષણક્ષમ ખાતા કરતાં વધવી જોઈએ નહીં.

(૪) ફકરા-૩(ક) અને ૩(ખ)માં ઉલ્લેખવામાં આવેલી સહકારી મંડળીઓને આપવામાં આવેલી અગ્રતા કોઈ પણ સભ્ય પોષણ ક્ષમ ખાતા જેટલી અથવા તેના કરતાં વધુ જમીન ધરાવતો ન હોય તો જ લાગુ પડશે.

(૫) જે ગામમાં જમીન આવેલી હોય તે જ ગામના ફકરા-૩(ક) અને ૩(ખ)માં દર્શાવેલ અગ્રક્રમ ધરાવતા માણસોને આપવી અને તે ક્રમ મુજબ કોઈની માંગણી ન હોય તો જ તે જમીન ગામની પાંચ માઈલની ત્રિજ્યામાં વસતા અગ્રતાક્રમવાળા લોકોને આપવી, મતલબ કે, અગ્રતાક્રમ માટે એકમ/યુનિટ/ગામ છે અને ગામમાં એ એક પૈકી કોઈ ન હોય તો પાંચ માઈલના વિસ્તાર માંથી સૌથી નજીક ગામ હોય તો તેના અગ્રતાક્રમવાળાને પસંદગી આપવી. આમાં અપવાદ માત્ર અગ્રક્રમ/૧/ભારતના સંરક્ષણ દળોમાં કામ કરતાં અને (૩) જાહેર હેતુ માટે સરકારે જમીન સંપાદન કરી હોય તેવા ખેડૂતો, સહકારી મંડળીની બાબતમાં તેના બહુમતી સભ્યો પાંચ માઈલની ત્રિજ્યાની અંદર તેમનો વસવાટ ન હોય તો કોઈપણ જમીન આપવામાં આવશે નહીં.

(૬) આપવામાં આવતી બધી જમીન નવા અને અવિભાજય સત્તા પ્રકારે આપવામાં આવશે. અને જેને જમીન આપવામાં આવી હોય તે વ્યકિતએ આવી જમીન આપવામાં આવે તેના બે વર્ષની અંદર તે ખેતી હેઠળ લાવવામાં આવશે અને આ રીતે આપવામાં આવેલી જમીન યોગ્ય કારણો વગર પડતર પડી રહેવા દેવામાં આવે અથવા તેની તરફ બેદરકારી સેવવામાં આવેલ તે આપેલ જમીન રદ થવાને પાત્ર રહેશે તેવી શરતોવાળો કરાર કરી આપવાનો રહેશે.

નોંધ:—માલિક અથવા ગણોતિયા અથવા પટેદાર તરીકે વ્યકિત જે જમીન ધરાવતી હોય તેવી જમીનને પોષણક્ષમ ખાતું ગણતી વેળા લક્ષમાં લેવામાં આવશે.

(૭) લેન્ડ કચેરી વખતે અગ્રતાક્રમવાળી વ્યકિતઓ તરફથી જમીનની માંગણી કરવામાં ન આવે કારણ કે ગામની વસ્તી ઓછી હોવાને કારણે અગરતો બીજા વ્યાજબી કારણોને લીધે તેવી, એક સાલી જમીન ખેડનાર જમીન વિહોણો ન બને તેમ ગામ ઈચ્છતાં હોય તો તેવા કિસ્સામાં ખાસ કિસ્સા તરીકે નિયમોમાં છૂટછાટ મૂકવા માટેની દરખાસ્ત કલેકટરશ્રીએ સરકારશ્રીમાં કરવી.

(૮) પછાત વર્ગના લોકો સરકારી પડતર જમીનો તારીખ ૧-૩-૬૦ પહેલાંથી લાગલગાટ ત્રણ વરસથી અનધિકૃત રીતે ખેડતા હોય તેવા કિસ્સામાં જે તે પછાત વર્ગની વ્યકિત પાસે કુલ જમીન ૧/૨ (અર્ધા) પોષણક્ષમ ક્ષેત્ર જેટલી થાય તેટલા પ્રમાણમાં અનધિકૃત રીતે ખેડાતી જમીન તા.-૧-૩-૬૦ના ઠરાવમાં દર્શાવેલી શરતોએ ખેડવા આપવા અંગે કિસ્સાના ગુણદોષ મુજબ સરકાર નિર્ણય કરશે તો જરૂર જણાય ત્યાં કલેકટરે વિગતવાર અહેવાલ સરકારને મોકલવો.

૫. જમીનના ટૂકડા અને ઢંગધડા વગરના આકારની જમીનનો નિકાલ. જે જમીન તેના નાના કદના અથવા ઢંગધડા વગરના આકાર અથવા સ્થાનના કારણે પડતર હોય અથવા સને ૧૯૪૭ના મુંબઈ જમીનના ટૂકડા પડતા અટકાવવા તથા ખાતાના એકત્રીકરણ અંગેના અધિનિયમ હેઠળ ધોરણસરના ક્ષેત્રફળ કરતાં પ્રમાણમાં ઓછી હોય તેવી જમીનોનો નિકાલ નીચે જણાવેલી વ્યકિતને આપીને કરવામાં આવશે.

૧. બાજુનો માલિક, આવી વ્યકિત એકજ હોય તો અને ટૂકડાની જમીન રાખવા તૈયાર હોય તો તેના ખાતાની જમીન સાથે ભળી શકે તેમ હોય તો તેનું કુલ હોલ્ડીંગ ટોચ મર્યાદાથી વધે નહીં તે રીતે લાગુની ટૂકડાની જમીન તેને ચાલુ બજાર કિંમતે મંજૂર કરી શકાશે.

૨. સહકારી મંડળી હોય તેવો બાજુનો માલિક બાજુના માલિકો એકથી વધુ હોય અને જેમાં બાજુનો એકજ માલિક સહકારી મંડળી હોય તો.

૩. પછાતવર્ગોનો સભ્ય હોય તેવો બાજુનો માલિક. બાજુના માલિક એક થી વધુ હોય અને જેમાંનો બાજુનો કોઈપણ એક જ માલિક પછાતવર્ગનો હોય તો.

૪. ખાતુ કદમાં નાનું હોય એવો પછાત વર્ગનો બાજુનો માલિક બાજુના એકથી વધુ પછાતવર્ગના માલિકો હોય અને બાજુનો માલિક સહકારી મંડળી ન હોય તો.

૫. ખાતું કદમાં નાનામાં નાનું હોય એવો માલિક બાજુના માલિક એકથી વધુ હોય અને કોઈપણ સહકારી મંડળી ન હોય અથવા તેમનો કોઈ પછાત વર્ગમાંથી ન હોય તો ટૂકડા પ્રતિબંધ ધારા અલગ નિયત હુકમ પ્રમાણભૂત વિસ્તાર હોય તો બાજુના નિશાન હોય તે સત્તા પ્રકારથી ગ્રાન્ટ કરવાની રહે છે. જો જુની શરતે ટૂકડાની જમીન ગ્રાન્ટ કરવાના થાય તો પારા પઅ પ્રમાણે વસુલ લેવાપાત્ર થતી રકમથી દોઢી રકમથી અથવા બજાર કિંમત જે વધુ હોય તે મુજબ આપવાની રહે છે.

૫ (અ)

(અ) ટૂકડાની જમીન નવી અને અવિભાજય શરતથી પછાતવર્ગના શખ્સને આકારના ૬ પટની રકમ અને બીજા પછાત વર્ગના શખ્સને આકારના ૨૪ પટની રકમ કબજા કિંમત લઈને આપવી.

(૪) અનુસૂચિત જનજાતિના શખ્સો ત્યારબાદ અનુસૂચિત જાતિના શખ્સોને.

(૫) પછાતવર્ગના ખેડૂતોની સહકારી સંયુકત ખેતી મંડળી.

(૬) સને ૧૯૭૩ ના પુરથી અસર પામેલ ખેડૂતો-ખાતેદારો કે જેમની બધી જમીનો સંપૂર્ણ રીતે ધોવાઈને નાશ પામી હોય. એજ રીતે સને ૧૯૭૯ ના પુર /અતિવૃષ્ટિને કારણે જે વ્યકિતઓની ખેતીની જમીન સંપૂર્ણપણે ધોવાઈને નાશ પામેલી હતી તેને અગ્રતા આપવાની રહે છે.

(૭) પછાત વર્ગના ખેડૂતોની સહકારી ખેતી મંડળી.

(૮) ભુમિહીન વ્યકિતઓની સહકારી સંયુકત ખેતી મંડળી.

(૯) અસ્થાયી અને વિમુકત જાતિના સભ્યો.

(૧૦) કશી જમીન નહીં ધરાવતા અથવા પોષણક્ષમ ખાતા કરતા ઓછી જમીન ધરાવતા હોય તેવા પછાતવર્ગના સભ્યો.

(૧૧) ઝાંઝીબાર, મોઝામ્બિક, બર્મા, સિલોનથી અને ઝેરથી સ્વદેશ પાછા આવનાર ભારતીય નાગરિકો.

(૧૨) સ્વાતંત્ર્ય મેળવવા માટેની જુદી જુદી ચળવળોમાં ભાગ લેવાના કારણે જેમને વેઠવું પડયું હોય અને અથવા જે સાવ નિરાધાર બની ગઈ હોય તેવી અને જેમની પાસે હવે નિર્વાહના બીજા કશા સાધન ન હોય અને જે જમીન જાતે ખેડવા સંમત થતી હોય તેવી વ્યકિતઓના, આ અગ્રતામાં ઈન્ડિયન નેશનલ આર્મી અને ભારતીય સ્વાતંત્ર્ય લીગના સભ્યોનો સમાવેશ કરવો.

(૧૩) જમીન જાતે ખેડવા સંમત થતી હોય તેવી નશાબંધીથી અસર પામેલ વ્યકિતઓ.

(૧૪) ખેતીવાડી સ્નાતકો કે જેઓને ખેતીમાં રસ હોય અને જેઓ જમીન ઉપર વસવાટ કરીને જાતે જમીન ખેડવાની ઈચ્છા ધરાવતા હોય.

(૧૫) પછાતવર્ગના હોય .તે સિવાયના બીજા જમીન જાતે ખેડવા તૈયાર હોય તેવા ભુમિહીન ખેતમજૂરો.

૩. (ગ) પછાતવર્ગોની અંદરોઅંદરની અગ્રતા નકકી કર્યા મુજબ સરકારી પડતર જમીનો, પ્રથમ અનુસૂચિત જનજાતિનો સભ્ય અને ત્યારબાદ અનુસુચિત જાતિનો સભ્ય અને બીજા પછાતવર્ગોને અગ્રતાક્રમથી આપવાનો છે. તથા તેમને જમીનનો કબજો સ્થળ ઉપર પંચનામું કરી સ્થળસ્થિતિ મુજબ સોંપવો. હરિજનોને આપવામાં આવેલ જમીનો જો બીજા કોઈ શખ્સો બીન પરવાનગીથી ખેડતા માલુમ પડે તો ઉભા પાક સાથે કબજો મેળવી તેના ખરા હકદારને કબજો સોપવા માટેની કાર્યવાહી તુરત જ કરવી. બીજા લોકો પછાતવર્ગોને અપાયેલી જમીનોનો ઉપયોગ કરતા હોય, ત્રાસ આપતા હોય, હેરાન કરતા હોય, તેવા સમયે સમાજકલ્યાણ અધિકારી આ જવાબદારી અદા કરી શકે તે માટે જિલ્લા કલેકટરે તેમને પૂરેપુરી મદદ કરવી જોઈએ. અને આ અંગે કોઈ ફરિયાદ આવે કે તુર્તજ મહેસુલ, પોલીસ, સમાજકલ્યાણ અને પંચાયત ખાતાના અધિકારીઓએ ભેગા મળીને ત્વરિત અને કડક પગલાં લેવા જોઈએ. અને પછાત વર્ગના શખ્સોને આ જાતના ત્રાસમાંથી મુકત કરવા માટે ખાસ કાળજી રાખવી જોઈએ. આ સુચનાઓનો અમલ અન્ય જિલ્લા કક્ષાના અધિકારીઓ સાથે રહીને ચુસ્તરીતે પાલન કરવું. તેમ કોઈપણ પ્રકારની બેદરકારી દાખવવામાં આવશે તો સરકાર ગંભીર નોંધ લેશે.

"બીજા પછાત વર્ગો"-- પૈકી માલધારીઓ અથવા ગોપાલકોને સ્થાયી જીવન ગુજારવા માટે ઉત્તેજન આપવાના હેતુથી જે તે ગામની સાંથણી કરતાં પહેલાં કુલ ઉપલબ્ધ જમીન પૈકી ૨૫ ટકા જમીન સાંથણી પાત્ર માલધારીઓને આપવા માટે અનામત રાખવી.

**૪. જમીન આપવા અંગે મર્યાદા** -- (૧) એક પોષણક્ષમ ખાતા જેટલી અથવા તેના કરતાં વધુ પોતાની માલિકીની જમીન જેમની પાસે હોય તેવી વ્યકિતઓને કંઈ પણ જમીન આપવામાં આવશે નહીં. જમીનની વહેંચણી એ પ્રમાણે કરવી કે વધુમાં વધુ સભ્યોને સરકાર જમીનની સાંથણી થાય અને છતાં આર્થિક રીતે જમીનનું ખેડાણ શકય બને તેટલું પોષણક્ષમ ક્ષેત્રનું ધોરણ પણ જળવાય આ માટે બને ત્યાં સુધી ૧૬ એકર જમીન આપવી નહીં અને તે જયાં અપાય ત્યાં તે અંગેના કારણો સાંથણીના હુકમમાં જમીનની સાંથણી કરનાર અધિકારીએ જણાવવા.

(૨) વ્યકિતઓને વ્યકિતગત આપવામાં આવતી કોઈ પણ જમીન પોષણક્ષમ ખાતા કરતાં વધશે નહીં. પરંતુ આ રીતે આપવાની જમીન જેમની પાસે પોતાની માલિકીની પોષણક્ષમ ખાતા કરતાં ઓછી જમીન હોય તેવી વ્યકિતઓને આપવાની હોય ત્યાં આ રીતે આપવાની જમીન. તેવી વ્યકિતઓને ખાતા પોષણક્ષમ ખાતા જેટલું કરવા માટે જરૂરી હોય તેટલા પુરતી મર્યાદિત રહેશે. માન્ય ન રાખી શકાય તેવા એક જ કુટુંબના સભ્યોને કહેવાતા ભાગને માન્ય રાખી નિયત મર્યાદા કરતાં વધુ જમીનની સાંથણી ન થાય તે જોવા વિનંતી છે.

**(૩) સહકારી મંડળીઓ અંગે મર્યાદા** — ફકરા-૩-ક, અને ૩-ખ માં જણાવેલી સહકારી મંડળીઓને જમીન આપવાની બાબતમાં આપી શકાય તેટલી જમીનનું પ્રમાણ આપી મંડળીને સભ્ય સંખ્યાના પોષણ ક્ષમ ખાતાના એકમને ગુણીને નકકી કરવી, પરંતુ આવી

(બ) ટુકડાની જમીન જુની શરતથી પછાતવર્ગના શખ્સને આકારના ૯ પટની રકમ અને બિન પછાતવર્ગના શખ્સને આકારના ૩૬ પટની રકમ બજાર કિંમત લઈને આપવી.

(ક) ટૂકડાની જમીનનું દબાણ કરવામાં આવેલું હોય તો ઉપર પેરેગ્રાફ-પમાં દર્શાવવામાં આવેલી પ્રાયોરીટી હેઠળ બાજુના ખાતેદાર આકારના ૬ અને ૨૪ પટની રકમ જો તે શખ્સ પછાતવર્ગનો અને બિન પછાતવર્ગનો અનુક્રમે હોય તો નવી અને અવિભાજય શરતે તથા આકારના ૯ અને ૩૬ પટની રકમ લઈને જુની શરતથી ગ્રાંટ કરવી દંડ તરીકે રૂ. ૧ એક તથા તેના કબજાની પાછલા તમામ વર્ષોની આકારની રકમ પુરેપુરી વસુલ કરવી.

(ડ) ઉપર પેરેગ્રાફ-પમાં જણાવ્યા મુજબ પ્રાયોરીટીમાં ન આવતાં હોય તેવા શખ્સે જો ટૂકડાની જમીનનું દનાણ કરેલું હોય તો તેવું દબાણ ઉપર દર્શાવેલી કબજા કિંમતની અઢી ગણી રકમ વસુલ લઈ દબાણ જે તે વર્ગનો દબાણકાર હોય તે ધ્યાનમાં રાખી નિયમિત કરી આપવું અને તેની પાસેથી દંડની રકમ રૂ. ૧ એક તથા તેના કબજાની પાછલા તમામ વર્ષની આકારની રકમ પુરેપુરી વસુલ કરવી.

(ઈ) (૧) બનાસકાંઠા (૨) સાબરકાંઠા (૩) મહેસાણા (૪) વલસાડ (૫) પંચમહાલ, (૬) વડોદરા અને (૭) ખેડા જિલ્લાઓમાં જ્યારે આવી ટૂકડાની જમીનો બાજુનો કબજેદાર ધારણ કરવા માંગતો ન હોય ત્યારે આવી ટૂકડાની જમીનો જે સખ્સ પરવાનગીથી કે બિન પરવાનગીથી હાલ ખેડતો હોય તેને આપવી. બિન પરવાનગીથી ખેડાતી જમીનો માટે સરકારના બિન પરવાનગીથી ખેડાતી જમીનો નિયમબદ્ધ કરવા અંગેના સ્થાયીનિયમો પ્રમાણે તેનો નિકાલ કરવો.

(એફ) ટૂકડાની જમીન તા. ૧-૩-૬૦ પહેલાંથી ત્રણ વરસ અગર વધારે વરસથી એકસાલી ધોરણે ખેડાતી હોય તો તેવા શખ્સને પોષણક્ષમ ક્ષેત્ર સુધી તે અગ્રતાક્રમમાં ન આવતો હોય તો પણ કાયમી ધારણે આપવી.

૬. જમીનોના નિકાલમાં અનુસરવાની વિગતવાર કાર્યપદ્ધતિ આ ઠરાવ સાથેની સૂચનાઓમાં આપવામાં આવે છે. આ સૂચનાઓનું પુરેપુરૂં પાલન કરવામાં આવે તે કલેકટરોએ જોવું.

૭. ઉપરના ફકરા-૩-ક, ૩-ખ, અને ૬ હેઠળ આપવામાં આવેલી જમીનો માટે નીચે દર્શાવ્યા મુજબ ભોગવટા કિંમત વસુલ કરવામાં આવશે.

(૧) સહકારી મંડળીઓની બાબતમાં તેમને ખેડાઈ ન હોય તેવી Virgin જમીન આપવામાં આવે તો કંઈ નહીં અને ખેડાઈ હોય તેવી Non-Virgin જમીન આપવામાં આવે તો આકારણીની કિંમતથી પાંચ ગણી કિંમત.

(૨) પછાતવર્ગોની વ્યકિતઓને આપવામાં આવતી જમીનોની બાબતમાં તેમને ખેડાઈ ન હોય તેવી જમીન આપવામાં આવે પછી "તો" કંઈ નહીં અને ખેડાઈ હોય તેવી જમીન આપવામાં આવે તો આકારણીની કિંમતથી છ ગણી કિંમત.

(૩) પછાતવર્ગોના સભ્યો સિવાયની વ્યકિતઓને આપવામાં આવતી જમીનોની બાબતમાં ખેડાઈ ન હોય તેવી જમીન આપવામાં આવે તો આકારણીની કિંમતથી બાર ગણી અને ખેડાઈ હોય તેવી જમીન આપવામાં આવે તો આકારણીની કિંમતથી ચોવીસ ગણી કિંમત.

(૪) શારીરિક રીતે અશકત વ્યકિતઓને ખેતી માટે વણ ખેડાયેલી જમીન આપવામાં આવે ત્યારે તેમને પહેલાં પાંચ વર્ષ માટે આકારની માફી આપવી.

(૫) નવી શરતની જમીનો શરત ભંગ બદલ ખાલસા થયેલી, સનદની શરતના ભંગના કારણે, સરકારી લેણાની વસુલાત પેટે જપ્ત થતાં ખાતેદાર મહેસૂલના ભરાવાના કારણે અથવા જમીન પરત સોંપવાને કારણે જો તેના મુળ કબજેદારને નિયમ મુજબ પાછી આપવાની થતી ના હોય તો તેનો સરકારી જમીન તરીકે નિકાલ ઉપર જણાવેલ અગ્રતાક્રમ વગેરે મુજબ જમીનની બજાર ભાવની કિંમતે નિકાલ કરવો.

(૬) એક અનુસૂચિત જનજાતિનો સભ્ય બીજા આવી જાતિના સભ્યોને નવી શરતની જમીન ગેરકાયદેસર વેચે તેવા પ્રસંગે જમીન શરતભંગ બદલ ખાલસા કર્યા બાદ મુળ ધારણ કરનાર રીગ્રાંટ માટે લાયક ન હોય તેઃ તેનો નિકાલ શુદ્ધબુદ્ધિથી નવી શરતની જમીનને વેચાણ રાખી હોય તેવા અનુસૂચિત જનજાતિના શખ્સને અગ્રતાક્રમ વગેરે લક્ષમાં ન લેતાં આ ઠરાવની જોગવાઈઓ મુજબ જમીન આપી દેવી અને જમીનની સાદી બજાર કિંમત લેવી.

(૭) વધુ અનાજ ઉગાડવાની ઝૂંબેશ હેઠળ અગર બીજી રીતે એકસાલી ધોરણે ખેડવા માટે આવી જમીનો અંગે આવા કિસ્સામાં જો તેવી જમીનો કે જમીનની સાંથણીના નિયમો મુજબના કોઈ અગત્યના હકદાર શખ્સને એક સાલી આપવામાં આવે તો તેવા સખ્સ પાસેથી એકવડો આકાર લેવાનો થાય છે કેમ કે આવો શખ્સ કાયમી નિકાલને પાત્ર છે. પરંતુ સંજોગોને કારણે જમીન એકસાલી આપવી પડે છે.

(૮) આ કિસ્સા સિવાય સરકારી જમીન એકસાલી ખેડવા માટે આપવામાં આવે ત્યાં આકારણીની રકમ ભાડા તરીકે વસુલ કરવી.

(૧) જ્યાં કોઈ શખ્સને એકસાલી જમીન આપી હોય અને તે એકસાલી જમીનનો પટો પુરો થયા અંગે કોઈ રીતસરની નોટીસ ન આપી હોય ત્યાં અરજી ન કરી હોય તો પણ તેવી એકસાલી જમીન ધારણ કરનારનો કબજો ગેરકાયદેસર ગણવાનો નથી.

૮ (ક) પડતર જમીનની સાંથણીના નિયમો અનુસાર ૧૯૬૦ પહેલાં અને તે પછી સતત જમીન ધારણ કરનારા અગ્રતાવાળા શખ્સોને જમીન કાયમી આપવાની છે.

૮ (ખ) સરકારી જમીન નિકાલ કરની વખતે જમીન મહેસૂલ નિયમોના નિયમ ૭-અ(૧)માં જણાવેલ વર્ગ-અ અને વર્ગ-બના પોત ખરાબા માટે આકાર તે જ સર્વે નંબરના આકાર મુજબ ગણતરી કરવાની છે.

આ સાથેના ફોર્મ તલાટીઓને પૂરતા પ્રમાણમાં પૂરાં પાડવા કે જેથી તેઓ એકસાલી પટેદારો પાસેથી દર વર્ષે જાન્યુઆરી માસમાં એટલે કે ૩૧મી માર્ચ પહેલાં પુરતાં સમય અગાઉ પટો તાજો કરવા માટેની અરજીઓ તે ફોર્મમાં મેળવી શકે પટેદારો પટો તાજો કરવા માટેની અરજીઓ તે ફોર્મમાં મેળવી શકે. પટેદારો પટોતાજો કરવા અંગે અરજી કરે તે અંગે સર્કલ ઈન્સ્પેકટરે ગામ દફતરની નોંધને આધારે ધ્યાન આપવું. મામલતદારે પણ પોતાની કચેરીના દફતરને આધારે પટેદારો પટો પુરો થતાં પહેલાં અરજી કરે તે અંગે ધ્યાન આપવું. મામલતદાર પાસે અરજીઓ આવે તેઓએ પટો તાજો કરવા અંગે અથવા પૂરો કરવા અંગે ૩૧મી માર્ચ પહેલાં યોગ્ય તે નિર્ણય કરી પટેદારોને ખબર આપવી.

૮. (ગ) સરકારી પડતર જમીનની સાંથણીનો ત્યારે જ નિકાલ થયો ગણાય કે જ્યારે જમીન સંથાય તેનો ચોખ્ખો કબજો અને સનદ વગેરે તુરતજ ગ્રાંન્ટીને આપવામા આવે. જમીનની માપણી કરવા લેન્ડ રેકર્ડઝ સ્ટાફને જરૂરી સુચના તુરત જ આપવી. જેથી સનંદ આપવામા ઢીલ ન થાય. આ વિધિ ચોકકસ સમયમા એટલે વધુમા વધુ એક માસમાં પૂરી થઈ જાય તે રીતે જોવું જોઈએ. સનંદ પરબાર્યા ગ્રાંટીને રજીસ્ટર્ડ પો. થી પ્રાંત ઓફીસરોએ જમીન ગ્રાન્ટ કર્યા બાદ મોકલી આપવી. તેમ નહીં કરનાર સક્ષમ અધિકારી સામે સખ્ત પગલાં ભરવાં. કબજો સોંપાયા બાદ અને કબજા કિંમત ભરપાઈ થયા બાદ સાત જ દિવસમાં સનંદ પરબાર્યા મોકલી આપવી સ્થળ ઉપર જમીનનો કબજો તાલુકા મામલતદારશ્રીઓ તરફથી તાત્કાલિક આપવામાં આવે તેની ચોકસાઈ રાખવી. સાંથણી બાદ જમીનનો કબજો સોંપાયો ન હોય તેવા કિસ્સાઓ ધ્યાને લઈ તેવી જમીનાના કબજા સોંપવાની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવી. આવા કિસ્સાઓ અંગેની ફરિયાદો ન રહે તેવો પ્રબંધ પણ તાત્કાલિક કરવો.

(ઘ) વણખેડાયેલી જમીનની કબજા કિંમત હરિજનો પાસેથી કશી લેવાની હોતી નથી. એકસાલી જમીન કાયમી કરી આપવામાં આવે ત્યારે તે એકસાલી જમીન સાંથણી કરી ત્યારે જો વણખેડાયેલી (વરજીન હોય તો તે માટે વણખેડાયેલી Virgin ગણીને એકસાલી પટેદાર પાસેથી કબજા કિંમત વસૂલ ન લેવી જોઈએ. જ્યાં કોઈ બીજાએ ખેડેલી જમીન હરીજનોને આપવામાં આવે ત્યારે તે ખેડાયેલી Non-Virgin ગણીને ખેડાયેલી જમીન તરીકે કબજા કિંમત વસુલ કરવી.

(ચ) પડતર જમીનની સોંપણી કરવાની હોય અને ઝાડોમાં ઈમારતી લાકડું ન હોય તેની કિંમતીની આકારણી જંગલ ખાતા દ્વારા નહીં કરાવતાં મહેસૂલ ખાતાના મામલતદાર કે ડેપ્યુટી કલેકટરશ્રીએ કરવી ખાસ જરૂરત જણાય ત્યાં જ કિંમત અંદાજના કાગળો જંગલ ખાતાને મોકલવા.

(છ) સર્વે કલેકટરશ્રી જિલા વિકાસ અધિકારીશ્રીઓને જણાવવાનું કે જમીન મહેસૂલ સંહિતાની જોગવાઈઓ મુજબ જયારે જમીન મંજુર કરવામાં આવે છે ત્યારે તે જમીનમાં કબજો કરવા માટે જમીન મહેસુલ સંહિતાની કલમ-૬૦જમીન મહેસૂલ નિયમોના નિયમ -૫૪ની જોગવાઈઓ હેઠળ જમીનનો કબજો કરવાની પરવાનગી નમુના 'ક' માં આપવા મામલતદાર તાલુકા વિકાસ અધિકારીને જરૂરી સૂચના આપવી. આ પરવાનગી આપતાં અગાઉ જમીન મહેસુલ નિયમો ૩૭ થી ૪૭ પૈકીના એક નિયમ હેઠળ કબુલાત-કરારનામું પટો કરવામાં આવેલ છે તેની ખાત્રી કરવી.

૯. (અ) ભોગવટા કિંમત હપ્તઓમાં ચૂકવી શકાશે જે પછાત વર્ગ સિવાયના ખેડૂતોની બાબતમાં છ કરતા અને પછાતવર્ગના ખેડૂતોની બાબતમાં બાર કરતાં વધુ હોવા જોઈએ નહીં.

(બ) જે શખ્સોના ખેતીની દબાણ કરેલ જમીન શિક્ષાત્મક કબજા કિંમત લઈ નિયમીત કરી આપવામાં આવે તે પૈકી જેની આર્થિક સ્થિતિ સારી ન હોય તેવા યોગ્ય કિસ્સામાં જે તે સક્ષમ અધિકારી પછાતવર્ગના કિસ્સામાં વાર્ષિક બાર હપ્તા અને બીન પછાતવર્ગના કિસ્સામાં વાર્ષિક છ હપ્તાઓ પર વાર્ષિક ૬ ટકા લેખે અથવા સરકારી લોનના પ્રચલિત હોય તે મુજબ વ્યાજ લેવાનું રહેશે.

કાયમી હકકના કિંમત હપ્તાથી આપવાની સગવડ આપવામાં આવી હોય તેવા કિસ્સાઓને વિગત આપી આ નમુનાના રજીસ્ટરમાં તાકીદ આપવાની છે.

જો હપ્તા નિયત સમયમાં નહીં ભરવામા આવે અને સમક્ષ અધિકારી જમીન સરકાર હસ્તક દાખલ કરવાને બદલે હપ્તો ભરવાની ઢીલને દરગુજર કરવાનું ઠરાવે તો બાકીદાર પાસેથી તેવા હપ્તા ઢીલની મુદત માટે વાર્ષિક આઠ ટકા લેખે શિક્ષાત્મક વ્યાજ લેવામા આવશે.

(ક) નિકાલ કરવાની જમીન ઉપર ઉગાડેલા ઝાડો ગ્રાંટ એક સામટી રકમ કે યોગ્ય હપ્તેથી આપવા તૈયાર હોય તો આપવા ઝાડોની કિંમત જમીન સંપાદન ધારા અમલમા આવ્યા તે મુજબ નકકી કરવી. બનતા સુધી ઝાડોની હરાજી કરવાનું નિભાવવું.

(ખ) "ક" માં જણાવેલ હુકમો અનામત વૃક્ષોને લાગુ પડતા નથી.

એચ-૧૩૪૬-૮

(ઈ) સરકારી પડતર જમીનોના ખેતી માટે નિકાલ કરવામા આવે ત્યારે તેમા આવેલી વિલાયતી બાવળના વૃક્ષોની નિયમ મુજબ કિંમત લેવી.

૧૦. બધી જમીન લેનારાઓએ જમીનની પુરેપુરી આકારણી ચુકવવાની રહેશે. સિવાય કે ખેડયા વિનાની જમીન સહકારી મંડળીઓ અને પછાત વર્ગની વ્યકિતઓને આપવામા આવી હોય તો પહેલા પાંચ વર્ષ સુધી અને બીજી વ્યકિતઓને આપવામા આવી હોય તો પહેલા ત્રણ વર્ષ સુધી જમીનની આકારણી લેવામા આવશે નહીં.

૧૧. જમીનો જપ્ત કરવા બાબત:—જમીન આપવા અંગેની કોઈપણ શરતનો ભંગ થશે તો જમીન લેનાર પાસેથી વસુલ કરેલી ભોગવટા કિંમતની રકમ રીફંડ કરવામાં આવતાં, જમીન જપ્ત કરવાને પાત્ર ગણાશે. આમ છતાં જમીન પર કોઈ સુધારા વધારા કરવામાં આવ્યા હશે તો તેનું કંઈ વળતર ચુકવવામાં આવશે નહીં. આકારણીની ચુકવણીમાં શરત કસુર થાય તો તેને લીધે જમીન જપ્ત કરી શકાય તેવા શરતનો ભંગ ગણી શકાશે. આવી તમામ ઉપજની નોંધ તાલુકાના નં. જમાં અવશ્ય કરવી. જેથી તેની વસુલાત ઉપર અસરકારક કાબુ રાખી શકાય.

૧૨. ગ્રામદાન .—સંપૂર્ણપણે ગ્રામદાન ગામો હોય તેવા ઘણા ગામો છે. આવા ગામોમાંથી સરકારી પડતર જમીનો, તે ગામો માટે ખેતી તેમજ સર્વલક્ષી સહકારી મંડળી તરીકે રચવા ધારેલી ગ્રામ સ્વરાજ સહકારી સંસ્થાને ફાળવવી જોઈએ.

૧૩. અપવાદ.—આ હુકમો નીચેની જમીનોને લાગુ પડશે નહીં.—

(ક) જેનો નિકાલ ખાસ હુકમોથી થાય છે એવી બેટ અને ભાઠાની જમીનો, કોતરની જમીનો, ખાર જમીનો, તળાવના ભાઠાની જમીનો અને નદીના ભાઠાની જમીનો.

(ખ) ડાંગ જિલ્લામાંની જમીનો.

(ગ) સરકારી પડતર જમીનોના કાયમી નિકાલ અંગેના નિયમો હેઠળ જે સરકારી પડતર જમીનો ઉંચી બિન ખેતીના ઉપયોગની હોય તેવી જમીનોનો નિકાલ ખેતી કરવા માટે કરવા નહીં ઉંચી બિન ખેતીની જમીન શહેરોની મેટ્રોપોલીટન પ્લાન્સ હેઠળની અગરતો પ્લાનીંગ રેગ્યુલેશન હેઠળની કિંમતી જમીનો ગણવી અને તેનો નિકાલ કરવો નહીં.

(ઘ) સરકારે પોતાના નિયત કરેલા ઉપયોગ માટે રીઝર્વ કરેલી હોય તેવી કે જમીનો નિકાલ કરવી નહીં.

(ચ) જમીન મહેસૂલ અધિનિયમ અને જમીન મહેસૂલ નિયમો તથા આ ઠરાવથી ચોક્કસ પ્રકારના કિસ્સાઓમાં આપેલ સતાઓ સિવાયના કિસ્સાઓમાં ખેતીના હેતુ માટે સરકારી જમીનો કલેકટરોએ વિના હરાજીએ આપવી નહીં. જો કોઈ ચોક્કસ કિસ્સામાં ખાસ સંજોગોમાં સરકારી જમીન વિના હરાજીએ આપવાની હોય જરૂરીયાત હોય તોત્યાં વ્યકિતગત કિસ્સા મંજૂરી માટે સરકાર સમક્ષ રજૂ કરવા

(છ) શારીરિક ખોડખાંપણવાળા ઈસમોએ ખેતી વાડીની તાલીમ કણસા ગામે જિ. વલસાડની તાલીમ શાળામાં લીધેલ લોકે ખેતીની જમીન આપવાના હોય તે સરકારશ્રીમાં મોકલવા.

૧૪. અનુસૂચિત જનજાતીના લોકોને સરકારી પડતર જમીનો નવી અને અવિભાજય શરતોથી ખેડવા માટે આપવામાં આવે છે. તે જમીનો બિન આદિવાસી લોકોના નામે ફેરફાર કરવા માટેની મંજૂરી સરકારના હુકમો મેળવ્યા સિવાય આપવી નહીં.

૧૫. પડતર જમીનોની હકીકત દર્શાવવા રજિસ્ટર નં. ૧ તૈયાર મામલતદારોએ તથા પ્રાંત ઓફિસરોએ તેમની ઓફિસમાં અવશ્ય રાખવા.

(અ) રજિસ્ટર નં. ૧માં તેમજ તાલુકાના દરેક ગામની આખરી યાદીમાં દર્શાવેલા તમામ સર્વે નંબરોની પુરેપુરી વિગત સર્વે નંબર વિસ્તાર અને પડતર જમીનોનો દરેક સર્વે નંબર જયાં આવેલો હોય તેની સઘળી સ્થિતિની વિગત દર્શાવવી.

(બ) રજીસ્ટર નં. ર માં જે પડતર સર્વે નંબરોની જમીનો ખેતીને લાયક નથી તેમ વર્ગીકરણ કરેલી છે. એ ઉપરાંત પેટાની સૂચનાઓના પેરેગ્રાફ-જમાં દર્શાવેલી જાહેર હેતુઓ સર નિયત કરેલી જમીનોને તથા બીજા જાહેર હેતુઓ સર નિયત કરેલી જમીનો કે પેરેગ્રાફ-જમાં દર્શાવ્યા સિવાયની તે તમામની નોંધ આ રજિસ્ટરમાં રાખવી આ બંને રજીસ્ટરને જનતાના ઉપયોગ માટે તથા જેમની ઈચ્છા સરકારી પડતર જમીનો ખેડાણ માટે લેવાની હોય તેમના જોવા માટે ખુલ્લા રાખવા.

૧૬. સરકારી પડતર જમીનો ખેડાણ માટે માંગણી કરનારા શખ્સો માટેની, અરજીનો નમૂનો સૂચનાઓ સાથે આપવામાં આવેલો છે. તે મુજબ ફોર્મ સ્ટેનસીલ કરાવી તૈયાર રાખવાં.

(અ) અરજી નિયત કરેલા નમૂનામાં મળતાં જ નાયબ મામલતદાર શિરસ્તેદારે તેને બરાબર તપાસી રજીસ્ટરો સાથે મેળવી તે બરાબર છે કે કેમ તેની ખાત્રી કરી લેવી અને જો કોઈ સુધારો કરાવવાની તથા વધુ વિગતો મેળવવાની જરૂર જણાય તો તે મુજબ અરજદારને રૂબરૂમાં માંગણીવાળી સરકારી જમીન રજીસ્ટર નં. ૧માં દર્શાવેલી ન હોય અગર તો રજીસ્ટર નં. ૨માં દર્શાવેલી હોય તો તે સંજોગોમાં માંગણી નકારતી નોંધ પ્રાંત ઓફીસરને મૂકી અરજીનો ત્વરીત નિકાલ કરવો.

(બ) સૌરાષ્ટ્ર વિસ્તારમાં ટાવર્સ ખરાબાની જમીનની માંગણી કરતી અરજી મળે કે તુરત જ એવી જમીનોનું વર્ગીકરણ ખેતી વાડી ખાતા મારફત તુરત જ કરાવી જો તે ખેતીને લાયક દર્શાવવામાં આવે તો આખરી યાદીમાં સામેલ કરી તેવી અરજીઓનો નિકાલ તુરત જ કરવો.

૧૭. (ક) આગળના ફકરાઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં કલેકટરો ખાસ કેસોમાં એટલે કે આ ઠરાવ નીચે અગ્રતાક્રમ મુજબ અને સામાન્ય સંજોગોમાં જેઓનિ જમીન મળેલ નહીં તેવા કિસ્સામાં છુટછાટ મુકીને જમીન આપવા જેવી છે તો કલેકટરોએ આવા કિસ્સાઓમાં પ્રથમ આ કેસમાં ખરેખર છૂટછાટ મુકવા જેવી છે તેવી ખાત્રી કરીને સરકાર સમક્ષ હુકમો માટે રજૂ કરવા અને સરકાર દરેક કેસને હકીકત અને સંજોગોને ધ્યાનમાં લઈ તેમ કરવાની સત્તા સ્વાધીન રાખે છે. આ પ્રયોજન બધીજ અગ્રતાઓ અને ખાસ કરીને નીચલી કક્ષાની અગ્રતાઓને ધ્યાનમાં લઈને કરવામાં આવ્યું છે.

(ખ) સ્વાતંત્ર્ય સંગ્રામના સૈનિકોને ખાસ કિસ્સા તરીકે જમીન આપવા અંગે નીચે મુજબનું ધોરણ રાખવા ઠરાવ્યું છે જેથી તે ધોરણને અનુલક્ષીને જ કલેકટરોએ સરકારમાં દરખાસ્ત મોકલવા માટેની નોંધ રાખવી.

(૧) જો સ્વાતંત્ર્ય સંગ્રામના સૈનિકોને માસિક રૂ. ૨૦૦ પેન્શન મળતું હોય અને તે સિવાય બીજી કોઈ આવક ન હોય તેમજ તેના કુટુંબે બે કરતાં વધારે વ્યકિત ન હોય તો તેમને સરકારી જમીન ખેતી માટે આપવી નહીં.

(૨) જો સ્વાતંત્ર્ય સંગ્રામના સૈનિકને માસિક રૂ. ૨૦૦ સુધીનું પેન્શન મળતું હોય અને તેની માસિક આવક બીજી બધી આવક સહિત રૂ. ૫૦૦ હોય તેના કુટુંબમાં પાંચ કે છ વ્યકિત હોય તો તેને પણ જમીન આપવી નહીં.

(૩) બધા સાધનોમાંથી મળીને તેની કુલ માસિક આવક રૂ. ૩૦૦ સુધીનું હોય અને તેના કુટુંબમાં ફકત પાંચ કે છ સભ્યો હોય તો જમીનની ઉપલબ્ધી ધ્યાનમાં લઈને આઠ એકર સુધીની જમીન આપવી.

(૪) બધા સાધનોમાંથી મળીને તેની કુલ માસીક આવક રૂ. ૪૦૦ સુધીની હોય અને તેના કુટુંબમાં ફકત પાંચ કે છ જ સભ્યો હોય તો તેને ચાર એકર સુધી જમીન આપવી.

૧૮. આ હુકમો અગાઉના સરકારના આ વિષયના ઉપર દર્શાવેલ તમામ હુકમોનું સંકલન કરીને બહાર પાડવામાં આવેલા છે. જયાં નાણાં ખાતાની મંજૂરીની જરૂર હતી ત્યાં આ ખાતાની ફાઈલ ઉપર મંજુરી લેવામાં આવેલી હોવાથી ઉપરના મથાળે દર્શાવેલ તમામ હુકમોને બદલે આ હુકમ મુજબ રાજયમાં અમલ કરવાનો રહે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સ. રા. ભટ્ટ,
ઉપસચિવ,
મહેસૂલ વિભાગ,
ગુજરાત સરકાર.

મહેસૂલ વિભાગના તા-૨૪-૪-૧૯૮૧ના સરકારી ઠરાવ નંબર-જમન/૩૯૮૧/૫૦૮૨૮-અ સાથેનું જોડાણ.

સરકારી પડતર જમીનોના કાયમી નિકાલ અંગે સૂચનાઓ.

તા. ૨૪-૪-૧૯૮૧ના સરકારી ઠરાવ નં. જમન-૩૯૮૧-૫૦/૨૮-અ-ના અમલ સંબંધમાં મહેસૂલ અધિકારીઓને સરકારી પડતર જમીનોના કાયમી નિકાલ અંગે માર્ગદર્શન આપવા નીચેની સૂચનો બહાર પાડવામાં આવી છે.

૧. કાયમી નિકાલ કરવામાં આવે તે પહેલાં નિકાલ માટે કઈ જમીનો ઉપલબ્ધ છે તે જાણવું જરૂરી છે. આથી પ્રાંત ઓફીસર આસી. કલેકટર નિકાલ માટે ઉપલબ્ધ હોય તેવી જમીનોની યાદી બનાવવી. આ યાદીનો ઉલ્લેખ હવે પછી 'આખરી યાદી' તરીકે કરવામાં આવ્યો છે. સરકારી પડતર જમીનોના નિકાલ વખતે નિકાલ કરવાનો જમીનો અંગે જુદી જુદી વ્યકિતઓ તરફથી સરકાર સમક્ષ હક્કદાવા રજૂઆત અને અપીલો થતા ટાળવા, આમ કરવું જરૂરી છે. અનુભવ ઉપરથી જણાયું છે કે આ કારણે ઘણો વિલંબ થાય છે અને પરીણામે કામ, સમય, અને નાણાંનો વ્યય થાય છે. તેથી ખરેખર નિકાલની કામગીરી શરૂ થાય તે પહેલાં બધા હકદાવા અગાઉથી તપાસી લઈ નિકાલ માટે ઉપલબ્ધ જમીનોની એક આખરી યાદી તૈયાર કરવામાં આવે તે ઈચ્છનીય છે. આ આખરી યાદીમાં સમાવેશ કરેલ જમીનોના છેવટનો નિકાલ બરાબર થાય છે તે જોવાની જવાબદારી રહેશે અને તેવી જમીનોના નિકાલના પત્રકો સરકારને મોકલવાના રહેશે. જેથી કલેકટરોએ આ 'આખરી યાદી' માં સમાવેશ કરેલી તમામ જમીનોના નિકાલ ઝડપથી થાય તે જોવાની જવાબદારી રહેશે.

૨. પ્રથમ તો પ્રાંત ઓફીસર, આસી. કલેકટરે ગામની બધી સરકારી પડતર જમીનોની યાદી તૈયાર કરાવવી જોઈએ. આ યાદીમાં એક સાલી ધોરણે ખેતી માટે પટે આપેલી જમીનો, જાહેર હેતુ માટે અનામત રાખવી અને અનામત રાખવા જરૂરી બને તેમ હોય એવી જમીનો સહિત તમામ પડતર જમીનોનો સમાવેશ થશે. આ યાદી કામચલાઉ હશે અને

(૧) જમીનોના કાયમી નિકાલ અંગે જુદા જુદા પ્રતિબંધોની અસર બને.

(૨) જાહેર હેતુ માટે જરૂરી બનતી જમીનોને ધ્યાનમાં લઈ આખરી યાદી તૈયાર કરવામાં આવશે.

(૩) હાલ સરકારી પડતર જમીનોના કાયમી નિકાલ પર ચાર પ્રકારના પ્રતિબંધ હતા પરંતુ સરકારે હવે નક્કી કર્યું છે કે પ્રતિબંધ માત્ર ૫૦ એકર કે એથી વધારે એક જથ્થે આવેલ જમીનોના બ્લોક પૂરતો મર્યાદિત રાખવો અને તેથી ઓછા વિસ્તારની જમીનો પ્રતિબંધમાંથી મુકત કરી તેનો કાયમી નિકાલ પડતર જમીનની સાંથણીના નિયમો મુજબ કરવો. ૧૦૦ એકર અને એથી વધુ ક્ષેત્રફળના એક લકી કે એક જથ્થે આવેલ જમીનોનો નિકાલ એકસાલી કે કાયમી સત્તર બંધ રાખવો કે જેથી જમીનો પુન:વસવાટ માટે ઉપલબ્ધ થઈ શકે.

૩. તમામ સરકારી ખરાબાની જમીનોના કાયમી ધોરણે નિકાલ કરવાનો નિર્ણય લેતાં પહેલાં જાહેર હેતુઓ સર તે જમીનો અનામત રાખવા બાબતનો સ્થાનિક સંસ્થાઓ અને અથવા ગ્રામજનોની માંગણીઓ ધ્યાનમાં લેવી. આ સાથે સરકારને એમ પણ લાગે કે એકવાર નિકાલની કામગીરી શરૂ થયા બાદ કોઈ પણ પ્રકારના હક્ક દાવાના કારણે તે કામગીરી અટકાવી જોઈએ નહીં. ઘણીવાર ગામોના હરીફ જૂથો અથવા પક્ષો તરફથી સરકારે મોકલાતા નિવેદનો અને અપીલને લીધે સરકારી ખરાબાની જમીનોના આખરી નિકાલમાં વિલંબ થવાનો સંભવ રહે છે. સ્થાપિત હિત ધરાવનારાઓ પણ સરકારી નીતિમાં ઝડપી અમલમાં રૂકાવટ ઉભી કરે છે આથી સરકારે એવું ઠરાવ્યું છે કે આવા સઘળા હક્ક દાવા તપાસી જવાનું તથા તેનો આખરી નિકાલ કરવાનું કામ કલેકટરે સંભાળવું આ અંગે નીચેની કાર્યપદ્ધતિ અનુસરવી.

પ્રાપ્ત સરકારી ખરાબાની જમીનોની કામચલાઉ યાદી તૈયાર કરતી વખતે મામલતદાર તે ગામોમાં જાહેર હેતુસર જોઈતી જમીનોની યાદી પણ તૈયાર કરશે. આ જાહેર હેતુઓમાં નીચેની બાબતો અગ્રતાક્રમ મુજબ આવશે;

(૧) શાળા, રમત ગમતના મેદાન, વ્યાયામ શાળા

(૨) ઘરથાળ માટેની જગ્યા

(૩) કબ્રસ્તાન અથવા સ્મશાન ગૃહ માટેની જગ્યા.

(૪) ચરાણની જમીનો

(૫) ઢોરની કોઢય અને ગમાણો.

(૬) ખાતર ખાડા

મામલતદાર પંચાયતની સલાહ તથા ગામનો સામાન્ય અભિપ્રાય જાણી લઈ પ્રાંત અધિકારીને પોતાની ભલામણો મોકલી આપશે. પંચાયતે ઉપરોકત હેતુ માટે માંગણી કરેલ હોય તો સરકારી રાખવી એ તેમ કરતાં ગામોની ભવિષ્યની જરૂરિયાતો લક્ષમાં રાખવી સાથો સાથ તે સમાજ કલ્યાણ અધિકારીને જાહેર હેતુઓ સર જમીનો અનામત રાખવાને લગતી પોતાની ભલામણ તેમજ કામચલાઉ યાદીની એક નકલ મોકલી આપશે સમાજ કલ્યાણ અધિકારીનું મંતવ્ય ધ્યાનમાં લઈ પ્રાંત અધિકારી પોતાની ભલામણો કલેકટરને

તાત્કાલિક.
ક્રમાંક:-બખઅ-૧૦૭૯-૫૫૮૯૩-ક.

મહેસુલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૬-૫-૮૨.

પ્રતિ,
કલેકટરશ્રી,
મહેસાણા.

વિષય:- રસ્તા પૈડોની જમીન ઉપરના વિશેષાધિકારો તથા કેબીનભાડાની ૫૦ ટકા રકમની વસુલાત બાબત.

ઉપરોક્ત વિષય અંગે આપના તા. ૧૮-૧-૮૨ ના પત્ર ક્રમાંક: સોટીએસ-વશી-૨૧૬૯-૮૨ અન્વયે જણાવવાનું કે મ્યુનિસિપાલીટી તથા નગર પંચાયતમાં વેસ્ટ થયેલો પબ્લીક સ્ટ્રીટ લેન્ડ, રસ્તા, તળાવ, કાંસ તથા એરસ્પેસની જમીન ઉપર દુકાનો, કેબીનો કે એવા ધંધાકીય હેતુ માટે અપાતી જમીનના ભાડાની રકમના ૫૦ ટકા લેખે બીનખેતી આકાર (ભાડાપટે) જમીન મહેસુલ નિયમ-૮૧(૩) ની જોગવાઈ મુજબ અગાઉ કલેકટર (સામાન્ય બીનખેતી આકારના દર કરતાં વધારે દરે) વસુલ કરી શકતા પરંતુ તા:- ૨૪-૧-૭૮ ના જાહેરનામાથી સુધારેલા નિયમ-૮૧ માંથી આ જોગવાઈ રદ કરવામાં આવેલ છે. જેથી હવે તે મુજબ વધારેલા દરેક બીન ખેતી આકાર લેવાનો પ્રશ્ન રહેતો નથી. જેથી તા.૨૪-૧-૭૮ ના જાહેરનામા ક્રમાંક:- જીએચએમ-૭૮-૩૪-એમએલઆરઆર-૧૦૭૭-૪૩૦૬૪-લ, થી તા. ૧-૯-૭૬ થી નવા સુધારેલા જમીન મહેસુલ નિયમ-૮૧/૧/૨/ અનુસાર સામાન્ય દરે બીન ખેતી આકાર વસુલ કરવાનો થતો હોઈ તે દરે વસુલાતની કાર્યવાહી ~~[illegible]~~ કરવા વિનંતી છે.

વિ.ન. વૈષ્ણવ,
નાયબ સચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

જાહેર સ્થળો એ રસ્તા પૈકીની જમીનના
બીનખેતીની આકારણી બાબત

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
ઠરાવ ક્રમાંક. એનએ/૧૦૭૭/૪૫૫૯૮/૬-ક.
સચિવાલય, ગાંધીનગર,
તા. ૨૯-૫-૮૨

વંચાણમાં લીધા:- (૧) તા. ૨૦-૨-૫૩ નો ઠરાવ ક્રમાંક. ૫૮૩૪/૫૧.
(૨) તા. ૨-૬-૫૮ નો ઠરાવ ક્રમાંક. એન. એ. ૧૦૫૮-૧૩૦૮૮-હ.
(૩) તા. ૨૪-૧-૭૮ ના જાહેરનામા ક્રમાંક. જીએચએન-૭૮. ૧૩, એમ. એલ. આર-૧૦૭૭/૪૩૦૧૪.
(૪) તા. ૬-૫-૮૨ નો પત્ર ક્રમાંક: એનએ-૧૦૭૬-૫૫૯૮-૬-ક.

ઠરાવ :

મુ. રે. નિયમોના નિયમ-૮૧(૩) અને ૮૧(૪) ની જોગવાઈઓ અને તેને આનુષંગિક રાજ્ય સરકારના તારીખ. ૨૦-૨-૫૩ ના ઠરાવ ક્રમાંક. ૫૮૩૪/૫૧, તથા તા. ૨-૬-૫૮ ના ઠરાવ ક્રમાંક. એનએ-૧૦૫૮-૧૩૦૮૮-હ ની સૂચનાઓ અનુસાર જે જમીનો મ્યુનિસિપાલીટી/નગર પંચાયત/મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વેસ્ટ થયેલી "પબ્લિક સ્ટ્રીટ લેન્ડ" રસ્તા ... "ઓપન સ્પેસ" ... જાહેર સ્થળો રસ્તા પૈકીની જાહેર હેતુ માટેની જે જમીનો હતી, તેમાંનો કે એવા નફાકારક હેતુ માટે સ્થાનિક સંસ્થા વાપરે ત્યારે જો ભાડું કે લાયસન્સ ફીની રકમ, બજાર કિંમતના ૫ ટકા કરતાં વધુ હોય તો તેવી જમીન પર જે બીનખેતીની આકાર ... ની ૫૦ ટકા રકમ સરકારમાં જમા લેવાની પ્રથા અમલમાં હતી.

ઉક્ત ઠરાવો માત્ર વહીવટી સરકારની લેવાની સ્પષ્ટતા તારીખ ૭-૫-૭૩ ના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક: એન. એ. ૧૦૭૨/૪૧૧૬/ક અન્વયે કરવામાં આવેલ છે.

૨. ઉક્ત પદ્ધતિ અમલ અંગે તેને આનુષંગિક સૈદ્ધાંતિક મુદ્દાઓને અનુલક્ષીને ઉક્ત પ્રથાનું પુનઃ અવલોકન કરવાનું સરકારશ્રીને ઉચિત જણાયેલ છે. કારણ કે વહીવટી સૂચનાઓને આધારે ની પદ્ધતિ મુજબ, તે વસૂલાત બંધારણીય મુદ્દાઓ અને કાયદાની જોગવાઈઓ સાથે સુસંગત રહેતી જણાતી નથી.

૨. ૧. ઉપરના સંજોગોમાં જમીન મહેસૂલ નિયમ-૮૧ ૧૨૧ અને ૧૩૧ ૮૨ હેઠળની જોગવાઈઓ અનુસાર ભાડાના ૫૦ ટકાના ઉચ્ચક ધોરણે બીનખેતી આકાર ઉક્ત સ્થાનિક સંસ્થાઓ પાસેથી વસૂલ કરવામાં આવતો હતો તે કાયદાની રૂએ વસૂલ કરવાપાત્ર સરકારશ્રીને જણાયેલ નહીં. આ મથાળા અમલ કરવાના સરકારશ્રી સમક્ષ વિવિધ સ્થાનિક સંસ્થાઓની માંગણી પણ વિચારણા હેઠળ હતી.

૩. ઉપરના સંજોગોમાં સરકારશ્રીએ એવો નિર્ણય લીધો છે કે, મથાળા અનુસાર સ્થાનિક સંસ્થાઓ પાસેથી ભાડાની રકમના ૫૦ ટકાના ધોરણે બીનખેતીની આકારની જે વસૂલાત થતી હતી તે તા. ૧-૬-૭૬ બંધ થયેલ છે. જે ના સંદર્ભમાં કલેકટરશ્રીઓ તથા જીલ્લા વિકાસ અધિકારીઓને નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવેલ છે.

(૧) જે તારીખે આવા વિસ્તારમાં એવી જમીન, કે જે નો કે હક્ક નહીં હોવું માટે સ્થાનિક સંસ્થાઓને ભાડે આપેલ હોય તે તારીખથી, તારીખ ૩૧-૮-૭૬ સુધીના સમય માટેની તેવી જમીન પરત્વેની બીનખેતીની આકાર લેન્ડ રે. કોડની કલમ-૪૫ અને ૪૮ ની રૂએ સામાન્ય દરે વસૂલ કરવાની રહે છે.

(૨) તા. ૧-૬-૭૬ પછી તેવી જમીનો પરત્વેની બીનખેતીની આકાર સામાન્ય દરે વસૂલ કરવાનો રહે છે. આ સંબંધમાં રાજ્ય સરકારે કલેકટરશ્રીઓને તા. ૬-૫-૮૨ ના પત્ર નં. બખમ-૧૦૭૭-૫૫૮૭૩-ક થી સૂચનાઓ આપેલ છે. આ સૂચનાઓ ધ્યાને લઈ કલે.શ્રીઓ/જીલ્લા વિકાસ અધિ. શ્રી તે મુજબની કાર્યવાહી કરે છે.

૪. લેન્ડ રે. કલમ ૮૧ ૧૨૧૩૧ તથા ૮૨ ની જે તે સમયની પ્રવર્તમાન જોગવાઈઓ તથા ઉક્ત વહીવટી હુકમોના અમલને પરિણામે સ્થાનિક સંસ્થાઓ પાસેથી ૫૦ ટકાના ઉચ્ચક ધોરણે બીનખેતીની આકારની જે રકમની વસૂલાત સરકારશ્રીમાં કરેલ હોય તેવી વસૂલાત કરાયેલ રકમ પરત કરવાની રહે નથી. આવી રકમના અનુસંધાને કલે.શ્રીઓ/જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહે છે:-

(૧) ઉક્ત ધોરણે જે રકમ સ્થાનિક સંસ્થા પાસેથી વસૂલાત કરાયેલ છે તે પરત કરવી નહિ. પરંતુ તે વસૂલાતની રકમ ત્યારપછીના વર્ષમાં નિયમ અનુસાર જે સરકારમાં જમા લેવાપાત્ર રહેતી હોય તેની સામે મજરે આપવી. આ કાર્યવાહી કરવા સંબંધે કલેકટરશ્રીઓ/જી. વિ. અધિ. શ્રીઓએ સંબંધિત સ્થાનિક સંસ્થાઓના પરામર્શથી કાર્યવાહી કરવી.

(૨) અગાઉ સરકારશ્રીમાં વસૂલ કરાયેલ રકમ ઉપર જણાવ્યા મુજબ મજરે મેળવવા માટે કોઈ સ્થાનિક સંસ્થા હયાત ન હોય તો તેવા પ્રત્યેક

તેઓ કેસ, શ્રીઓ જી. વિ. અધિ. શ્રીઓએ સરકારના હુકમો માટે રજૂ કરવાના રહેશે. આવી પ્રત્યેક દરખાસ્ત રજૂ કરતી વખતે જે તે સમયની પ્રથા અનુસાર વસૂલ આવેલ કુલ રકમ, રીફંડ કરવા પાત્ર રકમ, તેનું રીફંડ ક્યા સમયનું છે, વ પૂર્ણ માહિતી સાથે સરકારશ્રીની મંજૂરી માટે અહેવાલ રજૂ કરવાનો રહેશે.

૫. નગર પંચાયતો, મ્યુ. કોર્પોરેશનો મ્યુનિસિપાલિટીઓને વેસ્ટ જમીનો ઉપર જણાવેલ હેતુઓ માટે ભાડે આપવામાં આવેલ હોય અને જો કોઈપણ કિસ્સામાં સંબંધિત એવી સ્થાનિક સંસ્થા પાસેથી બીનખેતી આ વસૂલ કરવામાં આવ્યો ન હોય, તો તેનો બીનખેતી આકાર સંબંધિત આ તાત્કાલિક નક્કી કરી તેની વસૂલાત માટે લે. રે. કોડ તથા લે. રે. જોગવાઈઓ મુજબ કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવાની રહેશે.

૬. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકવાળી ફાઈલ પર પંચ. ગૃ. અને શ. વિ. વિભાગની તા. ૨૧-૪-૮૨ તથા નાણાં વિભાગની તારીખ, ૨૨-૪-૮૨ ની નોંધથી મળેલ અનુમતિથી કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

વિ. ન. વૈષ્ણવ,
નાયબ સચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

રાષ્ટ્રીય / રાજ્ય ધોરી માર્ગો તેમજ અન્યમાર્ગો ની
બાબતમાં રેખા નિયંત્રણના નિયમોની જાળવણી /
માર્ગો પરનાં દબાણો દૂર કરવા ખાસ સ્ક્વોડની
રચના અંગે.

-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
ઠરાવ ક્રમાંક: -જપવ-૧૯૮૩-યુ.ઓ.૮૧-ક,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૭મો જુન, ૧૯૮૩.

વંચાણે લીધો : (૧) મ.વિ.નો ઠરાવ ક્રમાંક: જપવ-૧૯૭૯-૨૦૬૪-ક.
તા. ૧૭-૭-૮૦.

(૨) મ.વિ.નો પરિપત્ર ક્રમાંક: દબણ-૧૯૮૧-૫૧૦-લ,
તા. ૨-૨-૮૧.

(૩) મકાનો અને માર્ગ વ્યવહાર વિભાગનો પરિપત્ર ક્રમાંક:
આરબીડી-૧૯૮૧-૬૦૯૪-(૨)સ. તા. ૨૭-૨-૮૧.

ઠ રા વ : -

-૦-૦-૦-

પ્રસ્તાવનામાં ઉલ્લેખેલ તા. ૧૭-૭-૮૦ ના સરકારી ઠરાવથી જાહેર માર્ગો પર રેખા નિયંત્રણના નિયમોની જાળવણી તથા તેનો ભંગ થતો અટકાવવા અંગેની સુચનાઓ આપવામાં આવી છે, તેમજ તારીખ : ૨-૨-૮૧ ના પરીપત્ર તથા મ. અને મા.વિ.ના તા.૨૭-૨-૮૧ ના પરિપત્રથી તેનો અસરકારક અમલ રાજ્યમાં કરવામાં આવે તે અંગેની સુચનાઓ આપવામાં આવી છે. રેખા નિયંત્રણના નિયમોનો સુચારુ અમલ કરવામાં આવે તે ખુબ જ જરૂરી છે. તેમજ વિવિધ સ્થળો એ દબાણો થતાં અટકે અને કરવામાં આવે એટલે તરત દૂર કરવામાં આવે તે પણ એટલું જ જરૂરી છે. આ અંગે કાળજીપુર્વકની વિચારણા બાદ સરકાર જાહેર માર્ગો / ધોરી માર્ગો / અન્ય રસ્તાઓ ઉપર થતાં દબાણો ખુલ્લા કરવા અંગે કાર્યવાહી તાત્કાલિક થઈ શકે તે માટે નીચે મુજબની વ્યવસ્થા કરવાનું ઠરાવે છે.

૧. દરેક મહિનાના પહેલાં મંગળવારે કે ડોઈંગ એક નિશ્ચિત વારે મામલતદાર, સીટી સર્વે સુપ્રીન્ટેન્ડેન્ટ અને મ. અને મા. વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રી, કે તેઓનાં પ્રતિનિધિ સાથે રહીને દબાણવાળાં સ્થળોની રૂબરૂ મુલાકાત લેશે અને થયેલ દબાણો સ્થળ પરથી તાત્કાલિક દૂર કરાવવા પગલાં લેશે.

૨. દબાણો ખસેડવા અંગે વાહન તથા મજૂરો સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી તરફથી પુરા પાડવામાં આવશે.

૩. ઉપર્યુક્ત કાર્યવાહીઓમાં પોલીસ મદદ માટે જીલ્લા પોલીસ વડા તરફથી દરેક તાલુકાઓમાં એક હેડ કોન્સ્ટેબલ તથા ચાર પોલીસ કોન્સ્ટેબલનો સ્કવોડ બંદોબસ્ત માટે આપવામાં આવશે.

૪. આ અંગેનો અહેવાલ જીલ્લા કલેકટરશ્રીને નિયમિત રીતે મોકલવાનો રહેશે.

ઉપર્યુક્ત કાર્યવાહી દરેક જીલ્લામાં નિયમિત રીતે થાય તે બાબતે લક્ષ આપવા કલેકટરશ્રીઓને ખાસ વિનંતી કરવામાં આવે છે તેમજ સંબંધિત અધિકારીશ્રીઓ તરફથી કરવામાં આવેલ કાર્યવાહી અંગેનો અહેવાલ પણ નિયમિત રીતે તેમને મોકલવામાં આવે તે પણ જોવા વિનંતી કરવામાં આવે છે.

૫. આ સુચનાઓ મહેસુલ અને માર્ગ વ્યવહાર વિભાગ તથા ગૃહ વિભાગની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વિ.ન.વૈષ્ણવ,
નાયબ સચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર,

પ્રતિ,

બધા કલેકટરશ્રીઓ

બધા જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

બધા જીલ્લા પોલીસ વડાઓ / પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. અમદાવાદ.

બધા કાર્યપાલક ઇજનેરશ્રી, મ. અને મા. વિ. / પંચાયત વિભાગ.

બધા મામલતદારશ્રી / બધા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ

બધા સીટી સર્વે સુપ્રીન્ટેન્ડન્ટસ

બધા પ્રાન્ત અધિકારીશ્રીઓ

સરકારી જમીન ઉપરના ખેતી
વિષયક અને બિનખેતી વિષયક દબાણો
નિયમિત કરવાની વિચારણા કરતી
વખતે ધ્યાનમાં લેવાના મુદ્દાઓ
અંગેનું ચેકલીસ્ટ.

- - - - - - - - - - - - - - -

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: દબાણ-૧૦૮૪-૨૯૪૧-લ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧-૮-૧૯૮૪.

સંદર્ભ :-

(૧) ઠરાવ ક્રમાંક: દબાણ-૧૦૭૨-૨૮૭૬૫-લ, તા:૮-૧-૮૦.

(૨) ઠરાવ ક્રમાંક: એલએનડી-૩૯૭૮-૯૭૧૮૭-અ,
તા: ૧૯-૩-૭૯.

(૩) ઠરાવ ક્રમાંક: એલએનડી-૩૯૭૯-૧૮૩૧-/૭૯/ -ગ,
તા: ૧૧-૫-૭૯.

પ રિ પ ત્ર :-
o-o-o-o-o-o-o-o-o

સરકારી જમીન ઉપરના ખેતી વિષયક અને બિનખેતી વિષયક દબાણો નિયમિત કરવા સરકારશ્રીના ઉક્ત ઠરાવોથી જિલ્લા કલેક્ટરશ્રીઓ, નાયબ કલેક્ટરશ્રીઓ, મામલતદારશ્રીઓ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને જરુરી અધિકારો આપવામાં આવેલ છે. આ અધિકારો અન્વયે જે તે અધિકારીઓને જુદી જુદી કચેરીઓ તરફથી રજુ કરાતી દરખાસ્તોમાં એકસૂત્રતા જળવાતી નથી અને ઘણીવાર માહિતી અધૂરી મોકલવામાં આવે છે. તેજ રીતે જે દબાણો સરકાર કક્ષાએ નિયમિત કરવાના થાય છે તેમાં પણ ઘણીવાર પુરતી વિગતો સિવાય દરખાસ્ત કરવામાં આવે છે. પરિણામે ખૂટતી વિગતો મોકલવા માટે અવારનવાર બેક રેફરન્સ કરવા પડે છે. આમ થવાના કારણે આ કેસોમાં નિર્ણય લેવામાં ઘણો વિલંબ થાય છે, અને સરકારી નાણાં અને સમયનો દુર્વ્યય થાય છે. તેમજ અધુરી માહિતી હોવાને કારણે કોઇવાર ખોટો નિર્ણય લેવાઇ જવાનો પણ સંભવ રહે છે.

૨. આથી જે તે સક્ષમ અધિકારીઓને જણાવવામાં આવે છે કે, આવા કેસોના નિકાલમાં થતો વિલંબ નિવારવા, સરકારી નાણાં તથા સમયનો દુર્વ્યય

થતો અટકાવવા આ સાથે સામેલ રાખેલ ચેક લીસ્ટ મુજબ પ્રથમથી જ કેસ તપાસી દરખાસ્ત તૈયાર કરવી. જે તે સક્ષમ અધિકારીએ ચેક લીસ્ટ મુજબની વિગતોની પૂરતી ચકાસણી કર્યા પછી જ નિર્ણય લેવો. એજ રીતે સરકારમાં જયારે દરખાસ્ત મોકલવામાં આવે ત્યારે ચેક લીસ્ટમાં જણાવેલી સંપુર્ણ વિગતોનો તેમાં સમાવેશ થાય અને તેની સ્પષ્ટતા દરખાસ્તમાં અવશ્ય કરાય તે જોવું અને કામના કાગળોમાં તેના આધાર રજુ કરવા.

ઉપરોકત સુચનાઓનું યોગ્ય રીતે અને ચુસ્તપણે પાલન થાય તે જોવા આથી સર્વ જિલ્લા કલેકટરશ્રીઓ, જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તથા નીચલા અધિકારીઓને અનુરોધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કા. કા. રાઠોડ.
સેકશન અધિકારી,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

બીડાણ: ચેક લીસ્ટ.

પ્રતિ,

:૧: સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,

:૨: સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,

:૩: સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ,

:૪: સર્વે મામલતદારો,

:૫: સચિવશ્રી/વિવાદ/ મહેસુલ વિભાગ, લાલદરવાજા, અમદાવાદ.

:૬: મહેસુલ તપાસણી કમિશ્નરશ્રી અને સચિવશ્રી, મહેસુલ વિભાગ.

:૭: સેટલમેન્ટ કમિશ્નરશ્રી, અને જમીન દફતર નિયામકશ્રી, ગુ. રા. અમદાવાદ.

:૮: તપાસણી શાખા, મહેસુલ વિભાગ,

:૯: વિભાગની અ, ગ, શાખા.

:૧૦: સીલેકટ ફાઇલ.

તા :- ૧/૮/૧૯૮૪ના પરીપત્ર ક્રમાંક : દ.બ.ણ./૧૦૮૪/૨૯૪૨/લ નું બીડાણ

## સરકારી જમીન ઉપરના દબાણ નિયમિત કરવાના કેસોના ધ્યાનમાં લેવાના મુદ્દાઓ અંગેનું ચેક લીસ્ટ.

(૧) દબાણદારની વિગત :-

(૧) દબાણદારનું નામ, ઉંમર, રહેઠાણનું/વતનનું સરનામું, ધંધો/નોકરી.
(૨) દબાણદારના નામે કોઈ મકાન, પ્લોટ છે કે કેમ?
(૩) માલીકીની ખેતીની જમીન હોય તો કયા કયા સ.નં.ની કેટકેટલી જમીન છે.
(૪) દબાણદારના કુટુંબમાં કુલ કેટલી વ્યક્તિઓ છે, દરેકની ઉંમર, નોકરી/ધંધો.
(૫) દબાણદારની અને કુટુંબમાં અન્ય કમાનાર વ્યક્તિઓની માસીક આવક, કુટુંબની કુલ વાર્ષિક આવક.
(૬) દબાણદાર અથવા કુટુંબની કોઈ વ્યક્તિઓ નોકરી/ધંધો કરતી હોય તો તેનું સ્થળ અને વિગત.
(૭) દબાણદાર પછાતવર્ગના કે આર્થિક રીતે પછાત છે કે કેમ?

(૨) દબાણવાળી જમીનની વિગત :-

(૧) સ.નં., તેનું ક્ષેત્રફળ, તે પૈકી કેટલી જમીન ઉપર દબાણ થયેલ છે. ક્ષેત્રફળ મેટ્રીક પધ્ધતિમાં જે એટલે કે હે.આર.ચો.મી.માં દર્શાવવું.
(૨) દબાણવાળી જમીન સરકારી છે કે, ગૌચરની?
(૩) મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલીકા વિસ્તારની છે કે કેમ?
(૪) શહેરી સંકુલમાં આવે છે કે કેમ?
(૫) કોઈ જાહેર હેતુ માટે અનામત રાખવામાં આવી છે કે કેમ? જો હા તો ક્યારથી અને કયા હેતુ માટે?
(૬) ગામતળકે નગરપાલીકા મ્યુનિ.કોર્પો.ની હદથી કેટલી દુર આવેલ છે.
(૭) દબાણવાળી જમીન અને તેની આજુબાજુની સ્થળસ્થિતિ દર્શાવતો નકશો સક્ષમ અધિકારી પાસેથી તૈયાર કરાવી રજુ કરવો.
(૮) જમીન કયા ઝોનમાં આવે છે? તેને અનુરુપ દબાણ છે કે કેમ?
(૯) જો જમીન શહેરી સંકુલમાં આવતી હોય તો શહેરી વિકાસ સત્તા મંડળ તરફથી અનામત રાખવામાં આવી છે કે કેમ? જો અનામત રાખવામાં આવી હોય તો મંડળનો અભિપ્રાય મેળવવો.
(૧૦) દબાણવાળી જમીન દબાણદારની માલીકીની જમીનને લાગુ આવેલી છે કે કેમ?
(૧૧) દબાણવાળી જમીન શરતભંગ બદલ સરકારી પડતર દાખલ થયા પછી દબાણ થયેલ છે કે કેમ?
(૧૨) દબાણવાળી જમીન ઉપરથી દબાણ દુર કરવામાં આવે તો તે જમીનનો સ્વતંત્ર રીતે નીકાલ થઈ શકે કેમ? જો ના, તો શા માટે?
(૧૩) દબાણ નિયમિત કર્યા પછી જે જમીન બાકી રહેતી હોય તેનો સ્વતંત્ર રીતે નીકાલ થઈ શકે તેમ છે કે કેમ?

(૧૪) દબાણવાળી જમીનની નજીક આજુબાજુ કોઈ રસ્તો પસાર થાય છે કે કેમ? જો હા તો તે રસ્તો કઈ કક્ષામાં આવે છે અને દબાણ/બાંધકામથી રેખા નિયંત્રણ નિયમોનો ભંગ થાય છે કે કેમ?

(૧૫) દબાણદાર સામે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૬૧ અને ૨૦૨ નીચે કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ? જો હા તો ક્યારે અને જો ના તો શા માટે? કલમ. ૬૧ ની કાર્યવાહી સામે કોઈ અપીલ થઈ હોય તો તેની વિગતો દંડની વસૂલાત કરવામાં આવી છે કે કેમ? જો ના તો શા માટે?

(૩) <u>ખેતી વિષયક દબાણની વિગત :-</u>

(૧) જમીન                    વાળી છે કે કેમ?

(૨) જ્યારે દબાણ કરવામાં આવ્યું ત્યારે જમીન ખાડા ટેકરા ઝાડ ઝાંખરાવાળી હતી કે કેમ?

(૩) જમીન સુધારી ખેડવાલાયક બનાવવામાં દબાણદારને કેટલો સમય લાગ્યો છે અને તેની પાછળ કેટલો ખર્ચ થયો છે.

(૪) આ દબાણ ક્યારથી કરવામાં આવ્યું છે અને તે ક્યારે ધ્યાનમાં આવ્યું? ક્યા કારણોસર દબાણ કરવામાં આવ્યું?

(૫) ઈરાદાપૂર્વકનું દબાણ છે કે કેમ? જો ના તો શા માટે ટેકનીકલ દબાણ હોય તો કેવી રીતે?

(૬) દબાણવાળી જમીન અને પાલીકોની જમીન મળી કુલ કેટલી જમીન થાય છે?

(૭) દબાણવાળી જમીન ટુકડો છે કે કેમ? જો ટુકડો હોય તો તા:-૨૯/૧૨/૭૧ ના સરકારી ઠરાવ ક્રમાંક એલ.એન.ડી./૩૯૭૧/૭૧૨૦૫/અ: અન્વયે નિયમબદ્ધ કરવા પાત્ર છે કે કેમ?

(૮) જમીન ગૌચરની હોય અને પંચાયતને વેસ્ટ થયેલી હોય તો ગુજ. પંચાયત ધારાની કલમ ૯૪ અન્વયે ગ્રામપંચાયતે અથવા તાલુકા પંચાયતે દબાણ દુર કરાવવા કોઈ પગલાં લીધા ન હોય તો પરત લઈ બદલી જમીન સરકારી પડતર દાખલ કર્યા પછી જ નિયમિત કરવા વિચારવાનું રહે તો તે પ્રમાણે કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ?

(૪) <u>બીનખેતી વિષયક દબાણની વિગત :-</u>

(૧) રહેણાક, ઔદ્યોગીક, વ્યાપારીક અને ધાર્મીક પ્રકારનું દબાણ પૈકી કયા પ્રકારનું દબાણ છે?

(૨) બાંધકામની વિગત અને આજુબાજુના બાંધકામોની સ્થળ પરિસ્થિતિ દર્શાવતા નકશો તૈયાર કરી રજુ કરવો.

(૩) બાંધકામ કરવા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે તે દુર કરાવતા દબાણદારને હાલમાં કેટલું નુકશાન થાય તેમ છે અને દબાણદારને શું મુશ્કેલી પડે તેમ છે.

(૪) આ બાંધકામથી રેખા નિયંત્રણ નિયમોનો ભંગ થાય છે કે કેમ? જો ના તો શા માટે? અને જો થતો હોય તો સરકારશ્રીના તા:-૧૭/૭/૮૦ ના ઠરાવ ક્રમાંક જ.પ.વ./૧૦૭૯/૨૦૪/ઙ ની જોગવાઈઓ મુજબ આ રસ્તો કઈ કક્ષાએ આવે છે અને નિયમો પ્રમાણે રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ કેટલુ દુર હોવુ જોઈએ અને ખરેખર કેટલું દુર છે, તે અંગે સંબંધીત કાર્યપાલક ઈજનેરનો અભિપ્રાય મેળવી રજુ કરવો. '' ન દાવા '' કબુલાત લઈ જો દબાણ નિયમિત કરવા પાત્ર હોય તો જરુરી સ્ટેમ્પ પેપર ઉપર કબુલાત લખાવી રજુ કરવી.

(૫) મ્યુનિ.કોર્પો., નગરપાલીકા, પંચાયત અને શહેરી વિકાસ સત્તા મંડળના અભિપ્રાયોની જરુર ન હોય તો તેના કારણો દર્શાવવા અને જો જરુર હોય તો અભિપ્રાયો રજુ કરવા.

(૬) જો ધાર્મિક પ્રકારનું દબાણ હોય તો જીલ્લા પોલીસ અધિ.નો અભિપ્રાય મેળવી રજુ કરવો. ટ્રસ્ટ રજીસ્ટર કરાવી, ટ્રસ્ટના નામે નિયમબધ્ધ કરવાનું રહે. વ્યક્તિગત ધોરણે ધાર્મિક દબાણો નીયમીત થઈ શકે નહી.

(૭) જે જમીન ઉપર દબાણ છે તે જમીન ખેતીની છે કે બીનખેતીની?

(૮) શહેરી વિસ્તારોમા દબાણ નિયમિત કરતા પહેલા ટાઉન પ્લાનરનો પણ અભિપ્રાય મેળવવો.

(૯) દબાણ ક્યારથી કરવામાં આવ્યું અને તે ક્યારે ધ્યાન ઉપર આવ્યું?

(૧૦) ક્યા કારણોસર દબાણ કરવામાં આવ્યું

(૫) <u>દબાણવાળી જમીનની કિંમત :-</u>

(૧) ખેતી વિષયક જમીનનું દબાણ હોય અને મ્યુનિ.કોર્પો. નગરપાલીકા, શહેરી સંકુલ વિસ્તારમાં ન આવતી હોય તો છેલ્લા પાંચ સાલની વેચાણના આંકડાઓના આધારે તેમજ જમીનની ફળદ્રુપતા સ્થળસ્થિતિ ધ્યાનમાં લઈ જમીનની કિંમત દર હેક્ટરની નક્કી કરાવી તે બરાબર હોવા અંગે જવાબદાર અધિ.એ ખાત્રી કરી જણાવવું. તે સિવાયના વિસ્તારમાં અને તાલુકા/જીલ્લા મુખ્ય મથકોએ આવતી જમીનની કિંમત તા:-૧૫/૯/૬૬ ના ઠરાવ પ્રમાણે નાયબ નગર નિયોજકશ્રી મારફતે નક્કી કરાવવી.

(૨) જે જમીન ઉપર બીનખેતીને લગતુ દબાણ હોય અને ગ્રામ્ય વિસ્તારમાં તે દબાણ આવતું હોય તો પાંચ સાલની બીનખેતીની જમીનના વેચાણના આંકડાના આધારે તથા જમીનની સ્થળસ્થિતિ ધ્યાનમા લઈ દર ચો.મી.ની કિંમત નક્કી કરવી, તે સિવાયની જમીનના કીસ્સામાં તા:-૧૫/૯/૬૬ ના પરીપત્ર ક્રમાંક જ.મ.ન./૩૯૬૬/૭૧૩૪૦/અ થી ઠરાવ્યા પ્રમાણે નાયબ નગર નિયોજકશ્રીનો અભિપ્રાય મેળવી કિંમત નક્કી કરવી.

(૩) જે કીસ્સાઓમા નિયમો પ્રમાણે અઢી ગણી અથવા તેથી વધુ શિક્ષાત્મક કબજા કિંમત લેવાનો થતો હોય તે કીસ્સામાં દબાણદારો તે કિંમત ભરપાઈ કરવા સંમત છે કે કેમ તેની સ્પષ્ટ લેખીત કબુલાત મેળવવી. નિયમો પ્રમાણે જો કોઈ કીસ્સામાં રાહત આપવાનો થતો હોય તો તેના કારણો સ્પષ્ટ જણાવવા.

(૬) <u>સામાન્ય :-</u>

(૧) દબાણ નીયમીત કરવા બાબતમાં જયાં જરૂર જણાય ત્યાં અને ખાસ કરીને શહેરી વિસ્તારમાં મામલતદાર/નાયબ કલેકટર/કલેકટરે સ્થળસ્થિતિ જોઈ અભિપ્રાય આપવો.

(૨) તા:-૮/૧/૮૯ ના ઠરાવ પ્રમાણે દબાણ દુર કરાવવું તે પાયાનો સીધ્ધાંત છે તે ધ્યાને લેવું.

(૩) ક્યા કારણોસર દબાણ નિયમિત કરવાનું છે, તે અંગે સ્પષ્ટ અને વ્યાજબી કારણો જણાવવા.

(૪) સરકારી પડતર જમીનના નીકાલ ઉપરના પ્રતિબંધના કીસ્સાઓમાં દબાણ કયા ખાસ કારણોસર નિયમિત કરવાનું છે, તેની વિગત આપવી.

(૫) દબાણ નિયમીત કરવામાં કોઈ ખાનગી વ્યક્તિઓના વાંધા છે કે કેમ? જો હોય તો શું વાંધા છે અને ધ્યાને રાખવા પાત્ર છે કે કેમ? તેની ચકાસણી કરી અભિપ્રાય આપવો.

સરકારી જમીન ઉપર થયેલ દબાણો;
ગેરકાયદેસર બાંધકામ દુર કરાવવા બાબત.

ગુજરાત રાજ્ય,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:દબાણ-૧૦૮૪-૪૧૯૮-લ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૮-૧-૮૫

વંચાણમાં લીધા:-૧:સરકારી પરિપત્ર મહેસુલ વિભાગ ક્રમાંક:દબાણ-૧૦૭૮-
૨૨૪૩૮-લ, તા.૨૮-૩-૭૮
૨:સરકારી પરિપત્ર મહેસુલ વિભાગ ક્રમાંક:દબાણ-૨૧૭૮-
૪૪૬૫૫-લ, તા.૧૭-૮-૭૮

પ રિ પ ત્ર:-

સરકારી જમીન ઉપર થતા ગેરકાયદેસરના બાંધકામો અટકાવવા તથા થયેલ દબાણો દુર કરવા બાબત, ધારાસભ્યશ્રીનો પરામર્શ સમિતિ સાથે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ચર્ચા કરતા આઇટમ ન.૬૨ અને ૬૪ના મુદ્દાઓમાં નીચે મુજબ કાર્યવાહી કરવા ઇચ્છા વ્યક્ત કરેલ છે.

''ગેરકાયદેસર બાંધકામો અંગે ઉંડાણથી પુરતી તપાસ થવી જોઇએ, અને સરકારે આવા ગેરકાયદેસરના બાંધકામો અટકાવવા/ દુર કરવા જેને જવાબદારી સોંપી છે તે સંસ્થા/ કચેરી/અધિકારી જો તેમની ફરજ યોગ્ય રીતે બજાવવા નિષ્ફળ જાય તો તેઓ આવા ગેરકાયદેસર બાંધકામો માટે જવાબદાર ગણાશે અને તેમની સામે સરકાર યોગ્ય પગલા લેવાનું વિચારશે.

૨. ઉપરોક્ત વંચાણમાં લીધેલ સદર્ભવાળા પરિપત્રોની સુચના છતાં હજુ પણ સરકારી પડતર જમીન ઉપર ગેરકાયદેસર બાંધકામો તથા દબાણો થતા હોવાનું સરકારશ્રીના ધ્યાન પર આવ્યું છે. જેની સરકારે ગંભીર નોંધ લીધેલ છે. તેથી આવા ગેરકાયદેસર બાંધકામ/દબાણો થતા અટકાવવા સાથે થયેલ દબાણો દુર કરવા માટે જવાબદાર સંસ્થા/કચેરી/ અધિકારીએ પોતાની ફરજ પુરતી કાળજીથી અને જવાબદારી પૂર્વક બજાવવી. અન્યથા તેઓ આ

ગેરકાયદેસર બાંધકામો/દબાણ માટે જવાબદાર ગણાશે અને તેના સામે સરકાર યોગ્ય પગલાં લેવા વિચારશે. આથી સર્વે કલેક્ટરશ્રી/તાલુકા મામલતદારશ્રીઓનું ધ્યાન ઉપરોક્ત સૂચનાઓ તરફ દોરવામાં આવે છે અને તે સૂચનાઓનો ચુસ્તપણે અમલ થાય તે જોવા અનુરોધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

કા.ડા.રાઠોડ
સેક્શન અધિકારી,
મહેસૂલ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,
સર્વે કલેક્ટરશ્રીઓ,
સર્વે તાલુકા મામલતદારશ્રીઓ,
મહેસુલ તપાસણી કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
સચિવશ્રી(વિવાદ) મહેસુલ વિભાગ, બહુમાળી સરકાર મકાન,૧લો માળ,
અમદાવાદ-૧,

ખાનગી

ક્રમાંક: જમન-૧૦૮૫-૪૬૭-લ.

મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૬-૨-૮૫.

પ્રતિ,
સર્વે કલેકટરશ્રીઓ,

વિષય:- ભારત સરકારના મુલ્કી સંરક્ષણ ખાતાની જમીન ઉપર થતુ દબાણ અટકાવવા બાબત.

ઉપર્યુક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે તા. ૨૨-૮-૮૪ અને ૨૩-૮-૮૪ ના રોજ સીવીલ મીલેટરી લાયઝન કોન્ફરન્સમાં મુલ્કી સંરક્ષણ ખાતાની જમીનોના હિતના રક્ષણ માટે આવી જમીનો ઉપર જો કોઇ દબાણ હોય તો તે સત્વરે દુર કરાવવામાં આવે અને તે પર કોઇ દબાણ ન થાય તે અંગે રજુઆત થઇ હતી.

સરકારશ્રીના પ્રવર્તમાન સ્થાયી હુકમો / સુચનાઓ ધ્યાને લેતા સરકારી જમીન ઉપરના દબાણ સામાન્ય રીતે દુર કરાવવાના રહે છે. તો આ બાબતમાં સર્વે કલેકટરશ્રીઓને જણાવવાનું કે ભારતના મુલ્કી સંરક્ષણ ખાતાની જમીનના રક્ષણના પ્રશ્નને અગ્રતા આપી, આવી જમીનો ઉપર દબાણ ન થાય તે અંગે જરૂરી તકેદારી રાખવી અને જો દબાણ થયાનું ધ્યાન ઉપર આવે તો તુરત જ તે દુર કરાવવા નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવી અને તે રીતે આ બાબતમાં પૂરતો સાથ અને સહકાર આપવો.

સેકશન અધિકારી
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

નકલ જાણ અર્થે રવાના:-

૧. બ-૧ શાખા, મહેસૂલ વિભાગ ગુજરાત [redacted] તેમના તારીખ ૩૧-૧-૮૫ ના પત્ર એમ.એસ.બી. ૧૦૮૫/૪૦૬/બ-૧ અન્વયે.

:૨: ગૃહ વિભાગ તરફ તેમના તા. ૨૨-૧-૮૫ ના પત્ર નં. એસ.બી. ૨. એમએમએમ-૧૦૮૪/૬૧૮૭ ના અનુસંધાને જાણ માટે.

:૩: સચિવશ્રી: વિવાદ: મહેસૂલ વિભાગ, અમદાવાદ તરફ જાણ માટે.

સીટી સર્વે ઇન્કવાયરી અધિકારીઓએ
ત્રિમાસિક બેઠક યોજી દબાણ દૂર કરવા
ની કામગીરીની સમીક્ષા કરવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : સીટીએસ-૧૦૮૬/૨૪૪૭-હ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૦.૧૨.૮૬

વંચાણે લીધો :- મ.વિ.પરિપત્ર ક્રમાંક : સીટીએસ-૧૦૮૬-૨૪૪૭-હ, તા. ૨૯.૫.૧૯૮૬

## પ રિ પ ત્ર

સરકારશ્રીની માલીકીની અને સરકારી હેઠે ચાલતી જમીનોમાં દબાણની પ્રવૃત્તિ રોજ-બ-રોજ વધતી જાય છે. હક્કચોક્સી અધિ. હોય છે, તે હક્કચોક્સી દરમિયાન મિલ્કતોની હદ તથા ક્ષેત્રફળ અને તે ઉપરના હક્કો અંગે નિર્ણય લઈ ઇન્કવાયરીના ઠરાવના આધારે સરકારી જમીનો / રસ્તા પૈકીની જમીનો ઉપર દબાણો ઠરાવવામાં આવ્યા હોય તે દબાણ રજીસ્ટરે દાખલ કરી, તે ખુલ્લા કરાવવા માટે યાદી તૈયાર કરી સરકારી જમીનોના દબાણો માટે કલેકટરો પ્રાંત અધિકારીઓને મોકલે છે. જ્યારે રસ્તા પૈકીની જમીનોના દબાણો ખુલ્લા કરાવવા માટે તેની યાદી નગર પંચાયત / મ્યુનિસિપાલિટી મ્યુનિસિપાલિટીને મોકલે છે. આ મુજબ હક્કચોક્સી અધિકારીની કામગીરી દબાણો શોધવાની છે. અને મુખ્ય પ્રશ્ન દબાણો એક વખત શોધાયા પછી તેને ખુલ્લા કરાવવાની કામગીરી નિભાવવાની રહેતી પહેલાં જે તે માલિકદારની છે. આ પ્રકારની જમીનોના દબાણોની પ્રવૃત્તિ નિવારવા માટે, દબાણો થયા પછી તેને ખુલ્લું કરાવવાની કામગીરી પર ધ્યાન કેન્દ્રીત કરી, તે દિશામાં સઘન પ્રયાસો હાથ ધરવાનું ખુબ જ જરૂરી છે તો જ બિનઅધિકૃત દબાણોની પ્રવૃત્તિને રોકી શકાય. આની સંબંધિત દરેક જીલ્લા કલેકટરશ્રીને જણાવવામાં આવે છે કે, જીલ્લા કલેકટર / પ્રાંત અધિકારીએ દબાણો દૂર કરાવવાની કાર્યવાહી ... આ માટે જે સીટી સર્વે
... તુલાવવાની હેઠળ છે તે સીટી સર્વે સુપ્રી. ઓફ ...

- ઓફિસરો / મામલતદાર / ના નિયંત્રણ હેઠળ છે અને જેઓ લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૨-અ મુજબના વધારાના મામલતદાર અને લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૨ અન્વયે મામલતદાર છે તેઓ સાથે દર મહીને સમીક્ષા બેઠક થાય તે જરૂરી છે, તો તે પ્રમાણે દર મહિને સંબંધિત અધિકારીઓની સાથે સમીક્ષા બે માટે બેઠક બોલાવી દબાણો દૂર કરાવવા કાર્યવાહી હાથ ધરવી.

૨. સરકારશ્રીનો મહેસુલ વિભાગનો સરખા ક્રમાંકવાળો તારીખ ૨૯.૫.૮૬ નો પરિપત્ર આથી રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/-
વ.ચા.શાપરીયા,
ઉપસચિવ
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર

સાંદર્ભ: જમીન
અધિનિયમ- [illegible]
- - - - - - - - -
અધિનિયમ હેઠળ
કલમ-૨૩ હેઠળ ફાળવેલા અંગેનો.
[illegible]

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
ઠરાવ ક્રમાંક:યુએલસી-૧૦૮૬-૧૯૨૮।ટી।વ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તા:૨૫-૧૦-૧૯૮૮

વંચાણે લીધો:-મહેસૂલ વિભાગનો ઠરાવ ક્રમાંક:યુએલસી-૧૦૮૬-૧૯૨૮।ટી।વ.૧ તા:૩૦-૫-૮૭.

**સુધારા યાદી:-**

મહેસૂલ વિભાગના ઉપર વંચાણે લીધેલ તા:૩૦-૫-૮૭ ના ઠરાવ ક્રમાંક યુએલસી।૧૦૮૬।૧૯૨૮।ટી।વ.૧ ના ફકરા ૫:ક: ને બદલે નીચે મુજબ વાંચવું.

"**૫: સરકારી હાઉસિંગ સંસ્થાઓ, સ્લમ ક્લીયરન્સ બોર્ડ વગેરે :-**

:ક: આ હેતુ માટે નિયત કરાયેલ જમીન હાઉસિંગ બોર્ડ, સ્લમ ક્લીયરન્સ બોર્ડ જેવી ગૃહનિર્માણની પ્રવૃત્તિ કરતી સંસ્થાઓને ફાળવવાની રહેશે. આવી સંસ્થાઓ જુદા જુદા કેટેગરીના મકાનો બનાવે છે. હાઉસિંગ બોર્ડ [illegible] જુદા જુદા આવક જુથો માટે મકાનો બનાવે છે. તેથી હાઉસિંગ [illegible] ફાળવવાની થતી દરેક પ્રકારની જમીન માટે ખરેખર બજાર કિંમત પ્રતિ ચો.મી.ના રૂા.૧૨૫।- એ બે માંથી જે રકમ ઓછી હોય [illegible] લેવાની રહેશે. આવી ફાળવવામાં આવતી જમીન પર કેવા મકાન બાંધવા તેની સૂચના શહેરી વિકાસ વિભાગ જે તે સંસ્થાઓને આપશે અને જમીનની કિંમતમાં મળનારી રાહતનો લાભ જે તે કેટેગરીના લાભાર્થીઓને ખરેખર મળે તે પણ જોશે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી:મોહનસિંહ સોલંકી:
મહેસૂલ વિભાગ, [illegible]
ગુજરાત સરકાર.

પ્રતિ
જીલ્લા કલેકટરશ્રી, ભાવનગર.

શહેરી જમીન ( ટોચ મર્યાદા અને નિયમન )
અધિનિયમ - ૧૯૭૬.

---

અધિનિયમ હેઠળ સંપ્રાપ્ત કરેલ જમીન
કલમ-૨૩ હેઠળ ફાળવવા અંગેના માર્ગદર્શક
સિદ્ધાંતો.

---

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
ઠરાવ ક્રમાંક: યુ.એલ.સી.-૧૦૮૬-૧૯૨૮-૧૧-વ.૧.
સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૭-૭-૧૯૮૯

વંચાણમાં લીધા :-

૧. મહેસુલ વિભાગનો ઠરાવ ક્રમાંક: યુ.એલ.સી.-૧૦૮૬-૧૯૨૮-૧૧-વ.૧.
તા. ૩૦-૫-૧૯૮૭.

૨. મહેસુલ વિભાગનો ઠરાવ ક્રમાંક: યુ.એલ.સી.-૧૦૮૬-૧૯૨૮-૧૧-વ.૧.
તા. ૨૫-૧-૧૯૮૮.

ઠ રા વ.

શહેરી સંકુલોમાં જમીનોની સટ્ટાખોરી અટકે અને જમીનોનું કેન્દ્રીકરણ સમિતિ લોકોના હાથમાં ન થાય તથા જમીનનો ઉપયોગ સર્વજન હિતમાં થાય તે હેતુથી શહેરી જમીન ( ટોચ મર્યાદા અને નિયમન ) અધિનિયમ- ૧૯૭૬ ભારત સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે. આ અધિનિયમના અમલને કારણે સરકારમાં નિહિત થયેલ જમીનની ફાળવણી કેવી રીતે કરવી એ અંગે મહેસુલ વિભાગના તારીખ ૩૦-૫-૧૯૮૭ થી સૂચનાઓ આપવામાં આવેલ હતી.

૨. ઝડપી શહેરીકરણની પ્રક્રિયાને કારણે રોજી-રોટી માટે શહેરોમાં આવેલ સમાજના ગરીબ વર્ગના લોકો માટે આવાસોની ઉપલબ્ધિ એ મોટી સમસ્યા બની છે. અને તેઓને હાલમાં બીન તંદુરસ્ત વાતાવરણ અને જીવનની પ્રાથમિક સુવિધાઓ વગર રહેવું પડે છે. શહેરમાં રહેતા ગરીબ વર્ગના આવા ઝુંપડાવાસીઓને આવાસોની સુવિધા માટે જમીન સરળતાથી અને ઝડપી રીતે ઉપલબ્ધ થાય તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. શહેરી જમીન

ટોચ મર્યાદા ધારાના અમલને કારણે સરકારમાં નિહિત થયેલ ફાજલ જમીન સને ૧૯૮૩ સુધીમાં થયેલ સેન્સસમાં સમાવિષ્ટ ઝુંપડાઓના વાસીઓને મળી રહે તે માટે તા. ૩૦-૫-૧૯૮૭ ના ઠરાવથી જમીન ફાળવવા અંગે જે સિધ્ધાંતો નક્કી કરવામાં આવેલા છે તેમાં ઉક્ત હેતુ સિધ્ધ કરવા માટે હવે નીચે મુજબ સુધારા-વધારા કરવાનું સરકાર આથી ઠરાવે છે.

(૧) તા. ૩૦-૫-૧૯૮૭ ના ઠરાવના પેરેગ્રાફ-૨ માં રહેણાંક ઝોનની જમીન જુદા જુદા જૂથો માટે ફાળવવા માટેની ટકાવારી નક્કી કરવામાં આવેલી છે. આ ટકાવારી મુજબ શહેરી ગરીબો માટે ઉપલબ્ધ જમીનના ૨૫ ટકા જમીન ફાળવવાની જોગવાઇ કરવામાં આવી છે. વધુને વધુ ઝુંપડાવાસીઓને જમીન ફાળવી શકાય તે માટે ૨૫ ટકા જમીનની જે મર્યાદા શહેરી ગરીબોને ફાળવવા માટે નક્કી કરવામાં આવી છે તે મર્યાદા ઝુંપડાવાસીઓને જમીન ફાળવતી વખતે લાગુ પડશે નહીં.

(૨) ઝુંપડાવાસીઓને ૨૫ ચો. મી. જમીન પ્રતિ ચોરસ મીટરની કિંમત રૂ. ૧૦/- લઇને ફાળવી આપવામાં આવશે.

(૩) જે ઝુંપડાવાસી ૨૫ ચો. મી. કરતાં વધુ ક્ષેત્રફળની જમીન ધારણ કરતા હોય તેઓએ પ્રથમ ૨૫ ચો. મી. માટે પ્રતિ ચો.મી. દીઠ રૂ. ૧૦/- તથા ત્યાર પછીના ૧૫ ચો. મી. જમીન માટે પ્રતિ ચો. મી. દીઠ રૂ. ૫૦/- ના દરે કિંમત ભરવાની રહેશે.

(૪) જે ઝુંપડાવાસી ૪૦ ચો. મી. કરતાં વધુ જમીન ધારણ કરતા હોય તેઓ ૪૦ ચો. મી. ઉપરાંતની બાકીની જમીન ખુલ્લી કરી આપે તો જ ઉપરના ધોરણે લાભ મેળવવા હક્કદાર થશે.

(૫) જે ઝુંપડાવાસીઓને આ યોજના હેઠળ અન્ય જમીન આપવામાં આવે તેઓ તેમના હાલનાં ઝુંપડા ખાલી કરે તે પછી જ તેમને નવી જગ્યાએ જમીનનો કબજો સોંપવામાં આવશે.

(૬) જે ઝુંપડાવાસીઓને આ યોજના હેઠળ જમીન ફાળવવામાં આવે તેમના કુટુંબનો " ફેમીલી સાઇઝ " ફોટોગ્રાફ ફાળવણીના આદેશ ઉપર તથા હુકમની સ્થળપ્રત પર ફાઇલ સાથે રાખવાનો રહેશે.

(૭) ફાળવેલ જમીન ઉપર લાભાર્થીઓએ મોડામાં મોડા બે વર્ષમાં બાંધકામ પુરું કરવાનું રહેશે.

(૮) ઝુંપડાવાસીઓને ફાળવેલ જમીન નિયંત્રિત સત્તા પ્રકારની રહેશે જેથી તબદીલ કરી શકાશે નહીં.

(૯) શહેરી જમીન ટોચ મર્યાદા અધિનિયમના અમલના કારણે સરકારમાં જે જમીન નિહિત થયેલ છે તેમાંથી પણ અમુક જમીન ઉપર ઝુંપડા આવેલા છે. આમાંથી જે ઝુંપડાઓ સને ૧૯૮૩ ના વર્ષ પહેલાંના હોય અને ઉક્ત સેન્સસમાં સમાવિષ્ટ થયેલા હોય તેને ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડ અથવા સંબંધિત મ્યુનિસિપલ કોર્પોરેશન, ખસેડાયા વગર વ્યવસ્થિત રીતે બાંધકામ અને આરોગ્યપ્રદ સુવિધાઓ વગેરે આપવા માટે સવાલવાળી જમીન સહિત લેવા જો તૈયારી બતાવે તો સ્લમ કલીયરન્સ બોર્ડ અથવા મ્યુનિસિપલ કોર્પોરેશનને આવી જમીન ચો. મી. દીઠ ઉક્ત પારા-ર માં અને ૩ માં દર્શાવેલ કિંમત લઇ ફાળવી આપવામાં આવશે. જે જમીનો ખરેખર ઝુંપડાવાસીઓને આ સંસ્થાઓ આપશે તે પૂરતી જ કિંમત તેઓએ ભરવાની રહેશે.

(૧૦) ઉપર જણાવ્યા મુજબની લાયકાત ધરાવતા જે ઝુંપડા સરકારી સંસ્થાઓ, જાહેર માર્ગો, રેલ્વે, એરપોર્ટ ઓથોરીટી હસ્તકની જમીન ઉપર હશે અથવા અગત્યની સેવાઓમાં હરકત રુપ થતાં હોય તેને જ તે જગ્યાએ નિયમિત કરી શકાશે નહિં. આવા ઝુંપડાવાસીઓને સરકાર હસ્તક પ્રાપ્ત થયેલ જમીનમાંથી ઉપર પારા-ર, ૩ અને ૪ મુજબના ધોરણે અન્યત્ર જમીન ફાળવી આપવામાં આવશે.

(૧૧) ઉપર મુજબના ધોરણે ઝુંપડાવાસીઓને જમીનની ફાળવણી રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત નીચે મુજબની જિલ્લા કક્ષાની સમિતિઓ કરશે. :-

(૧) <u>અમદાવાદ શહેરી સંકુલ</u>

(૧) શ્રી મનુભાઇ પરમાર, મંત્રીશ્રી, શહેરી વિકાસ અને શ્રમ સહકાર અને કુટીર ઉદ્યોગ, — અધ્યક્ષ,

(૨) કલેકટરશ્રી, અમદાવાદ, — સભ્ય.

(૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ, — સભ્ય,

(૪) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, — સભ્ય,
અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ.

(૫) અધિક કલેકટર અને સક્ષમ અધિકારીશ્રી, — સભ્ય – સચિ
અમદાવાદ.

(૨) વડોદરા શહેરી સંકુલ.

(૧) શ્રી ભીખાભાઇ રબારી, રાજ્યકક્ષાના મંત્રીશ્રી. — અધ્યક્ષ
ઉધોગ, ખાણ અને ઉર્જા વિભાગ.

(૨) કલેકટરશ્રી, વડોદરા, — સભ્ય,

(૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા, — સભ્ય,

(૪) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, — સભ્ય,
વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ.

(૫) અધિક કલેકટરશ્રી અને સક્ષમ અધિકારી — સભ્ય – સચિવ
વડોદરા.

(૩) સુરત શહેરી સંકુલ

(૧) શ્રી વલ્લભભાઇ પોપટભાઇ પટેલ, મંત્રીશ્રી, — અધ્યક્ષ,
આરોગ્ય, પરિવાર કલ્યાણ અને પાણી પુરવઠા.

(૨) કલેકટરશ્રી, સુરત, — સભ્ય,

(૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત, — સભ્ય,

(૪) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, — સભ્ય,
સુરત શહેરી વિકાસ સત્તા મંડળ.

(૫) અધિક કલેકટરશ્રી અને સક્ષમ અધિકારી, સુરત — સભ્ય – સચિ

(૪) રાજકોટ શહેરી સંકુલ.

(૧) શ્રીમતી ડૉ. સુશીલાબેન ડૅ. શેઠ, — અધ્યક્ષ
રાજ્યકક્ષાના મંત્રીશ્રી, શિક્ષણ

(૨) કલેકટરશ્રી, રાજકોટ, — સભ્ય.

(૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ, સભ્ય,

(૪) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સભ્ય,
રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ.

(૫) સક્ષમ અધિકારી અને અધિક કલેકટરશ્રી, રાજકોટ, સભ્ય-સચિવ.

(૫) ભાવનગર શહેરી સંકુલ

(૧) શ્રી વજુભાઇ જાની, રાજ્યકક્ષાના મંત્રીશ્રી, અધ્યક્ષ,
ગૃહ અને પ્રવાસન.

(૨) કલેકટરશ્રી, ભાવનગર, સભ્ય,

(૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ભાવનગર, સભ્ય,

(૪) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સભ્ય,
વિસ્તાર વિકાસ સત્તા મંડળ, ભાવનગર.

(૫) નાયબ કલેકટર અને સક્ષમ અધિકારીશ્રી, સભ્ય-સચિવ,
ભાવનગર.

(૬) જામનગર શહેરી સંકુલ

(૧) શ્રી હસમુખભાઇ પટેલ, રાજ્યકક્ષાના મંત્રીશ્રી, અધ્યક્ષ,
રોજગાર, બંદરો અને મત્સ્યોદ્યોગ,

(૨) કલેકટરશ્રી, જામનગર, સભ્ય,

(૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, જામનગર, સભ્ય,

(૪) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, જામનગર, સભ્ય.
વિસ્તાર વિકાસ મંડળ, જામનગર.

(૫) નાયબ કલેકટરશ્રી અને સક્ષમ અધિકારીશ્રી, જામનગર, સભ્ય-સચિવ.

(૧૨) સામાન્યતઃ નિમ્ન લિખિત પ્રકારની જમીન ઝુંપડાવાસીઓને આપવા પાત્ર થશે નહીં. પરંતુ આ સંબંધમાં વિકાસ નકશાની જોગવાઇઓ ધ્યાને લઇ, સ્વવિવેકાનુસાર ઉકત સમિતિઓ જે નિર્ણય લેશે તે જ અંતિમ ગણાશે.

(૧) જે જમીનો અગત્યના વાહન વ્યવહારની અથવા આરોગ્યને લગતી અને જાહેર હિત સાથે સંકળાયેલ હોય તેવી જમીનો.

(૨) લોકોના વધુ સંપર્કવાળી સરકારી સંસ્થાઓ જેમકે રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, વિમાની મથક, રાષ્ટ્રીય મહત્વના સ્મારકો, હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ, રમત-ગમતના મેદાનો, તેમજ બાગ-બગીચાની તદ્દન અડીને આવેલી અને આપવાથી અડચણરુપ થાય તેવી જમીનો.

(૩) જે જમીનોની જાહેર આરોગ્ય અથવા સેવાની ઉભી કરવા માટે જરુરત હોવાથી સંપાદનમાં મુકવાની દરખાસ્ત થયેલ હોય, પરંતુ શહેરી જમીન ( ટોચ મર્યાદા અને નિયમન ) અધિનિયમ-૧૯૭૬ ના કારણે સંપાદનની કાર્યવાહી હાથ ધરી શકાયેલ ન હોય તો તેવી જમીનો.

(૧૩) [illegible] નિર્ણયાનુસાર સક્ષમ અધિકારી અને અધિક / નાયબ ક[illegible]રશ્રી અનુક્રમે નાયબ સચિવ અને ઉપ સચિવની હેસિયતથી જમીન ફાળવણીના આદેશો, કિંમત ભરાયા પછી કરશે.

(૧૪) જ્યાં જ્યાં ઝુંપડાવાસીઓને પ્લોટ ફાળવવામાં આવે તે બધી જગ્યાએ સાઇટ એન્ડ સર્વીસીઝ મુજબની મૂળભુત જરુરીયાતો જેવી કે, રસ્તા, વીજળી, પાણી, ગટર વગેરેની જોગવાઇ સંબંધિત મ્યુનિસિપલ કોર્પોરેશન / શહેરી વિકાસ સત્તા મંડળ, ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડ અગ્રતાના ધોરણે કરવાનો રહેશે. જે અંગે શહેરી વિભાગે તકેદારી રાખવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઉપ સચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,
બધા મંત્રીશ્રીઓના અંગત મદદનીશશ્રી,
રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત મદદનીશશ્રી,

**શહેરી વિસ્તારમાં સરકારી જમીન ઉપર**
**ઝુંપડપટ્ટીઓ નિયમિત કરવા બાબત.**

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
ઠરાવ ક્રમાંક: દબાણ-૧૦૮૯-૩૪૭૧-સ.
સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૮-૧૦-૧૯૮૯.

સંદર્ભ
મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક: યુ.એલ.સી.-૧૦૮૬-૧૯૨૮-ર. વ.૧.
તા. ૨૭-૭-૧૯૮૯.

ઠ-ર-ા-વ.

શહેરી જમીન ટોચ મર્યાદા ધારાની જોગવાઇ હેઠળ ફાજલ પડેલ જમીન પર ઝુંપડાવાસીઓને વસાવવા સરકારના ઉપરોક્ત તા. ૨૭-૭-૧૯૮૯ ના ઠરાવથી હુકમો કરવામાં આવ્યા છે અને તે ઠરાવની જોગવાઇ મુજબ કાર્યવાહી કરવા એક સમિતિની રચના કરવામાં આવી છે. શહેરી વિસ્તારમાં કે જ્યાં શહેરી જમીન ટોચ મર્યાદા ધારો લાગુ પડે છે. ત્યાં સદરહુ કાયદા હેઠળ ફાજલ પડેલ જમીનની બાજુમાં જ આવેલ સરકારી જમીનના નિકાલ માટેનું ધોરણ પણ ઉક્ત તારીખ ૨૭-૭-૧૯૮૯ ના ઠરાવની જોગવાઇ પ્રમાણે રાખવું જોઇએ. તેવી રજુઆત સરકારમાં કરવામાં આવી હતી.

આ રજુઆત અંગે વિગતવાર વિચારણા કરવામાં આવી હતી અને પુખ્ત વિચારણાના અંતે સરકારે એવું નક્કી કર્યું છે કે, પ્રશ્ન હેઠળના છ મોટા શહેરો અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, જામનગર અને ભાવનગર કે જ્યાં શહેરી જમીન ટોચ મર્યાદા ધારા હેઠળ જમીન ફાજલ પડી હોય અને તે જમીન ઉપર ઝુંપડાવાસીઓને વસાવવાની કાર્યવાહી ચાલુ હોય તેવી જમીનની બાજુમાં જ આવેલ સરકારી જમીન ઉપર પણ ઝુંપડાવાસીઓને ઉપરોક્ત તા. ૨૭-૭-૧૯૮૯ ના ઠરાવની જોગવાઇની શરતો મુજબ ફાળવવી. આવા કિસ્સામાં પણ ઉક્ત તા. ૨૭-૭-૧૯૮૯ ની જોગવાઇ પ્રમાણે જમીન નિયમિત કરી આપવી અને આવા કિસ્સામાં દબાણ નિયમિત કરવા અંગેના સરકારના સામાન્ય નિયમો લાગુ પાડવા નહી. વધુમાં ઉપરોક્ત

તા. ૨૭-૭-૧૯૮૯ ના ઠરાવની જોગવાઇ પ્રમાણે જે સમિતિની રચના કરવામાં આવી છે તે સમિતિ દ્વારા આવા કેસોનો નિકાલ કરવો. આ સુચનાઓ અગાઉ જણાવ્યા પ્રમાણે મોટા છ શહેરો પૂરતા જ મર્યાદિત છે તેવી સ્પષ્ટતા કરવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૯-૧૦-૧૯૮૯ ની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

નંદકિશોર પટેલ.
સેકશન અધિકારી,
મહેસુલ વિભાગ,
ગુજરાત સરકાર.

નકલ રવાના
---------

(૧) રાજ્યપાલશ્રીના સચિવશ્રી
(૨) મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,
(૩) બધા મંત્રીશ્રીઓના અંગત મદદનીશશ્રી,
(૪) રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત મદદનીશશ્રી,
(૫) કલેકટરશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર,
(૬) સક્ષમ અધિકારીશ્રી અને અધિક / નાયબ કલેકટરશ્રી, શહેરી જમીન ટોચ મર્યાદા, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર,
(૭) સચિવશ્રી (જમીન સુધારણા) મહેસુલ વિભાગ,
(૮) યુ. એલ.સી. બ્રાન્ચ,
(૯) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
(૧૦) એકાઉન્ટન્ટ જનરલ, એકાઉન્ટન્ટ જનરલની ઓફીસ, રાજકોટ,
(૧૧) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, શહેરી વિકાસ સત્તા મંડળ, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર,
(૧૨) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર,
(૧૩) ગુજરાત હાઉસીંગ બોર્ડ, અમદાવાદ,
(૧૪) ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડ, અમદાવાદ,
(૧૫) મહેસુલ વિભાગની "અ, અ.૧., ગ, જ, ક, ઝ," શાખા તરફ જાણ સારું.
(૧૬) સીલેકટ ફાઇલ.

ગ્રામ વન ઉછેર યોજના માટે અનઅધિકૃત રીતે
ઉપયોગમાં લીધેલ ગૌચર જમીન નિયમબધ્ધ
કરવા/સરકાર હસ્તક પરત લેવા બાબત....

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: જમન-૫૨૮૯-૨૨૬-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૯-૧૧-૧૯૮૯

વંચાણે લીધા:-

(૧) મહેસુલ વિભાગનો તા.૨૬-૨-૮૦ ના પરિપત્ર ક્રમાંક:જમન-૩૯૭૯-૫૬૫-ગ

(૨) સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગનો તા.૧૯-૩-૮૭ નો અ.સ.પત્ર ક્રમાંક: ટીઆરએસ-૧૯૮૬-૫૧૯૬-વ.૨

(૩) મહેસુલ વિભાગનો તા.૩૦-૪-૮૭ નો ઠરાવ નં. જમન-૩૯૮૬-૨૭૪૫-ગ

(૪) કલેક્ટરશ્રી, જીલ્લો સુરેન્દ્રનગરના તા.૧૫-૬-૮૯ ના પત્ર નં. જમન-૬-વ-૧૯૨૭ ના સંદર્ભમાં મહેસુલ વિભાગની ફાઈલ નં. જમન-૫૨૮૯-૨૨૬-ગ પર લેવાયેલ નિર્ણય

પરિપત્ર:-

ઉપર સંદર્ભ(૧) ના પરિપત્રમાં ગ્રામ વનીકરણ માટે ૨ હેક્ટર(૫ એકર)ની મર્યાદામાં ગૌચર જમીન અને ત્યારબાદ સંદર્ભ(૩) ના ઠરાવથી ૨ હેક્ટરની મર્યાદા વધારીને ૪ હેક્ટર(૧૦ એકર)ની મર્યાદામાં ગૌચર જમીન જંગલ ખાતાને મંજુર કરવાની સત્તા સર્વે જીલ્લા કલેક્ટરશ્રીને આપવામાં આવી છે.

સરકારના ધ્યાન પર એવા કિસ્સા આવ્યા છે કે ઉપરોક્ત ઠરાવમાં, ઠરાવેલ ધોરણ કરતાં વધારે ગૌચર જમીન સંબંધિત જીલ્લા કલેક્ટરશ્રીની પૂર્વ મંજુરી વિના અનઅધિકૃત રીતે જંગલ ખાતાના અધિકારીઓએ [illegible] ગ્રામ વનીકરણ માટે ઉપયોગમાં લીધી છે, અને વર્ષો પછી આવા કિસ્સાઓ સરકારની મંજુરી માટે સંબંધિત જીલ્લા કલેક્ટરશ્રી તરફથી દરખાસ્ત કરવામાં આવે છે.

૨. સરકારે ઉપરોક્ત કિસ્સાઓના સંદર્ભમાં કાળજીપૂર્વકની વિચારણા કરી એવો નિર્ણય લીધો છે, કે આ પરિપત્રની તારીખે જે કિસ્સામાં, જંગલ ખાતાએ સંબંધિત જીલ્લા કલેક્ટરશ્રીની પૂર્વ મંજુરી વિના અનઅધિકૃત રીતે ગૌચર જમીનનો

કબજો મેળવી ગ્રામ વનીકરણ કર્યું છે. તેવા દરેક કિસ્સામાં સંદર્ભ(૩) હેઠળના તા.૩૦-૪-૭૭ ના ઠરાવમાં ઠરાવેલ ૮ હેક્ટર(૨૦ એકર) સુધીની મર્યાદામાં ગૌચર જમીન પૂરતો જંગલ ખાતાનો અન અધિકૃત કબજો ગ્રામ વનીકરણના હેતુ માટે પશ્ચાદવર્તી અસરથી નિયમબધ્ધ કરવા સર્વે જીલ્લા કલેક્ટરશ્રીને અધિકૃત કરવામાં આવે છે. અને ૮ હેક્ટર(૨૦ એકર) ગૌચર જમીન ઉપરની વધારાની જમીન ઉપર જો વનીકરણ કરવામાં આવ્યું હોય તેવી વધારાની ગૌચરની જમીન તુરત જ સરકાર હસ્તક પરત લઈ ગૌચર સદરે દાખલ કરવા પણ સર્વે જીલ્લા કલેક્ટરશ્રીને જણાવવામાં આવે છે

૩. સર્વે કલેક્ટરશ્રીઓને વિનંતી કરવાની કે ઉપર ફકરા (૨) માં સુચવ્યા પ્રમાણેની કાર્યવાહી કરવા અને સમયબધ્ધ કાર્યક્રમ ઘડી પુરી થાય તે જોવા, તેમનાં તાબાના સંબંધિત અધિકારીઓને સુચના આપે અને તે કાર્યવાહીનું જીલ્લા કક્ષાની માસિક બેઠકમાં મોનીટરીંગ કરે અને સમયસર થાય તે પણ જુએ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ચંદુલાલ,
ઉપસચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

૧. તમામ જીલ્લા કલેક્ટરશ્રીઓ,
૨. તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
૩. વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૪. મુખ્ય વન સંરક્ષકશ્રી, વડોદરા
૫. પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. અધિક મુખ્ય સચિવશ્રી(વિવાદ) મહેસુલ વિભાગ,ગુજરાત રાજ્ય,અમદાવાદ.
૮. મહેસુલ તપાસણી કમિશ્નરશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૯. મહેસુલ વિભાગની ચ, અ.૧, અને લ શાખા
૧૦. સીલેક્ટ ફાઈલ.

સરકારી જમીન ઉપરના દબાણો
નિયમબધ્ધ કરી આપવા બાબત

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ દબણ/૧૦૭૨/૨૮૭૬૫/લ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૫-૧૧-૧૯૮૯

સંદર્ભ :-

(૧) ઠરાવ ક્રમાંકઃ દબણ-એચએલટી/૧૩૬૯/૧૨૫૨૨૧/લ, તા.૨૨-૧૧-૭૧
(૨) સંકલીત ઠરાવ ક્રમાંક : દબણ-૧૦૭૨-૨૮૭૬૫-લ, તા.૮-૧-૮૦
(૩) સંકલીત ઠરાવ ક્રમાંકઃ જમન-૩૯૮૧-૫૦૮૨૮-અ, તા.૨૪-૪-૮૧ (દબાણ પૂરતું)

સુધારા ઠરાવ :-

સરકારે પુખ્ત વિચારણાને અંતે સંદર્ભ -૨ હેઠળના તા.૮-૧-૮૦ ના ઠરાવમાં નીચે મુજબના સુધારા બહાર પાડવાનું ઠરાવેલ છે.

(૧) સરકારના તા.૮-૧-૮૦ ના ઠરાવમાં ફકરા-૬(૨) માં નીચે મુજબનો પેટા ફકરો ઉમેરવો.

"આમ છતાં જો પાઈપલાઈન, ધોરીયા, મશીનરૂમ, કુંડી, કુવો વગેરે પ્રકારના દબાણો હોય અને આવા દબાણો અડધો એકરની મર્યાદામાં હોય તો દબાણ હેઠળની જમીનના કારણે ખાતેદારનું કુલ ખાતુ ૮ એકરથી વધી જતું હોય તો પણ આ પ્રકારના દબાણો હેઠળની જમીન કલેકટર તથા પ્રાંત અધિકારીને આ ઠરાવની અન્ય જોગવાઈઓને આધીન રહીને નિયમિત કરવાની સત્તા રહેશે."

(૨) તા.૮-૧-૮૦ ના ઠરાવમાં ફકરા -૮(૫) પછી નવો ફકરો-૯ નીચે મુજબ ઉમેરવો.

" ૯-સંદર્ભમાં દર્શાવેલ ક્રમાંક-૧૫ અને ૧૬ ના અનુક્રમે તા.૧૨-૫-૭૦ અને તા.૧૧-૮-૭૦ ના ઠરાવ તથા તા.૨૪-૪-૮૧ ના ઠરાવ ક્રમાંકઃ જમન/૩૯૮૧/૫૦૮૨૮-અ ના ફકરા નં. ૯ (બ) માં દબાણના કિસ્સામાં દબાણદારની આર્થિક સ્થિતિને ઘ્યાને લઈને શિક્ષાત્મક કબજા હકકની કિંમતમાં હપ્તા આપવાની જોગવાઈ હતી તે આથી રદ કરવામાં આવે છે.

(૩) તા.૮-૧-૮૦ ના ઠરાવના ફકરા - ૮(૪) ના પેટા ફકરા-૨ પછી પેટા ફકરો-૩ નીચે મુજબ ઉમેરવો.

" સરકારી જમીનો ઉપર રજીસ્ટર્ડ ટ્રસ્ટે જમીન મહેસૂલ નિયમોના નિયમ-૩૨ અને ૩૨-અ માં જણાવેલ હેતુ માટે કરેલ દબાણના કિસ્સામાં ટ્રસ્ટની આર્થિક સ્થિતિ દબાણનો હેતુ અને દબાણ અંગે દબાણદાર સંસ્થાની મનોવૃત્તિને ઘ્યાને લઈને બજાર કિંમતની એકવડી કિંમતથી ઓછી નહી અને અઢ ીગણી કિંમતથી વધુ નહી તે બે વચ્ચેનો કોઈ દર, વત્તા દબાણ કર્યા તારીખથી તે નિયમબધ્ધ થાય ત્યાં સુધીનો આકાર અને વેરા દરેક કિસ્સાના ગુણદોષ પ્રમાણે નકકી કરી દબાણ નિયમબંધ્ધ કરી શકાશે"

૨.  આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાંકીય સલાહકારશ્રીની તા.૨૫–૮–૮૯ ની અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ચંદુલાલ
ઉપ સચિવ
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

– સર્વે કલેકટરશ્રીઓ
– સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
– સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ
– સર્વે મામલતદારશ્રીઓ
– અધિક મુખ્ય સચિવશ્રી (વિવાદ) મહેસૂલ વિભાગ, અમદાવાદ
– સેટલમેન્ટ કમિશ્નરશ્રી અને રેકર્ડ નિયામકશ્રી, અમદાવાદ
– નાયબ કલેકટરશ્રી, તપાસણી, મહેસૂલ વિભાગ
– નાણાં શાખા, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– મહેસૂલ વિભાગની અ, અ.૧, જ, ઝ, ગ, ક અને ક્ષ શાખાઓ
– સિલેકટ ફાઈલ.

સરકારી જમીન હંગામી ધોરણે ભાડાપટ્ટા
થી નિયમબધ્ધ કરી આપવા બાબત.....

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ,
ઠરાવ ક્રમાંક:દબણ/૧૦૯૮/૨૮૭૬૫/લ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૧૪/૧૨/૧૯૮૯,

સંદર્ભ :ઠરાવ ક્ર:દબણ/૧૦૭૨/૨૮૭૬૫/લ, તા.૮/૧/૮૦,

ઠ રા વ :-

ઓ.એન.જી.સી. જેવા નિગમો સરકારી જમીન ઉપર હંગામી ધોરણે દબાણ કરતાં હોય છે. તે તેમની કામગીરી પુરી થયા બાદ દબાણ ... કરતાં હોય છે કે જે કાયમી રીતે નિયમબધ્ધ થઇ શકે ... લોકો તેવા દબાણવાળી જમીનો હંગામી ધોરણે માંગણી કરતા હોય છે. આવી માંગણીઓ બાબતે સંપૂર્ણ વિચારણા કર્યા બાદ આવા દબાણો હંગામી ધોરણે નિયમબધ્ધ કરવાનું સરકારે ઠરાવેલ છે.

૨. આવા દબાણો નીચે મુજબની શરતોએ નિયમબધ્ધ કરવાનો રહેશે.

૧. આવા દબાણ નિયમબધ્ધ કરતી વખતે તા.૮/૧/૮૦ના ઠરાવની અન્ય જોગવાઇઓનો ભંગ થવો જોઇએ નહીં.
૨. આવા હંગામી દબાણો વધુમાં વધુ ૫ વર્ષ માટે નિયમબધ્ધ કરવા.
૩. ભાડાપટ્ટો એક મુદત માટે આપ્યા પછી બીજી મુદત માટે ભાડાપટ્ટો વધારી આપવામાં આવશે નહીં.
૪. આ ભાડાપટ્ટે નિયમબધ્ધ કરેલ જમીનમાં પાકુ બાંધકામ કરી શકાશે નહીં.
૬. સરકારને જરૂર જણાયે આ ભાડાપટ્ટો અધવચ્ચે રદ કરી શકશે ને તે વખતે દબાણદારે દબાણ તાત્કાલિક દુર કરવાનું રહેશે.
૭. જે હેતુ માટે દબાણ નિયમબધ્ધ કરેલ હશે તે હેતુ માટે જ તેનો ઉપયોગ કરી શકાશે.

(૮) આ ભાડાપટ્ટા દરમ્યાન બીનખેતીના હેતુ માટે સામાન્ય દરે લેવાપાત્ર ભાડાનું અઢીગણું ભાડું વસુલ કરવાનું રહેશે. ઉપરાંત નિયમાનુસાર બીનખેતી આકાર, ઉપજ, દંડ, વગેરે વસુલ લેવાના રહેશે.

૨. ઉપરોક્ત પૈકી કોઈપણ શરતોનો ભંગ થશે તો ભાડાપટ્ટો તાકીદે રદ કરી સવાલવાળી જમીન ઈમલા સહિત સરકાર દાખલ કરવામાં આવશે.

૩. આવા હંગામી દબાણો ભાડાપટ્ટે નિયમબદ્ધ કરવા માટે કલેક્ટરશ્રીને તા.૮/૧/૯૦ ના ઠરાવ (૮)(૩) મુજબના અધિકારો આપવામાં આવે છે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાંકીય સલાહકારશ્રીની તા. ૭/૨/૮૯ની અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(દિલીપ ચંદુલાલ)
ઉપસચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

૧. સર્વે કલેક્ટરો,

૨. સર્વે પ્રાંત અધિકારીઓ.

૩. સર્વે જીલ્લા વિકાસ અધિકારીઓ,

૪. અધિક મુખ્ય સચિવશ્રી, (વિવાદો), મહેસૂલ વિભાગ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ.

૫. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, અમદાવાદ.

૬. નાયબ કલેક્ટરશ્રી, (આસામી), મહેસૂલ વિભાગ.

૭. નાણાં શાખા, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૮. કમિશ્નરશ્રી, જમીન સુધારણા, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૯. મહેસૂલ વિભાગ, અ, લ ૧, ગ, ક, ઝ, જ, પ, મ શાખા

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા સરકારની
પૂર્વ મંજુરી વિના સરકારી જમીનમાં કરવામા
આવતુ દબાણ રોકવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ.
પરિપત્ર ક્રમાંક : દબાણ-૧૦૯૦-૪૧૨૮-લ.
સચિવાલય, ગાંધીનગર.
તા. -૫-૧૯૯૦.
24 MAY 1990

પરિપત્ર :-

સરકારી જમીન ઉપરનુ દબાણ દૂર કરવુ એ પાયાનો સિધ્ધાંત છે. સરકારી જમીનોની યથા યોગ્ય જાળવણી થાય એ અત્યંત જરૂરી છે. તેમ છતાં સરકારશ્રીના ધ્યાનમાં આવ્યુ છે કે કેટલીકવાર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા શૈક્ષણિક હેતુસરનું દબાણ સરકારશ્રીની પુર્વ મંજુરી મેળવ્યા વિના જ સરકારી જમીનમાં બાંધકામ કરી દબાણ કરવામાં આવતુ હોય છે. ત્યારબાદ સરકારમાં દબાણ નિયમબધ્ધ કરવા રજુઆત કરવામા આવતી હોય છે. આ પ્રકારની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની દબાણની પ્રવૃત્તિ ઉચિત નથી. સરકારી જમીનોમાંની દબાણની પ્રવૃત્તિને અટકાવવા કોઈ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા દ્વારા શૈક્ષણિક સાર્વજનિક હેતુસરનુ દબાણ કરવામા ન આવે તેમજ જો આવુ કોઈ દબાણ હોય તો તે શોધી કાઢી જરુર જણાયે દૂર કરાવવુ તેમજ ભવિષ્યમાં કરવામા આવતી આવી પ્રવૃત્તિને અટકાવવા તાકીદે પગલાં લેવા આથી સર્વ મહેસુલી અધિકારીઓને વિનંતી કરવામા આવેછે. આ બાબતે જીલ્લા કલેકટરશ્રીઓએ તેમના તાબા હેઠળના મહેસુલી અધિકારીઓને યોગ્ય સુચના આપવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/-
દિલિપ ચંદુલાલ,
ઉપસચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

૧. બધા કલેકટરશ્રીઓ,
૨. બધા જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી અર્થે.
૩. સીલેકટ ફાઈલ. મહેસુલ વિભાગ, લ.શાખા.

# દબાણ શોધી કાઢી પગલાં લેવાની તલાટીની ફરજ છે

વિષય : સરકારી તેમજ પંચાયતોને સોંપેલ જમીનોની સુરક્ષા માટે કાળજી લેવા બાબત.

ગુજરાત સરકાર, મહેસૂલ વિભાગ, પરિપત્ર ક્રમાંક : દબણ / ૧૦૯૦ / ૨૦૧૧ / લ,
સચિવાલય, ગાંધીનગર, તા. ૧૯-૭-૧૯૯૦

પરિપત્ર :

તાજેતરમાં એક વિધાનસભા પ્રશ્નની ચર્ચા દરમિયાન એવું જણાયુ છે કે, સરકારી જમીન અનધિકૃત કબજામાં હોય છે, તેવું ઘણીવાર તંત્રના ધ્યાનમાં ૧૫-૨૦ વર્ષ પછી અને તે પણ આવા અનધિકૃત કબજાની જમીન એકથી વધુ વાર વેચાયા બાદ, તેના રજિસ્ટર્ડ દસ્તાવેજની નોંધ સરકારી દફતરમાં પાડવામાં આવે છે તે પછી તેને પ્રમાણિત કરતી વખતે ધ્યાનમાં આવે છે. અને ત્યારે આ દબાણો દૂર કરવા કાર્યવાહી આરંભવામાં આવે છે અને તે વખતે આવાં દબાણો દૂર કરવા ઘણું કપરું થઈ પડે છે. અને મહેસૂલી કોર્ટ અને દીવાની કોર્ટના દાવાઓનો એક વણઅટક્યો સિલસિલો શરૂ થઈ જાય છે, કારણ કે પગલાં ભરવામાં આવે છે. તે સમયે કબજેદાર ૧૫-૨૦ વર્ષ જુનો કબજો એ જમીન પર ધરાવતો થઈ ગયો હોય છે. પરિણામે એક સ્થાપિત હિત ઊભું થઈ ગયું હોય છે.

આથી સરકારને એમ લાગે છે કે ગ્રામકક્ષાએ તલાટી તેમજ ગામની મુલાકાત લેનાર સર્કલ ઇન્સ્પેક્ટરથી કલેક્ટર સુધીના ક્ષેત્રાધિકારી મિલકતની જાળવણી માટે તત્પરતા અને સજાગતા દર્શાવે તો હવે પછી આવા નવા નવા કિસ્સાઓ બનવાનું ઘટાડી શકાય. આથી સર્વે કલેક્ટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીઓને આજ્ઞાનુસાર સૂચના આપવામાં આવે છે કે તેમણે ગ્રામકક્ષા સઘળા તલાટીઓને આવી સરકારી તેમજ પંચાયત હસ્તકની જમીની જાળવણી માટે કડક સૂચનાઓ આપવી અને ઉપરાંત તેમના તાબાના સઘળા મહેસૂલી અધિકારીઓ તેમજ પંચાયતના અધિકારીઓને સૂચના આપવી કે તેઓ તેમની ગામની મુલાકાત દરમિયાન દરેક વખતે આવી સરકારી મિલકતો સ્થળપર જઈને ચકાસણી કરે અને જ્યાં કોઈપણ જમીન અનઅધિકૃત કબજામાં જણાય ત્યાં તાકીદે નિયામાનુસારની કાર્યવાહી કરી આવા કબજા દૂર કરવા સૂચનાઓ આપે.

આ ઉપરોક્ત દરેક મહેસૂલી અધિકારીની ડાયરીમાં આ અંગેની વિગતો દર્શાવવી તેવી પણ સૂચના આપે. અને આવી ડાયરી ચેક કરતી વખતે આ મુદ્દો ખાસ લક્ષમાં લેવા, ઉપરાંત સમયાંતરે મળતી મહેસૂલી અધિકારીઓ અને પંચાયતોના અધિકારીઓની મિટીંગમાં સંબંધિત કલેક્ટરશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ મહેસુલી તેમજ પંચાયત અધિકારીઓ પાસેથી આવા ગામની મુલાકાત દરમિયાન તાબાના અધિકારીશ્રીએ મહેસુલી તેમજ પંચાયત અધિકારીઓ પાસેથી આવા ગામની મુલાકાત દરમિયાન તાબાના અધિકારીઓએ આવી સરકારી અને પંચાયતની મિલકતની ચકાસણી માટે કરેલ કાર્યવાહીનો અહેવાલ મેળવે અને આ કામગીરીમાં નિષ્કાળજી દાખવનાર કર્મચારી / અધિકારી સામે શિક્ષાત્મક પગલાં પણ લે.

પંચાયતી રાજ માના ૧૧ જુલાઈ, ૧૯૯૯માંથી સાભાર

દિલીપ ચંદુલાલ
નાયબ સચિવ
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

ક્રમાંક: દબાણ-૧૦૯૦-૧૧/લ,

મહેસુલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૩-૭-૯૦.

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી
પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ,
સચિવાલય, ગાંધીનગર.

વિષય :- ગૌચરની જમીનો ઉપર થયેલા દબાણો દુર કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, આગ ખાન ગ્રામ સમર્થન કાર્યક્રમના મુખ્ય વહીવટકર્તાશ્રી અનિલ શાહ સાહેબની મુખ્ય સચિવશ્રીની તા. ૨૫-૩-૮૮ ની મીટીંગમાં શ્રી શાહે ગૌચર તથા સરકારી પડતર જમીનોમાં મોટા પાયે દબાણો થયેલ છે. અને તેવા દબાણો દુર કરવા જોઇએ તેવા પગલાં લેવામાં આવતા નથી. તેથી આવા દબાણો દુર કરવા પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગે અને મહેસુલ વિભાગે કડક પગલાં લેવા જોઇએ તેવી રજુઆત કરેલ હતી.

આ મીટીંગમાં મુખ્ય સચિવશ્રીએ સુચન કરેલ હતું કે મહેસુલ વિભાગ પ્રથમ આવી સરકારી પડતર તથા ગૌચરની બે એકર કે તેથી વધુ ક્ષેત્રફળવાળી જમીનમાં થયેલ દબાણની માહીતી મંગાવે અને ત્યારબાદ મોટી જમીનમાં દબાણ કરેલ સ્થાપિત હીતોને દુર કરવા કડક પગલાં લે. આ અન્વયે અત્રેથી સર્વે મામલતદારોને એક અ.સ. પત્ર લખી સરકારી પડતર તથા ગૌચરની બે એકર તે તેથી વધુ ક્ષેત્રફળવાળી જમીનમાં થયેલ દબાણની માહીતી મંગાવેલ હતી. તે સંકલીત કરેલ જિલ્લાવાર માહિતી આ સાથેના પત્રક મુજબ છે.

ગૌચરની આવી જમીનો જે તે ગામ/નગર પંચાયતને ગૌચરના હેતુ માટે જાળવણી કરવા પંચાયત ધારાની કલમ-૯૬(૧) મુજબ સોંપેલ છે. તેથી આવી જમીનો ઉપરના દબાણો દુર કરવાની જવાબદારી જે તે ગ્રામ/નગર પંચાયતની તેમજ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની છે. તેથી આવી ગૌચરની જમીનોના દબાણો દુર કરવા એક એકશન પ્લાન ઘડીને આવા દબાણો તાકીદે દુર થાય તેવી વ્યવસ્થા ગોઠવવા વિનંતી છે. આ અન્વયે આપે કરેલ કાર્યવાહીની આ વિભાગને જાણ કરવા વિનંતી છે. અને આવી ગૌચરની જમીનો ઉપરના કેટલા દબાણો દુર કર્યા તેની માહીતી

દરમ્યાન મળે આ વિભાગને મળી જાય તે રીતે મોકલવાની વ્યવસ્થા કરવા વિનંતી છે.

આવી ગૌચરની જમીનો ગૌચરના હેતુ માટે જાળવવા ગ્રામ પંચાયતોને સુપ્રત કરેલ હોય છે. આવી જમીનોનો બીજો ઉપયોગ થાય તો તે શરતભંગ થયો ગણાય. તેથી આવી જમીનો ઉપર થયેલ દબાણો દૂર કરવા પંચાયતો તરફથી નિષ્કાળજી રાખવામાં આવશે તો તે જમીનો શરતભંગ બદલ સરકાર પરત લેવાની કાર્યવાહી આ વિભાગે હાથ ધરવાની ફરજ પડશે. તો આવા પગલાં આ વિભાગને ન લેવા પડે તે માટે આવી ગૌચરની જમીનો ઉપરના દબાણો દૂર કરવા જરુરી વ્યવસ્થા ગોઠવવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

નાયબ સચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

નકલ રવાના :

- સેકશન અધિકારીશ્રી, 'ગ' શાખા, તરફ જાણ સારુ તથા ગૌચરની જમીનો ઉપરના દબાણો પંચાયતો તરફથી દૂર કરવા નિષ્કાળજી રાખવામાં આવે તો તે અંગે જરુરી કાર્યવાહી હાથ ધરવાની વિનંતી સાથે.

સરકારી જમીનો ઉપરના દબાણો
દૂર કરવા બાબત...

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: દબણ-૧૦૮૮-૧૦૪૭-લ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : -૧૦-૧૯૯૦ - 5 OCT 1990

પ રિ પ ત્ર :-

રાજ્યમાં પર્યાવરણ સુધારણા માટે ખેડી ન શકાય તેવી સરકારી જમીન વૃક્ષ ઉછેર માટે ગામડાઓની પછાત વર્ગની વ્યક્તિઓને તા. ૧-૬-૮૭ ના ઠરાવ ક્રમાંક : જમન-૩૯૮૬-૨૨૨૬-અ, બહાર પાડવામા આવેલ છે. આ ઠરાવ અન્વયે થયેલ કામગીરોની સમીક્ષા વખતે સરકારના ધ્યાન પર આવ્યું છે કે, ગામડાઓમાં સરકારી પડતર જમીનો પર દિવસે દિવસે ઘણા મોટા પ્રમાણમાં દબાણ થઇ રહ્યું છે. જિલ્લાવાર કેટલું દબાણ થયેલ છે, તેની માહિતી સરખા ક્રમાંકના તા.૮-૪-૮૮ ના અર્ધ સરકારી પત્ર અન્વયે મંગાવતાં જણાયું છે કે, મોટા ભાગના જિલ્લાઓમાં સરકારી પડતર જમીનના ૧૦ ટકાથી વધુ વિસ્તારમાં દબાણ થયેલ છે. જ્યારે ચાર થી પાંચ જિલ્લાઓમાં સરકારી પડતર જમીન પર ૪૦ ટકા કે તેથી વધુ દબાણ થયેલ છે. આ અત્યંત દુઃખદ પરિસ્થિતિ કહેવાય. એનો અર્થ એ થયો કે ફેરણી અધિકારીઓ અને તેમના ઉપરી મહેસૂલી અધિકારીઓ સરકારી મિલકતની જાળવણી માટે દાખવવી જોઇએ તેટલી કાળજી દાખવતા નથી અને કેટલાક કેસોમાં તો આવા દબાણોની પ્રવૃત્તિ પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવે છે. આ અભિગમ અનુચિત છે.

૨. સરકારી પડતર જમીનો પર થયેલ દબાણ દૂર કરવા અંગે કલેક્ટરશ્રીઓએ તેમના જિલ્લાના સઘળા તાલુકાના સમયબધ્ધ એક્શન પ્લાન ઘડી તેની નકલ વિભાગને મોકલી આપવાની રહેશે.

૩. દબાણો અંગે જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૧ અન્વયે કાર્યવાહી હાથ ધરવી અને દબાણકારોને તે કલમની જોગવાઇ અન્વયે લેવાપાત્ર વધુમાં વધુ દંડ કરવો. તેમજ દબાણકારે ઉગાડેલ પાક અંગે પંચક્યાસ કિંમત નક્કી કરાવી તેટલી રકમ દબાણદાર પાસેથી પાક જપ્તી બદલ વસુલ કરવા કાર્યવાહી કરવી અને દબાણો દૂર કરવા દબાણદારને જણાવવું.

૪. જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૧ ની કાર્યવાહી કરવા છતાં દબાણદાર દબાણ દુર ન કરે તો જમીન મહેસૂલ કાયદાની કલમ-૨૦૨ અન્વયેની કાર્યવાહી હાથ ધરવી અને દબાણદારને વ્યાજબી સમયમાં દબાણ દુર કરવાની નોટીસ આપવી. નોટીસની સમય મર્યાદામાં દબાણદાર દબાણ દુર ન કરે તો આવું દબાણ કાયદાની કલમ-૨૦૨ અન્વયે દુર કરવા પગલાં લેવા. તેમ છતાં દબાણદાર દબાણ દુર ન કરે તો તે માટે પોલીસ ખાતાની મદદ લઈને પણ આવા દબાણ દુર કરાવવા કાર્યવાહી કરવી અને આવું દબાણ દુર કરવા જે ખર્ચ થાય તે ખર્ચ જમીન મહેસૂલની બાકી તરીકે દબાણદાર પાસેથી વસુલ લેવા પણ પગલાં લેવા. આમ આવા દબાણો જમીન મહેસૂલ અધિનિયમની સઘળી જોગવાઈઓની કડક અમલ કરીને તાકીદે દુર કરવા સંબંધિત મહેસૂલી અધિકારીઓએ કાર્યવાહી હાથ ધરવી.

૫. સરકારી જમીની પરના દબાણો દુર કરવા અંગે કરેલ કાર્યવાહીની માહિતી કલેક્ટરશ્રીઓએ દર ત્રણ મહીને સંબંધિત ત્રિમાસ પૂર્ણ થયા પછીની ૧૦ મી તારીખ સુધીમાં આ વિભાગને મોકલી આપવાની રહેશે.

૬. હવે પછી જે તે મહેસૂલી અધિકારીશ્રીના નિયંત્રણ વિસ્તારમાં સરકારી પડતર જમીનમાં નવું દબાણ થશે તો તે માટે સંબંધિત મહેસૂલી અધિકારી સીધી રીતે જવાબદાર ગણવામાં આવશે.

૭. ઉપરોક્ત સૂચનાઓનું તમામ મહેસૂલી અધિકારીશ્રીઓએ ચુસ્તપણે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

નંદકિશોર પટેલ,<br>
સેકશન અધિકારી,<br>
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

- સર્વે કલેક્ટરશ્રીઓ,
- સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ,
- સર્વે મામલતદારશ્રીઓ,
- તપાસણી કમિશ્નરશ્રીની કચેરી,
- મહેસૂલ વિભાગની અ, અ-૧, ગ, ક અને ક-૨ શાખાઓ.
- સીલેક્ટ ફાઈલ.

સરકારી જમીન પરના દબાણો નિયમબદ્ધ કરી
આપવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
ઠરાવ ક્રમાંક: દબણ-૨૦૮૮-૪૧૫૬-લ.
સચિવાલય, ગાંધીનગર.
તા.23-૨-'૯૧.

સંદર્ભ:-

૧. ઠરાવ ક્રમાંક: દબણ-૧૦૭૨-૨૮૭૬૫-લ તા. ૮-૧-૮૦.

૨. ઠરાવ ક્રમાંક: એલએનડી-૩૯૭૧-૭૦૨૦૫-અ તા. ૨૯-૧૨-૭૧ (દબાણ પૂરતું)

૩. ઠરાવ ક્રમાંક: જમન-૨૯૮૧-૫૦૮૨૮-અ તા. ૨૪-૪-૮૧ (દબાણ પૂરતું)

સુધારા ઠરાવ:

સંદર્ભ - ૨ માં દર્શાવેલ ઠરાવથી ટૂકડાની જમીનના નિકાલ માટે જોગવાઈ કરેલ તેમાં દબાણ અંગે પણ જોગવાઈ કરેલ હતી. સંદર્ભ - ૧ હેઠળની તા. ૮-૧-૮૦ની ઠરાવ સંકલીત કરેલ. ત્યારે આ જોગવાઈ કાઢી નાખેલ હતી. પરંતુ સંદર્ભ - ૩ હેઠળના તા. ૨૪-૪-૮૧ ના ઠરાવમાં આ જોગવાઈ ચાલુ રાખેલ હતી. આમ આ બાબતે અસંગતતા જોવા મળતી હતી. આમ દબાણના પ્રકરણોમાં વિસંગતતા ન રહે તે માટે તા. ૨૯-૧૨-૭૧ ના ઠરાવ ના ફકરા - ૧ ના પેટા ફકરા 'ઝ' અને 'ઞ' રદ કરવામાં આવે છે.

૨. (ઉપરોક્ત ફકરા - ૧ ને લીધે તા. ૨૪-૪-૮૧ ના ઠરાવ ના ફકરા પાંચ) ના પેટા ફકરા (ક) અને (ડ) આપોઆપ રદ થાય છે.

૩. આથી વધુ સ્પષ્ટતા કરવામાં આવે છે કે દફતરના કાગળોમાં તા.૮-૨-૯૦ ના ઠરાવ તથા તેનાં અનુસંધાનમાં બહાર પડેલ સુધારા ઠરાવો મુજબ જ કાર્યવાહી કરવી.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. એમ. ગુરેજા
(ઉપસચિવ)
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

૧. સર્વે કલેકટરશ્રીઓ
૨. સર્વે પ્રાંત અધિકારીઓ.
૩. સર્વે મામલતદારો
૪. સર્વે જીલ્લા વિકાસ અધિકારીઓ.
૫. અગ્ર સચિવશ્રી (વિવાદ) મહેસૂલ વિભાગ, બહુમાળી મકાન, લાલદરવાજા, અમદાવાદ.
૬. મહેસૂલ તપાસણી કમિશ્નરશ્રી, મહેસૂલ વિભાગ.
૭. સેટલમેન્ટ કમિશ્નર અને રેકર્ડ નિયામકશ્રી, અમદાવાદ.
૮. વિકાસ કમિશ્નરશ્રી જૂના સચિવાલય, ગાંધીનગર.
૯. પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. મહેસૂલ વિભાગની અ, અ-૨, જ, ઝ, ગ ક અને હ શાખાઓ.
૧૧. સીલેક્ટ ફાઈલ.

વિષય : – જમીન દબાણ : કચ્છ જિલ્લો.
હકકપત્રકો અદ્યતન કરવા માટે ફેરમાપણીના આધારે દબાણો નિયમબધ્ધ કરવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ દબણ–૧૧૭૪/૫૬૬–લ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ ૧૨/૦૪/૧૯૯૧.

<u>વંચાણમાં લીધા</u> : –

૧: ઠરાવ ક્રમાંકઃ દબણ–૧૧૭૪/૧૦૧૧૪૮–લ, તારીખ ૦૭–૦૫–૧૯૭૭.
૨: કલેકટરશ્રી, કચ્છ, ભુજનો તારીખ ૦૬–૦૫–૧૯૮૭નો પત્ર નંબર જમન/ભુજ–માપણી–વધારો/૮૭ તથા તારીખ ૧૩–૧૨–૧૯૯૦નો અ.સ.પત્ર ક્રમાંક એ–૨/લેન્ડ–વશી/૨૬૬૪–૯૦.

<u>સુધારા ઠરાવ</u> : –

કચ્છ જિલ્લામાં વૈજ્ઞાનિક પધ્ધતિથી જમીનોની નવેસરથી માપણી કરવામાં આવેલી છે. આ નવી માપણી થઈ તેના અનુસંધાને ઉપસ્થિત થયેલ પ્રશ્નો પૈકી નવી માપણીમાં કેટલાક ખાતેદારોની કબજાની જમીનમાં જૂની માપણી મુજબના ક્ષેત્રફળ કરતાં વધારાની જમીનો કબજામાં હોવાનું માલુમ પડેલ છે. આવી વધારે માલુમ પડેલ જમીનો તે પછી ગમે તેટલાં ક્ષેત્રફળની હોય તો પણ ક્ષેત્રફળને ધ્યાને લીધા સિવાય સરકારના સંદર્ભ–૧ હેઠળના તારીખ ૦૭–૦૫–૧૯૭૭ના ઠરાવથી નકકી થયેલી નીતિ મુજબ જરૂરી પ્રિમીયમ લઈને ખાતેદારોના કબજા હકકો નિયમિત કરી આપવામાં આવે છે. સરકારના તારીખ ૦૭–૦૫–૧૯૭૭ ઠરાવમાં ફેરમાપણીના આધારે વધારાની માલુમ પડેલ જમીનોના કેટલા ક્ષેત્રફળની જમીનના કબજા નિયમિત કરી આપવા તે અંગે કોઈ નિર્દેશ નથી. આ અંગે કેટલાક દૃષ્ટાંતરૂપ કિસ્સાઓ ધ્યાને લેતાં સરકારે એવો નિર્ણય કરેલ છે કે માપણી વધારો જેટલો વાજબી હોય તેટલા જ અંશે ઉપરોકત ઠરાવનો લાભ આપીને વધારાની જમીનનો કબજે નિયમબધ્ધ કરવો જોઈએ કે જેથી કોઈ ગેરવાજબી લાભ ઉઠાવી ન જાય. આ બાબતે કલેકટરશ્રી, કચ્છ, ભુજ તરફથી સંદર્ભ–૨માં જણાવેલ તારીખ ૦૬–૦૫–૧૯૮૭ના પત્રથી તેમજ તારીખ ૧૩–૧૨–૧૯૯૦ના અ.સ. પત્રથી રજૂઆત થતાં અને સરકારને આ બાબતે સુધારો કરવાનું વ્યાજબી જણાંતાં સંપૂર્ણ વિચારણાને અંતે નીચે મુજબનો નિર્ણય લેવામાં આવે છે.

(૧) જે કિસ્સામાં ફેરમાપણીના આધારે ખાતેદારની માલીકીની ચારે બાજુ ખાનગી માલીકીની જે જમીન હોય અને જમીન વધારાની જમીન તરીકે માલુમ પડી હોય તેવા કિસ્સામાં ફેરમાપણી પછીનો વધારાની જમીનનો વિસ્તાર જે તે સંબંધિત મૂળ ખાતેદારનો ગણતાં પહેલાં તેવા કિસ્સામાં, વધારાની માલુમ પડેલ જમીન પર ખાનગી માલીકીની જમીનનો કબજો સાબિત કરવાનાં હકકો

અબાધિત રાખીને વધારાની જમીન તારીખ ૦૭–૦૫–૧૯૭૭ના ઠરાવ મુજબ નિયમબધ્ધ કરવાની રહેશે.

(૨) જ્યારે ખાતેદારની માલીકીની જમીનની એક બાજુ કે વધારે બાજુ સરકારી પડતર જમીન, નદી તળિયાની વગેરે સરકારી જમીન હોય અને માપણીમાં વધારો થયો હોય તેવા કિસ્સામાં વધારો નીચેની મર્યાદામાં નિયમબધ્ધ કરી આપવો.

(અ) નગરપાલિકા કે તેના ૫ કિલોમીટર વિસ્તારમાં ૧૦ ટકા.

(બ) અન્ય વિસ્તારમાં ૨૦ ટકા.

ઉપરોકત વધારો નીચેની કિંમતે નિયમબધ્ધ કરી આપવાનો રહેશે.

(૧) નગરપાલિકાવાળા શહેરીની જમીનો એકવડી, બજાર કિંમત વસૂલ લઈ જે તે ખાતેદારને નિયમબધ્ધ કરવાની રહેશે.

(૨) અન્ય વિસ્તારમાં તારીખ ૦૭–૦૫–૧૯૭૭ના ઠરાવમાં દર્શાવેલ કિંમત વસૂલ લઈ વધારો નિયમબધ્ધ કરવાનો રહેશે.

૨. આ ઠરાવના ફકરા–૧(૨)માં જણાવેલ વધારા કરતાં વધારાની જમીનોનો વધારો સરકારી જમીન ઉપરનું દબાણ ગણવાનું રહેશે અને તેના માટે દબાણના પ્રવર્તમાન નિયમોનુસાર આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવાની રહેશે.

૩. જે કિસ્સામાં તારીખ ૦૭–૦૫–૧૯૭૭ના ઉપરોકત ઠરાવના આધારે ફેરમાપણી થઈ ગયેલ છે તેવા કિસ્સામાં જ આ ઠરાવ લાગુ પડશે, અને હવે પછી થનાર ફેરમાપણી માટેના નવા કિસ્સાઓને આ ઠરાવ લાગુ પડશે નહી.

૪. સરકારના સંદર્ભ–૧ હેઠળના તારીખ ૦૭–૦૫–૧૯૭૭ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

૫. આ હુકમ નાણાં વિભાગની તારીખ ૧૮–૦૨–૧૯૯૧ના રોજની નોંધથી સરખા ક્રમાંકની ફાઈલ પર મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**આઈ. એલ. કુરેશી,**
ઉપ સચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર,

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ,
ઠરાવ ક્રમાંક:મારબોડી-૧૦૮૯(૧)સ.
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯-૪-૯૧.

વિષય:- રેખા નિયંત્રણ નિયમોના અમલ માટે મામ. વિભાગના કા.ઈ.શ્રીઓને સત્તા આપવા બાબત.

વંચાણે લીધા:-

૧. મ.વિ.નો તા.૨૮-૭-૮૯ નો ઠરાવક્રમાંક:એલએનઆર ૧૦૮૯-૧૫૦ ક
૨. મ.વિ.નો તા.૧૭-૭-૮૦ નો ઠરાવ ક્રમાંક:જમન ૧૦૭૯-૨૦૬૪-ક.
૩. મા.મ.વિભાગનો તા.૨૭-૭-૮૪ નો પરિપત્ર ક્રમાંક:મારબોડી-૧૧૮૪-૨૭૨૪૯-(૩૨)સ.

આ મુ ખ :-

મહેસુલ વિભાગ તરફથી જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ ની મુળકલમ ૬૫ મા જરુરી સુધારો કરીને મુળ કલમને ૬૫(૧) તરીકેનો ક્રમ આપીને નવી ક. ૬૫(૨) દાખલ કરવામા આવી છે.આ અધિનિયમની કલમ પ્રમાણે કોઈપણ ખાતેદાર પોતાની ખેતીની જમીન ગ્રામ વિસ્તારમા હોય તો તેને પોતાની જમીનમા અથવા તેના કોઈભાગનો ઉપયોગ રહેણાકના હેતુ માટે જ કરવા ઈચ્છતો હોયતો તેને કલેકટરની પરવાનગી મેળવવાની જરુર રહેતી નથી.

૨. મહેસુલ વિભાગે જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ ની મુળ કલમ.૬૫મા ઉપરોકત સુધારો કરતા રેખા નિયંત્રણ નિયમોના અમલ બાબતે મા વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રીઓને જરુરી સત્તા આપવાનુ અનિવાર્ય બન્યુ છે.વળી, મહેસુલ વિભાગના ઉપરોકત સુધારાને લીધે વંચાણે (૩) થી બહાર પાડેલ મામ. વિભાગના પરીપત્રમાની સુચનાઓ પણ આપોઆપ રદ થાય છે.હવે રસ્તા પર સરકારી જમીનમા રેખા નિયંત્રણના નિયમોનુ ભંગ કરતુ બીન અધિકૃત દબાણ થાય ત્યારે તેની જાણ મહેસુલ અધિકારીઓને કરવાની થશે નહી.પરંતુ દબાણ દુર કરવાની કાર્યવાહી મા.મ.વિભાગે કરવાની રહેશે.

ઠ રા વ :-

જમીન મહેસુલ અધિનિયમની કલમ.૬૫મા થયેલ ફેરફારો અનુલક્ષીને રેખા નિયંત્રણ નિયમોના અમલ બાબતે મા.મ.વિભાગના કા.ઈ.શ્રીઓને કેટલીક સત્તાઓ આપવા સરકારશ્રીની વિચારણા હેઠળ હતુ. પુખ્ત વિચારણાને અંતે દબાણ દુર કરવાની મા.મ.વિ.નો ફકત કામગીરી માટે નીચે મુજબની સત્તાઓ કા.ઈ.શ્રીઓને આપવાનુ સરકારશ્રી ઠરાવે છે.

૧. મહેસુલ વિભાગના તા.૨૮-૭-૮૯ ના ઠરાવ ક્રમાંક:એલએનઆર-૧૦૮૯-૧૫૦-ક નો સાથેના પરીશીષ્ટ-ક ની શરત નં.૪ રેખાનિયંત્રણના અમલની જવાબદારી જીલ્લામા આવેલા રસ્તાઓના હવાલાના કા.ઈ.(રાજય)કા.ઈ.(પંચાયત)ની રહેશે.

૨. રાષ્ટ્રીય ધોરી માર્ગ-રાજ્ય ધોરી માર્ગ-મુખ્ય જીલ્લા માર્ગ-અન્ય જીલ્લા માર્ગ અને ગ્રામ્ય માર્ગ તરીકે કરેલા માર્ગોની નજીકમાં અને લાગુ આવેલા પોતાના જમીનમાં રહેણાકના/બીન રહેણાકના હેતુ માટે ઉપયોગ કરીને બાંધકામ કરવાના પ્રસંગે મહેસુલ વિભાગના તા.૧૭-૭-૮૦ ના ઠરાવ ક્રમાંક:જમન ૧૦૭૯-...-ઠ, દ્વારા મુકરર કરાયેલા રેખા નિયંત્રણના ધોરણો કે હવે પછી વખતો વખત મુકરર કરાતા ધોરણો પ્રમાણેનુ અંતર છોડીને બાંધકામ કરવાનુ રહેશે.આનો અમલ ચુસ્તપણે થાય તે જોવાની જવાબદારી સંબંધિત કા.ઇ.(રાજ્ય)અને સંબંધિત કા.ઇ.(પંચાયત)ની રહેશે.

૩. મહેસુલ વિભાગના ઉપરોક્ત ઠરાવ સાથેના પરીશીષ્ટ-ક ના મુદ્દા નંબર (ગ) બાંધકામ અંગેની પરવાનગી રજા ચીઠ્ઠી આપનાર અધિકારીએ આવી પરવાનગી આપતા પહેલા બાંધકામ નજીકના રસ્તાના હવાલાના કા.ઇ.(રાજ્ય) કા.ઇ.(પંચાયત) પાસેથી બીન વાંધા પ્રમાણપત્ર(એનઓસી)મેળવવાનુ રહેશે અને (એનઓસી)મળ્યા બાદ જ બાંધકામ કરવા માટે રજા ચીઠ્ઠી આપવાની રહેશે. એનઓસી મેળવ્યા સિવાય જો રજા ચીઠ્ઠી આપી હશે તો રેખા નિયંત્રણ અંગેની બધી.જવાબદારી રજા ચીઠ્ઠી આપનાર અધિકારી/સંસ્થાની રહેશે.

૪. સંબંધીત અધિકારી/સંસ્થા તરફથી જ્યારે સંબંધીત કા.ઇ.(રાજ્ય)/કા.ઇ.(પંચાયત) પાસેથી બાંધકામ માટે એનઓસી માંગવામાં આવે ત્યારે એન.ઓ.સી ૯૦ દિવસની અંદર આપવાનુ રહેશે.આમાં કોઇ વધુ વિલંબ થશે તો સંબંધીત અધિકારીની જવાબદારી નક્કી થશે.એનઓસી માટે માંગણી થયેથી રસ્તાના હવાલાના ના.કા.ઇ/કા.ઇ.એ તુરત જ સ્થળ ઉપર જરુરી ચકાસણી કરીને એનઓસી ૯૦ દિવસની અંદર આપવાનુ રહેશે.

૫. સંબંધીત કા.ઇ.(રાજ્ય)/કા.ઇ.(પંચાયત) તરફથી એનઓસી મળેથી તથા સંબંધીત અધિકારી/સંસ્થા તરફથી બાંધકામ કરવાની પરવાનગી રજા ચીઠ્ઠી મળ્યા બાદ બાંધકામ કરનાર રેખા નિયંત્રણના ભંગ કરતા માલુમ પડે તો તુરત જ જે તે રસ્તાના હવાલાના ના.કા.ઇ.એ બાંધકામ અટકાવવા નોટીસ આપવાની [illegible] રહેશે અને દિન-૧૫ માં બાંધકામ તોડવામાં ન આવે તો જરૂર પડે પોલીસ મદદ લઇને બાંધકામ કરનારનો ખર્ચે અને જોખમે તોડવાનુ રહેશે અને થયેલ ખર્ચ બીન અધિકૃત બાંધકામ કરનાર પાસેથી ભરપાઇ કરાવવાનો રહેશે.જરૂર પડે મહેસુલ રાહે ભરપાઇ કરાવવાનો રહેશે.

૬. કોઇપણ રસ્તા ઉપર બીન અધિકૃત બાંધકામ થતુ માલુમ પડે તો તુરત જ રસ્તાના હવાલાના સેક્શન ઓફીસરે/ના.કા.ઇ.એ બાંધકામ અટકાવવાનુ રહેશે. જો બાંધકામની શરૂઆતમાં બાંધકામ અટકાવવામાં નહી આવે તો સંબંધીત સેક્શન ઓફીસર/ના.કા.ઇ.જવાબદાર ગણાશે.બીન અધિકૃત બાંધકામ તોડવા માટે સંબંધીત કા.ઇ.(રાજ્ય)કા.ઇ.(પંચાયત)ને જરૂરી સત્તા આપવામાં આવે છે.

અને તેઓશ્રી બીન અધિકૃત કબજો કરનારને રૂબરૂમાં સાંભળીને પછી જરૂર પડે પોલીસ મદદથી હટાવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

પી.આર.ચોકસી
ખાસ ફરજ પરના અધિકારી
માર્ગ અને મકાન વિભાગ.

## સરકારી જમીનોના નિકાલ બાબત.

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
પરીપત્ર ક્રમાંક : દબણ - ૧૦૮૯- ૧૯૧ -લ
સચિવાલય,ગાંધીનગર
તા.૨૦/૬/૯૨.

: પરિપત્ર :

સરકારી પડતર કે ગૌચરની જમીન સરકાર ના જુદા જુદા ઠરાવ કે નીતી મુજબ જુદા જુદા હેતુઓ માટે ગ્રાન્ટ કે નિયમબધ્ધ કરવામાં આવે છે. આથી જમીનો વિકાસ યોજના કે નગર રચના યોજનામાં જાહેર હેતુ માટે અનામત રાખેલ ન હોય , હયાત કે સૂચિત રસ્તા પૈકીની ન હોય અને જે હેતુ માટે મુકરર કરેલી હોય તે હેતુ માટે જમીનનો નિકાલ કરવાનો સરકાર નીનીતી છે.

આથી આવી સરકારી જમીનો ની જયારે રહેણાંક વાણીજય કે ઔદ્યોગિક હેતુ માટે નિકાલ કરવામાં આવે ત્યારે નીચેની બાબતો ની ચકાસણી કરવી જરુરી થઈ પડે છે.

૧. આવી જમીનો જે તે મહાનગર પાલીકા, નગરપાલીકા કે સત્તામંડળ ના વિકાસ નકશામા કે નગરરચના યોજનામાં જે હેતુ માટે મુકરર કરેલી છે કે કેમ.
૨. આવી જમીનો વિકાસ નકશા કે નગરરચના યોજનામાં કે અન્ય રીતે જાહેર હેતુ માટે અનામત રાખેલ કે ફાળવેલ નથી
૩. આવી જમીન હયાત કે વિકાસ નકશા કે નગરરચના યોજના મુજબ સુચિત રસ્તા પૈકીની નથી.
૪. આમ , સરકારી જમીનના નિકાલ બાબતે કાર્યવાહી કરતી વખતે તેમજ સરકાર માં દરખાસ્ત કરતી વખતે ઉકત કાર્યવાહી અનુસરવા અને તેનો ચુસ્તપણે અમલ કરવા આથી સર્વે કલેકટરશ્રીઓને સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/- નંદકિશોર પટેલ
સેકશન અધિકાર. મ.વિ
ગુજરાત સરકાર.

નકલ રવાના:
કલેકટરશ્રી,
અમદાવાદ.

ગુજરાત સરકાર,
વન અને પર્યાવરણ વિભાગ,
ઠરાવક્રમાંકઃ-એફએલડી-૧૦૯૨-સી.એમ.૧૩-વ.૩
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૬-૧૦-૧૯૯૨.

**ઠ રા વ :-**

ગુજરાત રાજયની સ્થાપના થયા બાદ રાજયના ડાંગ સિવાયના જિલ્લાઓમાં ૧૯૬૭ સુધીના અને ડાંગ જિલ્લામાં ૧૯૭૦ સુધીના જંગલની જમીન પરના . . બિનઅધિકૃત ખેડાણો સરકારે વખતોવખતના હુકમથી કેટલીક શરતોને આધીન નિયમિત કરી આપેલ હતા. ઉપરોકત નિર્ણય બાદ પણ જંગલની જમીન પરના ગેરકાયદેસર ખેડાણો એક યા બીજા કારણોસર ચાલુ રહેલ. અને તે નિયમિત કરી આપવા સતત રજૂઆતે થતી રહેલ છે. જંગલનું ઘટતું પ્રમાણ તથા પાંખા થતાં જંગલોની બાબત લક્ષમાં રાખી સરકારે ૧૯૬૭ પછીના ખેડાણો નિયમિત ન કરવાનું વલણ રાખેલ. . પરંતુ છેલ્લા બે વર્ષથી લોક પ્રતિનિધિઓ તરફથી આદિવાસીઓ અને અન્ય પછાત વર્ગોની આર્થિક સ્થિતિ સુધારવા માટે તથા તેઓને રાહત પહોંચાડવાના ઉદ્દેશથી જંગલની જમીન પર જે બિનઅધિકૃત ખેડાણ થયું હોય તે નિયમિત કરવા સુચનો થયેલ છે આમ, સમગ્ર બાબતો ધ્યાનમાં લઈ, વન સંરક્ષણ ધારો અમલમાં આવ્યો તે તારીખ એટલે કે તા. ૨૫.૧૦.૮૦ સુધીના બિનઅધિકૃત ખેડાણો નિયમિત કરી આપવાનું વિચારવા અંગે ભલામણ કરવા સરકારના તા. ૧૨-૨-૯૨ના ઠરાવથી મા. વનમંત્રીશ્રીના અધ્યક્ષપદે સમિતિની રચના કરવામાં આવેલ. સમિતિએ રાજયની આજુબાજુના મધ્યપદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્ર માં આ બાબતે થયેલ વિચારણા- કાર્યવાહીની વિગતો એકઠી કરેલ. ઉપરાંત, સમિતિએ સ્થળ પર જઈ લોક-પ્રતિનિધિઓ પાસેથી રજૂઆત માહિતી એકત્ર કરેલ. સમિતિ સમક્ષ થયેલ વિવિધ રજુઆતો તથા સમિતિએ એકત્ર કરેલ માહિતીના આધારે જંગલની જમીન પરના ગેરકાયદેસર ખેડાણોનો ગરીબ આદિવાસી લોકોના હિતાર્થે નિકાલ થઈ શકે તે માટેની ભલામણ સાથેનો અહેવાલ સરકારને તા. ૧[illegible]-૮-૯૨ના રોજ રજૂ કરેલ. સમિતિનો અહેવાલ વિચારણામાં લીધા બાદ, પુખ્ત વિચારણાના અંતે તેનો સ્વીકાર કરવાનું અને તદઅનુસાર ભારત સરકારને જરૂરી દરખાસ્ત મોકલી શકાય તે માટે જંગલની જમીન પરના બિનઅધિકૃત ખેડાણો નિયમિત કરવા માટેની દરખાસ્ત તૈયાર કરવા નીચે મુજબના ધોરણો અપનાવવાનું સરકારે ઠરાવેલ છે.

(૧) વન વિસ્તારમાં બિનઅધિકૃત રીતે ખેતી કરતાં આદિવાસીઓ તથા પછાત વર્ગની વ્યકિતઓએ જો ૧૯૮૦ પહેલાં વન વિસ્તારમાં ખેતી કરી હોય તો તેઓને નીચેની શરતોએ જમીન નિયમિત કરી આપવીઃ-

(ક) જે તે વ્યક્તિએ ૧૯૮૦ પહેલાં ઓછામાં ઓછા એક વખત વનમાં ખેતી કરી હોય અને તેની સામે વન વિભાગ ધ્વારા ગુનાકામ કરવામાં આવ્યું હોય.

(ખ) દબાણ કરનાર વ્યક્તિ આદિવાસી વિસ્તારનો જ હોવો જોઈએ.

(ગ) આવી રીતે જંગલની જમીન દબાણ કરના વ્યક્તિને વધુમાં વધુ ૮ એકર જમીન નિયમિત કરી આપવાની રહેશે. આ મર્યાદામાં તેમની પાસેની મહેસૂલી તથા અગાઉ વન ખાતાએ નિયમિત કરી આપેલી જમીનનો સમાવેશ થશે.

(ઘ) નિયમિત કરી આપવામાં આવનાર જમીન પૈકીનો ઓછામાં ઓછી અડધી જમીનનો ઉપયોગ'એગ્રો ફોરેસ્ટ્રી ' માટે કરવાનો રહેશે.

(૨) વન ખાતા ધ્વારા કરવામાં આવેલ ગુના કામ સિવાયના કિસ્સાઓમાં ૧૯૮૦ પહેલાં જે તે વ્યક્તિએ જંગલમાં અનઅધિકૃત ખેતી કરી છે કે કેમ તે નક્કી કરવા નીચે મુજબ કાર્યવાહી કરવી. આ રીતે નિયમિત થનાર કિસ્સા ઓ ઉપર (ખ) (ગ) (ઘ) ની શરતોને આધિન રહેશે.

(ક) વનખાતાએ તેમના ગુના રજીસ્ટર પ્રમાણે ૧૯૬૭થી ૧૯૮૦ સુધીમાં જે કંઈ ગુના નોંધાયા હોય તેના આધારે ગામ અને વ્યક્તિ પ્રમાણે બિનઅધિકૃત ખેતી કરનારની યાદી બનાવવાની રહેશે.

(ખ) કેટલીક સંસ્થાઓ અને કાર્યકર્તાઓએ તેમની પાસે ૧૯૮૦ પહેલાં જંગલમાં ખેતી કરી હોય તેનો દસ્તાવેજ સમિતિને રજૂ કરેલ. રજૂ કરવામાં આવેલ સરકારી દસ્તાવેજો ધ્યાનમાં લઈને કોઈ વ્યક્તિ એ ૧૯૮૦ પહેલાં ખેતી કરી છે તેવું ચકાસણી બાદ પુરવાર થાય તો વનખાતાએ ગુના રજીસ્ટર પ્રમાણે તૈયાર કરેલ યાદીમાં તેનું નામ ન હોય તો પણ તેનો સમાવેશ કરી લેવાનો રહેશે.

(ગ) આવી રીતે દસ્તાવેજી પૂરાવાના આધારે તૈયાર થયેલ સંપુર્ણ યાદી દરેક ગામના ચોરાપર જાહેર કરવાની રહેશે.

(ઘ) ઉપર મુજબની યાદી જાહેર થયા પછી પણ કોઈ વ્યક્તિને એમ લાગે કે, તેમણે ૧૯૮૦ પહેલાં ખેતી કરેલ હોવા છતાં તેનું નામ યાદીમાં સમાવેશ થયેલ નથી તો તેમણે યાદી બહાર પડયાની તારીખથી એક માસમાં નાયબ વન સંરક્ષકશ્રીને અરજી કરવાની રહેશે.

(૫) આવી અરજીઓની ચકાસણી જિલ્લા કલેક્ટરે, જિલ્લા વિકાસ અધિકારી તથા નાયબ-વન સંરક્ષકની બનેલ સમિતિ કરશે.

આ સમિતિ ૧૯૮૦ પહેલાં જે તે વ્યકિતએ જંગલની જમીનમાં ખેતી કરેલ છે કે કેમ, તે નક્કી કરવા માટે ખેતીવાડી ખાતા મારફતે નાના, સીમાંત આદિવાસી, પછાત કે હરીજન વર્ગના ખેડુતોને કોઈ યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો હોય અને તેના પૂરાવા હોય તો જ વિચારણામાં લેશે.

(છ) ઉપરોકત સમિતિ પોતાના હેઠળના સ્થાનિક અધિકારીઓ પાસેથી ઉપર મુજબના દસ્તાવેજો પુરાવા, જરૂરી માહિતી મેળવશે અને તેના આધારે જ રાજય સરકારને જરૂરી ભલામણ કરશે.

[illegible] વનખાતા તરફથી જે બિનઅધિકૃત ખેતી ૧૯૭૨ પછી છોડાવીને પ્લાન્ટેશન કર્યા હોય અને આ પ્લાન્ટેશન જો સારી સ્થિતિમાં હોય તો તે માટેનો સરકારી ખર્ચ બરબાદ ન થાય તે માટે આવી રીતે જે વ્યકિતએ બિનઅધિકૃત જમીન જંગલખાતા તરફથી છોડાવી દેવામાં આવી હોય તેમને ફકરા (૩) મુજબ મળવાપાત્ર જમીન બીજી કોઈ જગ્યાએ આપવાની રહેશે.

(૪) વન સંરક્ષણ ધારો ૧૯૮૦ની જોગવાઈઅનુસાર ઉપર મુજબ નિયમિત કરી આપવાની જમીન અંગે વિગતવાર દરખાસ્ત ભારત સરકારને મોકલવામાં આવે અને તેને ભારત સરકારની મંજુરી મળે ત્યારબાદ જ આવી જમીનો નિયમિત કરી આપવામાં આવશે. એટલે કે તેનો ખરેખર અમલ ભારત સરકારની મંજુરી મળયા બાદ જ કરવામાં આવશે.

(૫) વન સંરક્ષણ ધારો ૧૯૮૦ની જોગવાઈ જોતાં હવે પછી બિનઅધિકૃત ખેડાણો નિયમિત કરી આપવાનું કોઈપણ સંજોગોમાં શકય બને તેમ નથી. જેથી ૧૯૮૦ પછીના બિનઅધિકૃત ખેડાણો કોઈ પણ કારણસર નિયમિત કરી આપવામાં આવશે નહિ. તેમજ નિયમિત કરી આપવાના ન થાય તેવા કેસોમાં બધોજ જંગલની જમીન પરના ખેડાણો દુર કરવામાં આવશે.

(૬) ઉપર મુજબ નિયમિત કરી આપવાની થતી જંગલની જમીન અંગે જરૂરી દરખાસ્ત [illegible]. ભારત સરકારને મોકલવામાં આવે અને તેને ભારત સરકારની મંજૂરી મળે ત્યારબાદ જે જમીનો નિયમિત કરી આપવાનું નકકી થાય તેના ચોકકસ નકશાઓ સર્વે કરીને લોકોને આપવા. અગાઉની નિયમિત કરી આપેલી જંગલની જમીનો અંગે પણ આ કામ બધા વિભાગોમાં ચોકસાઈપુર્વક થયું નથી. તે પુરું કરવું. આ કામ પુરું કરવા વલસાડ (ઉત્તર- દક્ષિણ) , રાજપીપળા (પુર્વ- પશ્ચિમ), ગોધરા, બારીયા, બનાસકાંઠા અને સાબરકાંઠા વિભાગોમાં એક રેંજ ફોરેસ્ટ ઓફિસર (સર્વે) અને વણ સરવેયરોની ટુકડી ઉભી કરવાની રહેશે. આ ટુકડીએ નિયમિત કરી આપવાની સઘળી જમીનોનો સરવે કરવાનો રહેશે. ઉપરોકત ટુકડી માટેની જરુરી જગ્યાઓ ઉભી કરવા

સંભવિત ખર્ચની વિગતો સહિત દરખાસ્ત કરવાની રહેશે.

(૭) નિયમિત કરી આપવામાં આવનાર જંગલની જમીન પરના ૧૯૮૦ સુધીના વૃક્ષો જે તે ખેડનાર ખેડુતની જમીનમાં હોય, તેની માલિકી સરકાર ની રહેશે. અને ૧૯૮૦ પછીના જે વૃક્ષોનું વાવેતર જે તે ખેડુતોએ કરેલ હોય તેની માલિકી ખેડુતોની રહેશે.

૨/- આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૧૮/૯/૯૨ના રોજ મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ડાહ્યાભાઈ ચૌહાણ)
સરકારના નાયબ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ.

પ્રતિ,

- મા. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી.
- મા. વનમંત્રીશ્રીના અંગત સચિવશ્રી
- મા. ર.ક.ના વનમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ~~ગુજરાત રાજ્ય,~~ વડોદરા.
- બધા મુખ્ય વન સંરક્ષકશ્રીઓ, વડોદરા.
- બધા મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
- બધા રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
- બધા સંસદીય સચિવશ્રીઓના અંગત મદદનીશશ્રી
- બધા વન સંરક્ષકશ્રીઓ/ નાયબ વન સંરક્ષકશ્રીઓ( અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(મારફત)
- બધા કલેકટરશ્રીઓ/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સચિવાલયના બધા વિભાગો.
- નાણાંકીય સલાહકારશ્રી( વન વિભાગ)
- વન અને પર્યાવરણ વિભાગની બધી શાખાઓ.
- સીલેક્ટ ફાઈલ

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઠરાવક્રમાંક:-આરબીડી/૧૦૮૯/૧/સ
સચિવાલય,ગાંધીનગર
તારીખ:-૨૬-૧૨-૯૨

વિષય:- રેખા નિયંત્રણ નિયમોના અમલ માટે મા.મ. વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રીઓને
સત્તા આપવા બાબત

વંચાણે લીધો:- ૧) મહેસુલ વિભાગનો તા.૨૮/૭/૮૯નો ઠરાવક્રમાંક:-એલઆરઆર
૧૦૮૯/૧૫૦/ક
૨) મહેસુલ વિભાગનો તા.૧૮/૭/૯૦નો ઠરાવક્રમાંક:-જમવ/૧૦૭૯
૨૦૧૮/ક
૩) મા.મ.વિ.નો તા.૨૭/૭/૮૪નો પરિપત્રક્રમાંક-આરબીડી/૧૧૮૪
૨૭૨૪૯(૩૨)-સ
૪) મા.મ. વિભાગનો તા.૧૯/૪/૯૧ નો ઠરાવક્રમાંક-આરબીડી/૧૦૮૯
૧/સ

સુધારો
-----

રેખા નિયંત્રણ નિયમોના અમલ માટે માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રીઓને ઉપર સંદર્ભ(૪)માં દર્શાવેલ ઠરાવથી કેટલીક સત્તાઓ આપવામાં આવેલી છે. તા.૧૯/૪/૯૧ ના ઠરાવનાપારા (૫) અને(૬) માં આપેલ સત્તાઓમાં સુધારો કરવો જરુરી હોઈ તે પારા આથી રદ કરવામાં આવે છે. અને તેને બદલે સુધારેલ પારા (૫) અને (૬)નો હવે નીચે મુજબ અમલ કરવાનો રહેશે.

(૫) સબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી(રાજ્ય)/પંચાયત તરફથી એન.ઓ.સી મળેથી તથા સબંધિત અધિકારી/સંસ્થા તરફથી બાંધકામ કરવાનો રજા ચીઠ્ઠી મળ્યા બાદ બાંધકામ કરનાર રેખા નિયંત્રણ નો ભંગ કરતાં માલુમ પડે તો તુરતજ તે રસ્તાના હવાલાના નાયબ કાર્યપાલક ઈજનેરે એ બાંધકામ અટકાવવા નોટીસ આપવાનો રહેશે અને દિન.૧૫ માં બાંધકામ તોડવા માટે જણાવવાનું રહેશે. આપેલ સમય મર્યાદામાં બીન અધિકૃત બાંધકામ તોડવામાં ન આવે તો સરકારી જમીનમાં કરેલ બાંધકામ જરુરત પડે પોલીસ નો મદદ લઈને બાંધકામ કરનારના ખર્ચે અને જોખમે દુર કરાવવાનું રહેશે. જ્યારે સરકારી જમીનની બહાર કરેલ બાંધકામ દુર કરાવવા મહેસુલ વિભાગને જણાવવાનું રહેશે. અને તેવું બાંધકામ મહેસુલ વિભાગ દ્વારા સત્વરે દુર કરાય તે જોવાનું રહેશે.

(૬) કોઈ પણ રસ્તાની હદમાં અથવા રેખા નિયંત્રણનો ભંગ કરે તેવું બીન અધિકૃત બાંધકામ થતું માલુમ પડે એટલે તુરત જ રસ્તાના હવાલાના સેકશન ઓફીસર/નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીએ બાંધકામ અટકાવવાનું રહેશે.તેમજ સરકારી જમીનમાં થતું બાંધકામ તાત્કાલિક દુર કરાવવાનું

રહેશે. અને સરકારી જમીન બહાર થતાં [illegible] બાંધકામ ને દૂર કરાવવા માટે મહેસૂલ વિભાગને જાણ કરવાની રહેશે, જો બાંધકામની શરૂઆતમાં ૧૫ર મુજબ કાર્યવાહી કરવામાં નહીં આવે તો સંબંધિત સેકશન ઓફિસર/નાયબ કાર્યપાલક ઈજનેર જવાબદાર ગણાશે. સરકારી જમીન માં થતું બાંધકામ દૂર કરાવવા/તોડવા માટે કાર્યપાલક ઈજનેરશ્રી(રાજ્ય)/પંચાયત)ને જરૂરી સત્તા આપવામાં આવે છે. [illegible] અધિકૃત બાંધકામ કરનારને રૂબરૂ [illegible] પછી જરૂરત પડે પોલીસની મદદ લઈને પણ દૂર કરાવવાનું રહેશે.

તા.૧૯/૮/૯૧ ના ઠરાવની અન્ય શરતો યથાવત રાખવામાં આવે છે.

આ સુધારો મહેસૂલ વિભાગની આ વિભાગની ફાઈલ ક્રમાંક [illegible]/ ૧૦૯૨/૨૩૮૨૨/(૯) ગ ઉપર તા.૧૭/૧૧/૯૨ ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

એસ. જી. [illegible]
નાયબ સચિવ
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,
૧) સર્વે અધિક્ષક ઇજનેરશ્રી(રાજ્ય) અને પંચાયત(માર્ગ અને મકાન)
૨) સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ (રાજ્ય) અને પંચાયત (માર્ગ અને મકાન) વિભાગો
૩) સર્વે તાંત્રિક અધિકારીઓ, મા. મ. [illegible] સચિવાલય, ગાંધીનગર
૪) ખાસ સચિવશ્રી, મહેસૂલ વિભાગ, [illegible] અમદાવાદ
૫) નાણાકીય અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૬) [illegible] અમદાવાદ
૭) પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૮) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૯) સર્વે બ્રાંચ શાખાઓ, મા. મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૦) સિલેક્ટ ફાઈલ ૨૬૧

સરકારી જમીન ઉપરના દબાણો નિયમબધ્ધ કરવા અંગેના જીલ્લા વિકાસ અધિકારીના અધિકારો પરત લેવા બાબત..

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
ઠરાવ ક્રમાંક: દબણ/૧૦૯૨/૧૫૦૭/અ,
સચિવાલય,ગાંધીનગર,
તા.૪/૪/૯૩

સંદર્ભ:-

(૧) ઠરાવ ક્રમાંક: દબણ/૧૦૭૨/૨૦૭૬૫/અ, તા.૮/૧/૧૯૮૦,

(૨) " " : એલએનડી/૩૯૭૮/૯૭૧૪૭/અ, તા.૧૯/૩/૭૯,

(૩) " " : જમન/૩૯૭૯/૧૮૩૪/(૭૯)/અ, તા.૧૪/૫/૭૯,

(૪) સરકારી પત્ર ક્ર: જમન/૩૯૭૯/૧૮૩૪(૭૯) અ, તા.૩૧/૭/૮૦

ઠ_રા_વ :-

સરકારના સંદર્ભ-૧ હેઠળના તા.૮/૧/૮૦ના સંકલીત ઠરાવથી સરકારી જમીન નિયમબધ્ધ કરવાની નીતી નક્કી થયેલ છે. અને દબાણ નિયમબધ્ધ કરવાના અધિકારો મહેસુલી અધિકારીઓને આપવામાં આવેલ છે. સંદર્ભ-૨ હેઠળના તા.૧૯/૩/૭૯ના ફકરા-૬ની આઇટમ-૬ માં પણ દબાણના અધિકારોની વિગત છે. સંદર્ભ-૩ હેઠળના તા.૧૪/૫/૭૯ના ઠરાવથી ગામતળની જમીન અંગે જીલ્લા વિકાસ અધિકારીઓને કલેક્ટરના જેટલાજ અધિકાર આપવામાં આવેલ હતા. તેમજ તા.૩૧/૭/૮૦ના પત્રથી સ્પષ્ટતા પણ કરેલ હતી કે ગામતળની જમીનમાં દબાણ નિયમબધ્ધ કરવાના અધિકાર જીલ્લા વિકાસ અધિકારીઓ ભોગવી શકશે. આમ સરકારી જમીન ઉપરના દબાણ અંગે મહેસુલી અધિકારીઓ અને જીલ્લા વિકાસ અધિકારીઓ એમ બે તંત્ર પાસે અધિકાર હોવાથી એકસૂત્રતા જળવાતી ન હોવાની બાબત સરકારના ધ્યાને આવેલ હતી.

૨. આ બાબતે પૂરતી વિચારણાબાદ તા.૧૪/૫/૭૯થી ગામતળની જમીન ઉપરના દબાણો નિયમબધ્ધ કરવાના અધિકારો જીલ્લા વિકાસ અધિકારીઓને આપેલ હતા તે અધિકારો આથી રદ કરવામાં આવે છે.

૩. આથી હવે થી બધી સરકારી જમીનો ઉપર થયેલ દબાણો નિયમબધ્ધ કરવાની સત્તા તા.૮/૧/૮૦ના ઠરાવ મુજબ મહેસુલી અધિકારીઓજ ભોગવી શકશે.

જીલ્લા વિકાસ અધિકારી ભોગવી શકશે નહીં. વધુમાં હવેથી ગામતળના દબાણો અંગેની દરખાસ્ત કલેકટરશ્રીએ જ સરકારમાં રજૂ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

આઈ.એલ.કુરેશી,
ઉપસચિવ,
મહેસુલ વિભાગ,ગુજરાત સરકાર,

પ્રતિ,

૧. સર્વે કલેકટરશ્રીઓ,
૨. સર્વે પ્રાંત અધિકારીઓ
૩. સર્વે મામલતદારો,
૪. સર્વે જીલ્લા વિકાસ અધિકારીઓ,
૫. સચિવશ્રી (વિવાદ) મહેસુલ વિભાગ,બહુમાળીમકાન,લાલ દરવાજા,અમદાવાદ,
૬. મહેસુલ તપાસણી કમિશ્નરશ્રી,મહેસુલ વિભાગ,
૭. સેટલમેન્ટ કમિશ્નર અને રેકર્ડ નિયામકશ્રી,અમદાવાદ
૮. વિકાસ કમિશ્નરશ્રી,જુના સચિવાલય,ગાંધીનગર
૯. પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર,
૧૦. મહેસુલ વિભાગની અ,અ.૧, જ,ગ,ગ,ક અને ક્ષ શાખાઓ,
૧૧. સીલેકટ ફાઈલ..

**<u>શહેરી વિસ્તારમાં સરકારી જમીન ઉપરની ઝુંપડ પટ્ટી નિયમબધ્ધ કરવા બાબત..</u>**

મહેસુલ વિભાગ
ગુજરાત સરકાર
ઠરાવ ક્રઃ દબાણ/૧૦૯૨/૩૦૩૩/લ.
સચિવાલય,ગાંધીનગર,
તા.૧૦/૨/૧૯૯૩.

સંદર્ભ : ૧) મહેસુલવિભાગના ઠરાવ ક્રઃયુએલસી/૧૦૮૬/૧૯૨૮/વ.૧તા.૨૭/૭/૮૯.
૨) મહેસુલ વિભાગના ઠરાવ ક્રઃદબાણ/૧૦૮૯/૩૪૭૧/લ,તા.૧૮-૧૦-૮૯.

**ઠ રા વ :-**

શહેરી જમીન ટોચ મર્યાદા ધારાની જોગવાઈ હેઠળ ફાજલ પડેલ જમીન પર ઝુંપડાવાસીઓને વસાવવા સરકારના ઉપરોકત સંદર્ભ-૧ હેઠળના તા.૧૭-૭-૮૯ ના ઠરાવથી હુકમો કરવામાં આવ્યા છે. ઉપરાંત સંદર્ભ-૨ ના ઠરાવથી શહેરી જમીન ટોચ મર્યાદા હેઠળ ફાજલ થયેલ જમીનની બાજુમાં આવેલ સરકારી જમીનમાં ઝુંપડા ય તો તેવા ઝુંપડાવાસીઓને પણ તા. ૨૭-૭-૮૯ ના ઠરાવની જોગવાઈ મુજબ મીન ફાળવવી. તેવો નિર્ણય લીધેલ છે. શહેરી જમીન ટોચ મર્યાદા ધારોજે છ મહાનગર પાલિકાને લાગુ પડે છે. તે છ મહાનગર પાલીકાની હદમાં આવેલ સરકારી જમીન ઉપર ઝુંપડપટ્ટી આવેલ હોય તો તેવી ઝુંપડપટ્ટી પણ તા.૨૭-૭-૮૯ ના ઠરાવની જોગવાઈ મુજબ નિયમબધ્ધ કરવા રજુઆત સરકારમાં કરવામાં આવેલ હતી.

આ રજુઆત અંગે વિગતવાર વિચારણા કરવામાં આવી હતી અને પુખ્ત વિચારણા ને અંતે સરકારે એવુ નકકી કર્યુ છે. કે પ્રશ્ન હેઠળના છ મોટા શહેરો,અમદાવાદ,વડોદરા, સુરત,રાજકોટ,ભાવનગર,અને જામનગર વગેરે મહાનગરપાલીકાની હદમાં આવેલ સરકારી જમીન ઉપર ઝુંપડપટ્ટી આવેલ હોય તો આવી ઝુંપડપટ્ટી ના ઝુંપડાવાસી ઓને ઉપરોકત તા.૨૭-૭-૮૯ ના ઠરાવની જોગવાઈ પ્રમાણે તેમનું દબાણ નિયમીત કરી આપવું.

આ જોગવાઈઓનો લાભ ૧૯૮૩ સુધીમાંથયેલ સેન્સસમાંની ઝુંપડપટ્ટીઓને લાગુ પડશે. અને તા. ૨૭-૭-૮૯ ના ઠરાવની જોગવાઈ પ્રમાણે જે સમિતિની રચના કરવામાં આવી છે. તે સમિતિ ધ્વારા આવા કેસોનો નિકાલ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૭/૧/૯૩ ની અનુમતી મેળવી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે .

આઈએલ કુરેશી.
ઉપસચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,
કલેકટરશ્રી અમદાવાદ.

સરકારી જમીન ઉપરના દબાણો નિયમબધ્ધ
કરવા બાબત...

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
ઠરાવ ક્રમાંક: દબાણ-૧૦૯૧-૧૩૯૯-લ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧ -૬-૯૩.

સંદર્ભ :-

(૧) ઠરાવ ક્રમાંક: દબાણ-૧૦૭૨-૨૮૭૬૫-લ, તા. ૮-૧-૮૦.
(૨) ઠરાવ ક્રમાંક: દબાણ-૧૦૭૨-૨૮૭૬૫-લ તા. ૧૫-૧૧-૮૯.
(૩) ઠરાવ ક્રમાંક: દબાણ-૧૦૮૮-૨૮૭૬૫-લ તા. ૧૪-૧૨-૮૯.
(૪) ઠરાવ ક્રમાંક: દબાણ-૧૦૮૮-૪૧૫૬-લ તા. ૨૩-૧૨-૯૧.

ઠ રા વ :-

સરકારના સંદર્ભ-૧ માં દર્શાવેલ તા. ૮-૧-૮૦ ના ઠરાવથી દબાણ નિયમબધ્ધ કરવાની નીતિ નકકી કરેલ છે. અને તેમાં સંદર્ભમાં જણાવેલ ઠરાવોથી જરુરી સુધારા-વધારા કરેલ છે. તા. ૮-૧-૮૦ ના ઠરાવથી ખેતી અને બીનખેતીના દબાણો નિયમબધ્ધ કરવા માટે [illegible]રીઓને અધિકારો આપવામાં આવેલ છે. આ અધિકારો આપ્યાને ૧૦ વર્ષ જેટલો સમય થયેલ હોઈ અધિકારો અન્વયે સુધારા-વધારા કરવાની જરુરીયાત જણાતાં સક્રિય વિચારણા બાદ નીચે મુજબની સત્તાઓ કલેકટરશ્રીને સોંપવામાં આવે છે. હવે પછી દબાણ અંગે નીચે મુજબની સત્તાનો ઉપયોગ કલેકટરશ્રીએ કરવાનો રહેશે. આ સત્તાઓ તા. ૮-૧-૮૦ ના ઠરાવ તથા સંદર્ભમાં જણાવેલ ઠરાવોની જોગવાઈને આધીન રહીને વાપરી શકાશે.

(૧) ખેતીની જમીનના દબાણો :-

(૧) કલેકટરશ્રી-૮ એકર સુધી.
આ અધિકારો ૬ શહેરી સંકુલો (૧) અમદાવાદ (૨) વડોદરા. (૩) સુરત (૪) રાજકોટ (૫) ભાવનગર (૬) જામનગર શહેરી સંકુલ વિસ્તારમાં ભોગવી શકાશે નહીં.

સરકારી જમીનો ઉપરના દબાણો અટકાવવા
તેમજ દૂર કરવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:દબણ-૧૦૯૩-૧૬૯૬-લ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૭-૯-૧૯૯૩

<u>પરિપત્ર</u> :-

વિધાનસભાની અંદાજ સમિતિએ 'તલાટીની કામગીરી અને જમીન દફતરની જાળવણી' ઉપર પોતાનો અહેવાલ તૈયાર કરી ગૃહને સુપ્રત કરેલ છે. સમિતિએ આ અહેવાલમાં શહેરી વિસ્તારની સરકારી જમીનમાં દબાણો ન થાય તે માટે તકેદારી રાખવા અને તેમાં ચૂક કરનાર કર્મચારી/અધિકારી સામે પગલાં લેવા તેમજ કેટલાક અસામાજિક તત્વો સરકારી જમીનમાં ઝૂંપડા બનાવી ગરીબો પાસેથી પૈસા લેતા હોય છે. તેવા અસામાજિક માથાભારે તત્વોને શોધી કાઢી તેમની સામે કડક પગલાં લેવા ભલામણ કરેલ છે.

૨. સરકારી જમીનોની જાળવણી વ્યવસ્થિત થાય અને તેના ઉપર દબાણો ન થાય તે જોવાની તેમજ થયેલ દબાણ દૂર કરવાની જવાબદારી મહેસૂલી અધિકારીઓની છે. શહેરી વિસ્તારની જમીનોની કિંમતો હોય છે. શહેરીકરણની પ્રવૃત્તિને કારણે લોકો શહેરમાં ખુલ્લી જગ્યા હોય ત્યાં આવાસ બાંધી રહે છે. તેને કારણે સરકારી જમીનમાં બિન અધિકૃત બાંધકામો વધતા જાય છે. આ અંગે સરકારી જમીનની મહેસૂલી અધિકારીઓ દ્વારા સમયાંતરે મુલાકાત લેવાય અને દબાણ ન થાય તે માટે તકેદારી રાખવા તેમજ દબાણ થાય કે તુર્ત જ તે દૂર કરવા માટે જરૂરી પગલાં લેવા માટે સરકાર દ્વારા અવાર-નવાર સૂચનાઓ આપવામાં આવેલ છે. તેમ છતાં શહેર વિસ્તારમાં દબાણો દિનપ્રતિદિન વધતા જાય છે. તો આવા દબાણો ન થાય તે માટે તલાટી, સર્કલ ઈન્સ્પેક્ટર/ સર્કલ ઓફીસર, મેન્ટેનન્સ સર્વેયર, સીટી સર્વે સુપ્રીટેન્ડેન્ટ, મામલતદાર વગેરે કેરણી અધિકારીઓએ જરૂરી તકેદારી

રાખે અને દબાણો દૂર કરવાની કાર્યવાહી તાકીદે હાથ ધરે તેવી વ્યવસ્થા ગોઠવવા અને તેમાં ચૂક કરનાર કર્મચારી/અધિકારીની જવાબદારી નક્કી કરી તેની સામે શિક્ષાત્મક પગલાં લેવા આથી સર્વે કલેક્ટરશ્રીઓને સૂચના આપવામાં આવે છે.

૩. વધુમાં શહેરી વિસ્તારની સરકારી જમીનમાં દબાણ કરી અન્ય પાસેથી પૈસા પડાવનાર તેમજ ભાડુ વસુલ કરનાર અસામાજિક તત્વોને શોધી કાઢી તેમને કડક સજા થાય તે માટે જરુરી કાર્યવાહી કરવા આથી સર્વે કલેક્ટરશ્રીઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

નંદકિશોર પટેલ,
સેકશન અધિકારી,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

૧. સર્વે કલેક્ટરશ્રીઓ,
૨. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
૩. સચિવશ્રી (વિવાદ) અમદાવાદ,
૪. સેટલમેન્ટ કમિશ્નરશ્રી અને જમીન દફતર નિયામકશ્રી, અમદાવાદ,
૫. તપાસણી કમિશ્નરશ્રીની કચેરી,
૬. મહેસૂલ વિભાગની બ, અ.૧, ગ, જ અને ક શાખા,
૭. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, પી. શાખા,
૮. સીલેક્ટ ફાઈલ.

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંક:એફએલડી-૧૦૯૨-સીએમ-૧૩/(વ.૩)ક.
સચિવાલય, ગાંધીનગર.

તા. ૧-૮-૯૪.

ઠરાવ:-

રાજ્યમાં આદિવાસી તથા પછાત વર્ગની વ્યક્તિઓ દ્વારા જંગલની જમીન પરના સને ૧૯૮૦ સુધીના બિનઅધિકૃત ખેડાણો નિયમિત કરી આપવાની દરખાસ્ત ભારત સરકારને મોકલી શકાય તે માટે જરૂરી ધોરણો ઠરાવતા હુકમો સરકારના વન અને પર્યાવરણ વિભાગના સરખા ક્રમાંકના તા. ૬-૧૦-૯૨ ઠરાવથી બહાર પાડવામાં આવેલ છે. આવા બિનઅધિકૃત જંગલની જમીન પરના ખેડાણને નિયમિત કરવા માટે નક્કી થયેલ નીતિના અમલના દેખરેખ સારું રાજ્ય સરકાર નીચે મુજબના સભ્યોની બનેલી એક સમિતિ રચવાનું ઠરાવેલ છે.

| | | |
|---|---|---|
| (૧) | માન. મંત્રીશ્રી (વન) | અધ્યક્ષ |
| (૨) | માન. મંત્રીશ્રી (ઉદ્યોગ) | સભ્ય |
| (૩) | માન. રા.ક.મંત્રીશ્રી (વન) | સભ્ય |
| (૪) | શ્રી ઝીણાભાઈ દરજી | સભ્ય |
| (૫) | શ્રી મધુસુદન મિસ્ત્રી | સભ્ય |
| (૬) | સચિવશ્રી વન અને પર્યાવરણ | સભ્ય |
| (૭) | અગ્ર મુ.વ.સં.શ્રી વડોદરા. | સભ્ય |
| (૮) | મુ.વ.સં.શ્રી (વિકાસ અને વિસ્તરણ) | સભ્ય |
| (૯) | મુ.વ.સં.શ્રી (વન્યપ્રાણી) | સભ્ય સચિવ |

ઉપરોક્ત સમિતિની મુદત આ હુકમો બહાર પડવાની તારીખથી એક વર્ષ સુધીની રહેશે.

ઉપરોક્ત ઠરાવના ફકરા-૧(૬) માં નિયમિત કરી આપવામાં આવનાર જમીન પૈકીની ઓછામાં ઓછી અડધી જમીનનો ઉપયોગ એગ્રો ફોરેસ્ટ્રી માટે કરવાનો રહેશે. તેવી શરત રાખવામાં આવેલ. આ સંદર્ભમાં મળેલ વિવિધ રજૂઆતો અને તેના અમલમાં પડનાર મુશ્કેલીઓ અંગે પુખ્ત વિચારણા બાદ સરકારે આ શરત રદ કરવાનું ઠરાવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.બી.વરીયા)
સરકારના નાયબ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

જંગલની જમીન ઉપરના નિયમિત કરેલા અધિકૃત અને બીન અધિકૃત ખેડાણો પૈકીના કેટલાંક વિસ્તારો જંગલમાંથી કમી (ડી. રિઝર્વ) કરવા બાબત.

---

ગુજરાત સરકાર,
વન અને પર્યાવરણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:એફએલડી-૧૦૮૯-૨૨૪૪-ક,
સચિવાલય, ગાંધીનગર.

તા. ૧૬-૧૧-૯૪.

<u>વંચાણે લીધા</u> :-

(૧) ખેતી, વન અને સહકાર વિભાગનો તા.૫-૭-૭૨ ના ઠરાવ ક્રમાંક:એફએલડી-૧૦૭૦-૮૦૨૦૧-૮૨૯૫૧-પી.

(૨) સરકારના ખેતી, વન અને સહકાર વિભાગના તા.૧૨-૧-૭૯ ના ઠરાવ ક્ર.નં. એફએલડી-૧૦૭૯-૯૫૫૨૯-પી.૨,

(૩) મુખ્ય વન સંરક્ષકશ્રી (વ.પ્રા.)ગુજરાત રાજ્ય, વડોદરાનો તા.૨૨-૯-૮૯ નો પત્ર નં. એલએનડી-ડી.૧૦૩૦-૨૪-એ-૧૫૨૩-૨૮ સને ૮૯-૯૦.

(૪) મુખ્ય વન સંરક્ષકશ્રી (વ.પ્રા.) ગુજરાત રાજ્ય, વડોદરાનો તા.૭-૧-૯૨ ના અંગ્રેજી પત્ર નં.એલએનડી-ડી.૧૦૩૦-૨૪-એ-૩૩૨૦-૨૫ સને ૧૯૯૧-૯૨.

(૫) પર્યાવરણ અને વન મંત્રાલય, ભારત સરકારનો તા.૧૦-૧૧-૯૪ નો અંગ્રેજી પત્ર ક્રમાંક:૮/૪૩/૯૨-એફસી.

<u>આમુખ</u>:-

વંચાણે લીધેલ ક્રમાંક(૧) ના તા.૫-૭-૭૨ ના ઠરાવથી તા.૩૧-૧૨-૧૯૬૭ સુધીના જંગલ જમીન પરના આદિવાસીઓ દ્વારા કરતા લાંબા સમયના ખેડાણો સરકારે નિયમીત કરી આપીને જંગલની બોર્ડર પરના અને રેવન્યુ જમીનોને અડીને આવેલા નિયમિત કરેલા વિસ્તારો રેવન્યુ ખાતે તબદિલ કરવા ક્રમાંક:(૨) ના તા.૧૨-૧૦-૭૯ ના ઠરાવથી ઠરાવેલ જેથી તે જમીનો પર આદિવાસીઓને માલિકી હક મળી શકે. પરંતુ આવી જમીનો જંગલમાંથી કમી કરવાની કાર્યવાહી પૂરી થાય, તે પહેલાં ૧૯૮૦ નો વન સંરક્ષણ ધારો અમલમાં આવતા તે ધારા હેઠળ ભારત સરકારની પૂર્વ મંજુરી લેવાનું અનિવાર્ય બન્યુ. તેથી ધારા હેઠળની જરુરી દરખાસ્ત મુખ્ય વન સંરક્ષકશ્રી તરફથી ક્રમાંક:(૩) ના તારીખ: ૨૨-૯-૮૯ થી થયેલ અને ત્યારબાદ ભારત સરકારની જરુરીયાત મુજબ સુધારેલી વિગતવાર દરખાસ્ત ક્રમાંક:(૪) ના મુખ્ય વન સંરક્ષકશ્રીના તા. ૭-૧-૯૨ ના પત્રથી થયેલ જેમાં નિયમિત કરી આપેલા ૧૯૬૭ સુધીના ખેડાણો પૈકી રેવન્યુ વિસ્તારોને અડીને આવેલા જંગલ જમીનની બોર્ડર પરના તથા ચોતરફ રેવન્યુ વિસ્તાર આવેલો હોય તેવા સામેલ પરિશિષ્ટમાં રાખેલ પત્રક

મુજબના ૧૦,૯૦૦.૪૭ હેકટરનો વિસ્તાર જંગલમાંથી કમી (ડી-રીઝર્વ) કરવા માટે ભારત સરકારની મંજૂરી મેળવવા ભારત સરકારને દરખાસ્ત કરવામાં આવેલ.

ઠરાવઃ-

મુખ્ય વન સંરક્ષકશ્રીના તા.૨૨-૯-૮૯ તથા તા.૭-૧-૯૨ ના પત્રોથી મળેલ દરખાસ્ત મુજબના વિસ્તારો કે જેનો ઉલ્લેખ આ ઠરાવના સામેલ પરિશિષ્ટના પત્રકમાં કરેલ છે, તેવા જંગલ જમીન પરના નિયમિત કરેલ ખેડાણ વિસ્તાર કુલ ૧૦,૯૦૦.૪૭ હે. ને જંગલમાંથી કમી કરવા (ડી-રીઝર્વ) માટે અને મહેસુલી જમીન ગણીને કલેકટરશ્રી હસ્તક મુકવા, ભારત સરકાર દ્વારા ઠરાવાયેલ નીચે મુજબની શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) જંગલમાંથી કમી થતી (ડી-રીઝર્વ) જમીન જેટલા જ પાંખા થયેલા વન વિસ્તારોમાં વળતર વનીકરણની અન્ય કામો ઉપરાંતની વધારાની કામગીરી ૫ વર્ષ ના ગાળામાં કરવાની રહેશે જેના માટે રાજ્ય સરકાર દ્વારા નોર્મલ બજેટ ઉપરાંતના વધારાનું ફંડ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

(૨) જ્યાં અભયારણ્ય વિસ્તારો હોય ત્યાં આવા વિસ્તારો અભયારણ્યમાંથી કમી કરવા માટેનું યોગ્ય જાહેરનામું વન્યપ્રાણી સંરક્ષણ ધારાની જોગવાઈ હેઠળ બહાર પાડવામાં આવશે.

(૩) નિયમિત થયેલ વ્યકિતગત વિસ્તારોનું સિમાંકન કરવામાં આવશે.

૨. આ હુકમો અન્વયે કમી કરવાના થતા વિસ્તારોની વિગતો તમામ નાયબ વન સંરક્ષકશ્રીઓએ સંબંધિત કલેકટરશ્રીને આપવાની રહેશે તથા વનખાતા તરફથી વિગતો મળ્યે આ જમીનો આદિવાસીઓના નામે થઈ શકે તે માટેની તમામ આનુસાંગિક કાર્યવાહી મહેસુલ ખાતાએ કરવાની રહેશે.

૩. આ હુકમો ભારત સરકારના પર્યાવરણ અને વનમંત્રાલયના તા.૧૦-૧૧-૯૪ ના અંગ્રેજી પત્ર નંબર-૮/૪૩/૯૨/એફસી થી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.આર.મહેતા)
નાયબ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ.

મા. રાજ્યપાલશ્રીના સચિવશ્રી.
મા. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી.

જંગલની જમીન ઉપરના નિયમિત કરેલા
અધિકૃત અને બીન અધિકૃત બેડાણો પૈકીના
કેટલાંક વિસ્તારો જંગલમાંથી કમી
(ડી-રિઝર્વ) કરવા બાબત.

ગુજરાત સરકાર,
વન અને પર્યાવરણ વિભાગ,
ઠરાવ નં.એફસીએ/૧૦૮૯/૨૨૪૪/ક,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: -૧-૧૯૯૫.
11 JAN 1995

વંચાણે લીધા:

(૧) વન અને પર્યાવરણ વિભાગનો તા.૧૬-૧૧-૯૪નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨) મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી (કેમ્પ વડોદરા) ગુજરાતનો ફેકસ સંદેશો:
તા. ૧-૧-૧૯૯૫ ફેકસ સંદેશો.

ઠરાવ:-

વંચાણે લીધેલ ક્રમાંક:(૨) આગળના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી, ગુજરાતની સૂચના અન્વયે આ વિભાગના તા.૧૬/૧૧/૯૪ના સરખા ક્રમાંકના ઠરાવનો અમલ ચાલુ વર્ષે યોજાનાર રાજ્ય વિધાનસભા ચૂંટણીની પ્રક્રિયા પૂરી થઈ જાય ત્યાં સુધી મોકુફ રાખવાનું ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

નાયબ સચિવ,
વન અને પર્યાવરણ વિભાગ.

**સરકારી જમીન ઉપર થયેલ દબાણ બાબત.**

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ,
ઠરાવ ક્રમાંક : દબણ-૧૦૯૩-૧૬૯૧-લ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૩૧-૮-'૯૫

**ઠરાવ :**

સરકારી જમીનોની જાળવણી વ્યવસ્થિત થાય અને તેના ઉપર દબાણ ન થાય તે જોવાની તથા દબાણ અટકાવવાની અને થયેલ દબાણ દૂર કરવાની જવાબદારી મહેસુલી કર્મચારી/અધિકારીઓની છે. આવા દબાણો દૂર કરવા માટે જરૂરી સૂચનાઓ સરકાર દ્વારા વારંવાર આપવામાં આવે છે. તેમ છતાં આ અન્વયે જોઈએ તેવી અસરકારક કામગીરી થતી નથી અને સરકારી જમીન ઉપર ઉત્તરોત્તર દબાણની સંખ્યા વધતી જાય છે. વિધાનસભાની અંદાજ સમિતિએ પણ આવા દબાણો દૂર કરવા વ્યવસ્થિત અને કડક પગલાં ભરવા ભલામણ કરેલ છે.

આ બાબતે પુખ્ત વિચારણા બાદ સરકારે નક્કી કરેલ છે કે

મહેસુલ વિભાગના ક્ષેત્રિય અધિકારી/કર્મચારીઓએ તેમના વિસ્તારમાં આવેલ સરકારી જમીનો ઉપર થયેલ સઘળા અનધિકૃત દબાણો તા. ૩૧-૧૨-૯૫ સુધીમાં આઇડેન્ટીફાય કરવા અને તેની યાદી અલગ બનાવવી અને તે યાદીની ચકાસણી કલેકટરશ્રીએ કરવી.

૩. આવા આઇડેન્ટીફાય કરેલ દબાણો દૂર કરવા એક ઝુંબેશ હાથ ધરવી અને આવા દબાણો દૂર કરવા માટેના તમામ કાનૂની પગલાં ભરવા અને તેવા દબાણો તા. ૩૧-૩-૯૬ સુધીમાં દૂર કરવા તમામ જરૂરી કાર્યવાહી કરવી.

૪. જે દબાણો કોઈપણ રીતે દૂર થઈ શકે તેમ ન હોય અને તે દૂર કરવાથી સરકારને કોઈ ફાયદો થાય તેમ ન હોય અને સરકારના નીતિ નિયમો મુજબ નિયમબદ્ધ થઈ શકે તેમ હોય તો તેવા દબાણો યોગ્ય શિક્ષાત્મક

કિંમત લઇ નિયમબદ્ધ કરવાની કાર્યવાહી કલેક્ટરશ્રીએ હાથ ધરવી અને તેમની સત્તામર્યાદા ન આવતા કેસોમાં દરખાસ્ત તૈયાર કરી સરકારમાં તાકીદે રજૂ કરવી. સરકારના નીતિ નિયમો મુજબ નિયમબદ્ધ ન થઇ શકે તેવા દબાણો અચૂક દૂર કરવા.

૫. આવી સરકારી જમીનો ઉપર તા. ૧-૯-૯૫ પછી કોઇ દબાણો થશે તો તે અંગેની જવાબદારી જે તે ક્ષેત્રિય અધિકારી/કર્મચારીની રહેશે. અને તેમની સામે યોગ્ય તે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

૬. ઉપર્યુક્ત સૂચનાનો તાકીદે અમલ થાય તે મુજબની યોગ્ય તે વ્યવસ્થા ગોઠવવા અને તે અંગે જરૂરી સૂચના તમામ સંબંધિત અધિકારી-કર્મચારીઓને આપવા આથી સર્વે કલેક્ટરશ્રીઓને જણાવવામાં આવે છે. વધુમાં આ સમગ્ર કાર્યવાહીનું સમયાંતર નીરીક્ષણ -મોનીટરીંગ કલેક્ટરશ્રીઓએ કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.જી. વ્યાસ)
ઉપ સચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,
૧. સર્વે કલેક્ટરશ્રીઓ,
૨. મહેસૂલ તપાસણી કમિશ્નરશ્રી અને અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સરકારી પડતર જમીન/ગામતળની જમીનના નિકાલના કિસ્સામાં સત્તાની સોંપણી.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
ઠરાવ ક્રમાંક:જમન-૩૯૯૪-૩૦૪૬-અ,
સચિવાલય,ગાંધીનગર,
તા.૧૫/૭/૧૯૯૬

વંચાણે લીધા :

(૧) ઠરાવ ક્રમાંક:એલએનડી-૩૯૭૮-૯૭૧૮૭-અ,તા.૧૯/૩/૭૯
(૨) ઠરાવ ક્રમાંક:એલએનડી-૩૯૭૭-૧૦૧૦૮૪-અ,તા.૨૪/૧૦/૭૭
(૩) ઠરાવ ક્રમાંક:જમન-૩૯૮૩-એનએમએ-૪૩-અ,તા.૧૦/૫/૮૩
(૪) ઠરાવ ક્રમાંક:જમન-૩૯૮૫-૩૦૯૮-અ,તા.૨૧/૭/૮૬

ઠ રા વ :

ઉપર સંદર્ભમાં દર્શાવેલા ઠરાવોથી સરકારી પડતર જમીનો/ગામતળની જમીનો અલગ-અલગ વિવિધ હેતુઓ માટે ગ્રાન્ટ કરવા અંગેની સત્તાઓ કલેકટરશ્રીઓને આપવામાં આવેલી છે તા.૨૧/૭/૮૬ ના સંદર્ભ-૪ માં દર્શાવેલ ઠરાવ બાદ જમીનની કિંમતમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. અને તેને કારણે કલેકટરશ્રીઓને અગાઉ સત્તાઓ આપવામાં આવી હતી. તેમાં કિંમતને ધ્યાને લઈને મર્યાદા આવી ગઈ છે. આ બાબતમાં વિચારણા કરીને,જીલ્લા કલેકટરશ્રીઓને સોંપેલ સત્તાઓમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. આથી કલેકટરશ્રીને સંદર્ભમાં દર્શાવેલ ઠરાવમાં દર્શાવેલ ક્ષેત્રફળમાં ફેરફાર કર્યા વગર જમીનની કિંમતના સંદર્ભમાં નીચે મુજબ સત્તા મર્યાદામાં વધારો કરવામાં આવે છે.

| અ.નં. | વિગત હેતુ | જમીન ગ્રાન્ટ કરવાની જોગવાઈ દર્શાવતા સરકારી ઠરાવ/તારીખ | હાલની સત્તામર્યાદા જમીનની ક્ષેત્રફળ ચો.મી. | કિંમત | વધારેલ સત્તામર્યાદા મુજબ જમીન ક્ષેત્રફળ ચો.મી. | કિંમત |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| ૧. | સરકારી કર્મચારી અને રહેણાંક માટે મકાન બાંધવા વિના હરાજીએ જમીન આપવા બાબત. | મ.વિ.ના ઠરાવક્ર:જમન-૩૯૭૮-૧૨૪૫-અ,તા. /૧૫/૭૮ અને તા.૨૮/૩/૮૯ નો સંકલિત ઠરાવ ક્ર:જમન-૩૯૮૮-૧૭૮૫/અ, | ૨૦૦ | ૧૦,૦૦૦ | ૨૦૦ | ૨૦,૦૦૦ |
| ૨. | બીનખેતીના હેતુ માટે સરકારી પડતર જમીન આપવા બાબત. | મ.વિ.ના તા.૨૮/૩/૮૯ના સંકલિત ઠરાવ ક્ર:જમન-૩૯૮૮-૧૭૮૫-અ. | | | | |
| ૧. | રહેણાંક માટે : | | | | | |
| (અ) | વ્યક્તિગત માંગણીદારો | | ૨૦૦ | ૧૦,૦૦૦ | ૨૦૦ | ૨૦,૦૦૦ |
| (૨) | સહકારી ગૃહ-નિર્માણ મંડળીઓ માટે | | ૮૦૦૦ | ૮૦,૦૦૦ | ૮૦૦૦ | ૧,૫૦,૦૦૦ |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
|---|---|---|---|---|---|---|
| (ક) | સહકારી મંડળીઓને ગોડાઉન બનાવવા માટે | મ.વિ.નો તા. / ૧૨/૭૯ ઠરાવ ક્ર: જમમ-૩૯૭૯-૬૬૨૩૫-અ,તેમજ ઉપર દર્શાવેલ તા.૨૮/૩/૮૯ નો સંકલિત ઠરાવ | ૫૦૦ | ૨૦,૦૦૦ | ૫૦૦ | ૪૦,૦૦૦ |
| (ખ) | રાષ્ટ્રીય ગ્રીટયોજના | તા.૨૮/૩/૮૯ નો સંકલિત ઠરાવ | ૪૦૦૦ | ૪૦,૦૦૦ | ૪૦૦૦ | ૮૦,૦૦૦ |
| (ગ) | વ્યકિતગત માંગણીદાર સહકારી મંડળીઓ અને સંસ્થાઓને અન્ય હેતુ માટે તેમજ પબ્લીક ટ્રસ્ટને કિંમતે લઈને જમીન ગ્રાન્ટ કરવા અંગે. | " | ૨૦૦ | ૧૦,૦૦૦ | ૨૦૦ | ૨૦,૦૦૦ |
| (ઘ) | મંદિર મસ્જીદ ચર્ચ ધાર્મિક હેતુ માટે કિંમત લઈને આપવા અંગે. | | ૨૦૦ | ૧૦,૦૦૦ | ૨૦૦ | ૨૦,૦૦૦ |

૨. આ સત્તાઓ શહેરી જમીન ટોચ મર્યાદા અધિનિયમ ૧૯૭૬ હેઠળના છ શહેરી સંકુલના (૧) અમદાવાદ (૨) વડોદરા (૩) સુરત (૪) રાજકોટ (૫) જામનગર (૬) ભાવનગર તેમજ સત્તા સોંપણી અંગેના મહેસુલ વિભાગના તા.૧૪/૧૦/૯૫ ના હુકમ ક્ર:સયેકએમ-૧૦૮૫ ૧૫૩૨ ખ સોએ જોડેલ પરિશિષ્ટમાં દર્શાવેલા શહેરોની જમીન ગ્રાન્ટ કરવા અંગેની સત્તાઓ માન.મંત્રીશ્રી(મહેસુલ) હોઈને,તે શહેરોમાં જમીન ગ્રાન્ટ કરવા અંગેની સત્તાઓ કલેકટરશ્રીઓ ભોગવી શકશે નહીં અને તેને માટેની દરખાસ્તો સરકારને રજુ કરવાની રહેશે.

૩. કિંમત અંગેના અધિકારો જે વધારવામાં આવ્યા છે તે સિવાય સર્વોપકર્તા હેતુ માટે જમીન/આપવા/ના આપવા અંગેના જોગવાઈ સરકારે વખતો-વખત જુદા જુદા ઠરાવોથી નક્કી કરેલ નીતિ મુજબની રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકવાળી ફાઈલ ઉપર નાણાં સલાહકારશ્રીની તા.૧૦/૧૦/૯૫ ની અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અનેતેમના નામે,

સહી/-
(પી.જી.ત્રિવેદી)
ઉપસચિવ,
મહેસુલ વિભાગ,ગુજરાત સરકાર.

પ્રતિ,
બધા કલેકટરશ્રીઓ

સરકારી પડતર જમીનોને લગતી માહીતી મોકલવા બાબત.
......

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
પરીપત્ર ક્રમાંક-જમન/૩૯૯૫/૪૩૯/અ.
સચિવાલય ગાંધીનગર
તા.૧૮-૯-૯૬

પરીપત્ર :-

મહેસુલ વિભાગના (પેપર)ના એકશન પ્લાનની ચર્ચા કરવા મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપણા હેઠળ તા.૨૧-૧૧-૯૫ ના બેઠક મળી હતી તેની મીનીટસ મહેસુલ વિભાગના તા.૧૮-૧-૯૬ ના પત્ર નં.બેઠક/૧૦૯૫/૬૩૯/બ.૧ થી મોકલવામાં આવી છે. મીનીટસના મુદ્દા નં.૧૫ માં મહેસુલ વિભાગ પાસે એ વિગતો ઉપલબ્ધ હોવી જોઈએ કે સરકારની જમીનો કેટલી છે કેટલી જમીનમાં દબાણો થયેલા છે જમીનની ઉપયોગીતાના સંદર્ભમાં મુખ્ય સચિવ શ્રીએ આવી માહિતીનું કોમ્પ્યુટરાઈઝેશન કરવા ઉપર ભાર મુકયો હતો.

મુખ્ય સચિવશ્રીની ઉપરની સુચનાના સંદર્ભમાં સરકારી પડતર જમીનોને લગતી જરુરી માહિતી ઉપલબ્ધ થાય તે માટે પત્રક-૧, ૨ અને ૩ આ સાથે જોડેલ છે આ માહીતી સૌ પ્રથમ તા.૩૦-૬-૯૬ ની સ્થીતીએ અને ત્યારબાદ દર ત્રણ મહીને એટલે કે ૩૦ સપ્ટેમ્બર-, ૩૧ ડીસેમ્બર, ૩૧ માર્ચ અને ૩૦ જુનની સ્થીતીએ અપટુ ડેઈટ કરવાની છે.

બધા કલેકટરશ્રીઓ તરફથી સરકારી પડતર જમીનના નીકાલ બાબતનું પત્રક નં. ૮, ૯ દર માસે આંકડા શાખાને મોકલવામાં આવે છે તે હવે મોકલવાનું બંધ કરવાનુ રહેશે. તેના બદલે ઉપર મુજબના ત્રણ પત્રકો દર ૩ માસે એટલે કે જાન્યુઆરી, એપ્રીલ, જુલાઈ, ઓકટોબર મહીનાની ૧૦મી તારીખ પહેલા આંકડા શાખાને મળે તે રીતે મોકલી આપવાના રહેશે અને આંકડા શાખાએ માહીતી એકત્રીત કરી જે તે મહીનાના ચોથા અઠવાડીયા સુધીમાં એકત્રીત કરીને ન/લ/ગ અને અ.૧ શાખાને મોકલી આપવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી:-અવાચ્ય.
સેકશન અધિકારી
મહેસુલ વિભાગ ગુજરાત સરકાર.

પ્રતિ,
તમામ કલેકટરશ્રીઓ.

## સરકારી જમીન પર થયેલ દબાણ બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
ઠરાવ ક્રમાંક: દબણ-૧૦૯૩-૧૧૯૧-૧૨૧-લ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ-૨૧-૧-૧૯૯૭.

-: ઠરાવ :-

સરકારી જમીનોની જાળવણી અને તેના પર દબાણ ન [illegible] દબાણ અટકાવવા અને થયેલ દબાણો [illegible] વિભાગના તા-૩૧-૮-૯૫ના પરિપત્ર ક્રમાંક [illegible]-લ, થી યોગ્ય તે વ્યવસ્થા ગોઠવવા અને [illegible] કક્ષાના અધિકારી/કર્મચારીઓને સૂચનાઓ આપવા કલેકટરશ્રીઓને જણાવવામાં આવ્યુ હતું. તા-૩૧-૮-૯૫ના [illegible] પરિપત્રની સૂચનાઓને અમલ ચુસ્તરીતે કરવા [illegible] કલેકટરશ્રીઓને પુનઃ જણાવવામાં આવે છે.

(૧) દબાણો દૂર કરવા અંગે માસિક બેઠકોમાં માત્ર ઔપચારિક ચર્ચાને બદલે દબાણની સંખ્યા સાથે પ્રગતિ [illegible] નિયમિત સમીક્ષા કરવી. દબાણની કામગીરી અંગે સંબંધિત કર્મચારી/અધિકારીના ખાનગી અહેવાલમાં મૂલ્યાંકન કરવું.

(૨) જે કિસ્સામાં દબાણદાર સામે જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ અને ૨૦૨ અન્વયેની નોટિસ ઇસ્યુ કરવાની બાકી છે, તે કામગીરી ઝુંબેશ સ્વરૂપે હાથ ધરી તા-૩૧-૧-૯૭ સુધીમાં પૂર્ણ કરવી.

(૩) નિયમોની જોગવાઇ મુજબ જે દબાણો નિયમબદ્ધ કરવાપાત્ર છે, તેવા દબાણો પૈકી, કલેકટર કક્ષાએ નિયમબદ્ધ કરવાના કેસોમાં તા-૩૧-૩-૯૭ સુધીમાં નિર્ણય લેવો, અને રાજ્ય સરકાર કક્ષાએ નિયમબદ્ધ કરવાપાત્ર દબાણો અંગેની [illegible] અભિપ્રાય સાથે સ્વયં સંપૂર્ણ દરખાસ્ત [illegible] તા-૩૧-૩-૯૭ સુધીમાં રજુ કરવી.

(૪) તા-[illegible]-૯૫ પછી થયેલા દબાણો તાત્કાલિક [illegible] આ દબાણો માટે જવાબદાર કર્મચારી/અધિકારીને તા-[illegible] સુધીમાં કારણદર્શક નોટિસ આપવી અને .

શિસ્ત અને અપીલ નિયમોની જોગવાઈ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવી અને આ અંગે જવાબદાર કર્મચારી/અધિકારીના નામ સાથેનો અહેવાલ તા-૩૧-૧-૯૭ સુધીમાં સરકારશ્રીને રજૂ કરવો.

(૫) નિયમબદ્ધ ન કરી શકાય તેવા દબાણો અંગેની કાયદાકીય પ્રક્રિયા ત્વરીતે પૂર્ણ કરી ઝુંબેશરૂપે દબાણો દૂર કરાવવા ખાસ કરીને કિંમતી જમીનો પરના દબાણો અસામાજિક અને માથાભારે તત્વો દ્વારા કરાયેલ દબાણો અગ્રતા આપી દૂર કરાવવા.

(૬) જીલ્લા તંત્રના કર્મચારી/અધિકારીઓને નવા દબાણો અંગે અખબાર કે પ્રતિનિધિઓ દ્વારા કે અન્ય રીતે જાણ કરવામાં આવે ત્યારે આવા દબાણો તાત્કાલિક રીતે અટકાવવાના હોય, જાણકારી હોવા છતાં, આવા દબાણો પર કોઈ પગલાં લેવાશે નહીં તો તે અંગે જે તે જાણ થયેલ અધિકારી/કર્મચારી/કલેક્ટરશ્રી સહિતના જવાબદાર લેખાશે. આથી નવા દબાણો ન થાય તે માટે સમગ્ર તંત્રને સતર્ક રાખવા આથી જણાવવામાં આવે છે.

(૭) દબાણો દૂર થયા બાદ કેટલાંક કિસ્સાઓમાં જે જગાઓ ઉપર પુનઃ દબાણ થયાની રજૂઆત સરકારશ્રીને છે તો આ બાબતે કાળજી લઈ દૂર થયેલ દબાણો પર નવા દબાણ ન થાય તે અંગે ધ્યાન રાખવું, તથા નવા દબાણો અંગે જવાબદાર કર્મચારી/અધિકારી સામે શિક્ષાત્મક પગલાં લેવાની કાર્યવાહી હાથ ધરવી.

ઉપરની વિગતો લક્ષમાં લઈ, દબાણની કામગીરી અંગે જીલ્લાના તાબાના સમગ્ર તંત્રના કર્મચારી/અધિકારીશ્રી-ઓને સૂચનાઓ આપવી અને હવે પછી મહેસૂલ વિભાગ દ્વારા કલેક્ટરશ્રીઓની વિભાગીય બેઠકોમાં આ અંગે મુદ્દાસર ચર્ચા થનાર હોઈ, તાકીદે કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં

આ તથા ઉપર દર્શાવેલ મુદ્દાઓની કામગીરી અંગેનો
માસિક અહેવાલ અર્ધ-સરકારી-પત્ર દ્વારા મહેસૂલ
સચિવશ્રીને મોકલવા આથી જણાવવામાં આવે છે-

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને
તેમના નામે,

સહી/- એસ.એમ. વણકર
સરકારના ઉપસચિવ-
મહેસૂલ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ-
સર્વે કલેક્ટરશ્રીઓ-
મહેસૂલ તપાસણી કમિશનરશ્રી અને
અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ,

છ મહાનગરપાલિકા વિસ્તારમાંની
સરકારી જમીન ઉપરની ઝુંપડપટ્ટીઓ
નિયમબધ્ધ કરવા કલેકટરશ્રીઓને સત્તા
આપવા બાબત.

---

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
ઠરાવ ક્રમાંક:દબણ-૧૦૯૫-૨૦૭૦-લ,

સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૧૭-૬-૧૯૯૭.

<u>સંદર્ભ</u>

(૧) મહેસુલ વિભાગ ઠરાવ નં. યુ.એલ.સી. ૧૦૮૬/૧૯૨૮/વ.૧,તા.૩૦/૫/૮૭
(૨) મહેસુલ વિભાગના ઠરાવ નં. યુએલસી/૧૦૮૬/૧૯૨૮/વ.૧ ,તા.૨૭/૭/૮૯
(૩) મહેસુલ વિભાગના ઠરાવ નં. દબણ-૧૦૮૯/૩૪૭૧/લ, તા. ૧૮/૧૦/૮૯ ,
(૪) મહેસુલ વિભાગના ઠરાવ નં. દબણ-૧૦૯૨/૩૦૩૩/લ,
તા. ૧૦-૨-'૯૩.

<u>પ્રસ્તાવના</u>

મહેસુલ વિભાગના ઉપર સંદર્ભ (૨) માં જણાવેલ ઠરાવથી શહેરી જમીન ટોચ મર્યાદા ધારાની જોગવાઈ હેઠળ ફાજલ પડેલ જમીન પર ઝુંપડાવાસીઓને વસાવવા નીતિ નકકી થયેલછે તથા મહેસુલ વિભાગના સંદર્ભ (૩) અને (૪) માં જણાવેલ ઠરાવોથી છ મોટા શહેરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર અને જામનગર મહાનગરપાલિકાઓની હદમાં આવેલ સરકારી જમીનો ઉપરની સને ૧૯૮૩ સુધીમાં થયેલ સેન્સસ મુજબની ઝુંપડપટ્ટીઓ મહેસુલ વિભાગના ઉપર સંદર્ભ (૨) માં જણાવેલ તા. ૨૭-૭-'૮૯ ના ઠરાવની જોગવાઈ મુજબ નિકાલ કરવા નીતિ નકકી કરવામાં આવી છે. મહેસુલ વિભાગના ઉપર સંદર્ભ (૨) થી રચાયેલ સમિતિ રદ થયેલ છે, તેના બદલે ઉપર સંદર્ભ (૧) સામે જણાવેલ તા. ૩૦-૫-'૮૭ ના ઠરાવના પરિશિષ્ટ (ક) માં સૂચવેલ કલેકટરશ્રીઓના અધ્યક્ષપણા હેઠળની જીલ્લા સમિતિ ધ્વારા નિર્ણય અનુસાર ઝુંપડપટ્ટીઓને જમીન ફાળવણીની કામગીરી કરવાની થાય છે. જિલ્લા

જિલ્લા કલેક્ટરશ્રીઓના અધ્યક્ષસ્થાને રચાયેલ સમિતિઓ દ્વારા ઝુંપડાવાસીઓને જમીન ફાળવવા નિર્ણય થયા પછી નિયમિતરના હુકમો કરવા બાબતે સંબંધિત જિલ્લા કલેક્ટરશ્રીઓને સત્તા આપવા/અંગે સ્પષ્ટીકરણ કરવાની બાબતે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે અંગે સરકારશ્રી નીચે મુજબ ઠરાવે છે.

ઠ રા વ

રાજ્યના ૭ મહાનગરપાલિકા વિસ્તારમાંની સરકારી જમીનો ઉપરની ઝુંપડપટ્ટીઓને જમીન ફાળવવા/નિયમબધ્ધ કરવા અંગે મહેસુલ વિભાગના તારીખ: ૩૦-૫-'૧૯૯૭ ના ઠરાવ ક્રમાંક:સુએલસી-૧૦૮૬/૧૯૨૮/વ.૧ના પરિશિષ્ટ(ક) માં જણાવેલ કલેક્ટરશ્રીઓના અધ્યક્ષપણા હેઠળની જીલ્લા કક્ષાની સમિતિઓ દ્વારા નિર્ણય થયા બાદ ઝુંપડાવાસીઓને જમીન ફાળવણીના હુકમ કરવા માટે સંબંધિત જીલ્લા કલેક્ટરશ્રીઓને આથી સત્તા આપવામાં આવે છે.

૨. મહેસુલ વિભાગના તા. ૨૭-૭-'૮૯ના ઠરાવ ક્રમાંક:સુએલસી/૧૦૮૬/૧૯૨૮/વ.૧ માંનો અન્ય શરતો યથાવત્ રહે છે.

૩. આ હુકમો આ વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૨૭-૩-'૯૯ ની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. એમ. પટેલ )
સરકારના ઉપ સચિવ,
મહેસુલ વિભાગ.

નકલ રવાના:-
પ્રતિ,
૧. રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
૨. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,
૩. બધા મંત્રીશ્રીઓના અંગત મદદનીશશ્રી,
૪. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત મદદનીશશ્રી,
૫. કલેક્ટરશ્રી, અમદાવાદ,વડોદરા,સુરત,રાજકોટ, જામનગર,ભાવનગર,
સક્ષમ અધિકારી અને અધિક/નાયબ કલેક્ટરશ્રી, શહેરી જમીન ટોચ મર્યાદા, અમદાવાદ,વડોદરા,રાજકોટ, જામનગર, ભાવનગર,સુરત.
સચિવશ્રી, (જમીન સુધારણા) મહેસુલ વિભાગ.

શહેરી જમીન :ટોચ મર્યાદા અને નિયમન:
અધિનિયમ-૧૯૭૬.
કલમ-૨૦ તથા કલમ-૨૧

અનધિકૃત દબાણ અને બાંધકામ
નિયમિત કરવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક:યુએલસી-૧૦૯૭-૧૪૧૬-વ.૧
સચિવાલય,ગાંધીનગર
તા.૨૭-૧૧-૯૭.

<u>વંચાણે લીધા</u> :-
મ.વિ.ના ઠરાવ ક્રમાંક:યુએલસી-૧૦૯૭-૧૪૧૬-વ.૧
તા.૬-૧૦-૯૭.

<u>સુધારો</u> :-

સંદર્ભમાં દર્શાવેલ તા.૬-૧૦-૯૭ના ઠરાવમાં જે બિનઅધિકૃત બાંધકામ કે દબાણ નિયમબધ્ધ કરવા ઠરાવેલ છે, તે તા.૬-૧૦-૯૭ના ઠરાવ પહેલા કરવામાં આવેલ હોય તેજ આ ઠરાવની શરતોએ નિયમબધ્ધ કરવાનાં રહે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આ.દ. નાયક)
નાયબ સચિવ,
મહેસૂલ વિભાગ,ગુજરાત સરકાર.

પ્રતિ,
મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
મુખ્ય મંત્રીશ્રી, ખાસ ફરજ પરના અધિકારીશ્રી,
મંત્રીશ્રી, મહેસૂલ તથા મંત્રીશ્રી,શહેરી જમીન ટોચ મર્યાદાના અંગત સચિવશ્રી,
મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી
સચિવાલયના સર્વે વહીવટી વિભાગો
શહેરી જમીન પંચ અને હોદ્દાની રુએ સચિવશ્રી, મહેસૂલ વિભાગ,
સરકારી પોલીટેકનીક,અમદાવાદ.

મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ,વડોદરા,રાજકોટ,ભાવનગર,જામનગર,સુરત.
કલેકટરશ્રી.અમદાવાદ,વડોદરા,રાજકોટ,સુરત,જામનગર,ભાવનગર.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી,અમદાવાદ,વડોદરા,રાજકોટ,સુરત,જામનગર,ભાવનગર.
સક્ષમ અધિકારીશ્રી અને અધિક/નાયબ કલેકટરશ્રી, શહેરી જમીન ટોચ મર્યાદા,અમદાવાદ,
વડોદરા,રાજકોટ,સુરત,જામનગર,ભાવનગર.
ખાસ ફરજ પરના અધિકારીશ્રી, અમીના કેમ્પ,બ્લોક નં.૧૧, નવમો માળ,સચિ,ગાંધીનગર
મહેસૂલ વિભાગની વ-૧, ખેતી મુકિત,વ-૧ ભાળવણી વ-૨,વ-૩,વ-૪ શાખાઓ
સીલેકટ ફાઈલ.

વિષય:- સરકારી જમીન ઉપરનાં
દબાણોની વિગતો જણાવતું
પત્રક દર માસે કલેક્ટરશ્રીની
રોજનીશી સાથે મોકલવા
બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ તપાસણી કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં. ૧૧, નવમો માળ,
સચિવાલય, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંક:વહટ-ડાયરી-વશી-૧૫૬૧
તારીખ:૧૨-૧૨-૧૯૯૭.

પ રિ પ ત્ર :-

જમીન ખુબજ કિંમતી છે સરકારી જમીનની જાળવણી યોગ્ય રીતે કરવામાં ન આવે તો આવી જમીનો પર દબાણો થાય છે. સરકારી જમીન ઉપરના દબાણોના કેસોનો નિકાલ વિલંબ વગર થાય તેવું સરકાર ઇચ્છે છે. સરકારી જમીન ઉપરના દબાણો અંગેની ચોકસાઇપૂર્વક જીલ્લાકક્ષાએ કામગીરી થાય છે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. કામગીરીના નિરીક્ષણ માટે આ સાથે દર્શાવેલ નમુનાનું પત્રક માસિક રોજનીશી સાથે મોકલી આપવા સૂચના આપવામાં આવે છે. કલેક્ટરશ્રીની કામગીરીના અગત્યના ભાગરૂપે તેની દર માસે સમીક્ષા કરવામાં આવશે. ડાયરીના પત્રક "ક" માં આ વિગતો દર્શાવવાની રહેશે. અગાઉ ડાયરી સાથે દર ત્રિમાસે દબાણનું પત્રક મોકલવા જણાવેલ તે આથી રદ કરવામાં આવે છે.

નમુનાના પત્રકમાં માહિતી ડીસેમ્બર માસની ડાયરી સાથે જ મોકલવાની રહેશે. આ બાબતને અગ્રતા આપવાની રહેશે ડાયરી સાથે નિયત પત્રકમાં માહિતી મોકલવામાં ચૂક થશે તો તે અંગે જવાબદાર સામે પગલાં લેવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

(સહી)

( આ. મો. ભારદ્વાજ )
મહેસૂલ તપાસણી કમિશ્નર વ
અધિક મુખ્ય સચિવ
ગાંધીનગર.

નકલ રવાના:-

તમામ કલેક્ટરશ્રીઓ તરફ.

કલેકટરશ્રીની ડાયરી સાથે મોકલવાનું દબાણ કેસોના નિકાલની વિગતનું માસિક પત્રક.

| માસની શરૂઆતમાં બાકી દબાણના કેસોની સંખ્યા. | | માસ દરમ્યાન શોધેલા દબાણના કેસોની સંખ્યા. | | ~~દબાણના કુલ કેસોની~~ સંખ્યા. [illegible] | |
|---|---|---|---|---|---|
| ગ્રામ વિસ્તાર | શહેર વિસ્તાર | ગ્રામ વિસ્તાર | શહેર વિસ્તાર | ગ્રામ વિસ્તાર | શહેર વિસ્તાર. |
| ૧।અ। | ૧।બ। | ૨।અ। | ૨।બ। | ૩।અ। | ૩।બ। |

| માસ દરમ્યાન નિકાલ કરેલા કેસોની સંખ્યા. | | | | માસના અંતે નિકાલ માટે બાકી કેસોની સંખ્યા. | |
|---|---|---|---|---|---|
| ગ્રામ વિસ્તાર. | | શહેર વિસ્તાર. | | ગ્રામ વિસ્તાર | શહેર વિસ્તાર. |
| દબાણ દૂર કરાવ્યાં હોય તેવા કેસોની કેસોની સંખ્યા | દબાણ નિયમબદ્ધ કર્યું [illegible] તેવા કેસોની સંખ્યા | દબાણ દૂર કરાવ્યાં હોય તેવા કેસોની સંખ્યા. | દબાણ નિયમબદ્ધ કર્યું હોય તેવા કેસોની સંખ્યા. | | |
| ૪।અ। | ૪।બ। | ૪।ક। | ૪।ડ। | ।૫।અ। | ૫।બ। |

કલેકટર........

સરકારી પંચાયતો અથવા નગરપાલિકા/
મહાનગરપાલિકાની માલિકીની જમીનો
પર થતાં ગેરકાયદેસરના દબાણો અંગે
કાયદામાં દંડ અને સજાની જોગવાઈ માટે
સમિતિની રચના કરવા બાબત...

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
ઠરાવ નં. દબણ/૧૦૯૮/સીએમઆર-૪૨/લ
સચિવાલય, ગાંધીનગર.
તા-૧૮- ૫-૧૯૯૮.

<u>પ્રસ્તાવના</u> :-

રાજ્યમાંની સરકારી, પંચાયતો હેઠળની અને નગરપાલિકાઓ/ મહાનગરપાલિકાઓની માલિકીની જમીનો ઉપર ગેરકાયદેસર રીતે પેશકદમી (દબાણો) કરીને જમીનો પચાવી પાડવાની પ્રવૃત્તિ અવિરત પણે ખૂબ જ પ્રમાણમાં ચાલતી રહી છે. લેન્ડ રેવન્યુ કોડ હેઠળ દબાણો દૂર કરવાની સત્તાઓ મહેસૂલી અધિકારીઓને સોંપાયેલ છે. પરંતુ અનુભવે જણાયું છે કે, આવા દબાણદારો એક વખત હારી ગયા પછી કોર્ટનો આશરો લેતા હોય છે અને મનાઈ હુકમો મેળવતા હોય છે. પરિણામે દબાણો કરનારને લાંબા સમય સુધી દબાણ થયેલ જમીનો પરથી દૂર કરી શકાતા નથી કે તેઓને સજા કરી શકાતી નથી.

ઉપર મુજબની પરિસ્થિતિને કારણે લેન્ડ ગ્રેબીંગની પ્રવૃત્તિને સખત હાથે ડામી દેવા માટે અને સરકારી જમીન પર દબાણ ન થાય તથા સાર્વજનીક મિલ્કતોને રક્ષણ આપી શકાય તે માટે ઈન્ડીયન પીનલ કોડમાં લેન્ડ ગ્રેબીંગ કરનારાઓ વિરુધ્ધની કલમ-દાખલ કરી સરકારી સાર્વજનિક જમીનો ઉપર થતા દબાણને ગુના તરીકે જાહેર કરી શકાય અને તેમના માટે દંડની જોગવાઈ કરી શકાય તે માટે વિવિધ પાસાઓનો વિચાર કરવા માટે સમિતિની રચના કરવાનું સરકારશ્રીએ વિચારેલ છે.

<u>ઠ રા વ</u> :-

સરકારી પંચાયતોની અથવા નગરપાલિકા/મહાનગર પાલિકાની તમામ જમીનો પર થતા ગેરકાયદેસર દબાણો થતા અટકાવવા તથા આવા દબાણો માટે ઈન્ડીયન પીનલ કોડમાં ગુનાની અને તે અન્વયે દબાણદારોને સજા કરવાની જોગવાઈ માટેની દરખાસ્ત

તૈયાર કરવા માટે નીચે દર્શાવેલા ઉચ્ચ કક્ષાના અધિકારીઓની એક સમિતિની આથી રચના કરવાનું સરકારશ્રી ઠરાવે છે.

(૧) અગ્ર સચિવશ્રી ગૃહ વિભાગ,

(૨) અધિક મુખ્ય સચિવશ્રી મહેસૂલ વિભાગ,

(૩) અગ્ર સચિવશ્રી પંચાયત વિભાગ,

(૪) અગ્ર સચિવશ્રી શહેરી વિકાસ વિભાગ,

– સં.સ.શ્રી આ સમિતિના કન્વીનર રહેશે.

આ સમિતિએ દબાણ કરનાર સામે ઇન્ડીયન પીનલ કોડ મુજબ શિક્ષા કરી શકાય તે માટે એક વિગતવાર દરખાસ્ત સરકારશ્રી સમક્ષ દિન-૧૫ માં રજુ કરવાની રહેશે. જે મા.મુ.મંત્રીશ્રીને રજુ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સંયુક્ત સચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

(૧) માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન ગાંધીનગર.
(૨) માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,
(૩) માન. મંત્રીશ્રી મહેસૂલના અંગત સચિવશ્રી,
(૪) માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,
(૫) અગ્ર સચિવશ્રી ગૃહ વિભાગ.
(૬) અધિક મુખ્ય સચિવશ્રી મહેસૂલ વિભાગ.
(૭) અધિક મુખ્ય સચિવશ્રી પંચાયત વિભાગ.
(૮) અધિક મુખ્ય સચિવશ્રી શહેરી વિકાસ વિભાગ.
(૯) સર્વે મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
(૧૦) મુખ્ય સચિવશ્રી ૮ (૧૧) સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ.
(

સરકારી જમીન ઉપરના દબાણો
નિયમબધ્ધ કરવા બાબત

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
ઠરાવ ક્રમાંક:દબણ–૧૦૯૧–૧૩૯૯–૧–લ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૮–૮–૧૯૯૮

સંદર્ભ :–

૧. ઠરાવ ક્રમાંક: દબણ–૧૦૭૨–૨૮૭૬૫–લ, તા.૮–૧–૮૦
૨. ઠરાવ ક્રમાંક: દબણ–૧૦૭૨–૨૮૭૬૫–લ, તા.૧૫–૧૧–૮૯
૩. ઠરાવ ક્રમાંક: દબણ–૧૦૮૮–૨૮૭૬૫–લ, તા.૧૪–૧૨–૮૯
૪. ઠરાવ ક્રમાંક: દબણ–૨૦૮૮–૪૧૫૬–લ, તા.૨૩–૧૨–૯૧
૫. ઠરાવ ક્રમાંક: દબણ–૧૦૯૧–૧૩૯૯–લ, તા.૧–૬–૯૩

ઠ રા વ :–

સરકારના સંદર્ભ (૧) માં દર્શાવેલ તા.૮–૧–૮૦ ના ઠરાવથી દબાણ નિયમબધ્ધ કરવાની નીતિ નકકી કરેલ છે અને તેમાં સંદર્ભમાં જણાવેલ ઠરાવોથી જરૂરી સુધારા વધારા કરેલ છે. તા.૧–૬–૯૩ ના ઠરાવથી ખેતી અનેબીનખેતીના દબાણો નિયમબધ્ધ કરવા માટે ક્ષેત્રિય અધિકારીઓને આપવામાં આવેલા અધિકારો અન્વયે સુધારા–વધારા કરવાની જરૂરીયાત જણાતાં સક્રિય વિચારણા બાદ સરકારી જમીનો પરના દબાણો નિયમીત કરવાના અનુસંધાનમાં કલેકટરશ્રીઓને નીચે મુજબની સત્તાઓ આથી સોંપવામાં આવે છે. હવે પછી કલેકટરરીઓએ આ સત્તાનો ઉપયોગ તા.૮–૧–૮૦ ના ઠરાવ તથા સંદર્ભમાં જણાવેલ ઠરાવોની જોગવાઈઓને આધિન રહીને કરવાનો રહેશે.

| <u>દબાણનો હેતુ</u> | <u>ક્ષેત્રફળ</u> | <u>કિંમત રૂા.</u> |
|---|---|---|
| ૧. ખેતીની જમીનનું દબાણ | ૨.૫ એકર | ૨,૦૦,૦૦૦/– ( જેની અઢી ગણી કિંમત રૂા. ૫ લાખ થાય તેટલી કિંમતની જમીન) |
| ૨. બીન ખેતીના દબાણ<br>(વ્યાપારીક અને ઔદ્યોગિક હેતુ સિવાયના) | | |
| (અ)રહેણાંક, ધાર્મિક અને સાર્વજનિક | ૨૦૦ ચો.મી. | ૫૦,૦૦૦/– |
| (બ) જમીન મહેસૂલ નિયમોના નિગમ–૩૨ અને ૩૨(અ) માં દર્શાવેલ હેતુનું દબાણ | ૬૦૦ ચો.મી. | ૫૦,૦૦૦/– |

આ અધિકારો છ મોટા શહેરો (૧) અમદાવાદ (૨) વડોદરા (૩) સુરત (૪) રાજકોટ (૫) જામનગર (૬) ભાવનગરમાં ભોગવી શકાશે નહીં.

૩. આ હુકમો આ વિભાગની ફાઈલ નં.જમન–૩૯૯૮–૧૧૨૪(૪)–અ ઉપર નાણાં વિભાગની તા.૧–૮–૯૮ ની નોંધીથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન.જી.ખ્રિસ્તી
સેકશન અધિકારી
મહેસૂલ વિભાગ,ગુજરાત સરકાર

પ્રતિ,

– સર્વે કલેકટરશ્રીઓ
– સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ
– સર્વે મામલતદારશ્રીઓ
– સર્વે જિલ્લા વિકાસ અધિકારીઓ
– સચિવશ્રી (વિવાદ) મહેસૂલ વિભાગ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ
– મહેસૂલ તપાસણી કમિશ્નરશ્રી, મહેસૂલ વિભાગ
– સેટલમેન્ટ કમિશ્નરશ્રી અને રેકર્ડ નિયામકશ્રી, અમદાવાદ
– વિકાસ કમિશ્નરશ્રી, જુના સચિવાલય, ગાંધીનગર
– પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– મહેસૂલ વિભાગની અ, અ.૧, જ, ઝ, ગ, ક અને ક્ષ શાખાઓ
– સિલેકટ ફાઈલ.

સરકારી જમીનોમાં થયેલ અનઅધિકૃત
દબાણો ખાલી કરાવવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર નં. દબણ-૧૦૯૮-૨૬૨૫ - લ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:૨૨-૯-'૯૮.

રાજ્યમાં સરકારી જમીનો પર અસંખ્ય ગેરકાયદેસર દબાણ કરી કબજો કરવામાં આવેલ છે. આથી આ બાબતે જણાવવાનું કે, સરકારી જમીનો ઉપર આવા દબાણો થયેલ હોય તેવા દબાણો તાત્કાલિક દૂર કરવા તેમજ ભવિષ્યમાં આવા દબાણો ન થાય તે માટે જરુરી તકેદારી રાખવા સબંધિત અધિકારી / કર્મચારોને સૂચના આપવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સેકશન અધિકારી,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

નકલ રવાના :-

(૧) સર્વે કલેકટરશ્રીઓ
(૨) વિશિષ્ટ ફાઈલ.
(૩) મદદનીશ સીલેકટ ફાઈલ.

**<u>રાજ્યની સરકારી ખુલ્લી જમીનોનીજાળવણીતેમજ</u>**
**<u>ખુલ્લી જમીનોની વિડિયોગ્રાફી કરવાઅંગે.</u>**

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
પરિપત્ર ક્રમાંક:દબણ–૧૦૨૦૦૧–૪૧૭૭–લ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૫–૧૧–૨૦૦૧

<u>પરિપત્ર</u>

રાજ્યમાં નગરપાલિકા, મહાનગરપાલિકા તથા શહેરી વિકાસ સત્તા મંડળના વિસ્તારોમાં સરકારી કિંમતી જમીનો આવેલી છે. આ તમામ જમીનોની જાળવણી અત્યંત આવશ્યક છે. આમ રાજ્ય સરકારની જમીન જેવી અમુલ્ય અસ્કયામતોનો દૂરુપયોગ થાય નહી તે જોવાની જવાબદારી સરકારની છે. આવી ખુલ્લી સરકારી જમીનોની જાળવણી માટે સર્વે કલેકટરશ્રીઓને નીચે મુજબની સૂચનાનો ચૂસ્ત અમલ કરવા આથી ભારપૂર્વક જણાવવામાં આવે છે.

નગરપાલિકા, મહાનગરપાલિકા તથા શહેરી વિકાસ સત્તા મંડળ વિસ્તારમાં આવતી તમામ સરકારી ખુલ્લી જમીનોની (દબાણ સિવાયની) વિડિયોગ્રાફી કરવાની કાર્યવાહી જવાબદાર મહેસુલી અધિકારીની સીધી દેખરેખ નીચે પુરી કરવી, તથા આવી સરકારી તમામ ખુલ્લી જમીનોની માહીતિ આ સાથે સામેલ પત્રકમાં તૈયાર કરી તા. ૩૦–૧૧–૨૦૦૧ સુધીમાં સરકારશ્રીને રજુ કરવાની રહેશે. વિડિયોગ્રાફીમાં તારીખ અને સમય અંકીત થાય તેવી સુવિધા હોવી જરૂરી છે. જરૂર જણાય ત્યાં જમીનના ફોટા (સ્ટીલ ફોટોગ્રાફ) પાડી પણ રેકોર્ડ રાખવો. આ કાર્યવાહીને કલેકટરશ્રીએ ઉચ્ચતમ અગ્રતાને ધોરણે હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથીઅને તેમના નામે,

પંકજ પંડયા
નાયબ સચિવ
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર

## નગરપાલિકા, મહા નગરપાલિકા તથા શહેરી વિકાસ સત્તા મંડળ વિસ્તારમાં આવતી સરકારી/ખુલ્લી જમીનની વિગત દર્શાવતું પત્રક.

જિલ્લો :

| ક્રમાંક | નગરપાલિકા/ મહાનગરપાલિકા /શહેરી વિકાસ સત્તામંડળ તેમજ તાલુકાનું નામ. | ગામ / વિસ્તાર નું નામ. | જમીનની વિગત, ખરાબો, સરકારી પડતર ચોરસ મીટર | સર્વે નંબર | ક્ષેત્રફળ ( ખુલ્લી જમીન) ચો.મી. | રીમાર્કસ<br>એકજ સ.નં.માં ખુલ્લી જમીન અને દબાણ હોય તો દબાણવાળી અને ખુલ્લી જમીનનું ક્ષેત્રફળ અલગ અલગ દર્શાવવું (વિગતો સહીત) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |

રાજયની સરકારી જમીનોની
જાળવણી કરવા તેમજ ધંધાકીય
દબાણો દૂર કરવા તથા અટકાવવાની
<u>અસરકારક કાર્યવાહી કરવા અંગે.</u>

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃદબણ-૧૦૨૦૦૧-૪૧૭૭-લ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૫-૧૧-૨૦૦૧

<u>પરિપત્ર</u>

સરકારી જમીનોની જાળવણી કરવા તથા તેના પર થતાં અનઅધિકૃત ગેરકાયદેસર દબાણો અટકાવવા અને આવા દબાણો દૂર કરવા અંગે વિભાગના તા.૩૧-૮-૯૫ ના પરિપત્ર ક્રમાંકઃદબણ-૧૦૯૩-૧૬૯૧-લ તથા ત્યારબાદ સરખા ક્રમાંકના તા.૨૧-૧-૯૭ ના પરિપત્રથી સર્વે કલેકટરશ્રીઓને યોગ્ય વ્યવસ્થાતંત્ર ગોઠવવા સૂચનાઓ આપવામાં આવી છે. કારણ કે સરકારી જમીનો કિંમતી અને સીમીત છે. જેથી તેની જાળવણી કરવી હાલની પરિસ્થિતિમાં ખુબજ જરુરી છે. આવી આડેધડ થતી ગેરકાયદે દબાણ પ્રવૃત્તિઓ પર સતત નજર રાખી તેને નિયંત્રણમાં લેવાની સૂચનાઓનું ચૂસ્ત પાલન કલેકટરશ્રીએ તેમના હસ્તકના અધિકારીઓ પાસે કરાવવા જણાવવામાં આવે છે.

સરકારી જમીનો પરના અનઅધિકૃત દબાણો દૂર કરાવવાની વખતોવખતની સૂચનાઓ હોવા છતાં એવું ધ્યાને આવ્યું છે કે, રાજયની સરકારી જમીનોમાં દબાણોનું પ્રમાણ ખુબજ વધેલ છે.આમ સરકારી જમીનોની જાળવણી કરવા તથા દબાણો થતા અટકાવવા, ધંધાકીય દબાણો દૂર કરવા સર્વે કલેકટરશ્રીઓને ભારપૂર્વક જણાવવામાં આવે છે. તેમજ નીચે મુજબની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧) સરકારના સરખા ક્રમાંકના તા.૫-૧૧-૨૦૦૧ ના પરિપત્ર અન્વયે જે જમીનોની વિડિયોગ્રાફી કરવામાં આવી હોય તેવી આ ખુલ્લી સરકારી જમીનો પર દબાણ ઉભું ન થાય તે માટે ફરતી સીકયુરીટી વ્યવસ્થા સહિત તમામ વ્યવસ્થા કલેકટરશ્રીએ તાત્કાલિક ગોઠવવી તથા આ અંગે ઉચ્ચ અધિકારીની જવાબદારી નકકી કરવી.

(૨) આ વિસ્તારમાં આવતી ખુલ્લી જમીનોની વિડિયોગ્રાફી થયા બાદ આ જમીનમાં કોઈ પણ જાતના દબાણ ન થાય તે માટે સંબંધિત વિસ્તારના સર્કલ ઈન્સ્પેકટર તથા મામલતદારની જવાબદારી નકકી કરવી. તેમજ ફરજ પાલનના ભંગ સબબ સબંધિત અધિકારી / કર્મચારી સામે શિસ્ત વિષયક તાત્કાલિક પગલાં લેવાં.

(૩) જો આવી ખુલ્લી જમીનમાં દબાણ થતું જણાય કે ધ્યાનમાં આવે તો તે અંગેની જાણ તુરત જ કલેકટરશ્રીને તેમજ મહેસુલ વિભાગના નાયબ સચિવશ્રી(જમીન) ને કરવી.

(૪) આ ખુલ્લી જમીનો અંગે થયેલ વિડિયોગ્રાફીની વિગતો ધ્યાનમાં રાખી સમયાંતરે સરકારશ્રી ધ્વારા " રેન્ડમ ઓન ધ સ્પોટ ઈન્સ્પેકશન " કરવામાં આવશે. જે દરમ્યાન કોઈ નવું દબાણ ધ્યાનમાં આવશે તો તે માટે સર્કલ ઈન્સ્પેકટર તથા મામલતદારશ્રી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

(૫) સરકારી જમીન ઉપર જે વ્યકિતએ ઔધોગિક / ધંધાકિય (કોમર્શીયલ) દબાણ કર્યુ હોય તો તેને લાઈટ, ટેલીફોન અને પીવાના પાણી તથા ગટરના જોડાણ ન મળે તેવી પાકી વ્યવસ્થા ગોઠવવા કલેકટરશ્રીએ સંબંધિત વિભાગોના તમામ અધિકારીઓની સાથે બેઠક કરી સુચનાઓ આપવી એટલું જ નહી તેનું પાલન થાય તે સુનિશ્ચિત કરવું.

(૬) સરકારી જમીન ઉપર જેમણે ઔદ્યોગિક / ધંધાકીય દબાણ કર્યુ હોય તેમની પાસે તા.૧-૧૨-૨૦૦૧ સુધી તાત્કાલિક પોતાની જાતે જ દબાણ દૂર કરાવવું, જો ત્યાં સુધીમાં દબાણકર્તા દબાણ દૂર ન કરે તો કલેકટરશ્રીએ "પાસા" ના કાયદા હેઠળ ઔદ્યોગિક / કોમર્શીયલ હેતુ માટે જમીન પચાવી પાડી હોય, દબાણ કર્યુ હોય તેની પુરેપુરી તપાસ કરી,ખાત્રી કર્યા બાદ દોષિત જણાય તો તે વ્યકિત સામે "પાસા"ના કાયદા હેઠળ કડક કાર્યવાહી કરવી.

(૭) જીલ્લામાં આવેલ સરકારી ખુલ્લી જમીનોમાં થતાં દબાણો અંગે વહીવટી તંત્ર સિવાયની અન્ય વ્યક્તિઓ ધ્વારા, થયેલ દબાણની વિગતો જેવીકે, દબાણદારનું નામ, જમીનની વિગતો, વગેરે દર્શાવી કલેકટરશ્રીને રુબરુ મળી, ટેલીફોન / તાર, ધ્વારા અથવા લેખિતમાં માહીતિ આપે તો આવા કિસ્સાઓમાં કલેકટરશ્રીએ તેમની કચેરીએ ખાસ દબાણરજીસ્ટર રાખી તેમાં રજુઆત કરનારના નામ, સરનામા તથા દબાણની વિગતો નોંધી દબાણ દૂર કરવા તરત જ સબંધિત મામલતદારને સુચનાઓ આપવાની તમામ વ્યવસ્થા જીલ્લા કક્ષાએ ગોઠવવી.

(૮) સ્થાનીક પ્રચાર માધ્યમોમાં અખબારી યાદી ધ્વારા બહોળી પ્રસિધ્ધિ કરી જનતા પાસેથી માહિતી મંગાવીને જરૂરી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પંકજ પંડયા.
નાયબ સચિવ
મહેસુલવિભાગ,ગુજરાત સરકાર.

પ્રતિ,

- સર્વે કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તાત્કાલિક ઘટીત કાર્યવાહી સારું.
- અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર ઘટીત કાર્યવાહી સારું.
- મહેસુલ તપાસણી કમિશ્નર અને અધિક મુખ્ય સચિવશ્રી,મહેસુલ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સર્વે શહેરી વિકાસ સત્તા મંડળ.
- મહેસુલ વિભાગની સર્વે શાખાઓ,સચિવાલય.

કલેકટર .............. ..જીલ્લો

**રાજયમાં નગરપાલિકા, મહાનગરપાલિકા તથા શહેરી વિકાસ**
**સત્તા મંડળોના વિસ્તારમાં આવેલી સરકારી જમીનોમાં થયેલ દબાણોની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમાંક | નગરપાલિકા મહાનગરપાલિકા શહેરી વિકાસ સત્તા મંડળ તેમજ તાલુકાનું નામ : | ગામ/વિસ્તારનું નામ | દબાણદારનુંનામ | સર્વે નંબર | દબાણવાળી અને ખુલ્લી જમીનનું કુલ ક્ષેત્રફળ | તે પૈકી દબાણ હેઠળની જમીનનું ક્ષેત્રફળ | દબાણ કેટલા સમયથી છે ? | સર્કલ ઈન્સ્પેકટર / મામલતદારે દબાણ દૂર કરવા કરેલ કાર્યવાહીની વિગતો | દબાણ દૂર કર્યા તારીખ | રિમાર્કસ (છેવટની પરિસ્થિતિની વિગતો સહિત) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |

સરકારી જમીનો ઉપરના અનધિકૃત કબજેદાર
વ્યક્તિઓ પાસેથી વેચાણ કે ભાડાના સ્વરૂપે
હપ્તા ઉઘરાવતા તત્વો સામે કડક કાર્યવાહી
કરવા અંગે.

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
પરિપત્ર ક્રમાંક : દબાણ-૧૦૨૦૦૧-૪૩૭૯-લ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૪-૧૨-૨૦૦૧.

પરિપત્ર :-

સરકારી જમીનોની જાળવણી કરવા તથા તેના પર થતાં અનધિકૃત/ ગેરકાયદેસર દબાણો થતાં અટકાવવા વિભાગના તા.૫-૧૧-૨૦૦૧નાં પરિપત્ર ક્રમાંક : દબણ-૧૦૨૦૦૧-૪૧૭૭-લ થી સર્વે કલેક્ટરશ્રીઓને સૂચનાો આપવામાં આવી છે. સરકારના ધ્યાન ઉપર એવી બાબત પણ આવેલ છે કે, સરકારી ખુલ્લી જમીનો ઉપર ગેરકાયદેસર દબાણોનું પ્રમાણ વધી રહેલ છે. એટલું જ નહી ગેરકાયદેસર દબાણો ઉપર વસવાટ કરતાં વ્યક્તિઓ પાસે ચીઠ્ઠી સ્વરૂપે, કાચા કાગળ સ્વરૂપે, પહોંચ આપીને અથવા વણલિખિત રૂપે જાણે કે વેચાણ આપ્યું હોય તેવો વ્યવહાર કરતા હોય છે અથવા ભાડું ઉઘરાવતા હોય છે. આમા સ્થાનિક માથાભારે અસામાજિક વ્યક્તિઓ, સ્થાનિક કાર્યકર કે આગેવાન જેવા વ્યક્તિઓ પણ પૈસા / હપ્તા ઉઘરાવી છેતરપીંડી કરતાં હોય છે. આ પધ્ધતિઓ દબાણો કરવામાં આડકરતી રીતે મદદરૂપ હોય છે. આવી ગેરકાયદેસર અને ગંભીર પ્રકારની પ્રવૃત્તિ અટકાવવા નીચે પ્રમાણેની કાર્યવાહી કરવા સર્વે કલેક્ટરશ્રીઓને આથી સૂચના આપવામાં આવે છે.

સર્વે કલેક્ટરશ્રીઓએ તેમના જિલ્લામાં આવેલી સરકારી જમીનોના વિસ્તારોની તપાસ હાથ ધરવી તેમજ સરકારી જમીનો ઉપર અનધિકૃત વસવાટ કરતાં કે કબજો ધરાવતા ઈસમો પાસેથી કોઈપણ સ્વરૂપે આડકતરી રીતે હપ્તા ઉઘરાવતા હોય તે રીતે ગેરકાયદેસર દબાણોમાં મદદરૂપ થતાં ઈસમોની તપાસ હાથ ધરી ચોકસાઈપૂર્વક તેમની જવાબદારી નક્કી કરવી. આ પધ્ધતિએ અનધિકૃત દબાણોમાં મદદરૂપ બનતા હોવાથી તેવી વ્યક્તિઓ સામે આઈ.પી.સી. કલમ ૪૨૦, ૪૨૩, ૪૬૮, ૩૮૪ વગેરે જેવી લાગુ પડતી કલમ અન્વયે ફોજદારી કાર્યવાહી કરવા ઉપરાંત 'પાસા'ની જોગવાઈઓ અનુસંધાને પણ કાનૂની કાર્યવાહી હાથ ધરી પૂરી કરવી. આ અંગેની માહિતી ગુપ્ત રીતે મેળવવી અને જિલ્લામાંથી લોકોને પણ કલેક્ટરશ્રીને માહિતી આપવા પ્રેરિત કરવા. આ પ્રમાણેની કાર્યવાહી સમયબધ્ધ રીતે તાકીદે પૂરી કરી સરકારને જાણ કરશો.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પંકજ પંડ્યા)
નાયબ સચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

રાજયની દબાણ હેઠળની ખુલ્લી કરાવેલ જમીનોની
અસરકારક જાળવણી કરવા મહેસૂલી અધિકારીઓને
ચોકકસ જવાબદારી સોંપવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃદબણ/૧૦૨૦૦૧/૪૩૭૯/લ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૫/૧ ./૨૦૦૨.

પરિપત્ર :–

સરકારી જમીનોની જાળવણી કરવા તથા તેના પર થતાં અનઅધિકૃત દબાણો દૂર કરવા તથા અટકાવવા અંગે વિભાગના તા.૫/૧૧/૨૦૦૧ ના પરિપત્ર ક્રમાંકઃદબણ/૧૦૨૦૦૧/૪૧૭૭/લ થી સર્વે કલેકટરશ્રીઓએ વ્યવસ્થા તંત્ર ગોઠવવા સૂચનાઓ આપવામાં આવી છે. કલેકટરશ્રીઓ ધ્વારા નગરપાલિકા,મહાનગરપાલિકા તથા સબંધિત શહેરી વિકાસ સત્તામંડળોમાં આવેલ સરકારની કીમતી જમીનો પર ધંધાકીય / વાણિજય પ્રકારના દબાણો દૂર કરવાની કાર્યવાહી અસરકારક રીતે થઈ રહી છે.

આમ વહીવટીતંત્ર ધ્વારા નગરપાલિકા મહાનગરપાલિકા તથા શહેરી વિકાસ સત્તા મંડળોના વિસ્તારમાં દબાણ દૂર કરાવી ખુલ્લી કરવામાં આવેલ કિમતી જમીનો ઉપલબ્ધ થયેલ છે. આવી ખુલ્લી કરાવેલ જમીનો પર પુનઃદબાણો થાય નહી,તેમજ તાજેતરમાં ખુલ્લી જમીનોની જે વિડિયોગ્રાફી કરવામાં આવી છે તે જમીનોમાં પણ દબાણો થતા અટકે તે માંટે સંબંધિત મહેસૂલી અધિકારીઓની આવી જમીનોની જાળવણી માટે જવાબદારી નકકી કરવી અત્યંત આવશ્યક હોઈ, શહેરી વિસ્તારોમાં આવી ખુલ્લી જમીનો પર દબાણો થાય નહીં તે માટે જે તે મહેસૂલી અધિકારીને સર્વે નંબર સહિત નામજોગ જવાબદારી સોંપવા જરૂરી ગોઠવણ કરવા કલેકટરશ્રીઓએ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પંકજ પંડયા)
નાયબ સચિવ,
મહેસુલ વિભાગ ગુજરાત સરકાર.

ગેરકાયદેસર દબાણ દૂર કરવાથી
ઉપલબ્ધ થયેલ સરકારી જમીનનો
જાહેર હરરાજીથી નિકાલ કરવા
બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ જમન–૩૯૦૨–સીએમ–૪–અ
સચિવાલય ,ગાંધીનગર.
તા.૮–૮–૨૦૦૨.

<u>આમુખઃ–</u>

સરકારશ્રીએ તાજેતરમાં સરકારી જમીન પરના ગેરકાયદેસર દબાણ દૂર કરવા અંગે રાજયવ્યાપી ઝૂંબેશ હાથ ધરી છે. જેના પરિણામે સરકારની કરોડો રૂપિયાની કિંમતી જમીન ખુલ્લી થવા પામી છે. આ જમીન સરકારી, ગૌચર કે ગામતળની પણ હોઈ શકે છે. આથી આવી જમીનના નિકાલ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આથી નીચે પ્રમાણેની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

<u>પ રિ પ ત્ર :–</u>

સરકારશ્રી ધ્વારા ગેરકાયદેસર દબાણ દૂર કરવાની રાજયવ્યાપી ઝૂંબેશના પરિણામે ખુલ્લી થયેલ સરકારી જમીનોના નિકાલ કરતાં પહેલાં જે રસ્તાની ન હોય, અડચણરૂપ ન હોઈ, તળાવની ન હોય તેવી આ જમીનોની સંબંધકર્તા સત્તાધિકારીઓએ ચકાસણી કરવાની રહેશે.

૨. સદરહુ ઉપલબ્ધ થયેલ ખુલ્લી જમીનની વિડીયોગ્રાફી કરવાની રહેશે તથા આ જમીન ઉપર ફરીથી દબાણ ન થાય તેની કાળજી રાખવાની રહેશે. આ જમીન માટે જવાબદાર અધિકારી / કર્મચારીઓને જાળવણી અંગેની કામગીરી સોંપવાની રહેશે.

૩. સદરહુ ખુલ્લી જમીન અંગે સ્થાનિક અદાલત કે નામદાર હાઈકોર્ટમાં 'લીટીગેશન' થયેલ છે કે કેમ, તેની ચકાસણી સંબંધિત સત્તાધિકારીએ કરવાની રહેશે તેમજ આ જમીનમાં જે તે હેતુસર નિકાલ પૂર્વે નામદાર હાઈકોર્ટનો ચૂકાદો / નિર્દેશ ખાસ લક્ષમાં લેવાનાં રહેશે.

૪. ઉપર ૧ થી ૩ ની કાર્યવાહી બાદ નીચે પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) અગ્રતાક્રમ નક્કી કરવો:-

સદરહુ ખુલ્લી થયેલ જમીનના નિકાલ માટે નીચે મુજબના હેતુઓ માટે સરકારી, ગામતળની જમીન અલાયદી રીઝર્વ કરવાની રહેશે. આ કામગીરી એક માસમાં અચૂક પૂરી કરવી.

(૧) સરકારના પોતાના ઉપયોગ માટે.

(૨) ગ્રામ પંચાયત, નગરપંચાયતના વિભાગનાં ઉપયોગ માટે.

(૩) જાહેર સાહસોના ઉપયોગ માટે.

(૪) જાહેર હેતુઓ માટે.

(૫) ઉપર દર્શાવેલ હેતુઓ માટે જમીન અલાયદી રીઝર્વ રાખ્યાં બાદની વધેલી જમીનનો હરરાજીથી નિકાલ કરવાનો રહેશે. (ફકત સરકારી અને ગૌચર સિવાયની).

(૨) હરરાજીથી નિકાલ કરવા અંગે:-

સદરહુ જમીનના નિકાલ માટે જાહેર હરરાજીથી કરવા અંગેની કાર્યવાહી નીચે મુજબની રહેશે.

૧) સમિતિ:-

જે તે જિલ્લાના સંબંધિત કલેકટરશ્રીના અધ્યક્ષપણાં હેઠળ એક કમિટી બનાવવાની રહેશે. જેમાં જિલ્લા વિકાસ અધિકારી અને નિવાસી નાયબ કલેકટરશ્રી સભ્યો તરીકે રહેશે. જેને સંપૂર્ણ કાર્યવાહી કરવાની રહેશે.

) કિંમત:-

કલેકટરશ્રી / જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સદરહુ જમીનની કિંમત જિલ્લા મૂલ્યાંકન સમિતિ પાસે નક્કી કરાવવાની રહેશે. આ નક્કી થયેલ કિંમતના આધારે ઉક્ત પેરા (૧)માં જણાવેલ સમિતિ ધ્વારા તળીયાની કિંમત (UPSET PRICE) નક્કી કરવાની રહેશે.

હરરાજી કોણ કરી શકશે:-

સદરહુ ઉપલબ્ધ જમીનની હરરાજીની કાર્યવાહી નાયબ કલેકટરશ્રી, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સંચાલિત કરવાની રહેશે.

(૪) **અન્ય કાર્યવાહીઃ–**

જાહેર હરરાજીની બાકીની તમામ કાર્યવાહી જમીન મહેસૂલ અધિનિયમ–૧૮૭૯માં નિર્દિષ્ટ કરેલ જોગવાઈઓ પ્રમાણે કરવાની રહેશે.

(૫) **અન્ય તકેદારીઃ–**

સદરહુ ઉપલબ્ધ જમીનનો જાહેર હરરાજીથી નિકાલ કરતાં પહેલાં રેખા નિયંત્રણ ધારો તેમજ ટાઉન પ્લાનીગ સ્કીમનો અમલ થાય તે જોવાનું રહેશે.

૫. ઉકત સૂચનાઓ પ્રમાણેની સઘળી કાર્યવાહી છ માસમાં પૂર્ણ કરીને સરકારશ્રીને પ્રાપ્ત થનારી રકમનો વિગતવાર અહેવાલ દિન–૧૫માં સંબંધકર્તાઓએ સરકારશ્રીમાં રજૂ કરવાનો રહેશે.

૬. સદરહુ પરિપત્ર આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર મળેલ નાણાં વિભાગના તા. ૨–૭–૨૦૦૨ની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મુકેશ મોદી)
ઉપસચિવ
મહેસૂલ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
(૧) સર્વે કલેકટરશ્રીઓ
(૨) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
(૩) એ.જી., અમદાવાદ/ રાજકોટ.
(૪) સર્વે મામલતદારશ્રીઓ.
(૫) સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
(૬) અ, અ.૧, ગ,લ,જ,ઝ,ય અને આર શાખાઓ, મહેસૂલ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
(૭) સિલેકટ ફાઈલ.

ફેકસ તાકીદ
અંદાજ સમિતિ બાબત/ રાજય કક્ષા [illegible]
ક્રમાંક: અદજ/૧૦૨૦૦૨/૧૬૬૭/લ

મહેસુલ વિભાગ,
સચિવાલય,
ગાંધીનગર.
તા. ૭/૬/૨૦૦૩

પ્રતિ,
સર્વે કલેકટરશ્રીઓ,

વિષય:– વિધાનસભાની અંદાજ સમિતિને માહિતી પુરી પાડવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષયના સંદર્ભે જણાવવાનું કે, તા.૭/૬/૨૦૦૩ ના રોજ મળેલ વિધાનસભાની અંદાજ સમિતિની બેઠકમાં થયેલ ચર્ચાના અનુસંધાને કેટલીક માહિતી અંદાજ સમિતિને તાત્કાલિક(તા.૧૩/૬/૨૦૦૩ સુધી ) પૂરી પાડવાની થાય છે તેથી નીચે જણાવેલ મુદ્દાઓ પરત્વે જિલ્લાવાર માહિતી/સ્પષ્ટતા તા.૧૦/૬/૨૦૦૩ સુધીમાં અને નામ જોગ મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી છે.

(૧) ઉપલબ્ધ માહિતી પ્રમાણે તા.૩૦/૪/૨૦૦૩ ની સ્થિતિએ સાબરકાંઠા,સુરેન્દ્રનગર, રાજકોટ,ભરૂચ,અમરેલી, ભાવનગર, બનાસકાંઠા અને ગાંધીનગર એમ કુલ આઠ જિલ્લામાં ખેડૂતપોથી લખવાની અને વિતરણ કરવાની કામગીરી પૂર્ણ થયેલ નથી. તે સિવાય બાકીના ૧૭ જિલ્લાઓમાં ખેડૂતપોથી લખવાની અને વિતરણ કરવાની કામગીરી ૧૦૦% પૂર્ણ થયેલ હોવાનુ સબંધિત કલેકટરશ્રીઓએ અમ જણાવેલ છે.

ચર્ચા દરમ્યાન સમિતિના સભ્યોએ એવો મુદ્દો ઉપસ્થિત કરેલ કે સબંધિત કલેકટરશ્રીઓની તરફથી ખેડૂતપોથીઓ લખાઈને વિતરણ કરવા માટે મોકલી અપાઈ હશે પરંતુ વાસ્તવમાં તે ખેડૂતોને પૂરેપૂરી વહેંચવામાં આવી નથી. પરંતુ જે તે પંચાયત કચેરીઓમાં વિતરણ કરવા અર્થે પડી રહેલ છે. તેથી આપના જિલ્લામાં ખેડૂતપોથીઓનુ ખેડૂતોને ખરેખર વિતરણ કરવામાં આવેલ છે કે નહીં તે જણાવવા તેમજ ખરેખર તે પૂરેપૂરી ખેડૂતોને વહેંચાઈ ગઈ છે તે અંગેનું પ્રમાણપત્ર આપની સહીથી અત્રે તા.૧૦/૬/૨૦૦૩ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.

(૨) આ ઉપરાંત સમિતિના સભ્યોએ એવો પણ મુદ્દો ઉપસ્થિત કરેલ કે, જે ખેડૂતપોથીઓનું વિતરણ કરવામાં આવેલ છે તેમાંની ઘણી બધી ખેડૂતપોથીઓમાં ભૂલો રહી ગઈ છે અને તેમાં ખોટી માહિતીના કારણે ખેડૂતો જયારે બેન્કમાં લોન લેવા જાય છે ત્યારે બેંકો દ્વારા ઉકત ખેડૂતપોથીઓને અધિકૃત દસ્તાવેજ ગણવામાં આવતી નથી અને તેના કારણે ખેડૂતોને લોન મેળવવામાં મુશ્કેલી પડે છે. આ સંજોગોમાં આપના જિલ્લામાં આપને આવી કોઈ ફરિયાદો મળેલ હોય તો તેને ચકાસી તલાટી કમ– મંત્રીશ્રીઓ પાસે ઉકત ખેડૂતપોથીઓમાં જરૂરી સુધારો કરાવવા સમયબધ્ધ કાર્યક્રમ ઘડી કાઢી દરેક ખેડૂતોને આપવામાં આવેલ ખેડૂતપોથી ક્ષતિરહીત છે તેવુ પ્રમાણપત્ર આપની સહીથી અત્રે તા.૩૦/૬/૨૦૦૩ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.

(૩) અગાઉ રાજયમાં " દબાણ હટાવ ઝુંબેશ " દરમ્યાન ૨૮૭૮૨૯ જેટલા દબાણો દૂર કરીને અંદાજે રૂ.૨૧૮ કરોડની કિંમતની કુલ ૨૭,૪૭,૭૬૦ ચો. મી. જેટલી જમીનો ખુલ્લી કરાવવામાં આવી હતી. ઉકત જમીનો પર પુનઃ દબાણ થયેલ છે કે કેમ અને જો દબાણ થયેલ હોય તો તે માટે જવાબદાર અધિકારી/કર્મચારી સામે લેવાયેલ પગલાંની વિગતો દિન–સાત માં મોકલવા આ વિભાગના તા.૯/૪/૨૦૦૩ ના પત્ર ક્રમાંક : દબણ–૧૧૨૦૦૨–૫૪૪–લ, થી સૂચના આપેલ હતી ત્યારબાદ તા.૧૭/૫/૨૦૦૩ અને ૨૯/૫/૨૦૦૩ ના સભા–નામી સ્મૃતિપત્રોથી પુનઃ સૂચના આપવા છતાં આપની

કચેરી તરફથી ઉક્ત માહિતી આજદિન સુધી પાઠવવામાં આવી નથી, જે બરાબર નથી. હવે સદરહુ માહિતી અંદાજ સમિતિને પાઠવવાની હોઈ તા.૧૦/૬/૨૦૦૩ સુધીમાં અચૂક અત્રે મળી જાય તે રીતે મોકલવા વ્યવસ્થા કરવા વિનંતી છે.

(૪) લેન્ડ રેવન્યુ કોડની જોગવાઈઓ હેઠળ સરકારી જમીનો પરના દબાણો દૂર કરવાની પ્રક્રિયા અવિરત પણે હાથ ધરવાની રહે છે. તેથી ઉપર ક્રમાંકઃ ૩ આગળ જણાવેલ દબાણો સિવાયના અન્ય કોઈ દબાણો ત્યાર પછી પણ દૂર કરવામાં આવેલ હોય તો આપના જિલ્લામાં દૂર કરેલ દબાણોની સંખ્યા, મુક્ત કરેલ જમીન ( ચો.મી. માં) અને ઉક્ત જમીનની હાલની અંદાજીત કિંમતની વિગતો પણ તા.૧૦/૬/૨૦૦૩ સુધીમાં અચૂક અત્રે પાઠવવા વિનંતી છે.

(૫) આગળ ક્રમાંકઃ-૪ આગળ જણાવ્યુ તેમ લેન્ડ રેવન્યુ કોડની જોગવાઈ હેઠળ સરકારી જમીનો પર થયેલ દબાણ દૂર કરવાની પ્રક્રિયા અવિરતપણે ચલાવવાની રહે છે. ઉપરાંત નવા કોઈ દબાણો થાય નહી અને થાય તો તે માટે જવાબદાર અધિકારી/કર્મચારીની જવાબદારી નક્કી કરવાની રહે છે. આ સંજોગોમાં આપના જિલ્લામાં તા.૧/૬/૨૦૦૩ ની સ્થિતિએ કેટલી સરકારી જમીનો પર દબાણ થયેલ છે તેના સર્વે નંબર સહિતની વિગતો એકઠી કરી, કેટલા સમયથી દબાણ થયેલ છે , ઉક્ત દબાણો દૂર કરવા શુ કાર્યવાહી થઈ શકે તે ચકાસવા અને તે પ્રમાણે આપના જીલ્લાનું તંત્ર કાર્યરત કરવા માટે યોગ્ય તે વ્યવસ્થાતંત્ર ગોઠવી કાઢવા તેમજ દરમહિને આપના અધ્યક્ષપદે જિલ્લા કક્ષાની સંકલન સમિતિની બેઠક બોલાવી ઉક્ત બેઠકમાં આ બાબત ગંભીરતાથી સમીક્ષા કરી તેનો પ્રગતિ અહેવાલ તેમજ બેઠકની કાર્યનોંધ આ વિભાગને દર મહિને અચુક મોકલવા વિનંતી છે.

(૬) આ ઉપરાંત સરકારી જમીનો પર દબાણ સંદર્ભે આપના જિલ્લામાં કેટલા કેસોમાં પાસા હેઠળ અટકાયત કરવામાં આવી છે ? તેમજ તે કેસોમાં હાલ કેટલા વ્યક્તિઓ અટકાયત હેઠળ છે, તેની વિગતો પાઠવવા વિનંતી છે.

પ્રસ્તુત બાબતમાં અંગત ધ્યાન આપી તા.૧૦/૬/૨૦૦૩ સુધીની નિયત સમય-મર્યાદામાં મને નામ જોગ માહિતી અચૂક મોકલાય તે જોવા ખાસ વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

( પંકજ પંડયા )
નાયબ સચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

નકલ રવાના :-
- ફાઈલ ક્રમાંક : મકપ-૧૦૨૦૦૨-૬૨૯-લ
- ફાઈલ ક્રમાંક : દબાણ-૧૧૨૦૦૨-૫૪૪-લ
- સિલેક્ટ ફાઈલ / ડેટા ફાઈલ.

સરકારી જમીનની જાળવણી કરવા તેમજ તેના
ઉપર થતું અનધિકૃત દબાણ અટકાવવા બાબત

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: દબણ–૧૦૨૦૦૩–એમએલએ–૧૪–લ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૬–૨–૨૦૦૪

વંચાણે લીધા:–

(૧) મ.વિ. પરિપત્ર ક્રમાંક: દબણ–૧૦૯૩–૧૬૯૧–લ, તા.૩૧–૮–૯૫

(૨) મ.વિ. પરિપત્ર ક્રમાંક: દબણ–૧૦૯૩–૧૬૯૧(૧)–લ, તા.૨૧–૧–૯૭

(૩) મ.વિ. પરિપત્ર ક્રમાંક: દબણ–૧૦૨૦૦૧–૪૧૭૭–લ, તા.૫–૧૧–૨૦૦૧

(૪) મ.વિ. પરિપત્ર ક્રમાંક: દબણ–૧૦૨૦૦૧–૪૩૭૯–લ, તા.૧૪–૧૨–૨૦૦૧ અને તા.૫–૧–૨૦૦૨

(૫) મ.વિ.નો પત્ર ક્રમાંક: અદજ–૧૦૨૦૦૨–૧૬૬૭–લ, તા.૭–૬–૨૦૦૩

પ રિ પ ત્ર :–

સરકારી જમીનોની જાળવણી કરવા તથા તેના પર અનધિકૃત દબાણ થતા અટકાવવા અને જો દબાણ થયેલ હોય તો તેને દુર કરવા માટે યોગ્ય વ્યવસ્થાતંત્ર ગોઠવી કાઢવા અને તેનો ચુસ્તપણે અમલ કરવા તેમજ તે અન્વયે થયેલ કામગીરીની દર માસે સમીક્ષા કરવા મહેસૂલ વિભાગના ઉપર્યુક્ત પરિપત્રોથી વારંવાર સુચનાઓ આપવામાં આવી છે. વિભાગના તા.૩૧–૮–૯૫ ના પરિપત્રથી સુચના આપવામાં આવી હતી કે તા.૩૧–૧૨–૯૫ સુધીમાં સરકારી જમીનો ઉપર થયેલ સઘળા અનધિકૃત દબાણો આઈડેન્ટીફાય કરવા, તેની યાદી બનાવવી અને તા.૩૧–૩–૯૬ સુધીમાં તે દુર કરવા અને જે દુર થઈ શકે તેમ ન હોય તેને નિયમોનુસાર નિયમબધ્ધ કરવા કાર્યવાહી કરવી. તેના અનુસંધાને મહેસુલ તપાસણી કમિશ્નરશ્રીએ શહેર મોજણી અધિક્ષકો, મામલતદારો, વર્તુળ અધિકારીઓ/તલાટીઓને દબાણ હેઠળના વિસ્તારો, દબાણની મુદત, ખાલી કરાવાયેલ દબાણનો વિસ્તાર, સુરક્ષિત વિસ્તાર વગેરે દર્શાવતા રેકર્ડની જાળવણી કરવા સુચનાઓ આપી હતી. અત્યંત દુ:ખ સાથે જણાવવું પડે છે કે એકાઉન્ટન્ટ જનરલની ઓડીટ ટીમ દ્વારા કેટલીક કચેરીઓની પ્રતિકરુપ ચકાસણી કરવામાં આવેલ ત્યારે તેમાંથી કોઈપણ કચેરીએ દબાણની તારીખ, દબાણ કરનારાઓની સંખ્યા, દબાણનું વર્ષ અને હેતુ, દબાણ ખાલી કરાવવા/વિનિયમિત કરવા લીધેલ પગલાં વગેરે દર્શાવતા વિગતવાર રેકર્ડ રાખેલ હોવાનું જણાયું નહતું. અને પરિણામે કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલના સને ૨૦૦૦–૨૦૦૧ ના વર્ષના ઓડીટ અહેવાલમાં ઓડીટ પેરા લઈને તેની નોંધ પણ લેવામાં આવી છે.

૨. ત્યારબાદ પણ વિભાગના અન્ય પરિપત્રોથી સરકારી ખુલ્લી જમીનોની વિડીયોગ્રાફી કરવા તેના પર દબાણ ન થાય તે માટે સીક્યુરીટી વ્યવસ્થા ગોઠવવા ખાલી જમીનોની જાળવણી માટે મહેસુલી અધિકારીઓને સર્વે નંબર સહિત નામજોગ જવાબદારી સોંપવા, જવાબદારી નિભાવવામાં નિષ્ફળ રહેતા મહેસુલી અધિકારી/કર્મચારી સામે જવાબદારી નકકી કરવા માટે શિસ્ત વિષયક પગલાં ભરવા, દબાણદાર સામે 'પાસા" હેઠળ અટકાયતી પગલાં ભરવા તેમજ દબાણદારે ઔદ્યોગિક/વાણિજય હેતુ માટે દબાણ કર્યું હોય તો તેને વીજળી, ટેલીફોન, પાણી તેમજ ગટરના જોડાણ ન મળે તેવી વ્યવસ્થા ગોઠવવા વિગેરે જેવી ઘણી સુચનાઓ પણ સર્વે કલેકટરશ્રીઓને આપવામા આવી છે.

૩. છેલ્લે વિભાગના તા.૭–૬–૨૦૦૩ ના પત્રથી પણ સુચના આપવામાં આવી હતી કે તા.૧–૬–૨૦૦૩ ની સ્થિતિએ દરેક જીલ્લામાં કેટલી સરકારી જમીનો પર દબાણ થયેલ છે તેની સર્વે નંબર સહિતની વિગતો એકઠી કરી, કેટલા સમયથી દબાણ થયેલ છે, ઉકત દબાણો દુર કરવા શું કાર્યવાહી થઈ શકે તે ચકાસી તે પ્રમાણે જીલ્લાનું તંત્ર કાર્યરત કરવા માટે જીલ્લામાં યોગ્ય તે વ્યવસ્થાતંત્ર ગોઠવી કાઢવું તેમજ દર મહિને કલેકટરશ્રીના અધ્યક્ષપદે જીલ્લા કક્ષાની સંકલન સમિતિની બેઠક બોલાવી આ બાબતની ગંભીરતાથી સમીક્ષા કરી તેનો પ્રગતિ અહેવાલ તેમજ બેઠકની કાર્યનોંધ આ વિભાગને દર મહિને અચુક મોકલવી.

૪. ઉપર્યુકત તમામ સુચનાઓ આપેલ હોવા છતાં અત્યંત દુઃખ સાથે જણાવવું પડે છે કે કોઈપણ કલેકટરશ્રી દ્વારા ઉપર્યુકત સુચનાનું પાલન કરવામાં આવેલ નથી. એકપણ જીલ્લામાંથી ઉપર્યુકત બાબતે સંકલન સમિતિની બેઠકમાં સમીક્ષા થઈ હોય તો તેની વિગતો કે કાર્યનોંધ અત્રે મોકલવામાં આવી નથી. આ ઘણી ગંભીર બાબત ગણી શકાય. અત્રે એ ઉલ્લેખનીય છે કે સરકારી જમીન ખૂબ સીમીત છે અને અતિ કિંમતી છે તેથી તેનું જતન કરવાની અને તેના પર દબાણ ન થાય તે જોવાની રાજય સરકારની તેમજ સર્વે મહેસુલી અધિકારીશ્રીઓની એક અગત્યની ફરજ છે. તેમ છતાં આવી અગત્યની ફરજ પ્રત્યે મહેસુલી અધિકારીઓ દુર્લક્ષ સેવી રહયા છે. તેના કારણે જાહેર હિસાબ સમિતિ, વિધાનસભા અંદાજ સમિતિ તેમજ વિધાનસભા ગૃહમાં ઘણી વખત સરકારશ્રીને અતિ ક્ષોભનીય સ્થિતિમાં મૂકાવું પડે છે. લેન્ડ રેવન્યુ કોડની જોગવાઈઓ હેઠળ સરકારી જમીનો પરના દબાણો દુર કરવાની પ્રક્રિયા અવિરતપણે હાથ ધરવાની રહે છે. તેમ છતાં ઉકત દબાણો હટાવવા માટે દબાણ હટાવ ઝુંબેશ કરવી પડે તે બાબત જ દબાણ કરનારને રોકવામાં તંત્રની નિષ્ફળતા સૂચવે છે તેવી નોંધ માન.મહેસુલ મંત્રીશ્રીએ લેવી પડેલ છે જે પણ ઘણી ગંભીર બાબત છે.

૫. ઉપર્યુકત સંજોગોમાં સર્વે કલેકટરશ્રીઓ/મહેસુલી અધિકારીશ્રીઓને આથી પુનઃસુચના આપવામાં આવે છે કે સરકારશ્રી વ્દારા અવાર–નવાર આપવામાં આવતી સુચનાઓને ગંભીરતાથી લઈ તેનું ચુસ્તપણે પાલન કરવામાં આવે અન્યથા જવાબદારો સામે શિસ્ત વિષયક પગલાં ભરવાની સરકારશ્રીને ફરજ પડશે. સરકારી જમીન પરના દબાણો હટાવવા માટે અગાઉ અત્રેથી આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરી ફકરા–૩ માં સુચવ્યા મુજબનો સમીક્ષા અહેવાલ તેમજ સમીક્ષા બેઠકની કાર્યનોંધ દર માસની દસમી તારીખ સુધીમાં સરકારશ્રીને અચુક મોકલવા તેમજ આ સાથે બીડેલ પત્રક મુજબનો પ્રગતિ અહેવાલ પણ જે તે કાર્યનોંધ સાથે અચુક મોકલવા આથી સર્વે કલેકટરશ્રીઓને પુનઃ જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી. એ. પાઠક)
નાયબ સચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

– સર્વે કલેકટરશ્રીઓ
– સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
– સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– મહેસુલ તપાસણી કમિશ્નર અને અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– સર્વે શહેરી વિકાસ સત્તા મંડળ
– મહેસૂલ વિભાગ, અ, અ.૧, ગ, ક, જ, ઝ તથા વ.૧ શાખા

## સરકારી જમીન પરના દબાણના કેસોની આંકડાકીય માહિતી દર્શાવતું પત્રક

**જીલ્લો:**

| અ.નં. | તાલુકાનું નામ | માસની શરુઆતમાં દબાણના બાકી કેસોનીસંખ્યા | | | | માસ દરમ્યાન શોધેલ દબાણ કેસોની સંખ્યા | | | | દબાણના કુલ બાકી કેસોની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગ્રામ્ય વિસ્તાર | | શહેરી વિસ્તાર | | ગ્રામ્ય વિસ્તાર | | શહેરી વિસ્તાર | | ગ્રામ્ય વિસ્તાર | | શહેરી વિસ્તાર | |
| | | સંખ્યા | ક્ષેત્રફળ (ચો.મી.) | સંખ્યા | ક્ષેત્રફળ (ચો.મી.) | સંખ્યા | ક્ષેત્રફળ (ચો.મી.) | સંખ્યા | ક્ષેત્રફળ (ચો.મી.) | સંખ્યા | ક્ષેત્રફળ (ચો.મી.) | સંખ્યા | ક્ષેત્રફળ (ચો.મી.) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |

×

| માસ દરમ્યાન નિકાલ કરેલ કેસની સંખ્યા | | | | | | | | માસના અંતે નિકાલ માટે બાકી કેસોની વિગત | | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ્રામ્ય વિસ્તાર | | | | શહેરી વિસ્તાર | | | | | | | | |
| દબાણ દુર કરાવ્યા હોય તેવા કેસોની સંખ્યા | | દબાણ નિયમબધ્ધ કર્યા હોય તેવા કેસોની સંખ્યા | | દબાણ દુર કરાવ્યા હોય તેવા કેસોની સંખ્યા | | દબાણ નિયમબધ્ધ કર્યા હોય તેવા કેસોની સંખ્યા | | ગ્રામ્ય વિસ્તાર | | શહેરી વિસ્તાર | | |
| સંખ્યા | ક્ષેત્રફળ (ચો.મી.) | સંખ્યા | ક્ષેત્રફળ (ચો.મી.) | સંખ્યા | ક્ષેત્રફળ (ચો.મી.) | સંખ્યા | ક્ષેત્રફળ (ચો.મી.) | સંખ્યા | ક્ષેત્રફળ (ચો.મી.) | સંખ્યા | ક્ષેત્રફળ (ચો.મી.) | |
| ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ |

સરકારી જમીનનીજાળવણી કરવા તેમજ તેના
ઉપર થતું અનધિકૃત દબાણ અટકાવવા બાબત

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃઅદજ/૧૦૨૦૦૨/૧૬૬૭/લ,
સચિવાલય,ગાંધીનગર,
તા.23/૪/૨૦૦૪.

<u>વંચાણે લીધા :-</u>

(૧) મ.વિ. પરિપત્ર ક્રમાંકઃદબણ/૧૦૨૦૦૩/એમ.એલએ/૧૪/લ તા.૨૬/૨/૦૪

<u>પરિપત્ર :-</u>

સરકારી જમીનની જાળવણી કરવા તેમજ તેના ઉપર થતુ અનધિકૃત દબાણ અટકાવવા બાબતે કરવાની થતી કાર્યવાહી અને વિવિધ પગલા લેવાની તેમજ દર માસે તેની સમીક્ષા જીલ્લા સંકલન સમિતિની બેઠકમાં કરી કરેલ કાર્યવાહીનો વિગતવાર અહેવાલ નિયત પત્રકમાં મોકલવા સંદર્ભમાં દર્શાવેલ તા.૨૬/૨/૦૪ ના પરિપત્રથી વિગતવાર સૂચનાઓ સર્વે કલેકટરશ્રીઓને આપવામાં આવેલ છે.

૨. ગુજરાત વિધાનસભા અંદાજ સમિતિની તા.૧૦/૩/૦૪ ના રોજ મળેલ બેઠકમાં સર્વે સભ્યશ્રીઓની મુખ્યત્વે રજૂઆત એવી હતી કે સરકારશ્રી ધ્વારા અપાતી આવી સૂચનાઓ ફકત કાગળ પર જ રહે છે. અને જીલ્લા કક્ષાએ તેનો વિશેષ કોઈ અમલ થતો નથી. કલેકટરશ્રીઓ ધ્વારા અસરકારક રીતે દબાણ કેસો કરવામાં આવતા નથી. તેમજ જે લોકો વારંવાર દબાણ કરવાની ટેવવાળા છે તેવા લેન્ડ ગ્રેબરો સામે ' પાસા ' જેવા કાયદા હેઠળ અટકાયતી પગલા લેવાની કલેકટરશ્રીઓને સત્તા હોવા છતાં તે પરત્વે ગંભીરતાથી કાર્યવાહી કરવામા આવતી નથી. વિધાનસભાની અંદાજ સમિતિ ઉપરાંત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિનુ પણ આવુ જ તારણ જોવા મળેલ છે. સરકારશ્રીની ઉચ્ચ કક્ષાની આવી અગત્યની સમિતિઓને સરકારશ્રીની કામગીરી માટે આવી નોંધ લેવી પડે તે સર્વે કલેકટરશ્રીઓ માટે અતિ–ગંભીર અને શોચનીય બાબત છે.

૩. ઉપર્યુકત સંજોગોમાં સર્વે કલેકટરશ્રીઓને આથી પુનઃસૂચના આપવામાં આવે છે કે સરકારશ્રી ધ્વારા આપવામાં આવતી સૂચનાઓ ફકત કાગળ પર ન રહેતા તેનો ચુસ્તપણે અમલ થાય. અસરકારક દબાણ કેસો કરવામાં આવે. સરકારી જમીન પર વારંવાર દબાણ કરવા ટેવાયેલ લેન્ડ ગ્રેબરો સામે ' પાસા ' ના કાયદા હેઠળ અટકાયતી પગલા લેવા સહિતની કામગીરી હાથ ધરી સરકારી જમીન પરના દબાણો અવશ્યપણે દૂર થાય તેમજ જે ખુલ્લી જમીનો રહેલ છે તેવી સરકારી જમીનો પર કોઈ દબાણો ન થાય તેવા દઢ નિર્ધાર સાથે આપના જીલ્લાનુ તંત્ર કાર્યરત કરવા પુનઃ જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.જે. પાઠક)
નાયબ સચિવ,
મહેસુલ વિભાગ,ગુજરાત સરકાર.

સરકારી જમીનની જાળવણી કરવા
તેમજ તેના પર થતું અનધિકૃત
દબાણ અટકાવવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ અદજ–૧૦૨૦૦૨–૧૬૬૭–લ(ભાગ–૨),
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૬–૧૦–૨૦૦૪.

વંચાણે લીધા :–

(૧) મ.વિ.પરિપત્ર ક્રમાંકઃ દબણ–૧૦૯૩–૧૬૯૧–લ, તા.૩૧–૮–૯૫.
(૨) મ.વિ.પરિપત્ર ક્રમાંકઃ દબણ–૧૦૯૩–૧૬૯૧(૧)–લ, તા.૨૧–૧–૯૭.
(૩) મ.વિ.પરિપત્ર ક્રમાંકઃ દબણ–૧૦૨૦૦૧–૪૧૭૭–લ, તા.૫–૧૧–૦૧.
(૪) મ.વિ.પરિપત્ર ક્રમાંકઃ દબણ–૧૦૨૦૦૧–૪૩૭૯–લ, તા.૧૪–૧૨–૨૦૦૧ અને તા.૫–૧–૨૦૦૨.
(૫) મ.વિ.નો પત્ર ક્રમાંકઃ અદજ–૧૦૨૦૦૨–૧૬૬૭–લ. તા.૭–૬–૨૦૦૩.
(૬) મ.વિ.પરિપત્ર ક્રમાંકઃ દબણ–૧૦૨૦૦૩–એમએલએ.૧૪–લ,તા.૨૬–૨–૦૪.
(૭) મ.વિ.પરિપત્ર ક્રમાંકઃ અદજ–૧૦૨૦૦૨–૧૬૬૭–લ, તા.૨૩–૪–૨૦૦૪.

પ રિ પ ત્ર :–

સરકારી જમીનની જાળવણી કરવા તેમજ તેના ઉપર થતું દબાણ અટકાવવા બાબતે કરવાની થતી કાર્યવાહી અંગે ઉપર વંચાણે લીધેલ આ વિભાગના જુદા જુદા પરિપત્રોથી વારંવાર સુચનાઓ આપવામાં આવેલ છે. આ ઉપરાંત ક્રમાંકઃ૬ આગળ દર્શાવેલ તારીખ ૨૬–૨–૨૦૦૪ના પરિપત્રથી ઉકત સઘળી સુચનાઓ તરફ સંકલિત સ્વરૂપે પુનઃ ધ્યાન દોરવામાં આવેલ છે. આ ઉપરાંત ઉપર ક્રમાંક : ૭ આગળ જણાવેલ તા.૨૩–૪–૨૦૦૪ના પરિપત્રથી ઉપર્યુકત પરિપત્રોથી આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા પુનઃ જણાવવામાં આવેલ છે.

૨. આપ સૌ જાણો છો તેમ સરકારી જમીન અતિ–કિંમતી અને સીમિત છે. અને તેની યોગ્યરીતે જાળવણી કરવાની, તેના પર દબાણો ન થાય તે માટે સતત ચાંપતી નજર રાખવાની અને જો દબાણો થયા હોય તો તુરતજ તેને દૂર કરવાની કામગીરી હાથ ધરવાની અને પુનઃ તે જમીનો પર દબાણ ન થાય તે જોવાની આપ સૌની એક અતિ અગત્યની જવાબદારી છે. આવી કિંમતી જમીનો પર થયેલ દબાણો ખુલ્લા કરાવવા અને જમીન સરકાર હસ્તક લેવા સમગ્ર ભારતભરમાં કદાચ સૌ પ્રથમ વખત ગુજરાતમાં સને ૨૦૦૧–૨૦૦૨ દરમ્યાન ઝુંબેશ કરવામાં આવી હતી. ઉકત ઝુંબેશ દરમ્યાન સર્વે કલેકટરશ્રીઓ ધ્વારા એક ઐતિહાસિક કહી શકાય તેવી સુંદર કામગીરી બજાવવામાં આવી હતી અને પરિણામે સમગ્ર રાજ્યમાં લગભગ ૨૭.૪૭ લાખ ચો.મી. જેટલી જમીન પરના દબાણ ખુલ્લા કરાવી સરકાર હસ્તક લેવામાં આવી હતી.

૩. સરકારશ્રીને ઉપલબ્ધ થયેલ માહિતી જોતાં અત્યંત દુઃખ સાથે જણાવવું જરૂરી બન્યું છે કે ઐતિહાસિક ઝુંબેશ વખતે આપ સૌએ દર્શાવેલ કામગીરી બાદ પરત પ્રાપ્ત થયેલ સરકારી જમીનોની જાળવણી કરવામાં કેટલાક કલેકટરશ્રીઓ નિષ્ફળ ગયા છે અને તેઓના જીલ્લામાં ઉકત ખુલ્લી જમીનો પર પુનઃ દબાણો થઈ ગયા છે. સરકારશ્રી ધ્વારાં હાથ ધરાયેલ ઝુંબેશ અને તેનાથી પ્રાપ્ત થયેલ પરિણામને આમ હળવાશથી લઈ વેડફી નાખવામાં આવેલ છે જે અતિગંભીર બાબત છે તેને ચલાવી લઈ શકાય નહી. સરકારશ્રી ધ્વારાં આવી બાબતોમાં અવારનવાર સુચનાઓ આપવામાં આવે છે તે તરફ દુર્લક્ષ સેવવામાં આવે તે પણ ચલાવી લઈ શકાય નહી.

૪. ઉપર્યુકત સંજોગોમાં સર્વે કલેકટરશ્રીઓ/ મહેસુલી અધિકારીશ્રીઓનું ધ્યાન ઉકત સઘળી સુચનાઓ તરફ પુનઃ દોરી તેમાં જણાવ્યા મુજબની કાર્યવાહી અચુકપણે હાથ ધરવા પુનઃ જણાવવામાં આવે છે તેમજ નીચે મુજબની કાર્યવાહી પણ હાથ ધરવા તેમજ તે દરેકનો મુદ્દાવાર અહેવાલ દર માસની દસમી તારીખ પહેલાં સરકારશ્રીને મોકલવા આથી જણાવવામા આવે છે.

(ક) આ વિભાગના તા.૨૬-૨-૨૦૦૪ના પરિપત્રનાં ફકરા-૧માં જણાવ્યા મુજબનું દબાણ રજીસ્ટર દરેક કલેકટર કચેરીમાં નિભાવવું તેમજ જે જે મહેસુલી અધિકારીઓ/કર્મચારીઓને સરકારી જમીનની જાળવણીની કામગીરી નામજોગ/હોદ્દાજોગ સોંપવામાં આવી છે તે તે અધિકારીઓ/કર્મચારીઓ પણ તેઓના તાબા હેઠળની સરકારી જમીનો માટે તે મુજબનું રજીસ્ટર નિભાવે તેવી ફરજ પાડવી તેમજ તે મુજબની કાર્યવાહી થાય છે કે કેમ તેની સતત ચકાસણી કરવી. આપના જીલ્લામાં તે મુજબનું રજીસ્ટર નિભાવવામાં આવે છે તેમજ તેની સમીક્ષા દર માસે કરવામાં આવે છે તે મતલબનું પ્રમાણપત્ર દર માસે દસમી તારીખ સુધીમાં સરકારશ્રીને અચુક મોકલવું.

(ખ) સરકારી ખુલ્લી જમીનોની જાળવણી કરવાની જવાબદારી દરેક મહેસૂલી અધિકારીઓને સર્વે નંબર સહિત નામજોગ સોંપવી અને આવી કામગીરી નિભાવવામાં નિષ્ફળ રહેલ મહેસુલ કર્મચારી/અધિકારીઓ સામે જવાબદારી નકકી કરવા માટે શિસ્ત વિષયક પગલાં ભરવા. આ બાબતે સમીક્ષા કરી લીધેલ પગલાંની વિગતોની જાણ દર માસે સરકારશ્રીને કરવી.

(ગ) જે લોકો વારંવાર દબાણ કરવા ટેવાયેલા છે તેવા લેન્ડ ગ્રેબરો સામે "પાસા" જેવા કાયદા હેઠળ અટકાયતી પગલાં અચુક લેવા તેમજ દર માસે આ મુદ્દા પરત્વે કલેકટર કક્ષાએ સમીક્ષા કરી તે મુદ્દા પરત્વે પણ લીધેલ પગલાંની જાણ સરકારશ્રીને કરવી.

(ધ) દબાણદારે ઔદ્યોગિક/ વાણિજય હેતુ માટે જો સરકારી જમીન ઉપર દબાણ કરેલ હોય તો તેને વીજળી, ટેલીફોન, પાણી તેમજ ગટરના જોડાણ ન મળે તેવી વ્યવસ્થા સંબંધિત સત્તાવાળાઓ સાથે અચુકપણે ગોઠવવી.

(ચ) આ વિભાગના તા.૨૬–૨–૨૦૦૪ના પરિપત્રના ફકરા–૩થી ૫ માં સ્પષ્ટપણે જણાવેલ હોવા છતાં દર માસે કલેકટરશ્રીના અધ્યક્ષપદે જીલ્લા કક્ષાની સંકલન સમિતિની બેઠકમાં આ બાબતે સમીક્ષા થાય છે કે કેમ તેનો સમીક્ષા અહેવાલ સરકારશ્રીને મોકલવામાં આવતો નથી. જે હવે અચુકપણે મોકલવાનો રહેશે. તેમજ ઉક્ત સમીક્ષા અહેવાલમાં ઉપર્યુક્ત (ક) થી (ધ) સુધીના તમામ મુદ્દાઓવાઈઝ અહેવાલ પણ મોકલવાનો રહેશે.

(છ) આ વિભાગના તા.૨૬–૨–૨૦૦૪ના પરિપત્ર સાથે બીડેલ નિયત પ્રોફોર્મામાં પ્રગતિ અહેવાલ કોઈપણ કલેકટરશ્રી ધ્વારા મોકલવામાં આવતો નથી તે પણ હવે દર માસે અચુક મોકલવાનો રહેશે.

આમ ઉપર્યુકત સઘળી કામગીરી સાથે સરકારી ખુલ્લી જમીનોની જાળવણી કરવા, ઝુંબેશ દરમ્યાન જે જમીનો ખુલ્લી કરાવવામાં આવી છે તેની યોગ્ય સુરક્ષા કરવા, ઉકત જમીનો પર પુનઃ દબાણો થઈ ગયા હોય તો પુનઃ તેને હટાવી ખુલ્લા કરાવવા અને તેની વ્યવસ્થિત જાળવણી થાય તે મુજબનું વ્યવસ્થાતંત્ર ગોઠવવા આથી સર્વે કલેક્ટરશ્રીઓને પુનઃ જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી. એ. પાઠક)
નાયબ સચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

- સર્વે કલેકટરશ્રીઓ,
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહેસુલ તપાસણી કમિશનરશ્રી અને હોદ્દાની રૂએ સચિવશ્રી,(જમીન સુધારણા) મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે શહેરી વિકાસ સત્તા મંડળો,
- મહેસુલ વિભાગ, અ, અ.૧, ગ, ક, જ, ઝ તથા વ.૧ શાખા.

Printed at Government Photo Litho Press, Ahmedabad.